परिवर्तन परंपरा २०४ वर्ष प्रगति

( ૨૦ પાનાં+વિશેષ પૂર્તિ ૧૪+૧૪=૪૮) ★

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મંગળવાર, ૧ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૨૫.૦૦

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 154 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ અષાઢ સુદ-૬ ■ મુંબઈ

■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ 1 July 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

LIKE & FOLLOW: /Mumbaisamachar4u






MONSTER TRUCK
SKOGAFOSS
ICONIC CHURCH
DIAMOND BEACH

પરંપરા પરિવર્તન ૨૦૪ વર્ષ પ્રગતિ

# દૈનિક મુંબઈ સમાચાર

( ૨૦ પાનાં+વિશેષ પૂર્તિ ૧૪+૧૪=૪૮) ★

R.N.I. No. 1563/1957

મંગળવાર, ૧ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૨૫.૦૦

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તક: ૨૦૪ ▪ Volume 68 ▪ Issue 154 ▪ વિક્રમ સંવત ૨૦૮૧ ▪ અષાઢ સુદ-૬ ▪ મુંબઈ

MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ 1 July 2025, Tuesday ▪ REGD.No. MCS/058/2024-26

LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# રાજ્યના મધ્યમ વર્ગને મોટી રાહતઃ રહેણાક મકાનોના ટ્રાન્સફર પર ૮૦ ટકા સુધી સ્ટેમ્પ ડ્યૂટી માફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નાના અને મધ્યમ વર્ગના પરિવારો લોકોને આવાસ તબદીલીઓ માટે ભરવા પાત્ર સ્ટેમ્પ ડયૂટીની રકમમાં મોટી છૂટ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નાના અને મધ્યમ વર્ગીય લોકોના વ્યાપક હિતમાં મહત્ત્વપૂર્ણ મહેસૂલી નિર્ણય લીધો હતો.

સરકારના આ નિર્ણયથી રહેણાક મકાનોમાં ટ્રાન્સફર માટેની ડ્યૂટીમાં જનતાને મોટો લાભ થશે. તબદીલી ટ્રાન્સફર માટે ભરવા પાત્ર ડયૂટીની ૮૦ ટકા સુધી રકમ માફ કરાશે. તથા અલોટમેન્ટ લેટરપ્રશેર સર્ટિફિકેટથી કરાયેલા ટ્રાન્સફર પર ૮૦ ટકા ડયૂટી માફ થશે. હવેથી ૮૦ ટકા સુધી ડ્યૂટી રકમ માફ કરીને માત્ર ૨૦ ટકા જેટલી ડ્યુટી વસૂલ કરાશે.

રાજ્ય સરકારનો આ નિર્ણય નાના અને મધ્યમ વર્ગીય લોકોના વ્યાપક હિતમાં મહત્ત્વપૂર્ણ મહેસૂલી નિર્ણય છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય અનુસાર સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર, શેર સર્ટિફિકેટથી કરવામાં આવેલી તબદીલી ટ્રાન્સફર માટે ભરપાઈ કરવા પાત્ર સો ટકા ડ્યૂટીની રકમ પૈકી ૮૦ ટકા સુધી ડ્યૂટી રકમ માફ કરીને માત્ર ૨૦ ટકા જેટલી ડયુટી વસૂલ કરવામાં આવશે. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ (ક) અન્વયે ભરવા પાત્ર આવી રકમમાં છૂટછાટ અપાશે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ અધિનિયમમાં કરેલી જોગવાઈઓના કારણે મધ્યમ વર્ગના લોકો ઉપર આવા તબદીલીના કિસ્સાઓમાં જે નાણાકીય બોજ આવતો હતો. જો કે હવે રાજ્ય સરકારે મૂળ ભરપાઈ કરવાની થતી સ્ટેમ્પ ડ્યૂટીની રકમમાં ઘટાડો કરવાથી ડ્યૂટી ઉપરાંત દંડની ગણતરી થતા સુધારેલી જોગવાઈ અગાઉની મિલકત સંબંધે જેટલી ડ્યૂટીની રકમ ભરપાઇ કરવાની થતી હતી તેટલી જ રકમ ભરપાઈ કરવાની થશે.

સરકારના આ નિર્ણયથી તબદીલીના કિસ્સાઓમાં લોકો ઉપર દંડની રકમનો કોઈ જ વધારાનો નાણાકીય બોજ પડશે નહીં. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે આ નિર્ણયના અનુસંધાને જાહેર કરવામાં આવનારા જાહેરનામાની જોગવાઈઓ માત્રને માત્ર સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટથી કરાયેલી તબદીલીઓ માટે જ લાગુ પડશે. ■

## આજનું પંચાંગ

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, મંગળવાર,
તા. ૧–૭–૨૦૨૫, મુંબઈ સમાચાર સ્થાપના દિવસ, કસુંબા ષષ્ઠી

- ભારતીય દિનાંક ૧૦, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ–૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ–૬
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સવારે ક.૦૮–૫૩ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૫–૨૩ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–

- ભરતીઃ સાંજે ક. ૧૬–૧૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૪૪ (તા. ૨)
- ઓટઃ સવારે ક. ૦૯–૪૨, રાત્રે ક. ૨૩–૦૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, અષાઢ શુક્લ – ષષ્ઠી. મુંબઈ સમાચાર સ્થાપના દિવસ, કસુંબા ષષ્ઠી, કર્દમ ષષ્ઠી (બંગાળ), વિવસ્ત સપ્તમી, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રા, વાહન ઉંદર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- જુલાઈ–૨૦૨૫ના સંક્ષિપ્ત ગ્રહ–રાશિ–નક્ષત્ર, ઉદય –અસ્તઃ તા. ૧ જુલાઈ ૨૦૨૫ના સૂર્યાદિ ગ્રહના ઉદય અસ્તઃ તા.૧ . મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૦૬, સૂર્યાસ્તઃ ક. ૧૯ મિ. ૧૮, ચંદ્ર ઉદયઃ ક. ૧૧–૨૭, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રે ક. ૧૧–૫૧, બુધ ઉદયઃ ક. ૦૮–૦૦, બુધ અસ્તઃ ક. ૨૦–૫૮, શુક્ર ઉદયઃ ક. ૦૩–૧૨, અસ્તઃ ક. ૧૬–૦૦, મંગળ ઉદયઃ ક. ૧૦–૨૬, અસ્તઃ ક. ૨૨–૫૩, ગુરુ ઉદયઃ ક. ૦૫–૪૮, અસ્તઃ ક. ૧૮–૫૬, શનિ ઉદયઃ ક. ૦૦–૧૩, અસ્તઃ બપોરે ક.૧૨–૧૦, તા. ૧ જુલાઈ સૂર્યોદયના સમયે મિથુન રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે ધનુ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૬ઠ્ઠીએ પુનર્વસુ, તા. ૨૦મીએ પુષ્ય નક્ષત્રમાં પ્રવેશે છે. સૂર્ય તા. ૧૬મીએ નિરયન કર્ક રાશિમાં પ્રવેશે છે. બુધ તા. ૭મીએ આશ્લેષામાં, તા. ૨૯મીએ વક્રી ગતિએ પુષ્ય નક્ષત્રમાં પ્રવેશે છે. બુધ તા. ૧૮થી ૧ ઓગસ્ટ વક્રી રહે છે. તા. ૨૧ જુલાઇથી ૮ ઓગસ્ટ અસ્તનો રહે છે.
- શુક્ર તા. ૮મીએ રોહિણીમાં, તા. ૨૦મીએ મૃગશીર્ષમાં પ્રવેશે છે. શુક્ર વૃષભમાંથી તા. ૨૬મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે. શનિ સમગ્ર માસમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૧૩ જુલાઈથી ૨૮ નવે. શનિ વક્રી રહે છે. શનિ ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં રહે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં રહે છે.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, સૂર્યનારાયણ ભગવાનની પૂજા, પરગામ પ્રયાણ મધ્યમ, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, ખેતીવાડીના કામકાજ, અર્યમા પૂજનસ્, ધ્રુવ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, મુંડન કરાવવું નહિ. સીમંત સંસ્કાર, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ–અભિષેક પૂજા, ધજા, કળશ–પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, શિવપૂજા.
- આચમનઃચંદ્ર–રાહુ પ્રતિયુતિ બહુ પહોંચેલા, ચંદ્ર–શુક્ર ત્રિકોણ કળાપ્રેમી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ પ્રતિયુતિ, ચંદ્ર–શુક્ર ત્રિકોણ, ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય– મિથુન, મંગળ–સિંહ, બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.– પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

# રાજપીપળા–ડેડિયાપાડા હાઈવે પરનો પુલ તૂટતાં ૨૫૯ ગામ સંપર્કવિહોણાં, ચૈતર વસાવાના સરકાર પર પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લામાં રાજપીપળા–ડેડિયાપાડા હાઈવે નંબર ૬૫ પર મોવીના યાલ ગામ નજીક બે વર્ષ પહેલાં બનાવેલો કામચલાઉ પુલ ચોમાસાના પ્રથમ વરસાદમાં જ તૂટી જતા સ્થાનિકોની હાલત કફોડી બની છે. ભારે વરસાદથી પુલ તૂટી પડતાં ૨૫૯ ગામ સંપર્કવિહોણાં બન્યાં છે. લોકો જીવના જોખમે નદી પાર કરી રહ્યા છે. આ મુદ્દે ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે, ૩૦ વર્ષથી આ સરકાર છે છતાં એક પુલ પણ બનાવી શકી નથી.

પુલ તૂટવાથી ડેડિયાપાડા અને સાગબારા તાલુકાના ૨૫૯ ગામ સંપર્કવિહોણાં બન્યાં છે. સ્થાનિક લોકોને રાજપીપળા જિલ્લા મથકે જવા માટે નેત્રંગ થઇ ૩૦ કિલોમીટર વધારાનો ફેરો ફરવો પડે છે. વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને ખેડૂતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. લોકો લાંબો ફેરો ટાળવા જીવના જોખમે નદીમાંથી પસાર થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ હાઈવે રાજપીપળા, ડેડિયાપાડા, સાગબારા અને મહારાષ્ટ્રને જોડે છે.

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ સરકાર પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે તંત્રની ભૂલના કારણે આ પુલ તૂટી જવાથી લોકોને અનેક તકલીફો પડી રહી છે. મનસુખ વસાવા દુનિયાને ઊથલપાથલ કરવાની વાતો કરે છે ત્યારે ભાજપના નેતાઓ ખોટી ફાંકા ફોજદારી ના કરે. આ સરકારના બધા દાવા ખોટા પડ્યા છે. ભાજપના લોકો ફક્ત મોટી મોટી વાતો કરે છે. જનતાને મૂર્ખ બનાવી ફક્ત વાહવાહી લૂંટે છે, જ્યારે જનતા ત્રાહિમામ પોકારે છે. ■

# ગુજરાતમાં ૧૩૨ તાલુકામાં મેઘમહેરઃ સરદાર સરોવર ડેમ હાલ ૪૮.૯૧ ટકા ભરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ માટે સાર્વત્રિક વરસાદની કરેલી આગાહી વચ્ચે સોમાવારે ૧૩૨ તાલુકામાં મેઘમહેર થઈ હતી. પોરબંદરના રાણાવાવમાં સૌથી વધુ ૩.૦૩ ઇંચ વરસાદ વરસ્યો હતો. માણાવદરમાં ૨.૪૮ ઇંચ, જૂનાગઢ શહેરમાં ૨.૩૬ ઇંચ, કાલાવડમાં ૨.૩૨ ઇંચ, દ્વારકામાં ૨.૧૩ ઇંચ વરસાદ પડ્યો હતો

મુંદ્રામાં ૧.૯૭ ઇંચ, ખંભાળિયામાં ૧.૮૧ ઇંચ, ભાણવાડમાં ૧.૭૭ ઇંચ, લાલપુરમાં ૧.૭૩ ઇંચ, લોધિકામાં ૧.૬૧ ઇંચ, જામજોધપુરમાં ૧.૫૪ ઇંચ, વંથલીમાં ૧.૪૬ ઇંચ, જોડિયામાં ૧.૪૬ ઇંચ, ગોંડલમાં ૧.૩૮ ઇંચ, ઉમરપાડામાં ૧.૩ ઇંચ વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં એક તાલુકામાં ત્રણ ઇંચથી વધારે, ચાર તાલુકામાંથી બે ઇંચથી વધારે, ૧૭ તાલુકામાં એક ઇંચથી વધારે વરસાદ પડ્યો હતો. ૧૦૯ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો.

ગુજરાતમાં સરદાર સરોવર ડેમ હાલ ૪૮.૯૧ ટકા ભરાયેલો છે. રાજ્યાના અન્ય ૨૦૬ જળાશયો તેમની કુલ સંગ્રહ ક્ષમતાના ૪૭.૭૬ ટકા ભરાયેલા છે. ૧૩ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે.

૩૩ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૩૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, ૫૮ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે અને ૬૬ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં ૧૯ ડેમ હાઈ ઍલર્ટ પર , ૧૩ ડેમ ઍલર્ટ પર અને ૧૪ ડેમ વોર્નિંગ પર છે. ■

# ગુજરાતમાં ખરીફ વાવેતરમાં ૮૪ ટકાનો વધારોઃ કપાસમાં ૨૯.૯૦ ટકા અને મગફળીમાં ૨૮૦ ટકા વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આ વર્ષે ૧૫ જૂનથી ચોમાસાના પ્રથમ તબક્કામાં ધોધમાર અને સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આ ચોમાસુ પણ સારું રહેશે તે આશાએ ખરીફ પાકના વાવેતરમાં ગત વર્ષેની તુલનામાં આ વર્ષે ૮૪.૧૪ ટકાનો વધારો થયો છે. ગત વર્ષે આ સમયગાળામાં ગુજરાતમાં ચોમાસુ પાકનું કુલ વાવેતર ૯,૯૩,૬૦૬ હેકટરમાં થયું હતું તે આ વર્ષે વધીને ૧૮,૨૯,૫૯૭ હેકટર થઇ ગયું છે. ગત સપ્તાહે જ સૌરાષ્ટ્રમાં મોટા પાયે વાવેતર થયું છે.

ગુજરાતમાં ગત વર્ષે ૨૩ જૂન સુધીમાં ખરીફ પાકનું કુલ વાવેતર ૯,૯૩,૬૦૬ હેકટરમાં થયું હતું તે આ વર્ષે ૮૪.૧૪ ટકા વધીને ૧૮,૨૯,૫૯૭ હેકટરના આંકને આંબી ગયુ છે. આંકડાકીય રીતે ખરીફ પાકના વાવેતરમાં જૂનની ૨૩મી તારીખ સુધીમાં ગત વર્ષની તુલનાએ ૮,૩૫,૯૯૧ હેકટરનો વધારો થયો છે. જેમાં મગફળીનું વાવેતર સૌથી વધુ છે. મગફળીનું કુલ વાવેતર ૯,૦૬,૦૧૯ હેકટરમાં થયું છે જ્યારે સફેદ સોનું ગણાતા કપાસનું વાવેતર ૭,૫૭,૮૪૨ હેકટરમાં થયું છે. દર વર્ષે કપાસનું કુલ એવરેજ વાવેતર રાજ્યમાં ૨૫,૩૪,૩૪૨ હેકટરમાં થાય છે અને તે પૈકી ૭,૫૭,૮૪૨ હેકટરમાં વાવણી થઇ ગઇ હોય ૨૯.૯૦ ટકા વાવેતર થઇ ગયું છે. રાજ્યભરમાં સમયસરના ચોમાસાના આરંભથી વાવેતરમાં નોંધપાત્ર પ્રમાણમાં વૃદ્ધિ આ વર્ષે જોવા મળી છે.

જો કે બીજી મહત્ત્વની બાબત એ છે કે, આ વર્ષે મગફળીના વાવેતરમાં પણ વધારો થયો છે. ગુજરાતમાં ગત વર્ષે ૨૩ જૂન સુધીમાં મગફળીનું કુલ વાવેતર ૩,૨૩,૬૮૭ હેક્ટરમાં થયું હતુ તે આ વર્ષે વધીને ૯,૦૬,૦૧૯ થઇ ગયું છે. એટલે કે આ વર્ષે અત્યાર સુધીમાં મગફળીના વાવેતરમાં ૨૮૦ ટકાનો વધારો થયો છે. ■

# આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં શિસ્ત સમિતિની નિમણૂક કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિસાવદર પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાની જીત બાદ પક્ષમાં ડખો શરૂ થયો હતો. બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ નારાજ થઈને ગુજરાત વિધાનસભામાં આપના દંડક પદેથી રાજીનામું આપ્યું હતું. ઉપરાંત પક્ષ પર સવાલ ઉઠાવ્યા હતા, જે બાદ તેમને પક્ષ વિરોધી ગતિવિધિ માટે પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ પક્ષીય શિસ્ત માટે પ્રદેશ શિસ્ત સમિતિની નિમણૂક કરી હતી, જેમાં ગુજરાત આમ આદમી પાર્ટીના સહ પ્રભારી અને દિલ્હીના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ યાદવ, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, મહામંત્રી સાગરભાઈ રબારી તથા સુરત મહાનગરપાલિકામાં વિરોધ પક્ષના નેતા પાયલબેન સાકરિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ■

# કેન્દ્ર–રાજ્ય સરકાર દ્વારા જુલાઈ માસને ‘ડેન્ગ્યૂ વિરોધી માસ’ તરીકે ઉજવાશે

## જૂનમાં ૧.૪૮ કરોડ કરતાં વધુ ઘરોની તપાસ

અમદાવાદઃ સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં જુલાઇથી ઓકટોબર માસ દરમિયાન ડેન્ગ્યૂના કેસોમાં ખૂબ વધારો જોવા મળે છે, જેથી દર વર્ષે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે દેશભરમાં જુલાઇ માસ ‘ડેન્ગ્યૂ વિરોધી માસ’ તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૬ મે, ૨૦૨૫ના રોજ ‘રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ’ સમગ્ર દેશમાં મનાવવામાં આવ્યો હતો. રાજ્યમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવા તેમજ ડેન્ગ્યૂ અને તેનાથી થતા મૃત્યુ ઘટાડવામાં નાગરિકોનો સાથ–સહકાર પ્રાપ્ત થાય તે માટે એક ઝુંબેશ સ્વરૂપે અલગ અલગ પ્રવૃત્તિઓ રાજ્ય, જિલ્લા, કોર્પોરેશન તેમજ શહેરી અને ગ્રામીણ કક્ષાએ હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્યમાં મલેરિયા, ડેન્ગ્યૂ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગોના નિર્મૂલનની કામગીરીને વધુ સઘન બનાવવા રાજ્ય સરકારે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે. ચોમાસાની ઋતુ દરમિયાન મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા તેમજ વાહકજન્ય રોગના અસરકારક નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા જૂન માસમાં રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં ‘હાઉસ ટુ હાઉસ’ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં કુલ ૨૦ હજાર કરતાં વધુ આરોગ્ય ટીમો દ્વારા ૧.૪૮ કરોડ કરતાં વધુ ઘરોની પ્રત્યક્ષ તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૧.૭૫ લાખ જેટલા ઘરોમાં મચ્છરના પોરા જોવા મળ્યા હતા, જેનો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં ૫.૧૧ કરોડ કરતાં વધુ જગ્યાએ સંભવિત મચ્છર ઉત્પત્તિના સ્થાનો જણાતા તેમનો પણ નાશ કરવામાં આવ્યો હતો. આ તપાસ દરમિયાન અંદાજે ૩.૬૩ લાખ કરતાં વધુ તાવના દર્દીઓ મળી આવતાં તેમના લોહીના નમૂના લઈને તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. ■

# સુરતમાં ૯૪૩ કરોડના ડબ્બા ટ્રેડિંગ–ઓનલાઇન ગેમિંગનો પર્દાફાશઃ આઠ લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) એ મોટા વરાછા વિસ્તારમાં ચાલતા ગેરકાયદે ડબ્બા ટ્રેડિંગ અને ઓનલાઈન ગેમિંગ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આ ઓપરેશનમાં પોલીસે કુલ રૂ. ૯૪૩ કરોડથી વધુના ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સ અને રૂ. ૪.૬ કરોડના બેંક લેણદેણ અંગે ખુલાસા કર્યા હતા. કુલ મળીને લગભગ રૂ. ૯૪૮ કરોડથી વધુના ગેરકાયદેસર વ્યવહારો કરાયેલા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. પોલીસે આ સમગ્ર મામલે ૮ આરોપીની ધરપકડ કરી હતી. આ રેકેટ સનરાઈઝ ડેવલપર્સ નામની કન્સ્ટ્રક્શન ઓફિસની આડમાં ચાલતું હતું. એસઓજીએ ઓફિસમાંથી કુલ ૧૭.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મોટા વરાછાના લજામણી ચોક ખાતે આવેલા મેરિડિયન બિઝનેસ સેન્ટરમાં આવેલી સનરાઈઝ ડેવલપર્સ નામની ઓફિસમાંથી આ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હતી. એસઓજી દ્વારા કરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યું હતું કે આ ઓફિસમાં બે મુખ્ય ગેરકાયદે પ્રવૃત્તિ ચાલતી હતી. ઓનલાઈન સ્ટોક એક્સચેન્જ ટ્રેડિંગની જેમ જ, પણ સેબીની પરવાનગી વગર ડબ્બા ટ્રેડિંગ ચલાવવામાં આવતું હતું.

વિવિધ પ્રતિબંધિત વેબસાઇટ્સ અને સોફ્ટવેરનો ઉપયોગ કરીને લાઇવ ફૂટબોલ, ક્રિકેટ, ટેનિસ જેવી સ્પોર્ટ્સ તેમજ કસિનો ગેમિંગ પર સટ્ટાબાજી કરવામાં આવતી હતી. આરોપીઓ લોકોને ઊંચા નફાની લાલચ આપીને અને બ્લેક મનીનો ઉપયોગ કરવાની સુવિધા આપીને ગ્રાહકોને આકર્ષતા હતા. તેઓ દાવો કરતા હતા કે, આ ટ્રેડિંગમાં કોઈ નુકસાન થતું નથી અને કોઈ ટેક્સ પણ ભરવો પડતો નથી, જેનાથી સરકારને મોટા પાયે આર્થિક નુકસાન પહોંચાડવામાં આવતું હતું.

ગેમિંગ એપ્લિકેશન સહિત ડબ્બા ટ્રેડિંગની એપ્લિકેશનોમાં ૯૪૩ કરોડના વ્યવહારો મળ્યા છે. આ ઉપરાંત અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં ૪.૬૨ કરોડનાં અન્ય ટ્રાન્ઝેક્શનનો પણ મળ્યાં છે. આરોપીઓ ઓનલાઈન ગેમિંગ અને ઓનલાઇન ટ્રેડિંગ કરાવતા હતા.

આ રેકેટના મુખ્ય સૂત્રધારો નંદલાલ ઉર્ફે નંદો વિઠલભાઈ ગેવરિયા અને તેના પિતરાઈ ભાઈ વિશાલ ઉર્ફે વિક્કી મનસુખભાઈ ગેવરિયા છે. નંદલાલ ગેવરિયા સામે અગાઉ પણ ઓનલાઈન ગેમિંગ અને સટ્ટાબાજીના મામલે ગુનો દાખલ થયેલો છે. આ ઉપરાંત આર્થિક વ્યવહારો સંભાળતા ભાવેશ જીણાભાઈ કિહલા, જયદીપ કાનજીભાઈ પીપળિયા અને નવનીત ચતુરભાઈ ગેવરિયાની પણ ધરપકડ કરવામાં આવી છે. સટ્ટા ટ્રેડિંગ માટે સોફ્ટવેર ડેવલપ કરનાર ભાવિન અરવિંદભાઈ હીરપરા અને બકુલ મગનભાઈ તરસરિયા પણ પોલીસના સકંજામાં આવ્યા છે. આ ઉપરાંત કોલર્સ તરીકે કામ કરતા સાહીલ મુકેશભાઈ સુવાગિયાની પણ ધરપકડ કરવામાં આવી છે. ■

# ગુજરાત યુનિ.માં એમએસડબ્લ્યુ કોર્સ બંધ થતાં એબીવીપીના ધરણાં

## કુલપતિની ચેમ્બરમાં બેસી રામધૂન બોલાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ચાલી રહેલા માસ્ટર ઓફ સોશિયલ વર્ક (એમએસડબલ્યુ) કોર્સને બંધ કરવામાં આવ્યો છે. જેને પગલે એબીવીપી દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. એબીવીપી દ્વારા કુલપતિની ચેમ્બરમાં બેસીને રામધૂન શરૂ કરવામાં આવી ત્યારે પોલીસ દ્વારા એબીવીપીના કાર્યકરોને કુલપતિની ચેમ્બરમાંથી પકડીને બહાર કાઢી અટકાયત કરવામાં આવી હતી.

સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસરોની ભરતી સામે ચાલી રહેલા વિવાદ વચ્ચે એમએસડબલ્યુ કોર્સ બંધ કરવામાં આવ્યો છે. આ કોર્સમાં ૩૦ બેઠક હતી જે બંધ કરવામાં આવી છે. આ કોર્સ બંધ થતા થોડા દિવસ અગાઉ એબીવીપી દ્વારા આવેદનપત્ર આપીને આ કોર્સ ફરીથી શરૂ કરવા માટેની માંગણી કરવામાં આવી હતી, પરંતુ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ કોર્સ શરૂ કરવામાં આવ્યા ન હતો. જેથી આજે ફરી એકવાર એબીવીપીના કાર્યકરોએ કુલપતિને ઉગ્ર રજૂઆત કરી હતી. જે બાદ એબીવીપીના કાર્યકરોએ કુલપતિની ચેમ્બરમાં જ કુલપતિ વિરુદ્ધ નારા લગાવી રામધૂન બોલાવી હતી. આ દરમિયાન પોલીસે નીચે બેસી ગયેલા કાર્યકરોની ટીંગાટોળી કરી તથા કોલર પકડીને અટકાયત કરી હતી. એબીવીપીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ એક આશા સાથે અભ્યાસ માટે આવે છે. ત્યારે યુનિ. દ્વારા અચાનક જ કોર્સની ૩૦ બેઠકો બંધ કરી દીધી તેનાથી વિદ્યાર્થીઓને અસર પડી છે. જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા ઈચ્છે છે તે હવે ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ નહીં કરી શકે તેથી અમે વિરોધ કરી રહ્યા છે. જ્યાં સુધી યુનિવર્સિટી કોર્સ ફરીથી શરૂ નહીં કરે ત્યાં સુધી અમારો વિરોધ યથાવત્ રહેશે. ■

# અમદાવાદથી દ્વારકા માત્ર ચાર કલાકમાં જ પહોંચી શકાશેઃ પ્રોજેક્ટથી રાજ્યની ૪૫ ટકા વસ્તીને લાભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને નવી ઊંચાઈએ લઈ જવા માટે મહત્ત્વાકાંક્ષી યોજના જાહેર કરી હતી. રાજ્યમાં છ નવા એક્સપ્રેસવે રૂટનું આયોજન શરૂ થઈ ગયું છે, અમદાવાદ–દ્વારકા, સોમનાથ, પોરબંદર અને ડિસા–પિપાવાવ સુધીના પૂર્વ–પશ્ચિમ અને ઉત્તર–દક્ષિણના ભાગનો નમો શક્તિ એક્સપ્રેસ–વેમાં સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ૧૧૧૦ કિમી લાંબો આ હાઈવે ૧૩ જિલ્લાને આવરી લેશે. આ પ્રોજેક્ટથી મુસાફરીનો સમય ૩૦ ટકાથી વધુ ઘટશે, જે રાજ્યની ૪૫ ટકાથી વધુ વસ્તીને લાભ આપશે. આ યોજના રાજ્યના ઔદ્યોગિક અને પ્રવાસન વિકાસને નવી ઊંચાઈઓ આપશે. આ વર્ષના બજેટમાં જાહેર થયેલા આ પ્રોજેક્ટમાં નમો શક્તિ એક્સપ્રેસ–વે અને સોમનાથ–દ્વારકા એક્સપ્રેસ–વેનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત અંદાજે રૂ.૯૩,૨૪૦ કરોડ છે. ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહ્યું છે. રૂટની ડિઝાઇન નક્કી થયા બાદ છ મહિનામાં ટેન્ડર પ્રક્રિયા શરૂ થશે અને ૩૬ મહિનામાં બાંધકામ પૂર્ણ થશે. મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં થયેલી બેઠકમાં આ યોજનાને ઝડપથી શરૂ કરવા સૂચના આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે હાઇવે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીર મોડેલ હેઠળ અથવા અન્ય નવીન કરાર પદ્ધતિઓ દ્વારા વિકસાવવામાં આવશે.

સોમનાથ–દ્વારકા એક્સપ્રેસ–વેનો ખર્ચ રૂ. ૫૭,૧૨૦ કરોડ છે. તેમાં રાજકોટ–પોરબંદર, અમદાવાદ–રાજકોટ અને જેતપુર–સોમનાથ સેગમેન્ટનો સમાવેશ થાય છે. આનાથી અમદાવાદથી સોમનાથની મુસાફરી માત્ર ચાર કલાકમાં શક્ય બનશે. નમો શક્તિ એક્સપ્રેસ–વેનો ખર્ચ રૂ.૩૬,૧૨૦ કરોડ છે, જે અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા સહિતના જિલ્લાઓને જોડશે. આ બંને એક્સપ્રેસ–વે ૪૨ ઇન્ટરચેન્જ સાથે બનશે. આ એક્સપ્રેસ વે–થી ટ્રાફિક પ્રવાહમાં સુધારો થવાથી ભીડ ઓછી થશે અને વાહનોનું પ્રદૂષણ ઘટશે તેવી પણ અપેક્ષા છે. ■

# સુરત આરટીઓનું સર્વર ઠપ, ડ્રાઈવિંગ ટેસ્ટની હાલાકીથી અરજદારો ત્રાહિમામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત પ્રાદેશિક વાહન–વ્યવહાર કચેરી (આરટીઓ) ખાતે ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવા આવતા અરજદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. રજિસ્ટ્રેશન પ્રક્રિયાથી માંડીને ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક પરની અવ્યવસ્થા સુધીની અનેક સમસ્યાઓથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર એપોઇન્ટમેન્ટ કેન્સલ થવી, કલાકો સુધી લાઇનમાં ઊભા રહ્યા પછી પણ નિરાશા મળવી અને આરટીઓ તંત્ર દ્વારા યોગ્ય પ્રતિસાદ ન મળવા જેવી ફરિયાદો સામાન્ય બની ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત આરટીઓ ખાતે રોજ ૪૦૦થી વધુ ડ્રાઇવિંગ ટેસ્ટની એપોઇન્ટમેન્ટ આવતી હોય છે.

છેલ્લા દસ દિવસથી અનેક અરજદારો લાઇસન્સ મેળવવા માટે આરટીઓના ધક્કા ખાઈ રહ્યા છે. તેઓનો આક્ષેપ છે કે તેમને કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી. આરટીઓ ટેસ્ટ ટ્રેકની બહાર વાહનચાલકોની લાંબી કતારો જોવા મળે છે. કલાકો સુધી લાઇનમાં ઊભા રહ્યા પછી જ્યારે તેમનો નંબર આવે છે, ત્યારે કાં તો એપોઇન્ટમેન્ટ કેન્સલ થઈ જાય છે અથવા તો ટેસ્ટ ટ્રેક પરના કેમેરા બંધ થઈ જાય છે.

વળી, સર્વર ડાઉન થવાની સમસ્યા પણ અરજદારો માટે માથાનો દુખાવો બની ગઈ છે. કલાકો સુધી રાહ જોયા પછી પણ સર્વર ડાઉન થતાં ટેસ્ટ આપી શકતા નથી. આ ઉપરાંત, વરસાદના કારણે ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક પર પાણી ભરાઈ જવાના કિસ્સામાં પણ ટેસ્ટ અચાનક બંધ કરી દેવામાં આવે છે, જેના કારણે અરજદારોનો સમય અને મહેનત વેડફાય છે. ■

# ₹૩૪,000 કરોડની બ્રાન્ડ વેલ્યૂ સાથે અમૂલ ભારતની નંબર વન ફૂડ બ્રાન્ડ બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અંતર્ગત આવતી અમૂલે દેશમાં ગુજરાતનું નામ રોશન કર્યું હતું. એક રિપોર્ટ પ્રમાણે, રૂ. ૩૪,૦૦૦ કરોડની બ્રાન્ડ વેલ્યૂ સાથે અમૂલે ભારતની ટોચની ફૂડ બ્રાન્ડ તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. આ બ્રાન્ડે ટોચની ૧૦૦ ભારતીય બ્રાન્ડ્સમાં ૧૭મું સ્થાન પણ મેળવ્યું છે.

યુકે સ્થિત એક કંપનીના રિપોર્ટમાં વાત સામે આવી હતી. રિપોર્ટ અનુસાર, અમૂલે ભારતની નંબર ૧ ફૂડ બ્રાન્ડ તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું

અમૂલ પછી ૧.૧૫ બિલિયનની બ્રાન્ડ વેલ્યૂ સાથે દિલ્હી–એનસીઆર સ્થિત મધર ડેરી બીજા સ્થાને હતી. બ્રિટાનિયા ત્રીજા સ્થાને, જ્યારે કર્ણાટક સ્થિત ડેરી સહકારી નંદિની ચોથા અને ડાબર પાંચમા સ્થાને હતા. સૂત્રોના કહેવા પ્રમાણે, આ ડેરી લાખો ખેડૂતોના સામૂહિક પ્રયાસો અને ગ્રાહકોને ઉચ્ચ–ગુણવત્તાવાળા ડેરી ઉત્પાદનો પૂરા પાડવાની અમારી અતૂટ પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

જેમ જેમ અમૂલ ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે વૃદ્ધિ અને તેની છાપ વિસ્તારી રહ્યું છે, તેમ તેમ આ સિદ્ધિ ભારતીય પરિવારોના પેઢીઓ દ્વારા અમારામાં મૂકવામાં આવેલા વિશ્વાસને જાળવી રાખવાની અમારી જવાબદારીને મજબૂત બનાવે છે. ■

( ૨૦ પાનાં+વિશેષ પૂર્તિ ૧૪+૧૪=૪૮)

પરંપરા પરિવર્તન ૨૦૪ વર્ષ પ્રગતિ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મંગળવાર, ૧ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૨૫.૦૦

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 154 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ અષાઢ સુદ-૬ ■ મુંબઈ

MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 July 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

125 વર્ષથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

# કચ્છમાં મન મૂકીને વરસ્યા મેઘરાજા, હમીરસર તળાવમાં આવ્યાં નવાં નીર!

ભુજઃ સમગ્ર રાજ્યની સાથે-સાથે પશ્ચિમ કચ્છ અને પૂર્વ કચ્છના મોટા ભાગના વિસ્તારોમાં એકથી ચાર ઇંચ જેટલો નોંધપાત્ર વરસાદ નોંધાતાં ખેડૂતોએ હવે વાવણી કાર્ય શરૂ કરી દીધું છે. અત્યાર સુધીમાં કોરા ધાકોર રહેલા ભુજમાં પણ આજે દિવસભર વરસાદે રમઝટ બોલાવી હતી અને અંદાજે બે ઇંચ જેટલો વરસાદ પડી જવા પામ્યો છે. આજે વરસેલા વરસાદને પગલે શહેરના નીચાણવાળા વિસ્તારોના ગોઠણડૂબ પાણી ભરાઈ જતાં શહેરીજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બસ સ્ટેશન વિસ્તાર જાણે બેટમાં ફેરવાયો હોય તેવી પરિસ્થિતિ ઉભી થઇ હતી. અલબત્ત ભુજ શહેરની શાનસમા હમીરસર તળાવમાં નવા નીરની આવક થતાં સાંજે મેળા જેવો માહોલ છવાયો હતો. ■

## નખત્રાણા તાલુકામાં એકથી દોઢ ઇંચ વરસાદ

ભુજ ઉપરાંત નખત્રાણા તાલુકાના મોટા ભાગના વિસ્તારોમાં એકથી દોઢ ઇંચ પાણી વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. પશ્ચિમ કચ્છના નાગવીરી, ઘડાણી, વિગોડી, રામપર સરવા, ખિરસરા, રતડિયા, હરીપર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અવિરતપણે ધીમી ધારે વરસાદ વરસવો ચાલુ રહ્યો હતો. નખત્રાણા ઉપરાંત સીમાવર્તી અબડાસા તાલુકામાં પણ ગોરંભાયેલા માહોલ

(જુઓ પાનું ૪) ▶▶

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 88,470/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# હિમાચલ-ઉત્તરાખંડમાં આફતનો વરસાદ

સિમલાઃ પહાડી રાજ્ય હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ તેમજ બિહારમાં ભારે વરસાદના કારણે જાનમાલને નુકસાન થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં હિમાચલમાં ભારે વરસાદ અને વીજળી પડવાથી ત્રણ લોકોનાં મોત થયાં છે, જ્યારે બિહારમાં પાંચ લોકોનાં મોત થયાં છે. રવિવારે બિહારના ગયામાં લગુરાહી વોટરફોલમાં પાણીના સ્તરમાં અચાનક વધારો થવાને કારણે છ છોકરીઓ ભારે પ્રવાહમાં તણાઈ ગઈ હતી. જોકે સ્થળ પર હાજર સ્થાનિક લોકોએ તત્પરતા દાખવીને બધી છોકરીઓને બચાવી લીધી હતી.

આ ઘટનાનો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે. લગુરાહી વોટરફોલમાં આનંદ માણવા દર વર્ષે ઘણા લોકો આવે છે એવામાં રવિવારે વાતાવરણ સામાન્ય હોવાથી ઘણા લોકો વોટરફોલની મુલાકાતે આવ્યા હતા. એવામાં અચાનકથી પાણીના પ્રવાહમાં વધારો થતા ૬ છોકરીઓ તણાઈ ગઈ હતી.

આ ઉપરાંત ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ કુદરતનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. ઉત્તરાખંડના ચારધામ

(જુઓ પાનું ૪) ▶▶

ONE UP furnishing
SALE
UP TO 50% OFF*
એમ. જી. રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૭૭
MONDAY CLOSED
NO BRANCHES

# તેલંગણામાં ફાર્મા પ્લાન્ટમાં ધડાકો થતાં ૧૨નાં મોત, ૩૪ ઘાયલ

સંગારેડ્ડી (તેલંગણા) : સોમવારે સંગારેડ્ડી જિલ્લાના ફાર્મા પ્લાન્ટમાં જોરદાર ધડાકો થતાં ૧૨ જણનાં મોત થયાં હતાં અને બીજા ૩૪ જણને ઈજા થઈ હતી.

તેલંગણાના પ્રધાન દામોદર રાજા નરસિંહે માહિતી આપી હતી કે રાસાયણિક રીએક્શન થયું હોવાથી આ ધડાકો થયો હતો. આમાં ૧૨ જણ મરણ પામ્યાં હતાં અને ઓછામાં ઓછા ૩૪ જણને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોની સારવાર થઈ રહી છે. અમે આશા રાખી છીએ કે વધુ મરણ નહીં થાય. શ્રમપ્રધાન જી. વિવેક વેંકટસ્વામીએ કહ્યું હતું કે સવારે આઠ જણનું મરણ થયું હતું. હવે વધુ ચાર મૃતહેદો મળી આવ્યા છે.

પશામીલારમ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં સિગાચી ફાર્મા પ્લાન્ટના રીએક્ટરમાં શંકાસ્પદ કેમિકલ રીએક્શન થતાં આ ધડાકો થયો હોવાનું મનાય છે. પ્લાન્ટમાં આગ પણ લાગી હતી. અગાઉ ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ (મલ્ટિઝોન) વી. સત્યનારાયણે કારખાનાનાં સૂત્રોને ટાંકીને કહ્યું હતું કે ધડાકો થયો ત્યારે કારખાનામાં ૧૫૦ માણસ હતા. સ્ફોટ થયો ત્યારે એ વિસ્તારમાં ૯૦ જણ હતા.

તેમણે કહ્યું હતું કે ધડાકો સવારના ૯-૨૮થી ૯-૩૫ વચ્ચે થયો હતો. મેનેજમેન્ટે તરત જ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે ફાયર

(જુઓ પાનું ૪) ▶▶

Milan SIGNATURE FABRICS
SALE UPTO
50% OFF
30TH JUNE - 20TH JULY
VIDEOCON HOUSE & SHANTI NAGAR, NEPEANSEA ROAD, MUMBAI-400006

# મે મહિનાના અંતે રાજકોષીય ખાધ સંપૂર્ણ વર્ષના અંદાજના ૦.૮ ટકાના સ્તરે

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષના પહેલા બે મહિનામાં અથવા તો ગત મે, ૨૦૨૫ના અંતે દેશની રાજકોષીય ખાધ સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રીય લક્ષ્યાંકનાં ૦.૮ ટકાના સ્તરે રહી હોવાનું આજે સરકારી આંકડાકીય માહિતીમાં જણાવાયું છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષનાં પહેલા બે મહિનામાં રાજકોષીય ખાધ અથવા તો સરકારી ખર્ચ અને સરકારી આવક વચ્ચેનો તફાવત અંદાજપત્રીય લક્ષ્યાંકનાં ૩.૧ ટકાના સ્તરે રહ્યો હતો. જોકે, વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સરકારે રાજકોષીય ખાધનો અંદાજ જીડીપીના ૪.૪ ટકા અથવા તો રૂ. ૧૫.૬૯ લાખ કરોડનો મૂક્યો હતો. કન્ટ્રોલર જનરલ ઑફ

(જુઓ પાનું ૪) ▶▶

# સાર્કના વિકલ્પસમું નવું પ્રાદેશિક સંગઠન રચવા ચીન, પાક કાર્યરત

ઈસ્લામાબાદઃ સાઉથ એશિયન એસોસિયેશન ફૉર રિજનલ કો-ઓપરેશન-સાર્ક (હવે બિનકાર્યરત)ના સ્તરનું અને તેનાં વિકલ્પ સમુ નવું પ્રાદેશિક સંગઠન રચવા ચીન, પાક કાર્યરત હોવાનું સોમવારે જાહેર કરવામાં આવેલા પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

આ બાબતથી પરિચિત એવા રાજદ્વારી સૂત્રોને ટાંકતા સમાચારપત્રના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે પ્રાદેશિક એકતા અને કનેક્ટિવિટી માટે નવા સંગઠનની રચના કરવી જરૂરી હોવાને મામલે બંને દેશ માની ગયા છે અને બંને વચ્ચેની વાટાઘાટ પ્રગતિના પંથે છે. નવું પ્રાદેશિક સંગઠન ઈન્ડિયા, અફઘાનિસ્તાન,

(જુઓ પાનું ૪) ▶▶

Paaneri
DADAR • THANE
Nagree of Sarees & Bridal Wear
Annual Sale OF THE YEAR
UPTO 40% OFF
Dadar: 022 45000902/022 45000903/ 022 45009934 | Thane: 022 45199934/35

કેનરા બેંક केनरा बैंक Canara Bank
A Government of India Undertaking
Together We Can
વિશ્વાસ, એકતા, પરિવર્તનનો વારસો
કેનરા બેંક ઉજવી રહી છે 120 મો સ્થાપના દિવસ
1 જુલાઈ, 2025
હૃદયપૂર્વક કૃતજ્ઞતા સાથે અમે અમારા મૂલ્યવાન ગ્રાહકો, હિતધારકો અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરીએ છીએ કે જેમણે અમારા સફરમાં અભિન્ન અંગ તરીકે સાથ આપ્યો.
₹25 લાખ કરોડ+ વૈશ્વિક વ્યાપાર
9800+ શાખાઓ
11900+ એટીએમ
12 કરોડ+ ગ્રાહકો
1800 1030
www.canarabank.com

"લાયન બ્રાન્ડ"
શુદ્ધ કૌચા, શુદ્ધ શિલાજીત, તજ તથા જાયફળ જેવા 15 આયુર્વેદિક ઔષધિઓથી બનેલી
"લાયન બ્રાન્ડ" વા-નરી વટી
શ્રી નરનારાયણ આયુર્વેદિક ફાર્મસી
An ISO 9001 - 2008 & GMP Certified Company
જાણીતા દવાવાળાઓ પાસે ઉપલબ્ધ
For Inquiry :86919 33330
UIN:GUJARAT/0053/2025

એશિયાના સૌથી જુના અખબાર મુંબઈ સમાચારને ૨૦૪ મી વર્ષગાંઠ પર હાર્દિક શુભેચ્છા
Hotel GAUTAM
લોનાવાલા
મહાબળેશ્વર
ગોવા એક માત્ર પ્યોર વેજ. રિસોર્ટ
ગોવા વિલા પ્રાઈવેટ પૂલ સાથે
Contact Booking Office or your travel agent :
Mumbai - Tel.: (022) 28839236 / 8229. Mob.: +91 8108839236 / 9224002400
Pune - Mob.: +91 9028585409 • Mahabaleshwar - Tel.: (02168) 260588
Lonavala - Mob.: +91 9167091570 • Goa - Tel.: (0832) 2416363
E-mail : hotelgautam@hotmail.com • Website : www.hotelgautam.com



**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૧૭-૦૫-૨૦૨૫

## સંદેશ

સંગઠિત સમાજ રાજ્ય અને રાષ્ટ્રને ઉન્નતિના માર્ગે દોરી જવાનો કારક હોય છે. પ્રજાના અવાજને વાચા આપતા વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલ સાચા અર્થમાં લોકપ્રતિનિધિઓની ગરજ સારી રહ્યાં છે. **આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** હંમેશાં મીડિયાને રાષ્ટ્રના ચોથા સ્તંભ તરીકે ઓળખાવે છે. મીડિયાની ભૂમિકા પ્રજા અને શાસકો વચ્ચે એક સેતુ જેવી બની છે, તથા રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાની જવાબદારી આ માધ્યમોએ પણ સ્વૈચ્છિક રીતે ઉપાડી લીધી છે એ બાબત પણ નોંધનીય છે.

એશિયાનું સૌથી જૂનું વર્તમાનપત્ર **"મુંબઈ સમાચાર" તા. ૧ જુલાઈ, ૨૦૨૫**ના રોજ તેની સ્થાપનાના ૨૦૩ વર્ષ પૂર્ણ કરી **૨૦૪**મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે તે જાણી આનંદ સહ ગર્વની અનુભૂતિ થઈ. આ અવસરે **"51 Gujaratis" કૉફી ટેબલ બુક**નું થનાર પ્રકાશન આવકાર્ય છે. વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલા અને સમાજમાં શ્રેષ્ઠ યોગદાન આપનારા ગુજરાતના વિરલાઓના યોગદાનનો સમાવેશ કૉફી ટેબલ બુકને પ્રસંગને અનુરૂપ સાર્થક કરવાની અનુકરણીય પહેલ કહી શકાય. આવું દળદાર પુસ્તક સાફલ્ય પામે અને લોકોમાં પ્રેરણાસ્રોત સમું બની રહે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છા.

આપનો,
(ભૂપેન્દ્ર પટેલ)

Shree Nileshbhai Dave, *Editor,*
*Mumbai Samachar Newspaper,*
C/o. The Bombay Samachar Pvt. Ltd.,
Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Mumbai-400001 (MAH).
Email: nileshmdave@gmail.com
Mo: 9867774747
apro/ab/2025/05/17/rs



**देवेंद्र फडणवीस**
मुख्यमंत्री
महाराष्ट्र

मंत्रालय
मुंबई ४०० ०३२

दि. २५ जून, २०२५

## शुभेच्छा

मुंबई समाचार २०४ व्या वर्षात पदार्पण करत आहे, याचा विशेष आनंद आहे. या प्रदीर्घ वाटचालीसाठी मुंबई समाचार परिवाराचे मनापासून अभिनंदन.

या द्विशतकोत्तर वाटचालीत मुंबई समाचारने विश्वासार्ह वृत्तपत्र म्हणून वाचकांच्या हृदयात स्थान मिळवले आहे. गुजराती भाषेतील बातम्या आणि लेखन- साहित्याद्वारे वाचकांची सेवा केली आहे. तटस्थ भूमिका, अचूक बातम्यांसाठी आपली ओळख निर्माण केली आहे. याशिवाय वृत्तपत्राने सामाजिक बांधिलकी म्हणून गुजराती भाषा आणि संस्कृतीच्या जतनासाठी विविध उपक्रम राबविण्यात पुढाकार घेतला आहे, हे देखील कौतुकास्पद आहे.

वाचकांच्या पाठबळावर मुंबई समाचारने भारतीय वृत्तपत्र क्षेत्रात प्रदीर्घ वाटचालीचा विक्रम प्रस्थापित केला आहे. यातून आपल्याकडून भारतीय पत्रकारिता क्षेत्राची आगळी ओळख निर्माण केली गेली आहे, हे अभिमानास्पद आहे.

मुंबई समाचारचा हा प्रवास असाच अखंडपणे सुरु राहो. वृत्तपत्र आणि माध्यम क्षेत्रातील आपली वाटचाल अशीच देदिप्यमान राहावी यासाठी संपादकीय तसेच व्यवस्थापकीय विभागातील सर्व अधिकारी, कर्मचाऱ्यांना तसेच वाचकांनाही मनापासून शुभेच्छा.

पुन्हा एकदा, मुंबई समाचार परिवाराचे वर्धापनदिनानिमित्त अभिनंदन !

(देवेंद्र फडणवीस)

**दूरध्वनी :** ०२२-२२०२ ५१५१/२२०२ ५२२२, **ई-मेल :** cm@maharashtra.gov.in,
**वेब साईट :** www.maharashtra.gov.in



**उप मुख्यमंत्री**
महाराष्ट्र राज्य

दि. १९ जून २०२५

## शुभेच्छा

'मुंबई समाचार' हे वृत्तपत्र २०४ व्या वर्षात पदार्पण करीत असल्याचे समजून आनंद झाला. आशियातील सर्वात जुने वर्तमानपत्र समजल्या जाणाऱ्या मुंबई समाचार ने १८२२ पासून गुजराती भाषेतील बातम्या आणि वाचन साहित्याद्वारे लाखो वाचकांपर्यंत पोहचत अनेक समाजोपयोगी उपक्रमही राबविले, ही स्तुत्य बाब आहे.

महाराष्ट्राला लोकाभिमुख, निर्भिड पत्रकारीतेचा गौरवशाली वारसा लाभला आहे. राज्यातील पत्रकारांच्या अनेक पिढ्यांनी हा गौरवशाली वारसा जतन करण्याचा, पुढे नेण्याचा प्रयत्न केला आहे. राज्यातील गौरवशाली पत्रकारीतेचा हा वारसा 'मुंबई समाचार' देखील पुढे घेऊन जाईल, असा विश्वास आहे.

'मुंबई समाचार' या वृत्तपत्राच्या वर्धापन दिनानिमित्त माझ्या मन:पूर्वक शुभेच्छा!

(अजित पवार)

प्रति,
श्री. निलेश दवे,
संपादक, मुंबई समाचार.



**હર્ષ સંઘવી**

**રાજ્યકક્ષાના મંત્રી** 700
રમત ગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહનવ્યવહાર, ગૃહરક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસિંગ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજ્ય કક્ષા)
**ગુજરાત સરકાર**

તારીખ: 2 3 JUN 2025

એશિયાનું સૌથી જૂનું અખબાર તરીકે મુંબઈ સમાચારે ૨૦૩ વર્ષની સફળ યાત્રા પૂર્ણ કરી છે એ ગુજરાતી ભાષા અને પત્રકારિતાની દુનિયા માટે ગૌરવની વાત છે. ભાષા, સંસ્કૃતિ અને સમાજ પ્રતિનું આપનું અવિરત યોગદાન પ્રશંસનીય છે.

અખબારના દરેક પાના પર સમાચારની સાથે પ્રામાણિકતા અને વિશ્વસનીયતાની છાપ રહી છે. વર્ષ ૧૮૨૨માં સૌ પ્રથમ ત્રણ નાની ૧૦ x ૮ ઇંચની પ્રિન્ટમાં ૧૪ પાનાઓમાં પ્રકાશિત થયેલ વર્તમાનપત્ર આજે બહોળા વાચક વર્ગ સાથે વટવૃક્ષ બની ગયું છે.

આશા રાખું છું કે આગળના વર્ષોમાં પણ "મુંબઈ સમાચાર" પોતાના નામ પ્રમાણે સમગ્ર ગુજરાતી સમાજના સમાચાર જગતમાં પ્રકાશ ફેલાવતું રહેશે.

સીમાચિહ્નરૂપ ૨૦૩ વર્ષ પૂરા કરી ૨૦૪માં વર્ષ પ્રવેશના શુભ પ્રસંગે હાર્દિક અભિનંદન તથા શુભકામનાઓ પાઠવું છું. આ પ્રવાસ હંમેશાં સફળતા અને પ્રતિષ્ઠા તરફ આગળ વધતો રહે એવી શુભેચ્છાઓ.

આપનો સ્નેહાધીન,
(હર્ષ સંઘવી)

**પ્રતિ,**
**શ્રી નિલેશભાઇ દવે**
તંત્રીશ્રી, મુંબઇ સમાચાર
સાયેદ અબદુલ્લા બ્રેલવી રોડ, (હોર્નીમાન સર્કલ)
મુંબઇ-૪૦૦૦૦૧

સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ, સરદાર ભવન, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦ | **ફોનઃ** (ઓ) ૦૭૯-૨૩૨૫૧૯૫૮/૫૯/૬૦/૬૧/ **ફેક્સઃ** ૦૭૯-૨૩૨૫૧૯૬૨ | **વેબસાઇટઃ** www.harshsanghavi.in | **ઇમેલઃ** min-home@gujarat.gov.in

**एकनाथ संभाजी शिंदे**
उप मुख्यमंत्री
महाराष्ट्र

मंत्रालय
मुंबई ४०० ०३२

## शुभेच्छा

आशिया खंडातील सर्वात जुने वृत्तपत्र अशी ओळख असलेले 'मुंबई समाचार' हे गुजराती भाषेतील वृत्तपत्र २०४ व्या वर्षात पदार्पण करीत असल्याचे समजून अतिशय आनंद झाला.

सन १८२२ या वर्षापासून 'मुंबई समाचार' या वृत्तपत्राची सुरू झालेली ही पत्रकारितेची वाटचाल हे भारतीय प्रसारमाध्यमांच्या इतिहासातील एक अमूल्य पर्व आहे. शाश्वत मूल्यांवर आधारित निष्पक्ष आणि सजग पत्रकारितेचा आदर्श 'मुंबई समाचार' ने कायम जपलेला आहे. लोकप्रबोधनासह जागृती, सामाजिक बांधिलकी आणि भाषा, संस्कृतीच्या तसेच्या समाजाच्या सांस्कृतिक जडणघडणीमध्ये या वृत्तपत्राचे योगदान अत्यंत प्रशंसनीय आहे.

'मुंबई समाचार' च्या या गौरवशाली वाटचालीच्या २०३ व्या वर्षपूर्तीच्या निमित्ताने संपादक, पत्रकार, कर्मचाऱ्यांबरोबरच वाचकांना शुभेच्छा देतो आणि लोकप्रबोधनाचा हा समृद्ध वारसा अविरत सुरु राहील, असा विश्वास व्यक्त करतो.

'मुंबई समाचार' वृत्तपत्राच्या पुढील वाटचालीस आणि वर्धापन दिनास मन:पूर्वक शुभेच्छा !

(एकनाथ संभाजी शिंदे)

प्रति,
**श्री. नीलेश दवे,**
**संपादक, मुंबई समाचार, मुंबई.**

**कार्यालय :** ६वा मजला, मुख्य इमारत, मंत्रालय, मुंबई ४०० ०३२, **दूरध्वनी :** ०२२-२२०२ ५०१४ / २२०२ २४०१
**ई-मेल :** dcm@maharashtra.gov.in, **संकेत स्थळ :** www.maharashtra.gov.in



**મુળુભાઈ બેરા**

ક્રમાંક : પ્ર./સાં.પ્ર./વ.પ./ક્લા.ચે./ ૪૪૫ /૨૦૨૫
**મંત્રી,**
**પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ,**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : ૦૭૯-૨૩૨-૫૦૧૧૭
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨-૫૦૧૨૦
તારીખ : 1 8 JUN 2025

## શુભેચ્છા સંદેશ

**મહોદય,**

પ્રકાશક શ્રી ફાર્દૂનજી મર્ઝબાન દ્વારા ૧ જુલાઈ, ૧૮૨૨ ના રોજ ફારસી પ્રિન્ટરથી પ્રકાશિત થયેલ એશિયાનું સૌથી જુનું ગુજરાતી અખબાર "મુંબઈ સમાચાર" આગામી ૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ પોતાના પ્રકાશનના ૨૦૪મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે, જે અત્યંત આનંદની વાત છે. તથ્યઆધારિત પત્રકારિતાના માધ્યમથી જનતાને સાચી માહિતી પહોંચાડવાનું કાર્ય આપ સદીઓથી કરી રહ્યા છો તે પ્રશંસનીય છે.

સાપ્તાહિક અખબાર તરીકે પ્રકાશિત થતાં "મુંબઈ સમાચાર" ની ગુજરાતીઓમાં લોકપ્રિયતા વધતા તે દૈનિક અખબાર તરીકે વિકસ્યું. આ અખબારે અનેક મહત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાઓ જેવી કે, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ, ગાંધીજીના આંદોલનો, ભારતના વિભાજન બાદની પરિસ્થિતિઓ અને અનેક સામયિક વિષયોની બાબતોને પ્રકાશિત કરી છે. સમાજ, સંસ્કૃતિ, રાજકારણ, અર્થતંત્ર અને સાહિત્ય જેવી વિવિધ શાખાઓને આવરી લેતું અખબાર દેશ-વિદેશમાં વસતા ગુજરાતીઓને પણ સ્વભાષામાં માહિતી પહોંચાડતું વિશ્વસનીય માધ્યમ છે. આજની તારીખે પણ "મુંબઈ સમાચાર" ગુજરાતી ભાષા અને પત્રકારિતાના વિકાસમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે છે. એ માત્ર અખબાર નહિ, પરંતુ એક જીવંત ઈતિહાસ છે. એ માત્ર એક પત્રકારિતાનું માધ્યમ નથી, પણ એક વારસો છે – ભાષાનો, સંસ્કૃતિનો અને ઈતિહાસનો. તેના ૨૦૪મા વર્ષમાં પ્રવેશતા આ અખબારને શુભેચ્છાઓ પાઠવવી એ ગુજરાતી ભાષાપ્રેમીઓ માટે પણ ગૌરવની બાબત છે.

આ અવસરે હું આપને અને આખી ટીમને દિલથી શુભકામનાઓ પાઠવું છું. આશા છે કે "મુંબઈ સમાચાર" મુલ્યોની માવજત સાથે ભારતીય પત્રકારત્વના ઇતિહાસમાં પોતાની ઉત્તમ ઓળખ બનાવતું રહેશે.

**આપનો સ્નેહાધીન,**
(મુળુભાઈ બેરા)

**પ્રતિ,**
**શ્રી નિલેશભાઈ દવે,**
તંત્રીશ્રી-મુંબઈ સમાચાર,
ધી મુંબઈ સમાચાર પ્રા.લી., સૈયદ અબ્દુલ્લા બરેલ્વી રોડ,
હર્નિમન સર્કલ, મુંબઈ-૪૦૦૦૦૧.

1026



પત્ર ક્રમાંક: ૧૮૬/૨૦૨૫
તા.૧૮/૦૬/૨૦૨૫

## શુભેચ્છા સંદેશ

**સ્નેહીશ્રી નિલેશભાઇ,**

આપણા લોકપ્રિય દૈનિક **'ધ બોમ્બે સમાચાર'** ના ગૌરવપૂર્ણ ૨૦૩મા સ્થાપના દિન નિમિત્તે હું, આપ સૌને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

વર્ષોથી ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે 'ધ બોમ્બે સમાચાર' જે અદ્ભુત યોગદાન આપ્યું છે, તે ખરેખર પ્રશંસનીય છે. માહિતીસભર સમાચારો પૂરા પાડવાથી માંડીને ગુજરાતી ભાષા અને સંસ્કૃતિના સંવર્ધન માટે આપે કરેલા નિષ્ઠાવાન પ્રયાસો સરાહનીય છે. 'સર્વાંગી ગુજરાત ભાષા અને સંસ્કૃતિ' ને પ્રોત્સાહન આપવા માટે 'ધ બોમ્બે સમાચાર' દ્વારા જે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે, તે આવકારદાયક છે અને સમાજ માટે પ્રેરણાદાયી છે.

વર્તમાન સમયમાં જ્યારે માહિતીનો પ્રવાહ અનંત છે, ત્યારે વિશ્વસનીય અને સત્યનિષ્ઠ સમાચાર પૂરા પાડવાની જવાબદારી વધુ મહત્વની બની જાય છે. 'ધ બોમ્બે સમાચાર' આ જવાબદારીને દાયકાઓથી સુપેરે નિભાવી રહ્યું છે, અને ગુજરાતી પ્રજાના વિશ્વાસને અકબંધ રાખી શક્યું છે.

'મુંબઈ સમાચાર'ના આગામી "અમૃતકાળ"ના પ્રારંભે, હું આશા રાખું છું કે આપ સત્યનિષ્ઠ પત્રકારત્વના મૂલ્યોને વળગી રહીને સમાજમાં જાગૃતિ ફેલાવવાનું અને ગુજરાતી ભાષા-સાહિત્યના વિકાસમાં યોગદાન આપવાનું ચાલુ રાખશો.

આ સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે, 'ધ બોમ્બે સમાચાર' ની સમગ્ર ટીમને, તેના વાચકો અને શુભેચ્છકોને મારી હાર્દિક શુભકામનાઓ. આપ સતત પ્રગતિ કરતા રહો અને ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રમાં નવા સીમાચિહ્નો સ્થાપિત કરો તેવી અભ્યર્થના સહ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

**ઋષિકેશ પટેલ**
મંત્રી,
આરોગ્ય, પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો
ગુજરાત સરકાર



INDIAN NATIONAL CONGRESS

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**
"રાજીવ ગાંધી ભવન", સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ • ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
Website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**શક્તિસિંહ ગોહિલ, સાંસદ**
**પ્રમુખ**

૨૦ જુન, ૨૦૨૫

સ્નેહીશ્રી નિલેશભાઈ,

તટસ્થ અને સચોટ માહિતી સાથેના સમાચાર આપવા માટે જાણીતું મુંબઈ સમાચાર અખબાર પહેલી જુલાઈના રોજ ૨૦૩ વર્ષ પૂરા કરી ૨૦૪ વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યું છે, તે જાણી આનંદની લાગણી અનુભવું છું. આ પ્રસંગે પ્રસંગે મુંબઈ ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, તે વિશેષ આનંદની વાત છે.

એશિયાનું સૌથી જૂનું અખબાર મુંબઈ સમાચાર વર્ષ ૧૮૨૨થી અવિરતપણે ગુજરાતી ભાષામાં સમાચાર અને વાંચનસામગ્રી દ્વારા લાખો વાચકોના હૃદયમાં વસેલું છે. આજના ટીવી મીડીયા અને સોશ્યલ મીડીયાના યુગમાં પણ મુંબઈ સમાચારે પ્રિન્ટ મીડીયામાં પોતાનું સ્થાન કાયમ રાખ્યું છે. મુંબઈ સમાચાર ગુજરાતી ભાષા અને સંસ્કૃતિની જાળવણી માટે પણ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરે છે, જે પ્રશંસનીય છે.

મુંબઈ સમાચારનો અવિરત પ્રવાસ આગળ પણ ચાલુ રહેશે તેવી અભ્યર્થના સહ મુંબઈ સમાચારના તંત્રીગણ, કર્મચારીગણ તથા વાચકવર્ગને આ શુભપ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

કુશળ હશો.

આપનો સ્નેહાધીન,
(શક્તિસિંહ ગોહિલ)

પ્રતિ,
શ્રી નિલેશભાઈ દવે,
તંત્રીશ્રી, મુંબઈ સમાચાર,
સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ (હોર્નિમન સર્કલ),
મુંબઈ - ૪૦૦ ૦૦૧.

સામૂહિક બળાત્કાર

# કોલકાતા લૉ કૉલેજે અચોક્કસ મુદત માટે વર્ગો સસ્પેન્ડ કર્યા

કોલકાતાઃ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને બે વરિષ્ઠ દ્વારા કરવામાં આવેલા કથિત સામૂહિક બળાત્કારને પગલે સાઉથ કોલકાતા લૉ કૉલેજના વહીવટકર્તાઓએ તમામ વર્ગો અચોક્કસ મુદત માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો હોવાનું સોમવારે બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું.

આગામી નૉટિસ આપવામાં ન આવે ત્યાં સુધી સાઉથ કોલકાતા લૉ કૉલેજના બીએ એલએલબી ઍન્ડ એલએલએમ (જનરલ ઍન્ડ ઑનર્સ) સહિતના તમામ વર્ગો સસ્પેન્ડ કરવાનો અને વિદ્યાર્થીઓ માટે કૉલેજનો પરિસર બંધ રાખવાનો કૉલેજના સંચાલકો દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. કેસને મામલે તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ)એ તપાસના ભાગરૂપ યુનિયન રૂમ, ગાર્ડ રૂમ, એક વૉશરૂમ અને કૉલેજના ગેટ સિલ કરી દીધા હતા.

(એજન્સી) ■

# ઝારખંડના ભોગનાડિહમાં પોલીસ અને આદિવાસી વચ્ચે અથડામણ

રાંચીઃ હુલ દિવસનો સત્તાવાર સમારોહ શરૂ થયો એ પહેલાં ઝારખંડના સાહિબગંજ જિલ્લાના ભોગનાડિહમાં ઊભા કરાયેલા મંચને દૂર કરવાના વિરોધમાં દેખાવ કરી રહેલા લોકોને વિખેરવા પોલીસે અશ્રુવાયુના ટેટા છોડ્યા હતા અને લાઠીચાર્જ કર્યો હતો. ભોગનાડિહ એ૨ બે આદિવાસી નાયક બંધુ સિદ્ધો અને કાન્હુ મુર્મૂની ભૂમિ છે. આ બે ભાઈઓ છે જેમણે ૧૮૫૫-૫૬માં અંગ્રેજ શાસન સામે સંથલ બળવાની આગેવાની કરી હતી. આદિવાસી બળવાને યાદ કરીને ૩૦ જૂનને હુલ દિવસ તરીકે મનાવામાં આવે છે. ભોગનાડિહના લોકોએ સિદ્ધો-કાન્હુ મુર્મૂ હુલ ફાઉન્ડેશન અને આતો માંઝી વાશી ભોગનાડિહના નેતૃત્વમાં લોકોએ મંચ દૂર કરવાની સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. ઝારખંડ ભાજપના વડા બાબુલાલ મરાન્ડીએ આ બનાવની ટીકા કરી હતી. જ્યારે સિનિયર મિનિસ્ટર દિપિકા પાંડે સિંહે કહ્યું હતું કે આ 'સુઆયોજિત કાવતરું' હતું. અધિકારીઓએ કહ્યું હતું કે ગ્રામવાસીઓએ તીર કામઠા વડે હુમલો કરતાં પોલીસે અશ્રુવાયુના ટેટા છોડ્યા હતા.

(એજન્સી) ■











# નવાબ મલિક સામેનો બદનક્ષીનો કેસ રદ

મુંબઈ: ભાજપના કાર્યકર મોહિત કંબોજે ફરિયાદ પાછી ખેંચ્યા બાદ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન નવાબ મલિક સામે બદનક્ષીનો કેસ મેજિસ્ટ્રેટ કોર્ટે સોમવારે પાછો ખેંચ્યો હતો. સંબંધિત કલમો હેઠળ મલિક સામે નોંધાયેલો ગુનામાંથી તેમની મુક્ત કરવામાં આવે છે, એમ કોર્ટે જણાવ્યુંહ તું.

સંબંધિત કાયદાની કલમ હેઠળ કંબોજે પોતાની ફરિયાદ પાછી ખેંચવા માટે અરજી કરી હતી.

'કોર્ટ આ કેસમાં રોજેરોજ સુનાવણી હાથ ધરવા માગે છે. હું મારી ફરિયાદ પાછી ખેંચવા માગુ છું, કારણ કે હું રોજેરોજ આ કેસની સુનાવણી માટે કોર્ટમાં હાજર રહી શકીશ નહીં', એમ કંબોજે પોતાની અરજીમાં જણાવ્યું હતું.

'હું કોઇ પણ દબાણમાં આવીને કે અન્ય કોઇ કારણસર ફરિયાદ પાછી નથી ખેંચી રહ્યો. હું મારી મરજીથી કેસ પાછો ખેંચું છું', એમ તેમાં વધુમાં જણાવાયું હતું. ■

# પ્રથમ વખત 'લિવિંગ વિલ ક્લિનિક'ની શરૂઆત

મુંબઈ: ગંભીર બીમારીઓના કેસમાં પોતાની ભવિષ્યની મેડિકલ સંભાળ અંગેના નિર્ણયો લેવા માટે મુંબઈની એક ખાનગી હોસ્પિટલે એક સમર્પિત ક્લિનિક શરૂ કરી છે.

માહિમની પી. ડી. હિન્દુજા હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટર (એમઆરસી) દ્વારા તાજેતરમાં 'લિવિંગ વિલ ક્લિનિક' શરૂ કરવામાં આવી છે. દેશમાં આ પ્રકારની આ પ્રથમ ક્લિનિક છે.

આ યોજના અંગે જણાવતા હિન્દુજા હોસ્પિટલે સોમવારે જણાવ્યું હતું કે આ ક્લિનિક દ્વારા દર્દીઓ તેમના કાનૂની દસ્તાવેજો બનાવી શકે છે જે તેમને ગંભીર બીમારીઓમાં મેડિકલ સારવાર લેવામાં મદદ કરશે અને ભવિષ્યના આરોગ્ય સંબંધિત નિર્ણયો લેવાની ખાતરી કરશે. ■






# મીરા રોડમાં ચોરીના કેસમાં ગ્રાફિક ડિઝાઈનરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મીરા રોડના ફ્લેટમાં ઘૂસી સોનાના દાગીના અને રોકડ ચોરવાના કેસમાં પોલીસે ગ્રાફિક ડિઝાઈનરની ધરપકડ કરી હતી. મીરા રોડ પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ રાહુલ વેદપ્રકાશ ચૌહાણ (૨૬) તરીકે થઈ હતી. ફરિયાદી ડાયના વિલ્સને (૫૮) પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે મળસકે પાંચ વાગ્યાની આસપાસ બિલાડી તેના રૂમમાં ઘૂસી આવી હતી. બિલાડીના અવાજથી ડાયના ઊંઘમાંથી જાગી ત્યારે ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી. બીજા બેડરૂમની ગૅલરીનો દરવાજો ખોલી ચોર અંદર ઘૂસ્યો હતો. કબાટમાંથી ૬.૭૩ લાખના સોનાના દાગીના અને નવ હજારની રોકડ ચોરાઈ હતી. ■

# શેફાલી જરીવાલાનું બ્લડપ્રેશર ખાલી પેટે દવાઓ લેવાથી ઘટી ગયું હતું

મુંબઈ: ૨૭ જૂને રાતે મૃત્યુ પામેલી 'કાંટા લગા' ફૅમ શેફાલી જરીવાલાએ એ દિવસે એન્ટિ-એજિંગ ટેબ્લેટ્સ સહિત વિવિધ પ્રકારની દવાઓ લીધી હતી. શેફાલીને હોસ્પિટલમાં લઇ જવાઇ એ પૂર્વે તેણે ખાલી પેટે આ દવાઓ લીધી હોવાથી તેનું બ્લડપ્રેશર ઘટી ગયું હતું.

અંધેરીના લોખંડવાલા ખાતે ગોલ્ડન રેઝ-વાય બિલ્ડિંગમાં રહેનારી ૪૨ વર્ષની શેફાલીનું ૨૭ જૂને બ્લડપ્રેશર અચાનક ડાઉન થતાં હાર્ટ અટેકની શક્યતા વચ્ચે તેને તેનો પતિ પરાગ ત્યાગી ખાનગી હોસ્પિટલમાં લઇ ગયો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી. પોલીસને આની જાણ મોડી રાતે એક વાગ્યે કરવામાં આવી હતી. શેફાલીના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે કૂપર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.

શેફાલીના ઘરે ૨૭ જૂને પૂજા હોવાથી તે ઉપવાસ કરી રહી હતી અને ખાલી પેટે તેણે વિવિધ દવાઓ લીધી હતી. બાદમાં અચાનક તેનું બ્લડપ્રેશર ડાઉન થઇ ગયું હતું અને તે જમીન પર પડી ગઇ હતી, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

બપોરે શેફાલીએ એન્ટિ-એજિંગનું ઇન્જેક્શન લીધું હતું અને રાતે તેણે ગોળીઓ પણ પીધી હતી. દરમિયાન તેનું બ્લડપ્રેશર એકદમ ડાઉન થતાં તે ધ્રૂજવા લાગી હતી, જેને પગલે તેને હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી.

અંબોલી પોલીસે અત્યાર સુધી શેફાલીના પતિ, માતા-પિતા, નોકરો સહિત ૧૦ જણના નિવેદનો નોંધ્યાં છે. જોકે કોઇ શંકાસ્પદ જણાયું નથી. તપાસ દરમિયાન પોલીસ ટીમે ફોરેન્સિક સાયન્સ એક્સપર્ટ્સ સાથે શેફાલીના ઘરની મુલાકાત લીધી હતી અને તેની દવા, ઇન્જેકશન સહિત અનેક વસ્તુના નમૂના લીધા હતા. (પીટીઆઇ) ■


## સત્તાવીસમી પુણ્યતિથિ



**સ્વ.ચત્રભુજ નરસી**

સ્વર્ગવાસ: ૧-૭-૧૯૯૮

શિક્ષણ માટેની આપની દીર્ઘદ્રષ્ટિને ભાવપૂર્ણ વંદન કરીએ છીએ.

**નરસી મોનજી પરિવાર**


# ટ્રેનમાંથી પડીને મરનારાઓની સંખ્યા ઘટી, ઇજાગ્રસ્તોની વધી

મુંબઈ: તાજેતરના વર્ષોમાં થાણે-ડોમ્બિવલી રેલવે લાઇન પર ટ્રેનોમાંથી પડી જવાથી મુસાફરોના મૃત્યુમાં ઘટાડો થયો હોવા છતાં, ઇજાગ્રસ્તોના આંકડામાં વધારો થયો છે, જેના કારણે આ રૂટ પર મુસાફરોની સલામતી અંગે નવો ભય પેદા થયો છે. જાન્યુઆરી ૨૦૧૪ થી ડિસેમ્બર ૨૦૨૪ની વચ્ચે, આ રૂટ પર ચાલતી ટ્રેનોમાંથી પડી જવાથી ૧,૦૨૫ મુસાફરોએ જીવ ગુમાવ્યા અને ૧,૮૨૯ ઘાયલ થયા હતા. તાજેતરમાં બનેલી એક ઘટનામાં ૨૭ જૂનના રોજ, ૨૧ વર્ષીય યુવકનું ચાલતી ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ થયું હતું. ૯ જૂનના નોંધાયેલી મુમ્બ્રા ટ્રેન દુર્ઘટના સ્થળથી લગભગ એક કિલોમીટર દૂર આ ઘટના બની હતી.

ટ્રેનોમાંથી પડી જવાથી મુસાફરોના થતા મૃત્યુઆંકમાં સતત ઘટાડો જોવા મળ્યો છે - ૨૦૧૪ માં આ સંખ્યા ૧૫૨ હતો. ૨૦૨૨ માં ૧૪૫, પછી ૨૦૨૩ માં ૧૧૨ અને ૨૦૨૪ માં ૧૦૭. આ ઘટાડો કેટલાક સુધારા સૂચવે છે, જેમ કે કદાચ માળખાગત સુધારા અને વધુ જાહેર જાગૃતિ. પરંતુ ઇજાના ડેટા વધુ ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. ૨૦૧૪માં આ આંકડો ૨૫૯ હતો, જે ૨૦૨૨માં ઘટીને ૧૦૬ થયો. જોકે, ૨૦૨૩માં ચિંતાજનક ઊલટફેર જોવા મળ્યો, જેમાં ૧૪૪ ઇજાઓ નોંધાઈ. ૨૦૨૪માં આ વલણ વધુ ખરાબ થયું, જેમાં ૨૦૩ મુસાફરો ઘાયલ થયા - જે લગભગ એક દાયકામાં સૌથી વધુ સંખ્યા દર્શાવે છે. અધિકારીઓએ ઇજાઓની સંખ્યામાં વધારો થવા પાછળના મુખ્ય કારણોમાં ભીડભાડ અને બદલાતી મુસાફરોની આદતોને ગણાવી છે. જો આપણે થાણે-ડોમ્બિવલી રૂટની સરખામણી ૨૦૧૪ ની પરિસ્થિતિ સાથે કરીએ, તો વહન ક્ષમતામાં ૨૫ ટકાથી વધુનો વધારો થયો છે, એક વરિષ્ઠ રેલવે અધિકારીએ જણાવ્યું હતું. ''પરંતુ પીક અવર્સ દરમિયાન ભીડભાડ એક મહત્વપૂર્ણ પડકાર રહે છે. ■







## પહેલા પાનાનું ચાલુ

### મે મહિનાના અંતે

એકાઉન્ટ્સની આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલ અને મે મહિનાની રાજકોષીય ખાધ અંદાજપત્રીય લક્ષ્યાંકના ૦.૮ ટકા અથવા તો રૂ. ૧૩,૧૬૩ કરોડની સપાટીએ રહી છે. સમીક્ષા હેઠળના બે મહિનામાં સરકારની ચોખ્ખી મહેસૂલી આવક અંદાજપત્રીય લક્ષ્યાંકનાં ૧૨.૪ ટકા અથવા તો રૂ. ૩.૫ લાખ કરોડનાં સ્તરે રહી હતી, જ્યારે ગત સાલના સમાનગાળામાં આવકો અંદાપત્રીય લક્ષ્યાંકના ૧૨.૩ ટકાના સ્તરે રહી હતી. તે જ પ્રમાણે મે મહિનાના અંતે કુલ ખર્ચ અંદાજપત્રીય લક્ષ્યાંકનાં ૧૪.૭ ટકા અથવા તો રૂ. ૭.૪૬ લાખ કરોડના સ્તરે રહ્યો હતો, જે ગત સાલના સમાનગાળામા અંદાજપત્રીય લક્ષ્યાંકના ૧૨.૯ ટકાના સ્તરે રહ્યો હતો. કેન્દ્ર સરકારે ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજકોષીય ખાધનો અંદાજપત્રીય અંદાજ જીડીપીના ૪.૮ ટકાનો મૂક્યો હતો.

### હિમાચલ-ઉત્તરાખંડમાં

માર્ગ પર હવામાનની અસર વધુ જોવા મળી રહી છે. દેહરાદૂનથી બદ્રીનાથ અને કેદારનાથ સુધી ઘણી જગ્યાએ સતત ભૂસ્ખલન થઈ રહ્યું છે. સતત વરસાદને કારણે નદીઓ અને નાળાં છલકાઈ રહ્યાં છે. બદ્રીનાથથી વહેતી અલકનંદા અને કેદારનાથથી વહેતી મંદાકિનીનો પ્રવાહ એટલો જોરદાર છે કે રુદ્રપ્રયાગમાં બંને નદીઓના સંગમ પર એવું લાગી રહ્યું છે કે ૧૨ ફૂટ ઊંચી શિવ પ્રતિમાની જટાને સ્પર્શ કરી રહી છે. બીજી તરફ, ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લોકોને હવામાન સંપૂર્ણપણે સાફ ન થાય ત્યાં સુધી સાવચેત રહેવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાનું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે શાળાઓમાં સોમવારે રજાનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. ઉત્તરાખંડમાં સતત ત્રીજા દિવસે પણ ભારે વરસાદ છે. હવામાન વિભાગે દેહરાદૂન, ઉત્તરકાશી, ટિહરી, પૌરી, રુદ્રપ્રયાગ, હરિદ્વાર, નૈનિતાલ, ચંપાવત અને ઉધમ સિંહ નગર સહિત કુલ નવ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં ૩૧ લોકોનાં મોત, ૬૬ લોકો ઘાયલ અને ચાર લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે.

### તેલંગણામાં ફાર્મા

ડિપાટમેન્ટને સાબદું કર્યું હતું. દસ ફાયર એન્જિનને મોકલવામાં આવ્યા હતા. બચાવ કામગીરીમાં એનડીઆરએફ અને એસડીઆરએફના જવાનો પણ લાગી પડ્યા હતા. કરૂણ બનાવ બન્યો ત્યારે કેટલા કામદારો કામ કરી રહ્યા હતા એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે કામદારોનો રેકોર્ડ રાખનાર વ્યક્તિનું મરણ થયું હોવાથી ચોક્કસ આંકડો મળ્યો નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ આગ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે બનાવમાં જે લોકોએ તેમના લાડકવાયા ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે ઈજાગ્રસ્તોને ઝડપથી સાજા થવાની શુભેચ્છા આપી હતી. તેમણે એક્સ પર પોસ્ટ લખીને મૃતકોના કુટુંબને બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયા એક્સ ગ્રેસિયા તરીકે રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી આપવાની જાહેરાત કરી હતી.

### સાર્કના વિકલ્પ સમુ

બાંગ્લાદેશ, ભૂતાન, ચીન, માલ્દીવ્સ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ કરતા સાર્ક સંગઠનનું સ્થાન લેશે. તાજેતરમાં કુમિંગ ખાતે પાકિસ્તાન, ચીન અને બાંગ્લાદેશ વચ્ચે મળેલી ત્રિપક્ષીય બેઠકમાં નક્કી કરવામાં આવ્યા મુજબ સાર્કનો હિસ્સો રહેલા અન્ય સાઉથ એશિયન દેશોને પણ સંગઠનમાં જોડાવાનું આમંત્રણ આપવાનું તેમનું લક્ષ્ય છે. જોકે બાંગ્લાદેશની વચગાળાની સરકારે આ બેઠક રાજકીય ન હોવાનું જણાવી ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચેના જોડાણના વિચારને નકારી કાઢ્યો હતો. બાંગ્લાદેશના વિદેશી બાબતોના સલાહકાર એમ. તૌહિદ હોસૈને કહ્યું હતું કે અમે આ પ્રકારનું કોઈ જોડાણ નથી કરી રહ્યા.

સૂત્રોના જણાવ્યાનુસાર નવા પ્રસ્તાવિત સંગઠનમાં જોડાવા ભારતને પણ આમંત્રણ આપવામાં આવશે અને શ્રીલંકા, માલ્દીવ્સ તેમ જ અફઘાનિસ્તાન જેવા દેશ આ સંગઠનનો હિસ્સો હશે એવી ધારણા છે.

### નખત્રાણા તાલુકામાં

વચ્ચે મોટા ભાગના મથકોમાં વહેલી સવારથી જ ભારે વરસાદી ઝાપટાં ચાલુ રહ્યાં હતા. બિટ્ટા, બાલાપર, બુડધ્રો, વમોટી નાની, વમોટી મોટી, ભારાપર, પાટ, ખાનાય, ધુફી મોટી અને નાની સહિતના ગામોમાં સરેરાશ દોઢથી બે ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

આ ઉપરાંત જખૌનાં સિંધોડી, લાલા, બુડિયા, રાપરગઢ, સુથરી, છંછીમાં પણ છૂટો છવાયો ઝરમર વરસાદ સતત ચાલુ રહેતાં સરેરાશ સવા ઇંચ વરસાદ પડી ગયો હતો. તાલુકાના છારીઢંઢ પક્ષી અભ્યારણ ખાતે પણ નોંધપાત્ર વરસાદ વરસી જતાં આ વખતે સુરખાબ પક્ષીઓનું આગમન સમયસર થવાના એંધાણ વર્તાયા છે.






# ટ્રેનમાં વિદ્યાર્થિનીના હાથમાં માત્ર ૧૫ દિવસનું બાળક પકડાવી મહિલા છૂ

## સીએસએમટીથી પનવેલ જતી ટ્રેનમાં જુઈનગર સ્ટેશન પર ઊતરવા મહિલાએ વિદ્યાર્થિનીઓની મદદ માગી ને બાળક આપ્યું પણ એ પોતે પછી ટ્રેનમાંથી ઊતરી જ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ત્રણ દિવસની બાળકીને બાસ્કેટમાં મૂકી રસ્તા પર છોડી દેવાની ઘટનાના બે દિવસમાં જ નવી મુંબઈમાં ફરી બાળકને ત્યજી દેવાની ઘટના બની હતી. લોકલ ટ્રેનમાંથી ઊતરવામાં મદદ કરવાને બહાને કૉલેજની વિદ્યાર્થિનીઓને પંદર દિવસનો બાળક સોંપી એક મહિલા રફુચક્કર થઈ જતાં પોલીસે તેની શોધ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની બપોરે હાર્બર લાઈનના જુઈનગર સ્ટેશન પાસે બની હતી. કૉલેજની બન્ને વિદ્યાર્થિની છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી પનવેલ જવા માટે લોકલ ટ્રેનમાં બેઠી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે પંદર દિવસના બાળક સાથે ટ્રેનમાં ચઢેલી મહિલાએ કૉલેજની વિદ્યાર્થિનીને જુઈનગર સ્ટેશને ઊતરવામાં મદદ કરવાની વિનંતી કરી હતી. ટ્રેન જુઈનગર સ્ટેશન નજીક પહોંચી ત્યારે મહિલા બાળકને લઈ સીટ પરથી ઊભી થઈ હતી.

પોતાની પાસે ઘણો સામાન હોવાનું કહીને મહિલાએ બાળક બન્ને વિદ્યાર્થિનીને સોંપ્યો હતો. ટ્રેન સ્ટેશને પહોંચી ત્યારે વિદ્યાર્થિનીઓ બાળક સાથે મહિલા કરતાં પહેલાં ટ્રેનમાંથી ઊતરી હતી.

પ્લૅટફૉર્મ પર ઊભી રહીને બન્ને રાહ જોતી હતી, પણ મહિલા ટ્રેનમાંથી ઊતરી જ નહીં. ટ્રેન પસાર થઈ ગયા પછી ડરી ગયેલી વિદ્યાર્થિનીઓએ પોલીસની મદદ માગી હતી.

પોલીસે તાત્કાલિક સ્ટેશનો પરના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. પોલીસના કહેવા મુજબ જુઈનગર બાદના નેરુળ કે સીવૂડ સ્ટેશને પણ મહિલા ટ્રેનમાંથી ઊતરી નહોતી. પોલીસને ખાતરી થઈ હતી કે મહિલા બાળકને ત્યજી રફુચક્કર થઈ ગઈ હતી. આ મામલે વાશી જીઆરપીએ અજાણી મહિલા વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે શનિવારે પણ નવી મુંબઈમાં પનવેલ ખાતેની તક્કા કોલોની નજીક બાસ્કેટમાં ત્રણ દિવસની બાળકી છોડી દેવામાં આવી હતી. બાદમાં પોલીસે બાળકીના પિતાને તાબામાં લઈ માતાને નોટિસ પણ બજાવી હતી. ■




# નાશિકમાં કન્સ્ટ્રક્શન સ્થળે પાણી ભરેલા ખાડામાં ત્રણ કિશોર ડૂબ્યાં

નાશિક: મહારાષ્ટ્રના નાશિકમાં એક બાંધકામ સ્થળે પાણી ભરેલા ખાડામાં પડી જવાથી ત્રણ કિશોરનાં મોત થયાં હતાં, જેના પગલે એક બિલ્ડર અને એક કોન્ટ્રાક્ટરની ધરપકડ કરવામાં આવી હતી, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સાઈ ગોરખ ગરડ (૧૪), સાઈ હિલાલ જાધવ (૧૪) અને સાઈ કેદારનાથ ઉગલે (૧૩) રવિવારે સવારે ૧૧ વાગ્યાથી ગુમ થયા હતા. ગુમ થયેલા લોકોની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. બાદમાં, પોલીસ ટીમને ખાડા પાસે તેમના કપડાં મળી આવ્યા, ત્યારબાદ ફાયર બ્રિગેડના કર્મચારીઓએ તેમના મૃતદેહ બહાર કાઢ્યા હતા, અદગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

વિસ્તારના રહેવાસીઓએ રસ્તો રોકીને કરીને વિરોધ દર્શાવ્યો હતો અને ખાડો ખુલ્લો રાખનારા સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

બિલ્ડર વિજય શેખલિયા અને કોન્ટ્રાક્ટર આકાશ ગાયકવાડની ભારતીય ન્યાય સંહિતા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ■

# વિધાનભવન મેટ્રો સ્ટેશનમાં ઉદ્ઘાટન પહેલા જ ગળતર

મુંબઈ: ભૂમિગત મેટ્રો-થ્રીના વિધાનભવન સ્ટેશનમાં ઉદ્ઘાટન પેહલા જ પાણીનું ગળતર શરૂ થઇ ગયું છે. વિધાનભવન ઇમારતની બાજુમાં જ આવેલા આ સ્ટેશનના લિફ્ટના ભાગને પ્લાસ્ટિકથી ઢાંકવાનો વારો આવ્યો છે. આ સિવાય ખોદકામના આંચકા લાગવાને કારણે વિધાનભવનનો પાછળનો રસ્તો ધસી પડવાનો ભય છે. અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનનું કામ યોગ્ય પદ્ધતિથી કરાયું ન હોવાનું પ્રકાશમાં આવતા મહાયુતિ સરકારની જોરદાર ટીકા થઇ રહી છે.

ચોમાસુ શરૂ થવાની સાથે જ આ વર્ષે આચાર્ય અત્રે ચોક સ્ટેશનમાં પાણી ભરાઇ ગયું હતું. તેની સાથે જ વરલી સ્ટેશનમાં પણ પાણીનું ગળતર થયું હતું. ત્યાર બાદ ગિરગામ સ્ટેશનની નજીકનો રસ્તો ધસી પડ્યો હતો. આ સિલસિલો ચાલુ જ હતો ત્યારે વિધાનભવન સ્ટેશનની હાલત પણ એવી જ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. સ્ટેશનનું ઉદ્ઘાટન થવા પહેલા જ તેમાં પાણી ગળતર થવાને કારણે તેની બહારના ભાગમાં પ્લાસ્ટિક લગાવવામાં આવ્યું છે. સ્ટેશનના પ્રવેશદ્વાર નજીકના રસ્તા પર મોટા ખાડા પડ્યા છે અને તેને કારણે રસ્તો પણ ધસી પડવાનો ભય છે. ઉદ્ઘાટન પહેલા જ મેટ્રો સ્ટેશનની આવી હાલતને કારણે મહાયુતિ સરકારની આકરી ટીકા થઇ રહી છે. ■

# નવી મુંબઈમાં વાહને શિયાળને કચડી નાખ્યું

થાણે: નવી મુંબઈમાં એક તળાવ નજીક એક વાહનની અડફેટે આવતા ગોલ્ડન જેકલ કચડાઈ મૃત્યુ પામ્યું હોવાની માહિતી વન અધિકારીએ સોમવારે આપી હતી. આ દુર્ઘટના રવિવારે મધ્યરાત્રિના આસપાસ નેરુલના ડીપીએસ ફ્લેમિંગો તળાવ નજીક બની હતી. વાઇલ્ડલાઇફ વેલફેર એસોસિએશનના સ્વયંસેવકના જણાવ્યા અનુસાર પૂરપાટ વેગે આવતું ફોર-વ્હીલરની અડફેટે ચડવાથી પ્રાણી મૃત્યુ પામ્યું હતું. વન વિભાગના મેન્ગ્રોવ વિભાગે શિયાળના શબનો કબજો લઈ લીધો છે અને એનો નિકાલ ઘણસોલી ખાતે કરવામાં આવશે એમ રેન્જ ફોરેસ્ટ ઓફિસર સુધીર માંજરેકરે જણાવ્યું હતું.

પર્યાવરણવિદોના જણાવ્યા અનુસાર ડીપીએસ ફ્લેમિંગો તળાવ અને તેની આસપાસના મેનગ્રોવ્ઝ પહેલેથી જ સંરક્ષણ માટે અનામત જાહેર કરવામાં આવ્યા છે અને બફર ઝોનને વન્ય પ્રાણી સૃષ્ટિ માટે સાચવવા આવશ્યક છે. ■

# પત્ની સાથે અફેરની શંકા પરથી પતિએ સાઢુનું ગુપ્તાંગ વાઢી નાખ્યું: આરોપી ૧૩ વર્ષે પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પત્ની સાથે અફેર હોવાની શંકા પરથી પતિ સાઢુ પર એટલો ગિન્નાયો કે તેની કરપીણ હત્યા કરીને ગુપ્તાંગ જ વાઢી નાખ્યું હતું. ભાયંદરમાં બનેલી આ ઘટના બાદ ફરાર થઈ ગયેલા આરોપીને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે છેક ૧૩ વર્ષે દિલ્હીમાં પકડી પાડ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર પ્રમોદ બડાખની ટીમે પકડી પાડેલા આરોપીની ઓળખ ગોવિંદ જગતનારાયણ ચૌધરી (૩૪) તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને નવઘર પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ભાયંદર પૂર્વના નવઘર રોડ પરના સાંઈબાબા નગરમાં રહેતા સુરેશકુમાર સૂર્યનારાયણ ચૌધરી (૩૫)ની ૨૮ મે, ૨૦૧૨ની રાતે હત્યા કરવામાં આવી હતી. ઈસ્ત્રીના વાયરથી ગળું દબાવ્યા પછી તેના મોં પર સેલોટેપ લગાવવામાં આવી હતી. લોખંડના સળિયાથી માથા પર ફટકારીને કટરથી શરીર પર ઘા ઝીંકવામાં આવ્યા હતા.

છેલ્લે સુરેશનું ગુપ્તાંગ કાપીને આરોપીએ અન્ય કોઈ સ્થળે ફેંકી દીધું હતું. આટલી ક્રૂરતાથી હત્યા કરનારા આરોપીના મનમાં તે સમયે ભારોભાર રોષ ધરબાયેલો હોવાનો અંદાજ પોલીસે લગાવ્યો હતો.

આ પ્રકરણે નવઘર પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. ઘટના બાદથી ફરાર આરોપી પોલીસને હાથ લાગ્યો નહોતો. પરિણામે વરિષ્ઠ અધિકારીએ કેસની તપાસ હાથ ધરી આરોપીને શોધી કાઢવાનો આદેશ ક્રાઈમ બ્રાન્ચે આપ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરતાં બિહારના મધુબનીનો વતની ગોવિંદ દિલ્હીમાં સંતાયો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસની ટીમ તાત્કાલિક દિલ્હી પહોંચી હતી અને નયા બાજાર ખાતેની પત્તેવાલી ગલીમાંથી આરોપીને પકડી પાડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીની સાળી સાથે સુરેશનાં લગ્ન થયાં હતાં, પરંતુ લગ્ન બાદ સુરેશ આરોપીની પત્ની સાથે આડાસંબંધ રાખતો હોવાની જાણકારી આરોપીને મળી હતી.

આ વાતને લઈ તેમની વચ્ચે ઝઘડો પણ થયો હતો. આખરે આરોપી સુરેશની નિર્દયતાથી હત્યા કરી હતી. ■

# થાણામાં વૃક્ષની ડાળી પડવાથી બેને ઈજા

થાણે: થાણા પશ્ચિમમાં એક મકાનની છત પર ઝાડની ડાળી પડી જતાં સોમવારે એક બાળક સહિત બે વ્યક્તિને ઇજા થઇ હોવાનું સંબંધિત અધિકારીએ જણાવ્યું હતું. થાણા મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના અધ્યક્ષ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ફૂલે નગરમાં જાધવ નિવાસ ચાલમાં બપોરે ૩:૪૦ વાગ્યે આ ઘટના બની હતી. ઈજાગ્રસ્તોની ઓળખ મોનિકા જાધવ (૩૫) અને અદ્વૈત જાધવ (૩) તરીકે થઈ છે. તેમણે કહ્યું હતું કે ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી. (પીટીઆઈ) ■

# બાળક અચાનક મેટ્રોમાંથી બહાર નીકળ્યો પણ અટેન્ડન્ટની સતર્કતાથી માતા-પિતા સાથે થયો ફરી મેળાપ

મુંબઈ: મુંબઈ મેટ્રોના યલો લાઈન ટૂ-એ પર ૨૯ જૂન, રવિવારના રોજ મેટ્રો સ્ટાફ સભ્ય સંકેત ચોડણકરની સતર્કતાને કારણે એક દુઃખદ ઘટના ટાળવામાં સફળતા મળી. ૨૯ જૂનના રવિવારે, બાંગુર નગર સ્ટેશન પર જ્યારે મેટ્રોના દરવાજા બંધ થઈ રહ્યા હતા ત્યારે બે વર્ષનો બાળક આકસ્મિક રીતે ટ્રેનમાંથી બહાર નીકળી ગયો હતો.

આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી અને ત્યારબાદ તે વાયરલ થઈ ગઈ છે, જેમાં ચોડણકરની સતર્કતાની પ્રશંસા થઈ રહી છે.

વીડિયોમાં, એક મેટ્રો ટ્રેન પ્લેટફોર્મ પર ઊભી હોવાનું જોવા શકાય છે. જ્યારે દરવાજા બંધ થવા લાગ્યા તેના થોડાક સેકન્ડ પહેલા, બાળક અચાનક બહાર આવી ગયું હતું. દરવાજા બંધ થતાં જ, બાળક પ્લેટફોર્મ પર એકલું ઊભું હતું અને તેના માતાપિતા ટ્રેનની અંદર હતા.

પ્લેટફોર્મ પર તહેનાત સ્ટેશન અટેન્ડન્ટ સંકેત ચોડણકરે પરિસ્થિતિને તાત્કાલિક ધ્યાનમાં લઇ, તાત્કાલિક ટ્રેન ઓપરેટરને જાણ કરી અને ટ્રેન ઉપડે તે પહેલાં જ તેને રોકી દીધી. થોડીવારમાં જ, ટ્રેનના દરવાજા ફરી ખુલી ગયા અને માતા-પિતા તેમના બાળક સાથે ફરી મળી શક્યા હતા.

મહા મુંબઈ મેટ્રો ઓપરેશન કોર્પોરેશન લિમિટે એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્વિટ કરતાં કહ્યું હતું કે, મુસાફરોની સલામતી પ્રત્યે આટલી હાજરી અને સમર્પણ આપણી મહા મુંબઈ મેટ્રોની મુસાફરીને દરરોજ સુરક્ષિત બનાવે છે. ■

# ૪૧ અજગર જૂનમાં બીકેસીમાં ઘૂસી આવ્યા

મુંબઈ: શહેરના મુખ્ય બિઝનેસ હબમાંનું એક બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) માનવ-વિરુદ્ધ-વન્યજીવ સંઘર્ષ સામે ઝઝૂમવા માટે જાણીતું છે. જૂન મહિનામાં નજીકમાંથી બચાવવામાં આવેલા ૪૧ અજગર તાજેતરના વર્ષોમાં સમસ્યા કેટલી વકરી ગઈ છે એનો સંકેત આપે છે. વન્યજીવન નિષ્ણાતો - સ્વતંત્ર રીતે તેમજ વન્ય પ્રાણી પ્રાણી સંરક્ષણ અને બચાવ સંઘ (વીએઆરએ) જેવી એનજીઓમાં કામ કરતા - અને બાન્દ્રાની આસપાસના વન અધિકારીઓના ફોન જૂનમાં અજગરના બચાવ માટે સતત રણકી રહ્યા છે. વન્ય પ્રાણી બચાવકર્તાઓ દ્વારા જાળવવામાં આવેલા રેકોર્ડ અનુસાર પહેલી વાર ચોથી જૂને અજગરને ઉગારી લેવામાં આવ્યો હતો. ■

# પર્યાવરણના પ્રશ્ન: એમએમઆરમાં ૭૦ હજાર ઘરનું બાંધકામ બંધ

મુંબઈ: પર્યાવરણીય સુરક્ષા અને અન્ય કુદરતી સંસાધનોને લગતા કેસ સાથે કામ કરતી ભારતની વૈધાનિક સંસ્થા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી), ભોપાલના નિર્દેશને પગલે મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં ૪૯૩ પ્રોજેક્ટસના ૭૦ હજારથી વધુ ઘરનું બાંધકામ અટકી પડ્યું છે.

ટ્રિબ્યુનલના આદેશમાં ઇકો-સેન્સિટિવ ઝોનની પાંચ કિ.મી.ની ત્રિજ્યામાં આવતા તમામ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સે હવે રાજ્ય-સ્તરના સત્તાવાળાઓને બદલે કેન્દ્ર સરકાર પાસેથી પર્યાવરણીય મંજૂરી મેળવવી ફરજિયાત કરવામાં આવ્યું છે.

આ નિર્દેશ આપ્યા પહેલા સ્ટેટ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ અસેસમેન્ટ ઓથોરિટી (એસઇઆઇએએ) પાસે આ પ્રકારની દરખાસ્તોનું મૂલ્યાંકન કરવા અને તેને મંજૂરી આપવાનો અધિકાર હતો. નવી જરૂરિયાતોને કારણે ખાસ્સો વિલંબ થયો છે અને એની અસર પ્રોજેક્ટની સમય મર્યાદા પર પડી છે. એટલું જ નહીં, એને કારણે ડેવલપરો અને ઘર ખરીદનારાઓ એમ બંને પર ભારે નાણાકીય સમસ્યા સર્જાઈ છે. ■




# વેપારીને બિઝનેસ લોન અપાવવાના બહાને સવા કરોડનો ચૂનો ચોપડ્યો

થાણે: નવી મુંબઈના વેપારીને ૧૦૦ અને ૨૦૦ કરોડ રૂપિયાની બિઝનેસ લોન અપાવવાને બહાને ચાર જણે ૧.૨૫ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડ્યો હતો.

નવી મુંબઈના ઐરોલી વિસ્તારમાં રહેતા ૭૮ વર્ષના વેપારીએ આ પ્રકરણે શનિવારે ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

રબાળે વિસ્તારમાં મશીન ટૂલ્સ કંપની ધરાવતા વેપારીનો આરોપીઓએ ડિસેમ્બર, ૨૦૨૩થી માર્ચ, ૨૦૨૫ દરમિયાન સંપર્ક સાધ્યો હતો અને ૧૦૦ કરોડ તથા ૨૦૦ કરોડની બિઝનેસ લોન મેળવી આપવાનું આશ્વાસન આપ્યું હતું. દરમિયાન આરોપીઓએ વેપારીનો વિશ્વાસ સંપાદન કરવા ત્રણ અલગ અલગ બૅંકના બનાવટી ડિમાન્ડ ડ્રાફ્ટ અને ચેક તૈયાર કર્યા હતા અને બોગસ હસ્તાક્ષર તથા બૅંક સીલનો ઉપયોગ કર્યો હતો. તેમણે વિવિધ ફી પેટે વેપારી પાસેથી બાદમાં પૈસા પડાવ્યા હતા.

આરોપીઓએ આપેલા બૅંક ખાતાંમાં વેપારીએ ૧.૨૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, પણ તેને ક્યારેય લોન મળી નહોતી (પીટીઆઇ) ■

# મિત્ર સાથે વાત કરનારી ગર્લફ્રેન્ડ પર છરીથી હુમલો કરી યુવક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કૉલેજના મિત્રો સાથે વાતચીત કરનારી ગર્લફ્રેન્ડ પર ભરરસ્તે છરીથી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના ખાર વિસ્તારમાં બનતાં પોલીસે ફરાર યુવકની શોધ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ રવિવારની સાંજે ખાર પશ્ચિમમાં ૨૦ વર્ષની વિદ્યાર્થિની પર હુમલો કરાયો હતો. અંધેરીમાં રહેતી ફરિયાદી અને આરોપી એક જ કૉલેજમાં અભ્યાસ કરે છે અને છેલ્લા અમુક મહિનાથી તેમની વચ્ચે મૈત્રી છે.

કહેવાય છે કે આરોપી ફરિયાદીને પ્રેમ કરતો હતો અને ફરિયાદી કૉલેજના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરે તે તેને ગમતું નહોતું. રવિવારે સાંજે ખારના એસ. વી. રોડ પર આવેલી એક કૅફેમાં ફરિયાદી કૉલેજ ફ્રેન્ડ્સને મળવા ગઈ હતી ત્યારે આરોપીએ તેને રસ્તામાં રોકી હતી.

આરોપી અને ફરિયાદી વચ્ચે ભરરસ્તે રકઝક થઈ હતી. ગુસ્સામાં આરોપીએ છરીથી

# ઇ-વાહનોનું ચાર્જિંગ આજથી મોંઘું થવાનું

મુંબઈ: ઇંધણના દરમાં વધારો થવાને કારણે અનેક વાહનધારકોએ ઇલેક્ટ્રિક વાહનો (ઇ-વેહિકલ્સ) તરફ વળ્યા. હવે પહેલી જુલાઇથી આવા ઇ-વાહનોના ચાર્જિંગ સ્ટેશનને પૂરો પાડવામાં આવનાર વીજળીના પુરવઠોના દરમાં પ્રતિ યુનિટે પચાસ પૈસાથી વધુનો વધારો કરવામાં આવનાર છે. મહાવિતરણે દાખલ કરેલી ફેરવિચારણાની અરજી પર મહારાષ્ટ્ર વીજ નિયામક પંચે હાલમાં વીજદર ઘટાડો કરવાનો આદેશ આપ્યો. હવે ઘરેલુ વીજ વપરાશકારો જેઓ ઓછી યુનિટ વીજળીનો ઉપયોગ કરે છે તેઓને રાહત મળશે તથા ઇ-વાહનોને પૂરી પાડવામાં આવતી વીજળીના દરમાં આગામી પાંચ વર્ષ સુધી વધારો કરવામાં આવનાર છે. મહાવિતરણ દ્વારા હાલમાં પૂરી પાડવામાં આવતી વીજળી પ્રતિ યુનિટના ૮.૪૭ રૂપિયા છે જે હવે પહેલી જુલાઇથી વધીને ૯.૦૧ રૂપિયા થઇ જશે. મુંબઈમાં વીજળી પૂરી પાડનાર ટાટા પાવર, અદાણી ઇલેક્ટ્રિસિટી અને બેસ્ટની સરખામણીમાં મહાવિતરણના વીજળીના દર વધુ છે. ■

# કાંદિવલીની ઇન્ટરનેશનલ સ્કૂલને બૉમ્બની ધમકીનો ઇમેઇલ મળ્યો

મુંબઈ: કાંદિવલી વિસ્તારમાં આવેલી ઇન્ટરનેશનલ સ્કૂલને બોમ્બની ધમકી આપતો ઇમેઇલ મળતાં ગભરાટ ફેલાયો હતો. પોલીસે બોમ્બ સ્કવોડ સાથે સ્કૂલમાં પહોંચી જઇને તપાસ આદરી હતી, પણ કોઇ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી.

કાંદિવલીમાંની ઇન્ટરનેશનલ સ્કૂલને સોમવારે સવારના ઇમેઇલ મળ્યો હતો, જેમાં બોમ્બની ધમકી આપવામાં આવી હતી. સ્કૂલ દ્વારા આ અંગે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. આથી પોલીસ ટીમ તથા બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) ઘટનાસ્થળે આવી હતી અને સ્કૂલ તથા પરિસરમાં તપાસ શરૂ કરી હતી. જોકે કોઇ વાંધાજનક વસ્તુ મળી ન આવતાં બોમ્બની વાત અફવા સાબિત થઇ હતી. ■



# સંસ્થા સમાચાર

## ઘાટકોપર જૈન મોટા સંઘમાં ચૂંટણી સંપન્ન

મુંબઈ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હિંગવાલા લેન, ઘાટકોપરની ૨૯ જૂન, રવિવારે ચૂંટણી યોજાયેલ. જેમાં ટ્રસ્ટી મંડળમાં સર્વ અનિલભાઈ જે. ભાયાણી, અનિલભાઈ એન. સુતરિયા, બિપીનભાઈ જી. સંઘવી, વિનોદભાઈ એન. લાખાણી, મુકેશભાઈ સી. કામદાર તેમ જ કમિટીમાં છાયાબેન કોટિચા, દર્શકભાઈ રૂપાણી, મનસુખભાઈ કોઠારી, રીટાબેન કે. કોઠારી, રેખાબેન આર. શેઠ, નીતિનભાઈ જે. બદાણી, પ્રવરભાઈ આર. કોટિચા, ઉર્વિશભાઈ આર. વોરા, તુષારભાઈ એચ. મહેતા, ભરતભાઈ જે. જસાણી, મુકેશભાઈ વી. મહેતા, અલકેશ જે. દોમડિયા, અનૂર્વ એમ. કામદાર, ડૉ. કુલીન આર. શાહ, અમિત જી. શાહ, નરેશ સી. સંઘવી. ટ્રસ્ટીમાં સૌથી વધુ મત અનિલભાઈ જમનાદાસ ભાયાણીને ૧૨૮૩ અને કારોબારી કમિટીમાં છાયાબેન પ્રવરભાઈ કોટિચાને સૌથી વધુ ૧,૬૭૨ મત મળ્યા હતા. ચૂંટણી કમિશનર તરીકે ડૉ. સંજય એમ. સંઘવી, હરેશ વી. ગાંધી, અનિલ બિલખિયા, રજનીકાંત શાહે સંચાલન કરેલ. ૬૬૦૦ જેટલા સભ્યમાંથી ૧૮૯૪ના મતદાનમાં ૧૪૦ મત અમાન્ય થયેલ.

# કિશોરી પર બળાત્કાર: ૧૦ વર્ષની આકરી કેદ

થાણા: સગપણમાં પિતરાઇ એવી ૧૫ વર્ષની કિશોરી પર બળાત્કાર કરી તેને ગર્ભવતી કરવા બદલ થાણાની અદાલતે એક પુરુષને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે, જેના પગલે તે ગર્ભવતી થઈ હતી. આવા ગુનેગારો સામે એડમ આકરી કાર્યવાહી કરવામાં આવે છે એવો મેસેજ મળવો જોઈએ એમ અદાલત દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું.

વિશેષ પોક્સો કોર્ટના ન્યાયાધીશ ડી. એસ. દેશમુખે ૧૬ જૂને આપેલા આદેશમાં આ સંબંધ આપસી સહમતીથી બંધાયો હોવાની બચાવપક્ષની દલીલોને ફગાવી ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ (પોક્સો) એક્ટ હેઠળ સગીરની સંમતિ અપ્રસ્તુત છે. આદેશની એક નકલ રવિવારે ઉપલબ્ધ થઈ હતી.

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં રહેતા ૩૫ વર્ષના આરોપીએ પીડિતાના મામાની દીકરી સાથે લગ્ન કર્યા છે અને તેને એક પુત્ર છે. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર પિતાના મૃત્યુ બાદ પીડિતા નવી મુંબઈના ઘનસોલી સ્થિત આરોપીના નિવાસસ્થાને રહેવા આવી હતી.

આરોપીએ જુલાઈ ૨૦૧૬માં તેની પત્ની સૂઈ ગયા પછી તેને અયોગ્ય રીતે સ્પર્શ કરવાનું અને બળાત્કાર ગુજારવાનું શરૂ કર્યું હતું. પીડિતા આ ઘટનાની જાણ કરશે તો તેણે પત્નીને છોડી દેવાની ધમકી પણ આપી હતી.

નાસી છૂટવાની કોશિશમાં પીડિતા થાણા શહેરમાં અન્ય એક પિતરાઈ ભાઈના ઘરે રહેવા ગઈ હતી. જોકે, આરોપીએ ત્યાં પણ તેનો પીછો કરી પ્રેમ વ્યક્ત કર્યો હતો અને પીડિતા પરભણી રહેવા ગયા પછી લગ્નની આડમાં તેના પર બળાત્કાર ચાલુ રાખ્યો હતો એમ ફરિયાદ પક્ષે જણાવ્યું હતું.

આરોપીએ પ્રસંગોએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. બાદમાં પીડિતાએ તેની બહેનો અને માતાને આ ગુનાની જાણ કરી હતી. ત્યારબાદ મે ૨૦૧૭ માં આરોપી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આ વ્યક્તિ ૧૭ એપ્રિલ ૨૦૧૯થી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. આ શખ્સની માતા કેસમાં સહ આરોપી હતી, પણ પૂરતા પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવામાં આવી હતી. (પીટીઆઈ)

# પુણેમાં કારમાં સગીરાની જાતીય સતામણી, ત્રણ મહિલાના દાગીના લૂંટ્યા

પુણે: પુણેના દૌંડ વિસ્તારમાં સોમવારે બે અજાણ્યા શખસે કારમાં હાજર ૧૭ વર્ષની સગીરાની જાતીય સતામણી કર્યા બાદ શસ્ત્રની ધાકે ત્રણ મહિલાના દાગીના લૂંટ્યા હતા. હાઇવે પર ભીગવાન નજીક વહેલી સવારે આ ઘટના બની હતી. કેટલાક લોકો કારમાં જઇ રહ્યા હતા ત્યારે હાઇવે પર ડ્રાઇવરે લઘુશંકા કરવા માટે કાર થોભાવી હતી.ડ્રાઇવર કારમાંથી ઊતર્યા બાદ બે અજાણ્યા શખસ ત્યાં આવ્યા હતા, જેમાં કારમાં હાજર લોકોને તીક્ષ્ણ હથિયારની ધાક દાખવી ધમકાવ્યા હતા. તેમણે કારમાંની ત્રણ મહિલાના દાગીના લૂંટી લીધા હતા.

# ₹ ૧.૪૨ કરોડના કોકેન સાથે નાઈજીરિયન મહિલા પકડાઈ

મુંબઈ: ઑપરેશન ઑલ આઉટ દરમિયાન વર્સોવા પોલીસે દિલ્હીથી આવેલી નાઈજીરિયન મહિલાની ધરપકડ કરી તેની પાસેથી ૧.૪૨ કરોડ રૂપિયાની કોકેન ભરેલી કૅપ્શ્યૂલ્સ જપ્ત કરી હતી. ધરપકડ કરાયેલી મહિલાની ઓળખ ચેના ક્રિસ્ટિના ઈડોવા (૩૪) તરીકે થઈ હતી. નાઈજીરિયાની વતની ઈડોવા હાલમાં નવી દિલ્હીના નોએડા ખાતે રહેતી હોવાનું જાણવા મળ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ રવિવારની રાતથી ઑપરેશન ઑલ આઉટ હાથ ધરાયું હતું, જેમાં શંકાસ્પદ આરોપી અને વ્યક્તિઓની તપાસ ચાલી રહી હતી. દરમિયાન સોમવારના મળસકે ત્રણ વાગ્યાની આસપાસ આરોપી મહિલા અંધેરી પશ્ચિમમાં જૂના મ્હાડા ખાતે શંકાસ્પદ રીતે ફરતી નજરે પડી હતી. પોલીસે મહિલાને તાબામાં લઈ તેની પાસેની બૅગની તપાસ કરી હતી. બૅગમાંથી કોકેન ભરેલી ૩૦ કૅપ્શ્યૂલ્સ મળી આવી હતી. મહિલા આ ડ્રગ્સ ક્યાંથી લાવી અને કોને આપવાની હતી તેની તપાસ વર્સોવા પોલીસ કરી રહી છે.

# ચૉકલેટ માટે રૂપિયા માગનારી ચાર વર્ષની દીકરીને દારૂડિયા પિતાએ ગળે ટૂંપો દીધો

લાતુર: દારૂ પીવાના વ્યસની પિતાએ ચૉકલેટ માટે રૂપિયા માગનારી ચાર વર્ષની માસૂમ દીકરીનું ગળું દબાવી તેની કથિત હત્યા કરી હોવાની આંચકાજનક ઘટના લાતુર જિલ્લામાં બની હતી. આ પ્રકરણે પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પિતાની ધરપકડ કરી હતી. પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ બાલાજી રાઠોડ તરીકે થઈ હતી. રાઠોડને દારૂ પીવાનું વ્યસન હતું, જેને કારણે પત્ની સાથે તે વારંવાર ઝઘડા કરતો હતો.

કહેવાય છે કે રાઠોડ દ્વારા અપાતા ત્રાસથી કંટાળીને પત્ની તેને છોડીને પિતાને ઘેર રહેવા જતી રહી હતી. રવિવારની બપોરે દીકરી આરુષીએ રાઠોડ પાસે ચૉકલેટ ખરીદવા માટે રૂપિયા માગ્યા હતા. નશામાં ચૂર રાઠોડ રૂપિયા માગનારી દીકરી પર રોષે ભરાયો હતો. ગુસ્સામાં સાડીની મદદથી તેણે દીકરીનું ગળું દબાવી દીધું હતું.ઘટના બાદ રાઠોડની પત્ની વર્ષાએ પતિને ફાંસીએ ચઢાવી દેવાની માગણી કરી હતી. આરોપી લાતુર જિલ્લાના ઉદગીર તાલુકામાં ભીમા તાંડાનો રહેવાસી છે. તેની વિરુદ્ધ પત્નીએ જ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## પીઓપીની મૂર્તિઓના

અને તેનું વેચાણ કરવાની પરવાનગી આપી હતી, પરંતુ તેને કુદરતી જળસ્રોત અથવા સમુદ્રમાં વિસર્જન કરવાની પરવાનગી આપી નહોતી.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના નિષ્ણાતોની સમિતિની દરખાસ્તોને આધારે આવી મૂર્તિઓના વિસર્જ અંગે નીતિ ઘડવાનો કોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ કર્યો હતો.

સરકારી વકીલે સોમવારે હાઇ કોર્ટને જણાવ્યું હતું કે સરકાર તરફથી આ મુદ્દે બેઠકો યોજવામાં આવી રહી છે અને નીતિ ઘડવા માટે વધુ ત્રણ અઠવાડિયાની જરૂર છે.

ગણેશોત્સવના આગમનને હવે બહુ વાર નથી તેથી તેના હિસાબે ઝડપથી નીતિ ઘડવા માટેની પ્રક્રિયા શરૂ કરવાનું કોર્ટે કહ્યું હતું.

'ઓગસ્ટમાં ગણેશોત્સવ આવી રહ્યો છે. અમને સરકારી નીતિ પર પણ ધ્યાન આપવાનું છે. તેથી નીતિ ઘડના અંગેનો નિર્ણય ૨૩મી જુલાઇ અથવા તેનાથી પહેલા લેવો પડશે', એમ કોર્ટે કહ્યું હતું.

કોર્ટે મૂર્તિકારોને પીઓપીમાંથી મૂર્તિ બનાવવાની અને તેના વેચાણ માટે પરવાનગી આપવામાં આવી છે ત્યારે આ મૂર્તિઓના વિસર્જન અંગે સીપીસીબી દ્વારા સ્પષ્ટતા માગવામાં આવી છે.

પીઓપીમાંથી મૂર્તિઓ બનાવવી અને તેના વિસર્જન અંગેની સીપીસીબીની માર્ગદર્શિકાને પડકારતી મૂર્તિકારોની ઢગલાબંધ અરજીઓ પરની સુનાવણીઓ દરમિયાન હાઇ કોર્ટે ઉક્ત નિર્દેશ આપ્યો હતો.

## 'રાજયનું નાણાકીય સંતુલન ખોરવાયું' વિપક્ષી નેતા જયંત પાટીલ ભડક્યા

મહારાષ્ટ્ર એનસીપી (એસપી)ના વડા જયંત પાટીલે સોમવારે વિધાનસભામાં ૫૭,૫૦૯ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ રજૂ કરવા બદ્દલ મહાયુતિ સરકારની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે રાજ્યનું નાણાકીય સંતુલન ગંભીર રીતે ખોરવાઈ ગયું છે.

રાજ્યના વધતા નાણાકીય બોજથી ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો પ્રત્યે અન્યાય થશે, એવો દાવો તેમણે વધુમાં કર્યો હતો.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નાણાં પ્રધાને રાજ્ય વિધાનસભાના ચોમાસું સત્રના પહેલા દિવસે પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા, જ્યાં નાણા વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે વિવિધ યોજનાઓ અને પ્રોજેક્ટ્સ માટે ભંડોળ ફાળવવા માટે વિધાનસભામાં ૫૭,૫૦૯.૭૧ કરોડ રૂપિયાની પૂરક માંગણીઓ રજૂ કરી હતી.

'આ નાણાકીય વર્ષમાં, બજેટમાં પહેલાથી જ ૪૫,૮૯૧ કરોડ રૂપિયાની મહેસૂલી ખાધનો અંદાજ મૂકવામાં આવ્યો છે. હવે, ૫૭,૫૦૯ કરોડ રૂપિયાની પૂરક માંગણીઓ સાથે, કુલ ખાધ ૧.૦૩ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ સરકારનો બીજો શંકાસ્પદ રેકોર્ડ છે,' એમ પાટીલે આરોપ લગાવ્યો હતો.

સરકાર નિયમિતપણે વિધાનસભા સમક્ષ પૂરક માગણીઓ રજૂ કરે છે, પરંતુ વાસ્તવિક ખર્ચ કાગળ પર આપેલા વચનો સાથે મેળ ખાતો નથી, એવો દાવો વિધાનસભ્યે કર્યો હતો.

'નાણાકીય વર્ષના અંત સુધીમાં, આપણે ઘણીવાર જોઈએ છીએ કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના સમુદાયો માટે ફાળવવામાં આવેલા ભંડોળનો ખર્ચ કરવામાં આવ્યો નથી. આ વર્ષે પણ આ પેટર્નનું પુનરાવર્તન થઈ રહ્યું છે,' એમ જયંત પાટીલે જણાવ્યું હતું.

જો વર્તમાન વલણ ચાલુ રહેશે, તો આગામી બજેટ પહેલાં રાજ્યની મહેસૂલ ખાધ ૧.૫ લાખ કરોડથી બે લાખ કરોડ રૂપિયા સુધી વધી શકે છે, એમ તેમણે કહ્યું હતું.

'સરકાર લોન લઈ રહી છે અને નાણાકીય પ્રતિબદ્ધતાઓ કરી રહી છે જે તે પૂર્ણ કરી શકતી નથી. આનાથી એવી પરિસ્થિતિ ઊભી થઈ શકે છે કે જે લોકો પૈસાના દેવાદાર છે તેઓ કાં તો કડક પગલાં લઈ શકે છે અથવા વહીવટ સામે બળવો કરી શકે છે,' એમ એનસીપી (એસપી)ના નેતાએ જણાવ્યું હતું.

પાટીલે દાવો કર્યો હતો કે રાજકોષીય સંતુલન જાળવવું હવે રાજ્ય માટે એક ગંભીર પડકાર બની ગયું છે, અને નાણાકીય ગેરવહીવટ ગરીબો અને વંચિતો પરના કલ્યાણ ખર્ચ પર સીધી અસર કરી રહી છે.

## વરસાદમાં સ્કૂટર

નોકરી કરતો હતો અને સ્કૂટર પર નોકરીએ જવા નીકળ્યો હતો. વિક્રોલી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સૂર્યકાંત નાઈકવાડીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે વિક્રોલી પાસેના બ્રિજ પર બનેલી ઘટનામાં યુવક ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે તેને સાયન હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવાર દરમિયાન સોમવારે તેનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે એફઆઈઆર નોંધી તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ બ્રિજ પર જે સ્થળે ઘટના બની ત્યાં સીસીટીવી કૅમેરા ન હોવાથી ખરેખર અકસ્માત કઈ રીતે થયો તેની જાણ થઈ નહોતી. જોકે વરસાદને કારણે સ્કૂટર સ્કિડ થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ પ્રીત માતા-પિતાનો એકમાત્ર પુત્ર હતો. આ ઘટનાથી કચ્છી સમાજમાં શોકનું વાતાવરણ ફેલાયું હતું.

## રાજ્યનો વહીવટ

તેમજ આગામી સિંહસ્થ કુંભ મેળાના આયોજન અને અમલ માટે આ ભંડોળ ફાળવ્યું છે.

માગણીઓમાં મહાત્મા જ્યોતિરાવ ફૂલે આરોગ્ય યોજના માટે ૧,૬૦૦ કરોડ રૂપિયા, સંજય ગાંધી નિરાધાર (નિરાધાર) ગ્રાન્ટ યોજના, પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અને સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના એકંદર વિકાસ માટે ૧,૫૦૦ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

સૌથી મોટી ફાળવણી - રૂ. ૧૧,૦૪૨.૭૬ કરોડ - ૧૫મા નાણા પંચ દ્વારા ભલામણ કરાયેલા અનુદાન માટે રાખવામાં આવી છે અને જાહેર આરોગ્ય માટે ૬,૯૫૨ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરી છે.

આ ઉપરાંત, મેટ્રો પ્રોજેક્ટ્સ, મ્યુનિસિપલ કોર્પોરેશનો, મ્યુનિસિપલ કાઉન્સિલો અને જિલ્લા પરિષદોને સ્ટેમ્પ ડ્યુટી સરચાર્જ સંબંધિત રિફંડ માટે ૩,૨૨૮.૩૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. સરકારે સિંહસ્થ કુંભ મેળાના આયોજન અને અમલ માટે ૧,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. કુલ પૂરક માગણીઓમાંથી ૧૯,૧૮૩.૮૫ કરોડ રૂપિયા ફરજિયાત ખર્ચ માટે, ૩૪,૬૬૧.૩૪ કરોડ રૂપિયા પૂર્વનિયોજિત યોજનાઓ માટે અને ૩,૬૬૪.૫૨ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાઓ માટે હતા.

કુલ માગ ૫૭,૫૦૯.૭૧ કરોડ રૂપિયા હોવા છતાં, રાજ્યના તિજોરી પર ચોખ્ખી નાણાકીય અસર ૪૦,૬૪૪.૬૯ કરોડ રૂપિયા જ થશે, એમ અજિત પવારે જણાવ્યું હતું. સરકારે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (એનસીડીસી)ની સહાય હેઠળ સહકારી ખાંડ ફેક્ટરીઓને માર્જિન મની લોન તરીકે ૨,૧૮૨.૬૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.


# ક્લાસિફાઈડ

## ૧૦. મહિલાઓ માટે

**કાન**
૪૦ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા. ઘાટકોપર - અંધેરી - સેન્ડહર્સ્ટ રોડ - વાલકેશ્વર - દાદર - ચોપાટી ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૬૦૭૯)

## ૧૪. નોકરી ખાલી છે

GOVT. REGISTERED CO. Requires Retired, Homemakers, Bankers, Salary + PF. 9029094202. (B-16189)

## ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. "ઓનર"- 9820156133. (બી-૧૫૮૮૧)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલીમાં ભાડાથી**
શોરૂમ સ્ટેશન દેરાસર નજીક જાંબલી ગલીમાં (885), (920), (1630), (2075) રેડી પઝેશન અર્જન્ટથી 500/- ફૂટ સુનિલભાઈ - 9821477177. (૬૫-એ)

## ૩૨. જમીન-મિલકત

**AGRICULTURE PLOT SALE AT KARJAT**
Agricultural Plot 30000 sq.ft. Rate 275/= per sq.ft. available for Sale. Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner. Ideal for Resort, Farmhouse, Home Stay, etc. Contact: 9821114355 / 9321807605. (15992-G)

## ૩૩. ધંધાદારી

**ONLINE REGISTRATION**
Flat / Shop Leave & License. Call: 9833986526 / 8652586526. (SDB-2662)

**સ્ટેમ્પ ડયુટી**
**રજીસ્ટ્રેશન**
**એડજુડીકેશન**
**ઈન્ડેકસ II**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૬૧૮૮)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સદાશિવ જ્યોતિષ**
(મુફત સલાહ) 21 વર્ષોનો અનુભવી, મનચાહા પ્યાર, લગ્ન વિલંબ, સૌતનત્રાસ - 8080769503 (અંધેરી) (શુદ્ધ નવગ્રહ રત્ન ઉપલબ્ધ). (બી-૧૬૧૮૭)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૫૯૯૨-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સહર્ષ આશિર્વાદ**
**મુંબઈ સમાચારને 203 વર્ષ પૂર્ણ થયા ના ખુબ ખુબ અભિનંદન**



કુંડળીમાં મંગળ દોષ છે કે નહિ તે મેચિંગ ફ્રી માં જોઈ આપશુ / કુંડળીનું તમામ કન્સલ્ટિંગ, મુહૂર્ત જોઈ આપશુ આપનો આભારી



**જીતેન્દ્ર મણિયાર** બોરીવલી વેસ્ટ
9820524382
(બી-૧૬૧૯૦)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ કરવી અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનની માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# હિન્દુ મરણ

**કોળી પટેલ**
ગામ ખરસાડ (કોદગરા ફળિયું) હાલ મલાડ નિવાસી ગીરીશભાઈ પટેલ (ઉં. વ. ૬૪) શનિવાર, તા. ૨૮-૬-૨૫ના દેવલોક પામેલ છે. તે સ્વ. સોમીબેન તથા લલ્લુભાઈ પરાગજીના પુત્ર. તે કલાવતીબેનના પતિ. સાગર, યશ્વીના પિતા. તે સ્વ. હરકિસનદાસ, અ.સૌ. વિજયાબેન, ગં. સ્વ. ધનુબેન તથા અ.સૌ. પાર્વતીબેનના ભાઈ. તેમની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨-૭-૨૫ના ૧૧ થી ૪. તેમની પુચ્છપાણી બુધવાર, તા. ૯-૭-૨૫ના ૩ થી ૫. સ્થળ: ગામ ખરસાડ, તા. નવસારી, જિ. વલસાડ, કોદગરા ફળિયું.

**કોળી પટેલ**
ગામ ખરસાડ કોદગરા ફળિયા (હાલ મુંબઇ ખાર)ના રહેવાસી બિપીનભાઇ દેવજીભાઇ (ઉ. વ. ૬૬) શનિવાર, તા. ૨૮-૬-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. દેવજીભાઇ વલ્લભભાઇ તેમ જ સ્વ. સોમીબેનના પુત્ર. શારદાબેનના પતિ. કવિતા, મનાલી, તૃપ્તિના પિતા. ભરતભાઇ, સ્વ. જગદીશભાઇ, જયશ્રીબેનના ભાઇ. ગૌરાંગ, વિશાલના સસરા. તેમનું બેસણું બુધવાર તા. ૨-૭-૨૫ના સવારે ૧૧.૦૦, કલાકે અને પૃચ્છપાણી બુધવાર તા. ૯-૭-૨૫ના દિને બપોરે ૩.૦૦ કલાકે ગામ ખરસાડ, કોદગરાફળિયા, સ્ટે. અમલસાડ ખાતે રાખેલ છે.

**કચ્છી ભાટીયા**
રાજેશ દયાલજી આશર (રાજુ) (ઉં. વ. ૬૦) તે જયશ્રીના પતિ. સ્વ. રંજન તથા સ્વ. દયાલજી રતનશી આશર (મસ્કત વાળા)ના પુત્ર. અ. સૌ. પ્રીતિ પંકજ, ભરત, જીજ્ઞેષ, સ્વ. ભાવિકાના ભાઈ. અ.સૌ. ભારતીના દિયર. ઠા. નરોતમદાસ જમનાદાસ વેદ (કોચીન)ના જમાઈ. અ. સૌ. ક્રિષ્ના સિદ્ધાર્થ મહેતાના પિતાશ્રી. જાનકી મેહુલ, જીગર, નિવાન, તા.૨૯/૦૬/૨૬ ના શ્રીજી ચરણ પામેલ છે. પ્રાર્થના સભા - પાવન ધામ એમ. સી. એ. ક્લબની સામે, મહાવીર નગર, કાંદીવલી (વે.) સમય ૪.૩૦ થી ૬ વાગે સુધી રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**
મૂળગામ ધોરાજી નિવાસી હાલ મલાડ ગં.સ્વ. મનોરમાબેન જીવનલાલ જોગીના પુત્ર અશ્વિનભાઇ (ઉં. વ. ૫૬) તે ૨૯/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. પ્રાચી તથા અંશના પિતા. સુનિતા જનકકુમાર મેર, લીના ભ્રુગેશકુમાર માધુ, ગં. સ્વ સોનલબેન વિજયકુમાર મામતોરા, આરતી હિતેશકુમાર વાઢેરના મોટાભાઈ. સ્વ. પ્રભુદાસ માધવજી પડિયાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૧/૭/૨૫ના, ૪ થી ૬ કલાકે રૂઇયા હોલ, રાની સતી માર્ગ, સ્ટેશન રોડ, ન્યુઈરા ફાટક પાસે, મલાડ વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘો. દ. શ્રીમાળી વૈષ્ણવ વણિક**
ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જેઠાલાલ પાનાચંદ દોશીના પુત્ર પ્રકાશભાઈ (ઉ. વ. ૭૩) તે ૨૮/૬/૨૫ ઓસ્ટ્રેલિયા મુકામે શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મનસુખલાલ ખીમચંદ મહેતાના જમાઈ. યોગીનીના પતિ. સ્વ. કિરીટભાઈ, સ્વ. મધુભાઈ, નિકુંજભાઈ, કેતનભાઈ, સ્વ. માલતીબેન દિલીપકુમાર શાહના ભાઈ. માનસી વિશાલ વૈદ્ય, સ્તુતિ મલય કિરી, ભાર્ગવના પિતા. અવની ના સસરા. રેહા તથા કિયાંશના નાના. તેમની પ્રાર્થનાસભા ૩/૭/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે મહારાજ અગ્રસેન સેવા સંસ્થા, ત્રીજે માળે, ૯૦ ફિટ રોડ, સ્વામિનારાયણ મંદિર ઉપર, ઘાટકોપર ઈસ્ટ.

**સુરતી વિશા લાડ**
દેવાંગ કિશોર ચોકસી તે તા. ૨૯-૬-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અંજની કિશોર ચોકસીના પુત્ર. છાયાના પતિ. જાનવીના પપ્પા. સ્વ. સુરેશચંદ્ર શાહના જમાઇ. માધવી, અપૂર્વ, જયસ્વી અને સમીરના મોટાભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વણિક (ખંભાત)**
અ. સૌ. સ્મિતા જય શાહ (ઉં. વ. ૪૬) તે જયની પત્ની. પ્રથમની માતા. ગં. સ્વ. સુલોચનાબહેન પ્રભુલાલ આણંદવાળાની પુત્રવધૂ. હેમા પ્રશાંત શેઠ, નીતા પરેશ ગાંધીના ભાભી. ગં. સ્વ. રોહિણી આનંદ બંગેરાની પુત્રી તા. ૨૯-૬-૨૫ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**
દેલવાડાવાળા હાલ વિલેપાર્લે ગં. સ્વ. દેવયાની (ઉ. વ. ૮૧) તે સ્વ. વસંતભાઇ નાગરદાસ મનોરદાસ ગોરડિયાના ધર્મપત્ની. મોનાના માતુશ્રી અને તે દેલવાડાવાળા સ્વ. કિસનદાસ દેવીદાસ વોરાના સુપુત્રી તા. ૨૮-૦૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વલૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**
મહુવાવાળા હાલ વિલેપાર્લે ઇશ્વરલાલ જેઠાલાલ ગાંધી (ઉં. વ. ૮૭) તે સ્વ. ભદ્રાબેન ગાંધીના પતિ. તે રાજીવ, સ્વ. સંજીવ અને સેજલના પિતાશ્રી. તે મિનળ, જાગૃતિ અને સુમિતના સસરા. તે નિનાદ, નુપુર, શાર્લિન અને શરમેનના દાદાજી તા. ૨૮-૬-૨૫ને શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**
લાઠીવાળા હાલ વિલેપાર્લે સ્વ. મધુકાંત ગીરધરલાલ વળીયાના ધર્મપત્ની ઇન્દુબાળા (ઉ. વ. ૮૫) શુક્રવાર, તા. ૨૭-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે શિલ્પા આહીમ વેન્ડલેન્ડ, રૂપલ સ્ટેફાન વાઇજના માતુશ્રી. જોશુંઆ, યાનુશ, નીનાના નાનીમા. તે શંકર નાડકર્ણીની દીકરી. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કોડીનાર મોઢ વણિક**
જીતેન્દ્ર (ઉં. વ. ૭૯) તે સ્વ. જયાકુંવર દયાળજી ગાંધીના પુત્ર. સ્વ. હર્ષાબેનના પતિ. સોનલ, હિતેન, પરાગના પિતા. ધ્રુતિ, પ્રિતીના સસરા. સ્વ. ઇચ્છાબેન રતિલાલ દેસાઇના જમાઇ. સ્વ. નલિની મધુસુદન શાહ, સ્વ. ઇન્દ્રવદન, પ્રમોદ તથા અરુણા પ્રદીપ ગાંધીના ભાઇ. ત્વિશા, ખુશ, લીકિશા, હયાના દાદા. રમેશભાઇ, મહેશભાઇ, નીતીનભાઇ, દીપકભાઇ, પ્રકાશભાઇ તથા પૂર્ણિમા મહેન્દ્ર શાહના બનેવી. પ્રાર્થનાસભા તા. મંગળવાર, તા. ૧-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. જલારામ હોલ, ૬ઠ્ઠો રસ્તો, જુહુ, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**
કચ્છ ગામ (ભુજ) હાલ માટુંગા સ્વ. પ્રાગજીભાઇ જાદવજી સોનેતાના ધર્મપત્ની ગં. સ્વ. કસ્તુરબેન (ઉં. વ. ૮૯) અરજણ રવજી આડઠક્કર ગામ ચીરઇના પુત્રી. જીતેન્દ્ર, અરુણ, ઉષા શાંતિલાલ રૂપારેલ, જયશ્રી સતીષ દોઢીવાલાના માતુશ્રી. જાગૃતિ, અલ્પાના સાસુ. ચિંતન, ભક્તિ, સૂરજ, પરાગના દાદી. કાંતિલાલ આડઠક્કર સ્વ. રમેશ આડઠક્કર, સ્વ. દીલીપ આડઠક્કર, જયાબેન પ્રાણલાલ રાજા, પુષ્પાબેન લક્ષ્મીકાંત ઠક્કરના બેન તા. ૩૦-૬-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૭-૨૫ના મંગળવારના લખમશી નપ્પુ હોલ, માટુંગા (સેન્ટ્રલ રેલવે) મુંબઇ-૧૯, સાંજે પથી ૬.૩૦. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ભાર્ગવ બ્રાહ્મણ**
સુરત- માંડવી નિવાસી કુંજબાળા જગદીશચંદ્ર ઉપાધ્યાય (ઉં.વ. ૮૧) તે સ્વ. જસવંતીબેન ચંદ્રમણિશંકર શુકલના દિકરી. વિપુલ ઉપાધ્યાય અને સ્વાતિ જયેશ ચિતલિયાના માતુશ્રી. બેલા વિપુલ ઉપાધ્યાયના સાસુ. તા. ૨૮ જૂનનાં શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

જેરૂ અસ્પી ફોરબઝ તે અસ્પીના ધનીયાની. તે પીરીયાન ને નૈનાઝના માતાજી. તે શીરોયના સાસુજી. તે લીઆનાના મમઇજી. તે મરહુમો આલુ કેકી મીસ્રીના દીકરી. તે મરહુમો કેતી મીનું ફોરબઝના વહુ. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૧૩, વકીલ બ્લોક, રૂ. નં. ૬, ખરેઘાટ કોલોની, એન. એસ. પાટકર માર્ગ, મુંબઇ-૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૧-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં ડુંગરવાડી પર છેજી.

# જૈન મરણ

**ઝા. દશા. સ્થા. જૈન**
કાનીયાડ નિવાસી હાલ મલાડ સ્વ. શારદાબેન સ્વ ચંદ્રકાન્ત શાહના પુત્રવધૂ અ. સૌ.માયા ભાવેશ શાહ (ઉં. વ. ૫૫) તે ગ્રીષ્મા, મન, ધૈયના માતુશ્રી તથા છાયાબેન રાજેશકુમાર પારેખ, મિલી પંકજ શાહના ભાભી તથા સ્વ. પ્રસીલા સ્વ. દશરથ અમોનકરના દીકરી તે તા. ૨૯ / ૦૬ /૨૦૨૫ રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
બિદડા (હાલાઈ ફરિયો)ના માતુશ્રી સાકરબેન રામજી ગોગરી (ઉં. વ. ૮૪) તા. ૨૮-૬-૨૫ના રોજ અવસાન પામેલ છે. હીરબાઇ (જીવીબાઇ) દેવશીના પુત્રવધૂ. સ્વ. રામજીના પત્ની. હરેશ, કલાના માતુશ્રી. પ્રતાપુર મમીબાઈ વીરજીના સુપુત્રી. હરીલાલ, ઝવેરબેન, લક્ષ્મીબેન, પુષ્પાબેન, પ.પૂ. ઈંદિરાબાઈ મ.સ.ના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મુલુંડ (વે) ટા. ૩ થી ૪.૩૦. નિ. હરેશ ગોગરી, ૧૦૧, આનંદ કૃપા, શાંતી નગર, રોડ નં. ૨૭, વાગલે ઇસ્ટેટ, થાણા.

નાંગલપુર (ઢીંઢ) ના અજય ભવાનજી ગંગર (ઉં. વ. ૪૬) તા. ૨૮-૬-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી વિમળા ભવાનજીના સુપુત્ર. આશાના પતિ. ગેલડાના કસ્તુર ભવાનજી ડુંગરશી સૈયાના જમાઈ. પ્રાર્થના : સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રા. સંઘ, સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ) ટા. બપોરે ૨ થી ૩.૩૦. (ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે) નિ. ભવાનજી ગંગર, એ-૬, વિશ્વજીત સોસા., ગ્રાઉન્ડ ફ્લોર, વીર સાવરકર રોડ, નૌપાડા, થાણા (વે)-૬૦૪.

સમાઘોઘાના નાગજી કરમશી સંગોઈ (ઉં. વ. ૮૫), તા.૨૮/૦૬/૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી મોંઘીબેન કરમશીના સુપુત્ર. જયાના પતિ. અમીતના પિતાશ્રી. કાંતિલાલ, ખેમચંદ, શાંતિલાલ, મણીબેન પ્રેમજી, છસરાના દેવકાબેન લખમશી, મધુલતા અરવિંદ, રૂક્ષ્મણી વસનજી, તુંબડીના મુક્તા નેમજીના ભાઈ. કુંદરોડીના કંકુબેન ખીમજી જેવત છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અમીત સંગોઈ : એ-૮/૬૦૨, શાંતિ વિહાર, અભ્યુદય બેંકની બાજુમાં, મીરારોડ (ઈસ્ટ).

**ઝાલાવાડી વિસા શ્રીમાળી જૈન**
પાળીયાદ નિવાસી હાલ ઘાટકોપર અનોપચંદ ગાંડાલાલ પારેખ (ઉ.વ. ૮૨) તા. ૩૦-૬-૨૫ના, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. તે ભોગીભાઇ, ભાઇલાલભાઇ, વિમળાબેન, મંજુલાબેન, વિરેન્દ્રભાઇના ભાઇ. મનસુખલાલ દેવશીભાઇ શાહના જમાઇ. (હાલ અમદાવાદ) પ્રાર્થના રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દહેગામ વિસા શ્રીમાળી જૈન**
જાલિયા મઠ (દહેગામ) કુમુદબેન જયંતીલાલ શાહના પુત્ર ઊર્મિલભાઇ (ઉં. વ. ૬૪) તા. ૨૮-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્મિતાબેનના પતિ. વિજયભાઇ તથા હેમંતભાઇના ભાઇ. રાજુભાભીના દિયર. અદિતિ ભાભીના જેઠ. કૃતિ હાર્દિક શાહ, અર્પિતા હર્ષલ ગાંધીના પિતાશ્રી. કિયાના, અનાયા, દિયાના નાનાજી તથા સ્વ. હસુમતીબેન યશવંતભાઇ શાહ (ભાવનગર)ના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧-૭-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. જલારામ હોલ, એન. એસ. રોડ, નંબર ૬, જે.વી.પી. ડી. વિલે પાલે, (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**
મોટી મોણપરી નિવાસી હાલ મલાડ પ્રવીણચંદ્ર રતનશી મોદી (બટુકભાઇ) (ઉં. વ. ૮૪) તા. ૨૮-૬-૨૫ શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. તથા પ્રશાંત, અલ્પા વિરાજ પંચમિયા, પાયલ પ્રિયેન જોબાલીયાના પિતાશ્રી. અને સ્વ. મનુભાઇ, સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. તારાબેન, સ્વ. લીલીબેન, સ્વ. જયાબેન, સ્વ. ભાનુબેન, અ. સો.હિરાબેન અ. સૌ. શારદાબેનના ભાઇ અને સાવરકુંડલા નિવાસી હાલ ચુનાભટ્ઠી, સ્વ. દલિચંદ જૂઠાલાલ દેસાઇના જમાઇ. અને અ. સૌ. મેઘા સોહીલ મહેતા, આરચી, આયુષી, ઇવાના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
રાજકોટ નિવાસી હાલ માટુંગા વિમલબહેન જયંતભાઇ દોશીના સુપુત્ર પ્રશાંત (ઉં. વ. ૭૨) તે દક્ષાના પતિ. તે ઉમેશ, સ્વ. નકુલ અને પલ્લવી અતુલ વોરાના ભાઇ. તે શિવાંગ-માનસી, નિયતિ-નિલય, બીંદી-કપિલના પિતા. તે કલ્પનાબેન મહેન્દ્રભાઇ દલાલના જમાઇ. રવિવાર, તા. ૨૯-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧-૭-૨૫ના સાંજે પથી ૬.૩૦. ઠે. એસ. એન. ડી. ટી. કોલેજ, રફી અહમદ કીડવાઇ રોડ, કિંગ સર્કલ, માટુંગા-મુંબઇ-૧૯.

**ઝાલાવાડી વીસા શ્રીમાળી જૈન**
વઢવાણ નિવાસી હાલ મલાડ સ્વ. નરેન્દ્ર ભાઇલાલ શાહના ધર્મપત્ની કોકીલાબેન (ઉં. વ. ૭૪) તે નીતા ગૌરવ, હીના સુરેશભાઇ, ભાવીની હીરેનભાઇના માતુશ્રી. નયના યશવંત, શિલ્પા હેમેન્દ્ર, પન્ના સુનિલ, ભારતી કીરીટ, અલકા હસમુખલાલનાં ભાભી. તે પિયર પક્ષે લખતર નિવાસી પ્રભુદાસ લક્ષ્મીચંદ શાહના દીકરી. તે પૂર્ણિમા, રશ્મીનાં મોટાબેન. તે જૈનમ, જાનવી, વિવેક, દેવ, આરવનાં દાદી. શનિવાર તા. ૨૮-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**
જૂનાગઢ નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. સુશીલાબેન મનસુખલાલ ગાંધીના પુત્ર કિરીટભાઇ (ઉં. વ. ૬૬) તે તા. ૨૯-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે આશાબેનના પતિ. તે રિમા, પૂજા, રિધિના પિતાશ્રી. તે રાજ પારેખ, પક્ષાલ શાહના સસરા. તે એલિનાના નાના. અને સ્વ. ચંદ્રિકાબેન વ્રજલાલ સુતરીયાના જમાઇ. પ્રાર્થના તેમ જ લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

# પ્રાણીઓ 'જીવન ધન' છે, તેમના માટે પશુ શબ્દ વાપરવો અયોગ્યઃ દ્રૌપદી મુર્મૂ



**સમારોહઃ** ઉત્તર પ્રદેશના બરેલીસ્થિત ઈન્ડિયન વેટરનરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે સોમવારે યોજાયેલા સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને અન્ય મહાનુભાવો. (એજન્સી)

બરેલીઃ પ્રાણીઓ 'જીવન ધન' છે અને મારું માનવું છે કે તેમના માટે પશુ શબ્દનો પ્રયોગ કરવો અયોગ્ય છે, એમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોમવારે કહ્યું હતું.

ઈન્ડિયન વેટરનરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (આઈવીઆરઆઈ)ના ૧૧મા મેળાવડાને સંબોધન કરતાં મુર્મૂએ કહ્યું હતું કે પ્રાણીઓ વિનાના જીવનની કલ્પના ન કરી શકાય.

ઈજ્જતનગરસ્થિત આઈસીએઆર-આઈવીઆરઆઈ વેટરનરી ઍન્ડ એનિમલ સાયન્સ આ ક્ષેત્રમાં રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ માટે સમર્પિત છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે જ્યારે તમે પ્રાણીઓના ડૉક્ટર તરીકે કામ કરો છો ત્યારે તમારા મનમાં કાયમ પ્રાણીઓનું કલ્યાણ હોવું જોઈએ.

હું જે પર્યાવરણમાંથી આવી છું તે કુદરતની ખૂબ જ નજીકનું છે, એમ જણાવતાં મુર્મૂએ કહ્યું હતું કે મનુષ્ય જંગલ અને જંગલી પ્રાણીઓ સાથે સંબંધ ધરાવે છે.

આજે આપણી પાસે ટૅક્નોલૉજી છે, પરંતુ ભૂતકાળમાં ખેડૂતો માટે પ્રાણીઓ જ વાહનવ્યવહાર અને બળના સાધનો હતો અને એટલે જ પ્રાણીઓ માટે પશુ શબ્દનો પ્રયોગ કરવો અયોગ્ય છે કેમ કે પ્રાણીઓ જીવન ધન છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે પ્રાણીઓ વિનાના જીવનની કલ્પના કરી શકાય નહીં. ટૅક્નોલૉજી આ ક્ષેત્રમાં અસાધારણ પરિવર્તન લાવી શકે છે, એમ તેમણે કહ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં તમામ જીવમાં ઈશ્વરને જોવામાં આવે છે.

જીવોની અનેક પ્રજાતિનું અસ્તિત્વ નાબૂદ થઈ ગયું છે તો અનેક જીવનાં અસ્તિત્વ સામે જોખમ તોળાઈ રહ્યું છે. પર્યાવરણ અને પૃથ્વીના આરોગ્ય સામેનું જોખમ ઘટાડવા પ્રાણીઓની જાળવણી કરવી ખૂબ જ જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું.

ઈશ્વરે માનવજાતને આપેલી સમજ અને શક્તિનો ઉપયોગ તમામ જીવોના કલ્યાણ અને રક્ષણ માટે થવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

કોઈપણ વસ્તુનો માત્ર વપરાશ કરવાની વૃત્તિ માનવજાત સહિત અન્ય જીવોને અકલ્પનીય નુકસાન પહોંચાડે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# સરહદે પકડાયેલા પાક નાગરિકની ઓળખ આતંકવાદીના ગાઈડ તરીકે થઈ

રાજૌરી/જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના સરહદી જિલ્લાઓ પૂંછ અને રાજૌરી નજીક નિયંત્રણ રેખા (એલઓસી) પર ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરતી વખતે ધરપકડ કરાયેલ એક પાકિસ્તાની નાગરિક આતંકવાદીનો માર્ગદર્શક છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

મોહમ્મદ આરિફ રવિવારે બપોરે ભારતીય સરહદમાં ચાર જૈશ-એ-મોહમ્મદ (જેઇએમ)ના આતંકવાદીઓના જૂથનું નેતૃત્વ કરી રહ્યો હતો ત્યારે તેને સતર્ક સેનાના જવાનોએ પકડી લીધો હતો. તેની સાથેના આતંકવાદીઓ એક ઢાળવાળી ખડકાળ ડુંગર પરથી કૂદી પડ્યા હતા અને ઘાયલ થઈને પાકિસ્તાનની બાજુ પાછા ફર્યા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)ના દાતોટે ગામના રહેવાસી આરિફને સેનાના એસ ઓફ સ્પેડ્સ ડિવિઝન હેઠળ ગંભીર વિસ્તારમાં ફોરવર્ડ હજુરા પોસ્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી, એમ તેમણે ઉમેર્યું હતું.

દિવસની ઘટનાઓને યાદ કરતાં, તેમણે જણાવ્યું હતું કે જાગ્રત સૈનિકોએ, ખડકાળ ભૂપ્રદેશમાં આક્રમક દેખરેખ જાળવી રાખીને, ઘૂસણખોરી કરવા માટે મુશ્કેલ ભૂપ્રદેશ અને ગાઢ ઝાડીઓનો લાભ લેવાનો પ્રયાસ કરી રહેલા આતંકવાદીઓના જૂથની શંકાસ્પદ હિલચાલ શોધી કાઢી હતી.

૨૦ વર્ષના આરિફને ''કુનેહપૂર્વક પકડી લેવામાં આવ્યો હતો'', પરંતુ ભારતીય સેનાને જોતાં જ ચાર આતંકવાદીઓ ડુંગર પરથી કૂદી પડ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ 'નો મેન્સ લેન્ડ'માં કૂદ્યા હતા અને ગીચ ઝાડીઓ અને પ્રતિકૂળ હવામાનની આડમાં પાકિસ્તાની બાજુ પાછા ફર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે નજીકમાં પાકિસ્તાની ચોકીઓ હોવાને કારણે સેનાના સૈનિકો આતંકવાદીઓ પર ગોળીબાર કરી શક્યા ન હતા. વિસ્તારના ડ્રોન ફૂટેજમાં લોહીના નિશાન જોવા મળ્યા હતા, જે દર્શાવે છે કે પડવાથી આતંકવાદીઓને ઈજા થઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આરિફ પાસે એક મોબાઇલ ફોન અને પાકિસ્તાની ચલણમાં લગભગ ૨૦,૦૦૦ રૂપિયા હતા અને તેણે પૂછપરછ કરનારાઓને કહ્યું હતું કે તે આ વિસ્તારની ભૂગોળથી વાકેફ છે કારણ કે તે પાકિસ્તાની બાજુ પર નિયંત્રણ રેખાનો રહેવાસી છે અને પાકિસ્તાની સેનાના કહેવા પર આતંકવાદીઓને ભારતમાં ઘૂસણખોરી કરવામાં મદદ કરવા માટે કામ કરી રહ્યો છે.

તેમણે કહ્યું કે આતંકવાદી આરિફની વિગતવાર પૂછપરછ ચાલી રહી છે અને મહત્વપૂર્ણ ગુપ્ત માહિતી મેળવવામાં આવી રહી છે. જે ઘૂસણખોરી વિરોધી ગ્રીડને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સફળ ઘૂસણખોરી વિરોધી કામગીરી રાષ્ટ્રીય સરહદોનું રક્ષણ કરવામાં ભારતીય સેનાના અતૂટ સંકલ્પ અને વ્યાવસાયિક કૌશલ્ય પર ભાર મૂકે છે. તેમણે ઉમેર્યું હતું કે, ઝડપી શોધ, અસરકારક પ્રતિભાવ અને આરિફની સફળ ધરપકડ નિયંત્રણ રેખા પર તૈનાત સૈનિકોની ઉચ્ચ સ્તરની ઓપરેશનલ તૈયારી અને સંકલિત પ્રયાસો વિશે ઘણું બધું દર્શાવે છે.

તેમણે કહ્યું કે ભારતીય સેના આ ક્ષેત્રમાં શાંતિ અને સુલેહ-શાંતિને ખલેલ પહોંચાડવાના દુશ્મન દળો દ્વારા કરવામાં આવતા તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ■


ઘર શિફ્ટ કરવું હોય, રિનોવેટ કે રીડેવલપ કરવું હોય કે પછી લાંબો સમય પરદેશમાં જવું હોય - તમારા સામાનની ચિંતા છોડો, એ માટે આ રહ્યું સૉલ્યુશન

GURUKRUPA STORAGE & SHIFTING SOLUTIONS

સામાન તમારો, ચિંતા અમારી



ગ્રાહકોને અવિરત સેવા આપતી ગુરુકૃપા સ્ટોરેજ ઍન્ડ શિફ્ટિંગ સૉલ્યુશન્સની ઉત્સાહી ટીમ

ઘરમાં સામાન કેટલો છે એ ઘર બદલતી વખતે કે રિપેરિંગ કરતી વખતે ખબર પડે. ઘણી વાર તો ઘરનો સામાન જોઈને જ રિપેરિંગ કરવાનું આપણે ટાળતા હોઈએ છીએ, પણ જો કોઈ આપણો સામાન સાચવી આપે તો?

આપણો સામાન સલામત હાથોમાં સાચવવા માટેની સગવડ હવે ઉપલબ્ધ છે અને એનું નામ છે GURUKRUPA STORAGE & SHIFTING SOLUTIONS. નામ મુજબ જ અહીં આપણો સામાન લાંબો સમય માટે સાચવી શકાય છે એટલું જ નહીં, એક સ્થળેથી બીજા સ્થળે સલામત રીતે અને ખાસ તો ચિંતા વગર હેરવી-ફેરવી શકાય છે. ગુરુકૃપા સ્ટોરેજ ઍન્ડ શિફ્ટિંગ સૉલ્યુશન્સ આ ક્ષેત્રમાં ૨૫ વર્ષથી કામ કરતું જૂનું, જાણીતું, માનીતું અને વિશ્વસનીય નામ છે.

**પૅકર્સ, મૂવર્સ ઍન્ડ સ્ટોરેજ**

બદલાતા યુગ સાથે નવા-નવા વ્યવસાયો વિકસ્યા છે. એવો જ એક વ્યવસાય છે પૅકર્સ ઍન્ડ મૂવર્સનો. જેમને ઘર-દુકાન-ઑફિસ એક સ્થળેથી બીજા સ્થળે શિફ્ટ કરવાના હોય તેમના માટે આ સુવિધા કામની છે. તમારો સામાન પૅક કરીને બીજા સ્થળે સલામત રીતે મૂવ કરી આપવામાં આવે છે.

ઘણી વાર એવું થાય કે ક્યાંય શિફ્ટ ન થવું હોય પણ આપણા બાંધકામનું રિપેરિંગ કે રીડેવલપમેન્ટ થાય એટલો સમય સામાન ક્યાંક સાચવવો હોય. તો એ સામાન ક્યાં મૂકવા જવો? તો મૂકી શકાય આ સ્ટોરેજ સૉલ્યુશન્સમાં. સ્ટોરેજ એટલે આપણે સમજીએ કે ગોડાઉનમાં માલ-સામાન ગમે તેમ અસ્તવ્યસ્ત પડ્યો હોય, પણ આ ગોડાઉન એવાં નથી. ગુરુકૃપા સ્ટોરેજનાં ગોડાઉન CCTV કૅમેરા, ફાયરફાઈટિંગ જેવી સુવિધા સાથેના છે; જેમાં તમારો સામાન તમારા ઘરે હોય એટલી જ કાળજીથી સચવાય છે.

GURUKRUPA™ STORAGE & SHIFTING SOLUTIONS अमानत आपकी. ज़िम्मेदारी हमारी. 25 YEARS OF DELIVERING EXCELLENCE

**સામાન તમારો, ચિંતા અમારી**

આમ તો આપણો સામાન હોય એની ચિંતા આપણને જ હોય, પણ ગુરુકૃપા એવું સૉલ્યુશન અને સર્વિસ આપે છે કે તમારો સામાન નિશ્ચિતપણે હેરફેર કરવા કે સ્ટોરેજ કરવા એને સોંપી શકાય છે.

આપણો સામાન પૅક કરવો, ખોખાંઓની અંદર શું છે એ વિશેની વિગતો ઉપર લખવી, ઉપરના માળે રહેતા હો તો સલામત રીતે સામાનને નીચે ઉતારવો, વાહનમાં ચડાવવો, બીજે લઈ જવો, ત્યાં ઉતારી વળી નવા ઘરમાં પહોંચાડવો - કેટલું લાંબું, કંટાળાજનક અને માથાકૂટિયું કામ છે. ગુરુકૃપા સ્ટોરેજ ઍન્ડ શિફ્ટિંગ સૉલ્યુશન્સ આ કામ બહુ વાજબી દરે કરી આપે છે, સતત તમારો સામાન સાચવે છે અને સામાનને ઈન્શ્યૉરન્સ પણ પૂરું પાડે છે.

ગુરુકૃપા સ્ટોરેજ ઍન્ડ શિફ્ટિંગ સૉલ્યુશન્સે ૨૪ વર્ષ પૂરાં કરીને પચીસમા વર્ષમાં પ્રવેશ કર્યો છે એટલે એની વિશ્વસનીયતા, ઉત્તમ સુવિધા, રાઉન્ડ ધ ક્લોક સર્વિસ વિશે કંઈ પણ કહેવાપણું નથી. ખાસ પ્રકારના લેબલ તમારા સામાન પર ચોંટાડી દેવાયા પછી ગોડાઉનમાં સામાન અદલા-બદલી થઈ જવાનો પણ ડર રહેતો નથી. જ્યારે સામાન જોઈએ ત્યારે પળવારમાં સ્ટાફ નિયત કરેલી જગ્યાએ સામાન પહોંચાડી આપે છે.

ઘરની સંકડાશ, સમયની તંગી અને બજેટમાં રમવાની વાત હોય ત્યારે ગુરુકૃપા સ્ટોરેજ ઍન્ડ શિફ્ટિંગ સૉલ્યુશન્સ કંપનીનો આંગળીને ટેરવે જોડેલો એક જ નંબર તમારી ઘરવખરી કે ઑફિસની ઉપયોગી વસ્તુઓની જાળવણી માટેની તમામ સમસ્યાઓનું સંતોષકારક સમાધાન આપનારો સાબિત થશે.

મુંબઈ કે મુંબઈની બહાર તમારા ઘર, ઑફિસનો કોઈ પણ સામાન લઈ જવા-લાવવા ગુરુકૃપા સ્ટોરેજ ઍન્ડ શિફ્ટિંગ સૉલ્યુશન્સનો સંપર્ક કરો

98215 30702 સંજય સોંડાગર

93202 54460 રાજ સોંડાગર

વેબસાઈટ : www.gurukrupastoragesolutions.com


# અમેરિકામાં સ્નાઈપર દ્વારા કરાયેલા ગોળીબારમાં અગ્નિશમન દળના બે જવાનનાં મોત

બૉઈસેઃ અહીંના ઉત્તર ઈડાહોના પર્વતીય વિસ્તારમાં રવિવારે લાગેલી આગ બુઝાવવાના ચાલી રહેલા પ્રયાસ દરમિયાન સ્નાઈપર દ્વારા કરાયેલા ગોળીબારમાં અગ્નિશમન દળના બે જવાનનાં મોત થયાં હોવા ઉપરાંત એક ઘાયલ થયો હતો.

ગવર્નરે આ હુમલાને ઘૃણાસ્પદ લેખાવ્યો હતો અને કહ્યું હતું કે અગ્નિશમન દળના જવાનોએ સ્નાઈપર દ્વારા કરાયેલા ગોળીબારનો ફાયરનો કલાકો સુધી સામનો કર્યો હતો. રિસ્પોન્સ ટીમને સશસ્ત્ર વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યા બાદ રવિવારે રાત્રે શૅલ્ટર ઈન પ્લેસ આદેશ રદ કરવામાં આવ્યો હતો. જોકે અધિકારીઓએ મૃત વ્યક્તિની ઓળખ તેમ જ તેની પાસેથી ક્યા પ્રકારની ગન મળી આવી હતી તે જાહેર નહોતું કર્યું. શૅરિફ બૉબ નૉરિસે કહ્યું હતું કે હુમલાખોરોની સંખ્યા કેટલી હતી તેમ જ કેટલાને ઠાર મારવામાં આવ્યા તે તાત્કાલીક જાણી શકાયું નહોતું. ઘટનાનો ભોગ બનેલી વ્યક્તિઓને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જેમાંથી બે જણને મૃત જાહેર કરવામાં આવી હતી તો એક વ્યક્તિ ઘાયલ હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# પુરી રથયાત્રાઃ ભાગદોડના એક દિવસ પછી હજારો ભક્તો દેવતાઓના દર્શન માટે ઊમટ્યા

પુરીઃ પુરીમાં શ્રી ગુંડિચા મંદિર પાસે થયેલી ભાગદોડમાં ત્રણ લોકોના મોત અને ૫૦ લોકો ઘાયલ થયાના એક દિવસ પછી સોમવારે હજારો ભક્તો ભગવાન બલભદ્ર, દેવી સુભદ્રા અને ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે પુરીમાં ઊમટી પડ્યા હતા.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે રવિવારની ઘટનાને ધ્યાને લઇને શ્રી ગુંડિચા મંદિરની સામે બેરિકેડ લગાવવામાં આવ્યા છે અને મંદિરની અંદર સ્થિત 'અડાપા મંડપ' (જે મંચ પર દેવતા બેસે છે)માં દેવતાઓના સરળ દર્શન માટે અલગ-અલગ કતારો બનાવવામાં આવી છે. રથયાત્રા દરમિયાન પોલીસ વ્યવસ્થાની દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવેલા એડીજી રેન્કના આઇપીએસ અધિકારી સૌમેન્દ્ર પ્રિયદર્શીએ જણાવ્યું કે અમે સતર્ક છીએ... ભગવાનની કૃપાથી બધું સરળતાપૂર્વક ચાલી રહ્યું છે. ભક્તો કોઇપણ મુશ્કેલી વિના શ્રી ગુંડિચા મંદિરમાં પ્રવેશ કરી રહ્યા છે. ભાગદોડ પછી મુખ્ય પ્રધાન મોહન ચરણ માંઝીએ તેમને આ કામ સોંપ્યું હતું.

ભક્તોની માન્યતા છે કે 'અડાપા મંડપ'ની ઉપર ભગવાન જગન્નાથના દર્શન કરવાથી તેમના પાપ ધોવાઇ જાય છે. ■

# ઓમાનની ખાડીમાં જહાજમાં ભીષણ આગ, ભારતીય નૌકાદળની બચાવ કામગીરી શરૂ

નવી દિલ્હીઃ ઓમાનની ખાડીમાં એક જહાજમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેની માહિતી મળતાં જ ભારતીય નૌકાદળે પલાઉ ધ્વજવાળા જહાજને મદદ કરવા માટે બચાવ કામગીરી હાથ ધરી હતી. નૌકાદળે એક સ્ટીલ્થ ફ્રિગેટને ઘટનાસ્થળે મોકલ્યું હતું. આ માહિતી ભારતીય નૌકાદળના પ્રવક્તાએ સોમવારે આપી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જહાજ ભારતના ગુજરાતના કંડલાથી ઓમાનના શિનાસ જઇ રહ્યું હતું. જેમાં ભારતીય મૂળના ૧૪ ક્રૂ સભ્યો હતા. નૌકાદળના પ્રવક્તાના જણાવ્યા અનુસાર હાલમાં ઓમાનના અખાતમાં તૈનાત સ્ટીલ્થ ફ્રિગેટ આઇએનએસ તબરે રવિવારે એમટી યી ચેંગ ૬ના એક સંકટ કોલનો જવાબ આપ્યો હતો. પ્રવક્તાએ જણાવ્યું કે ભારતીય મૂળના ૧૪ ક્રૂ સભ્યો સાથેનું આ જહાજ કે જે ભારતના કંડલાથી ઓમાનના શિનાસ જઇ રહ્યું હતું. તેમાં એન્જિન રૂમમાં આગ ફાટી નીકળી હતી અને જહાજ પર સંપૂર્ણપણે વીજળી ગુલ થઇ ગઇ હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે આઇએનએસ તબરમાંથી અગ્નિશામક ટીમો અને સાધનોને જહાજની બોટ અને હેલિકૉપ્ટર દ્વારા જહાજ પર મોકલવામાં આવ્યા હતા. ■


શ્રી સમસ્ત કોડીનાર મોઢ વણિક જ્ઞાતિ (શ્રધ્ધાંજલી)



શ્રી જિતુભાઈ દયાળજી ગાંધી (ઉ.૭૯)

(ભુતપૂર્વ પ્રમુખ)

શ્રી સમસ્ત કોડીનાર મોઢ વણિક જ્ઞાતિ, મુંબઈ

શોકાકુલ

શ્રી સમસ્ત કોડીનાર મોઢ વણિક જ્ઞાતિ મુંબઈ

શ્રી કોડીનાર મોઢ વણિક મહિલા મંડળ મુંબઈ

શ્રી કોડીનાર મોઢ વણિક જ્ઞાતિ કોડીનાર

પ્રાર્થનાસભા તા.૧/૭/૨૦૨૫ સાંજે ૫ થી ૭ તથા મંડળ તરફથી સાંજે ૭.૦૦ વાગ્યે

સ્થળઃ જલારામ હોલ, ૬ઠો રસ્તો, જુહુ.


# મણિપુરમાં બંદૂકધારીઓએ ચાર લોકોની ગોળી મારીને હત્યા કરી

ચુરાચંદપુર/ઇમ્ફાલ : મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં સોમવારે અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા ૭૨ વર્ષીય મહિલા સહિત ઓછામાં ઓછા ચાર લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મોંગજાંગ ગામ નજીક બપોરે બે વાગ્યાની આસપાસ હુમલો થયો હતો જ્યારે પીડિતો કારમાં મુસાફરી કરી રહ્યા હતા.

મોંગજાંગ ચુરાચંદપુર શહેરથી લગભગ ૭ કિમી દૂર છે.

ચુરાચંદપુર જિલ્લા મુખ્યાલયના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક અહેવાલો સૂચવે છે કે તેમને ખૂબ જ દૂરથી ગોળી મારવામાં આવી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ થેંખોથાંગ હાઓકિપ ઉર્ફે થહપી (૪૮), સેખોગિન (૩૪), લેંગૌહાઓ (૩૫) અને ફાલહિંગ (૭૨) તરીકે થઈ છે. ઘટનાસ્થળેથી ૧૨ થી વધુ ખાલી ગોળી મળી આવી છે. અત્યાર સુધી કોઈ સંગઠને હુમલાની જવાબદારી સ્વીકારી નથી. પોલીસ અને વધારાના સુરક્ષા દળોને આ વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે. ■


પ્રાર્થના સભા



શ્રી રમેશ હીરાલાલ શાહ

સંવત ૨૦૮૧ આષાઢ સુદ ૨

શુક્રવાર તારીખ ૨૭ જૂન ૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

સ્વ. શાંતાબેન હીરાલાલ શાહના પુત્ર, ચંદનબેનના પતિ,

ચેતન અને ડીમ્પલના પાપા, મીતલ અને ચેતનકુમાર દવાવાલાના સસરા

જીત અને પલકના દાદા, રાજના નાના

સ્વ. પ્રેમીલાબેનના ભાઈ અને સ્વ. જયંતિલાલના સાળા

સરડોઇ નિવાસી સ્વ. ચંપાબેન કાંતિલાલ શાહના જમાઈ

કનુભાઈ અને ભરતભાઈના બનેવી, મંદાબેન અને નીરુબેનના નણદોઈ

પ્રાર્થના સભા

મંગળવાર, તારીખઃ ૧ જુલાઈ ૨૦૨૫, સમયઃ સાંજે ૫ થી ૭

સ્થળઃ હાલાઇ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવર ની પાસે, કાંદિવલી વેસ્ટ, મુંબઈ-૬૭.

પિયરપક્ષ નું બેસણું સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.



પ્રાર્થના સભા

કોડીનાર મોઢ વણિક મરણ



સ્વ. જીતેન્દ્ર જયાકુંવર દયાળજી ગાંધી ઊ.વ.૭૯

ગામ કોડીનાર, હાલે વિલેપાર્લે (વેસ્ટ), તા. ૨૯.૬.૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણે સિધાવ્યા છે, તેઓ સ્વ. હર્ષાબેન ના પતિ, સોનલ, હિતેન, પરાગ ના પિતા, સ્વ. નલીની મધુસુદન શાહ, સ્વ. ઈન્દ્રવદન, પ્રમોદ તથા અરૂણા, પ્રદિપ ગાંધી ના ભાઇ, ત્વિશા.હેમ.પારીખ, ખુશ, લીકિશા, હયા ના દાદા, સ્વ. ઈચ્છાબેન રતિલાલ દેસાઈ ના જમાઈ

સમસ્ત ગાંધી પરિવાર ના જયશ્રી કૃષ્ણ.

પરમ કૃપાળુ શ્રીજી બાવા તેઓની દિવ્યઆત્મા ને ચરણે અપનાવે એજ અભ્યર્થના...

J. Parag & Bros. - JPB Chemicals Industries Pvt Ltd.

પ્રાર્થના સભા : મંગળવાર, તા. ૧.૦૭.૨૦૨૫ સાંજે ૫ થી ૭

જલારામ હોલ, ૬ થો રસ્તો, જુહુ

# શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-દાદર (વે)

સંચાલિતઃ

## શ્રી કરશન લધુભાઈ નિસર (હોલ) જૈન ધર્મસ્થાનક • શ્રી નવનીત જૈન હેલ્થ સેન્ટર (જૈન હૉસ્પિટલ)

પી.ટી. રજિસ્ટર નં. એ. ૮૦૦ (બી). ૧૨, જ્ઞાન મંદિર રોડ, દાદર (વે.), મુંબઈ-૪૦૦૦૨૮.

**શ્રી નવનીત જૈન હેલ્થ સેન્ટરમાં જરૂરિયાતમંદોને ફ્રી મોતીબિંદુ ઑપરેશન કરી આપવામાં આવશે**

સમસ્ત મુંબઈમાં અકલ્પ્ય દરે મેડિકલ સેવાઓ માટે રોજે રોજ અંદાજે 1200 થી વધારે દર્દીઓ નાત જાતના ભેદભાવ વગર સતત લાભ લઈ રહ્યા છે. આપ સૌ વધુ ને વધુ પ્રચાર કરી સહકાર આપી સૌને કાયમ માટે લાભ લેવા જણાવશો. નવનીત જૈન હેલ્થ સેન્ટરમાં ૧૪૦ MD/MS ડોક્ટરો પોતાની સેવા વિવિધ વિભાગોમાં નજીવા દરે આપે છે.

## સંસ્થા તરફથી

# વર્ધમાન મેડીકો

## રાહત દરે મેડિકલ

## ચશ્માંની ફ્રેમ અકલ્પનીય ભાવ ગેરેન્ટી સાથે સંસ્થા તરફથી રાહત દરે



(દરેક વરાઈટી ઉપલબ્ધ)

**જનરલ દવાખાનું**
ફક્ત રૂ.૧૦/- માં દવા અને સારવાર
સવારે ૧૦ થી સાંજે ૭

**આર્થોપેડીક + ગાયનેકોલોજીસ્ટ**

**પેથોલોજી લેબ**
સવારે ૮.૦૦ થી તમામ ટેસ્ટ ઓછામાં ઓછા દરે કરવામાં આવે છે.

(સંપૂર્ણ ચક્ષુવિભાગ)
**આંખ વિભાગ**
સવારે ૮.૩૦ થી સાંજે ૪ સુધી
કંસલટિંગ ચાર્જિસ
@ ₹૨૦૦/-

**એક્સ-રે**
(ડિજિટલ એક્સ-રે)
સવારે ૮.૦૦ થી
દર ₹૧૫૦/-

**કાર્ડિઓલોજીસ્ટ + નેફ્રોલોજીસ્ટ**
@ ₹300/-

**સોનોગ્રાફી**
ખૂબ જ વ્યાજબી દરે

**સાઇકેટ્રીસ્ટ**

**મોતી બિંદુ ઓપરેશન**
₹ ૫૦૦૦/- થી ₹30,000 સુધી

**જનરલ / ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ કે કેર સર્જરી**

**એમ.ડી. ફિઝિશયન + સ્કીન સ્પેશિયાલિસ્ટ + હોમિયોપેથી**
@ ₹૨૦૦/-

**૨ - D ઈકો કાર્ડિયોલોજી**
@ ₹ ૧૩૫૦/-
એપોઈન્ટમેન્ટ દ્વારા

**દાંત વિભાગ**
સવારે ૮ થી રાત્રે ૭

**ઓન્કોલોજીસ્ટ**
**યુરોલોજી**
સ્પાઈન સ્પેશિયાલિસ્ટ

**ન્યૂરો સર્જન + ન્યુરોફિઝિશીયન**
@ ₹300/-

**ગેસ્ટ્રો એન્ટ્રો લોજિસ્ટ + રૂમેટોલોજી + પ્લાસ્ટિક સર્જન**

**E.N.T.**
**તમામ નાની સર્જરી ઓછા દરે કરાય છે**

**B.D.S. & M.D.S. Dr.'s**

દર ₹ 300/-
**ઓડિયોલોજિસ્ટ + સ્પીચ થેરેપી**

**એન્ડોસ્કોપી + બાયોપ્સી**
વ્યાજબી દરે

**ડાયટિશિયન + સાયકોલોજીસ્ટ + ડાયાબેટોલોજિસ્ટ + ચેસ્ટ ફિઝિશીયન**
@ ₹૨૦૦/-

સવારે ૮ થી રાત્રે ૮
**ફિઝ્યોથેરેપી**
દર ₹૧૦૦/- થી

**મમોગ્રાફી**

**ચાઈલ્ડ સ્પે.**



# વર્ધમાન જૈન ગૃહ ઉદ્યોગ દાદર

ઠિકાણ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-દાદર, ૧૨, જ્ઞાન મંદિર રોડ, દાદર (વે.), મુંબઈ-૪૦૦૦૨૫. GST No.: 27AAUFV6496P1ZO

## પ્રેરિત આગામી તહેવારોની મૌસમ માટે

હરેક ભાવ G.S.T. સાથે છે

### ઉત્તમ ગુણવત્તા યુક્ત શુદ્ધ દેશી ઘીની મીઠાઈઓ અને ફરસાણ

મીઠાઈ અને ફરસાણની ઘરમાં બને એવી ગુણવત્તા અને એ પણ વ્યાજબી ભાવે મળે તો ગૃહિણીઓ ઘરમાં આ બધું બનાવવામાં પોતાનો સમય શું કામ વિતાવે? આ એક સપનું નહીં હકીકત છે. વર્ધમાન જૈન ગૃહ ઉદ્યોગ દ્વારા શુદ્ધ ઘીની ઉત્તમ મીઠાઈઓ અને ઉત્તમ ગુણવત્તા ધરાવતી ફરસાણની વિવિધ વસ્તુઓ ખૂબ જ સસ્તા ભાવે એટલે કે 'નો પ્રોફિટ નો લોસ'ના સિદ્ધાંત પર ઉપલબ્ધ છે. અહીં લોકોની માગણી એટલી વધારે છે કે દરરોજ બધું તાજું બનાવવામાં આવે છે, ફરસાણ અને મીઠાઈનું દર દિવસનું કુલ ૨૦૦૦ કિલોનું વેચાણ અહીં થાય છે. જેમ કે કાજુ કતરી (વરખ વગરની), મોહનથાળ, ડ્રાયફ્રૂટ બદામી હલવો, ડ્રાયફ્રૂટ બુંદી લાડવા અને શોનપાપડી

**ફરસાણ** ૩૦૦ ગ્રામ ૭૦/-

* ભાવનગરી * ચણા દાળ * ચણાચોર * ડાઈટ ચિવડો * લાકડીયા * લેમન ભેળ * મહાલક્ષ્મી ચેવડો * મકાઈ ચિવડો * માખણીયા ગાઠીયા * મીની ભાકરવડી ** મોરી સેવ * મુરકુ * નાડિયાદી ભૂસા * નાયલોન સેવ * પોહા નાયલોન ચિવડા * પાપડી * રાયતા બુંદી * રજવાડી ચીવડા * સેન્ડવીચ ભાકરવડી * સેવ પકોડી * સ્પે મિક્સ ફરસાણ * તીખી સેવ * નવરત્ન મિક્સ * કોલ્હાપૂરી મિક્સ * કચોરી * બાજરી વડા- ચકરી

ચોપાટી ભેલ - ૩૦૦ ગ્રામ ૬૦/-
પાપડ ચિવડો - ૨૫૦ ગ્રામ ૬૦/-
કોર્ન કપ - ૨૦૦ ગ્રામ ૪૦/-

**જૈન કુરકુરે (૨૦૦ ગ્રામ)**
પેરી પેરી ૬૦/-
જેલેપેનો ૬૦/-
મસાલા ૬૦/-
મિલેટ ભેલ ૬૦/-
રોસ્ટેડ ચિવડો ૫૦/-
ડાયટ મલ્ટીગ્રેન ૫૦/-
રોસ્ટેડ રંગીલા ૫૦/-

**સ્વીટસ્ – ૨૫૦ ગ્રામ**
પ્રોટીન લાડુ ૧૬૦/-
નાચણી લાડુ ૧૫૦/-
મોતીચુર લાડુ ૧૦૦/-
ખોપરા પાક ૧૨૦/-
કાજુ રોલ ૨૨૦/-

કોર્ન ભેળ - ૩૦૦ ગ્રામ - ૭૦/-
મુંગદાલ ચકલી - ૨૫૦ ગ્રામ - ૭૦/-
નાચણી ચકલી - ૨૫૦ ગ્રામ - ૮૦/-
જ્વારી ચેવડો - ૨૦૦ ગ્રામ - ૫૦/-
ચીઝ નાચોસ - ૧૮૦ ગ્રામ - ૧૦૦/-

**કાકરેજ ગાય બિલોના ઘી**
૨૫૦ મીલી ૩૬૦/-
૫૦૦ મીલી ૭૨૦/-
તીખા મીઠા પાનીપુરી - ૧૫૦/-
ધનિયા ફુદીના પાનીપુરી - ૧૫૦/-

મીઠાઈ/ફરસાણ માની ન શકાય એવા ભાવમાં

**ડ્રાયફ્રૂટ યુક્ત શુદ્ધ ઘીની ઉત્તમ મીઠાઈઓ**

**૫૦૦ ગ્રામ**
• મીની સાટા ૨૫૦/-
• કચ્છી પેંડા - ૨૩૦/-
• આઈસ હલવા - ૧૯૦/-
• મિક્સ ફ્રૂટ હલવા ૨૧૦/-
• બદામ હલવો ₹૨૦૦/-
• મોહન થાળ ₹૧૯૦/-
ચુરમા લાડુ ₹૨૫૦/-
• બુંદીના લાડુ • ગોળીયા (ગોળ) લાડુ
• છૂટી બુંદી ₹૨૦૦/-
• ગોળ પાપડી ₹૧૯૦/-
• કાજુ કતરી ₹૩૮૦/-
• સ્પે. ખજુર પાક ₹૪૦૦/-
• કેસર કતરી ₹૪૫૦/-

**૨૫૦ ગ્રામ**
• સુગર ફ્રી ખજુર પાક ₹૧૬૦/-
મેથી લાડુ ₹૯૦/-
ફિનિયા લાડુ ₹૧૨૦/-
• સુગર ફ્રી અંજીર પાક ₹૨૦૦/-
• બેસન લાડુ ₹૧૦૦/-
• જરદાળુ પાક ₹૨૨૦/-
• મલાઈ મૈસૂર ₹૧૬૦/-

**કેક**
મીની માવા (૫ પીસ) ₹૫૦/-
૧૮૦ ગ્રામ કપ કેક: ચોકલેટ ₹૭૦/- ટુટી ફ્રુટી ₹૭૦/- બટરસ્કોચ ₹૭૦/-
**૨૫૦ ગ્રામ**
કોફી વોલનટ સ્લાઈસ ₹૧૮૦/-
બેલ્જીયમ માર્બલ સ્લાઈસ ₹૧૩૦/-

**સ્ટીક** ૨૦૦ ગ્રામ ૫૦/-
મંચુરિયન
સોયા

**બાઈટ્સ** ૨૦૦ ગ્રામ
ડ્રમસ્ટીક પુરી ૭૦/-
પમ્પકીન ચીપ્સ ૭૦/-
બિટર બેટર ક્રીસ્પ ૭૦/-
બાજરા મેથી મુઠીયા પુરી ૫૦/-
મિલેટ્સ બાઈટ્સ ૫૦/-
મઠીયા પુરી ૭૦/-

**ચિક્કી** ૨૫૦ ગ્રામ
૩ ઈન ૧ ચિક્કી
મીની મિક્સ ચિક્કી
ક્રશ - પીનટ ચિક્કી
રાજગીરા ચિક્કી
પીનટ ચિક્કી ₹૬૦/-
ડ્રાયફ્રૂટ ચિક્કી ₹૧૩૦/-
મલાઈ ચિક્કી ₹૧૦૦/-

કિંમતો અગાઉથી નોટિસ આપ્યા વિના ફેરફારને પાત્ર છે

**મસાલા**
• ૫૦૦ મિલી. A-2 બિલોના વેદિક ઘી ₹૫૭૦/-
• ૫૦૦ ગ્રામ ઘરે બનાવેલ શુદ્ધ ભેંસ ઘી ₹૭૦૦/-
• હિંગ પાવડર ડબ્બી ૧૦૦ ગ્રામ ₹૧૧૦/-
**૧૦૦ ગ્રામ**
• દાલચીની (તજ) ₹૮૦/-
• સૂંઠ પાવડર ₹૧૫૦/- (૨૦૦ ગ્રામ)
**૫૦૦ ગ્રામ**
કાળી ખજૂર ₹૧૯૦/-
કુર્મુરા ₹૫૦/-
**૧ કીગ્રા.**
સિંધવ સોલ્ટ ₹૬૦/-
**૫૦ ગ્રામ**
• ગ્રીન એલચી ₹૨૫૦/-
**૯૦૦ ગ્રામ**
• ઓર્ગેનિક ગોળ ₹૭૦/-
**૨૫૦ ગ્રામ**
• ધનિયા જીરા પાવડર ₹૯૦/-
• હલ્દી પાવડર ₹૯૦/-
• રાઈ ₹૪૦/-
• ચા પાવડર ₹૯૦/-
• જીરા ₹૧૫૦/-
• કાશ્મીરી ખાંડિલા મરચાંનો પાવડર ₹૧૬૦/-
• રેશમપટ્ટી મરચું પાવડર ₹૧૦૦/-
• મખાના ₹૪૩૦/-

**પુરી**
૩૦૦ ગ્રામ ₹૬૦/-
જીરા પુરી
મેથી પુરી
સેવ પુરી ૩૫૦ ગ્રામ ₹૬૦/-
રેગ્યુલર પાણીપુરી
૧૦૦ પીસ ₹૯૦/-

**ચિપ્સ** ૨૦૦ ગ્રામ
• નાચણી ચિપ્સ
• પાણીપુરી ચિપ્સ
• સોયા ચિપ્સ
• જ્વારી ચિપ્સ
₹૫૦/-
ચોરાફળી ચિપ્સ ₹૮૦/-

**ડ્રાયફ્રૂટ**
**૨૫૦ ગ્રામ**
કાળા મનુકા ₹૧૨૦/-
જર્દાળુ ₹૨૦૦/-
કાજુ ₹૨૪૦/-
કેસર (સેફ્રોન) ૧ ગ્રામ ₹૨૩૦/-
**૨૦૦ ગ્રામ**
• અંજીર ₹૩૩૦/-
• અખરોટ ₹૩૮૦/-
• કિસમીસ (બેદાના) ₹૯૦/-
• રેગ્યુલર પિસ્તા ₹૩૬૦/-
• સ્પે.બદામ ₹૨૦૦/-
• મામરા બદામ ₹૫૦૦/-
• સોલ્ટેડ પિસ્તા ₹૨૮૦/-

**ખાખરા**
૩૫૦ ગ્રામ ₹૬૦/-
• બાજરી • જીરા
• જીરા મસાલા • કોરા
• મસાલા મેથી • મેથી
• પંજાબી તડકા • સાદા
૨૫૦ ગ્રામ ₹૭૦/-
• ચોરાફળી • મઠ
• મુંગ • દહીં મેથી
• બાજરી જ્વારી પાલક
• કોર્ન ચિલી કોથમીર
૩૫૦ ગ્રામ ₹૭૦/-
૩૦૦ ગ્રામ ₹૭૦/- ચાટ ખાખરા
• આચારી મેથી ખાખરા • બાજરી મેથી
• જ્વારી બાજરી મિક્સ ખાખરા • જ્વારી ખાખરા
• માંગરોલી ખાખરા • નાચણી ખાખરા • પાણીપુરી ખાખરા

**૨૫૦ ગ્રામ**
ડ્રાયફ્રુટ કન્ચ ₹૨૦૦/-
ઓટ્સ મખાના ગોળ લાડુ ₹૧૮૦/-

**કુકીસ** ૨૫૦ ગ્રામ ₹૭૦/-
• ડ્રાયફ્રુટ કુકીસ • ઓટ્સ કુકીસ • કાજુ પીસ્તા કુકીસ • ચોકલેટ ચીપ્સ કુકીસ

**ચણા સિંગ** ૨૦૦ ગ્રામ
₹૪૦/- શેકેલા ચણા
₹૬૦/- શેકેલી સિંગ (છાલવાળી)
શેકેલી સિંગ (છાલ વગર) - ૫૦
ચણા હિંગ જીરા - ૬૦
૧૦૦ ગ્રામ ચીઝ બોલ ૩૦/-
શંકરપારા ૨૦૦ ગ્રામ ૪૦/-
વ્હિટ પફ ૩૦૦ ગ્રામ ૧૦/-

**અથાણું** ૨૦૦ ગ્રામ ₹૫૦/-
• લાલ મરચા
• સ્વીટ મેંગો
• છુંદા કેરી
• બિજોરા • મિક્સ અથાણું • મેંગો
• હોટ લેમન • લીલા મરચાં • સ્વીટ લેમન

**બેકરી ઉત્પાદનો**
૨૦૦ ગ્રામ ₹ ૫૦/-
• જીરા-બટર • મીલ્ક ટોસ્ટ • વ્હીટ ટોસ્ટ
૨૦૦ ગ્રામ ₹ ૬૦/-
• Spl.મીની બટર ખારી • વ્હીટ ખારી • જીરા ખારી
૨૦૦ ગ્રામ બટર મખનીયા ₹ ૫૦/-
માવા ટોસ્ટ ₹ ૮૦/-

**ડેરી ઉત્પાદનો**
૪૦૦ ગ્રામ દહીં ₹ ૬૦/-
૨૦૦ ગ્રામ
• ચીઝ ક્યુબ ₹ ૧૩૦/-
• ચીઝ સ્લાઈસ ₹ ૧૩૦/-
• દહીં ₹ ૩૦/-

**શ્રીખંડ**
૪૦૦ ગ્રામ ₹૧૨૦/-
• બદામ પિસ્તા • ઈલાયચી
• મેંગો

**લસ્સી** ૨૦૦ મિલી. ₹૩૦/- • બ્લુ બેરી • મેંગો

**મિલ્ક શેક** ૨૨૦ મિલી. ₹૩૫/- • ચોકલેટ • વેનિલા • સ્ટ્રોબેરી

**બનાના વેફર**
**૩૦૦ ગ્રામ**
મરી કેળા વેફર ₹૯૦/-
મસાલા કેળા વેફર
ટામેટા કેળા વેફર ₹૮૦/-
પીળી કેળા વેફર ₹૧૧૦/-
**૨૫૦ ગ્રામ**
સિલ્કી પીળી વેફર ₹૧૧૦/-

₹૯૦/-
ક્રન્ચી પીનટ ચીક્કી (૧૦ પીસ)
ક્રશ પીનટ ચીક્કી (૧૦ પીસ)
પીનટ બટર ચીક્કી (૧૦ પીસ)
ચોકલેટ ચીક્કી (૧૦ પીસ)

ક્રન્ચી પીનટ ચીક્કી (૧૦૦ ગ્રામ) ₹૪૦/-
ક્રશ પીનટ ચીક્કી (૧૨૦ ગ્રામ) ₹૫૦/-
પીનટ બટર ચીક્કી (૧૨૦ ગ્રામ) ₹૫૦/-
ચોકલેટ ચીક્કી (૧૨૦ ગ્રામ) ₹૬૦/-

કોફી ચીક્કી (૧૨૦ ગ્રામ) ₹૫૦/-
બૉમ્બે ભેલ ચીક્કી (૩૦ ગ્રામ) ₹૧૦/-
બૉમ્બે ભેલ ચીક્કી (૧૫ પીસ) ₹૧૪૦/-
મન્ચી મિલેટ ચીક્કી (૩૦ ગ્રામ) ₹૧૦/-

# રિષભ પંતે અઠવાડિયાનો બ્રેક બર્મિંગમમાં મમ્મી અને બહેન સાથે માણ્યો

બર્મિંગમઃ ઇંગ્લેન્ડ સામે લીડ્સની પ્રથમ ટેસ્ટમાં રિષભ પંતે બંને દાવમાં સેન્ચુરી ફટકારીને વિકેટકીપર-બેટ્સમેન તરીકે નવો ભારતીય વિક્રમ કર્યો હતો, પરંતુ છેવટે ભારત એ મેચ હારી જતાં ટીમ ઇન્ડિયાના બાકીના ખેલાડીઓ સહિત પંત પણ હતાશ હતો. જોકે ત્યાર બાદ બીજી ટેસ્ટ મેચ પહેલાં સાત દિવસનો જે બ્રેક મળ્યો છે એમાં રિષભ પંત ફેમિલી સાથે અમૂલ્ય સમય વિતાવી રહ્યો છે.

ઍન્ડરસન-તેંડુલકર ટ્રોફી હેઠળ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની બીજી ટેસ્ટ મેચ બુધવાર બીજી જુલાઈએ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) એજબેસ્ટનમાં રમાશે. ઇંગ્લેન્ડ પાંચ મેચની આ શ્રેણીમાં ૧-૦થી આગળ છે.

રિષભ પંત બર્મિંગમમાં તેના મમ્મી સરોજ પંત અને બહેન સાક્ષીને મળ્યો હતો. તેઓ શહેરનાં કેટલાંક જાણીતાં સ્થળોએ ગયા હતા, સાથે જમ્યાં હતાં અને સોશિયલ મીડિયા માટે કેટલાક પોઝ આપ્યા હતા.

રિષભ પંતે ઇન્સ્ટાગ્રામ પરની સ્ટોરીમાં લખ્યું છે, ‘સ્વજનોને મળીને યાદગાર પળો માણવાનો આ અમૂલ્ય સમય.’ વાઇસ કેપ્ટન રિષભ પંત એક જ ટેસ્ટમાં બે સેન્ચુરી ફટકારનાર ભારતનો પહેલો વિકેટકીપર છે. ૨૦૨૨માં બર્મિંગહામમાં રમાયેલી ટેસ્ટમાં રિષભ પંતે પહેલા દાવમાં ૧૪૬ રન અને બીજા દાવમાં ૫૭ રન કર્યા હતા. તે હવે બુધવારે શરૂ થતી બીજી ટેસ્ટમાં એ પર્ફોર્મન્સને યાદ કરીને પોતાનું ફોર્મ જાળવી રાખશે અને ભારતને જિતાડશે એવી તેના અસંખ્ય ચાહકોને આશા છે.



# ભારતના બોલિંગ આક્રમણમાં વિવિધતાનો અભાવ ચિંતાનો વિષયઃ ગ્રેગ ચેપલ

લંડનઃ ઓસ્ટ્રેલિયાના મહાન બેટ્સમેન ગ્રેગ ચેપલનું માનવું છે કે ઇંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ખરાબ બોલિંગ આક્રમણની ભારતીય ટીમે ભારે કિંમત ચૂકવવી પડી હતી. તેમણે કુલદીપ યાદવને શેન વોર્ન પછી શ્રેષ્ઠ રિસ્ટ સ્પિનર ગણાવ્યો અને તેને અને અર્શદીપ સિંહને ટીમમાં સામેલ કરવાની સલાહ આપી હતી.પાંચ મેચની શ્રેણીની પ્રથમ મેચમાં ભારતનો ઇંગ્લેન્ડ સામે પાંચ વિકેટથી પરાજય થયો હતો. ભારતીય ટીમે પ્રથમ ટેસ્ટમાં આઠ કેચ છોડ્યા હતા.

ચેપલે ‘ઈએસપીએન ક્રિકઇન્ફો’ માટે લખેલી પોતાની કોલમમાં લખ્યું હતું કે ‘‘હેડિંગ્લે ખાતે ફિલ્ડિંગ ખૂબ જ નિરાશાજનક હતી પરંતુ તે હારનું મુખ્ય કારણ નહોતું. ભારતે પોતાની સમસ્યાઓ ઊભી કરી હતી. સૌથી મોટી ભૂલ નો બોલ હતી જેણે બીજી ઇનિંગની શરૂઆતમાં હેરી બ્રુકને જીવનદાન આપ્યું હતું.’’ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટને કહ્યું હતું કે ભારતની સમસ્યા હતી કે તેના જમણા હાથના ઝડપી બોલરો મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા અને શાર્દુલ ઠાકુર લગભગ એક જેવા જ હતા.



તેમણે કહ્યું હતું કે, ભારતીય બોલિંગ આક્રમણમાં વિવિધતાનો અભાવ હતો. જસપ્રીત બુમરાહ સિવાય, બાકીના ફાસ્ટ બોલરોનું પ્રદર્શન ખરાબ હતું. બોલિંગમાં ફેરફાર કર્યા પછી તરત જ વિકેટ પડવાનું કારણ એ છે કે બેટ્સમેનને એડજસ્ટ થવામાં સમય લાગે છે. પરંતુ ભારતીય ટીમ પાસે આ વિકલ્પ નહોતો. ભારતના ભૂતપૂર્વ કોચે કહ્યું હતું કે, બુમરાહની ગેરહાજરીમાં અર્શદીપ સિંહને ટીમમાં સ્થાન મળવું જોઈએ. આ સાથે કુલદીપ યાદવનો પણ સમાવેશ થવો જોઈએ જે શેન વોર્ન પછી શ્રેષ્ઠ રિસ્ટ સ્પિનર છે. ■

# ભારતના આયુષે યુએસ ઓપન સુપર ૩૦૦નું ટાઇટલ જીત્યુંઃ તન્વીને ફાઇનલમાં મળી હાર

આયોવા (અમેરિકા)ઃ ભારતના ઊભરતા બેડમિન્ટન ખેલાડી આયુષ શેટ્ટીએ યુએસ ઓપન સુપર ૩૦૦ના મેન્સ સિંગલ્સની ફાઇનલમાં કેનેડાના બ્રાયન યાંગ સામે સીધી ગેમમાં જીત મેળવીને પોતાનું પહેલું બીડબલ્યૂએફ વર્લ્ડ ટૂર ટાઇટલ જીત્યું છે. ૨૦૨૩ જૂનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપના બ્રોન્ઝ મેડલ વિજેતા ૨૦ વર્ષીય આયુષે રવિવારે ૪૭ મિનિટમાં ત્રીજા ક્રમાંકિત ખેલાડી યાંગને ૨૧-૧૮, ૨૧-૧૩ થી હરાવ્યો હતો. મહિલા સિંગલ્સની ફાઇનલમાં ૧૬ વર્ષીય તન્વી શર્મા ત્રણ ગેમના મુશ્કેલ મુકાબલામાં ટોચના ક્રમાંકિત ખેલાડી અમેરિકાની બેવન ઝાંગ સામે હારી ગઈ અને રનર-અપ રહી હતી. પોતાની પહેલી વર્લ્ડ ટૂર ફાઇનલ રમી રહેલી તન્વી ૪૬ મિનિટમાં ૧૧-૨૧, ૨૧-૧૬, ૧૦-૨૧થી ફાઇનલ હારી ગઈ હતી.

આયુષની યાંગ સામે આ ત્રીજી જીત હતી. તેણે આ વર્ષની શરૂઆતમાં મલેશિયા ઓપન અને તાઇપેઈ ઓપનમાં તેને હરાવ્યો હતો. પુરુષોની સિંગલ્સની ફાઇનલ ૬-૬ ના સ્કોરથી શરૂ થઈ હતી પરંતુ ચોથા ક્રમાંકિત આયુષે યાંગ પર ૧૧-૬ ની લીડ મેળવી હતી. યાંગે અંતર ઘટાડીને ૧૩-૧૧ કર્યું અને ૧૬-૧૬ પર બરાબરી કરી પરંતુ આયુષે શરૂઆતની ગેમ જીતી લીધી. બીજી ગેમમાં ભારતના સ્ટાર શટલરે ૭-૨ ની લીડ મેળવી, પરંતુ યાંગે થોડા સમય પછી સ્કોર બરાબર કરી દીધો. જોકે, ભારતીય ખેલાડીએ પોતાનો સંયમ જાળવી રાખ્યો હતો. આયુષ ૨૦૨૩ ઓડિશા માસ્ટર્સ સુપર ૧૦૦ ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચવા ઉપરાંત ૨૦૨૩ બહેરીન ઇન્ટરનેશનલ અને




૨૦૨૪ ડચ ઓપનની ફાઇનલમાં પહોંચ્યો હતો. મહિલા સિંગલ્સની ફાઇનલમાં તન્વીને શરૂઆતથી જ સંઘર્ષ કરવો પડ્યો હતો કારણ કે ઝાંગે પહેલી ગેમમાં ૧૧-૫ની લીડ મેળવી હતી. બીજી ગેમમાં તન્વીએ આક્રમક રમત રમી અને ૪-૦ની લીડ મેળવી હતી. બીજી ગેમમાં શરૂઆતમાં તન્વી ૧૧-૦૯ આગળ હતી. ઝાંગે ફરીથી ભૂલો કરી અને તન્વીએ તેનો સંપૂર્ણ લાભ ઉઠાવીને બીજી ગેમ જીતી લીધી અને મેચ નિર્ણાયક ગેમમાં ગઈ હતી. જોકે, ત્રીજી ગેમમાં ઝાંગે શાનદાર વાપસી કરી મેચ પણ જીતી લીધી હતી. ■

# સુપ્રીમ કોર્ટે લલિત મોદીની અરજી ફગાવીઃ બીસીસીઆઇ પાસેથી ઈડીનો દંડ વસૂલવાની કરી હતી માગ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે લલિત મોદીને ઝટકો આપતા તેની અરજી ફગાવી દીધી હતી. અરજીમાં લલિત મોદીએ ફેમાના ઉલ્લંઘન બદલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા તેમના પર લાદવામાં આવેલ ૧૦.૬૫ કરોડ રૂપિયાનો દંડ બીસીસીઆઈને ચૂકવવાનો નિર્દેશ આપવાની માગ કરવામાં આવી હતી. લલિત મોદીએ કોર્ટને વિનંતી કરી હતી કે આ દંડ બીસીસીઆઇ પાસેથી વસૂલવાનો નિર્દેશ આપવામાં આવે. જોકે, ન્યાયાધીશ પીએસ નરસિંહા અને ન્યાયાધીશ આર.મહાદેવનની બેન્ચે કહ્યું હતું કે લલિત મોદીને કાયદા મુજબ ઉપલબ્ધ ઉપાયોનો લાભ લેવાનો અધિકાર રહેશે. નોંધનીય છે કે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મુંબઈ હાઈ કોર્ટે લલિત મોદી પર ૧ લાખ રૂપિયાનો દંડ લાદ્યો અને તેની અરજી ફગાવી દીધી હતી જેમાં તેણે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) ના ઉલ્લંઘન બદલ ઈડી દ્વારા તેમના પર લાદવામાં આવેલ ૧૦.૬૫ કરોડ રૂપિયાનો દંડની ચુકવણી બીસીસીઆઇએ કરવી જોઇએ તેવો આદેશ આપવાની માગ કરી હતી.

હાઈ કોર્ટે કહ્યું હતું કે અરજી સંપૂર્ણપણે ગેરમાર્ગે દોરનારી છે કારણ કે ન્યાયિક સત્તાવાળાએ ફેમા હેઠળ લલિત મોદી પર દંડ લાદ્યો હતો. લલિત મોદીએ તેમની અરજીમાં કહ્યું હતું કે તેમને ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (બીસીસીઆઇ) ના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. દરમિયાન તે બીસીસીઆઇની એક ઉપસમિતિ, ઇન્ડિયન પ્રીમિયર લીગના સંચાલક મંડળના અધ્યક્ષ પણ હતા. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે બીસીસીઆઇને ઉપનિયમો અનુસાર તેમણે વળતર આપવું જોઇએ.

હાઇકોર્ટ બેન્ચે ૨૦૦૫ના સુપ્રીમ કોર્ટના નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે બીસીસીઆઇ બંધારણની કલમ ૧૨ હેઠળ વ્યાખ્યાયિત ‘રાજ્ય’ ની વ્યાખ્યા હેઠળ આવતું નથી. હાઇ કોર્ટ બેન્ચે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ આદેશો છતાં લલિત મોદીએ ૨૦૧૮માં આ અરજી દાખલ કરી હતી.

હાઇ કોર્ટે કહ્યું હતું કે, ‘ઇડી દ્વારા



અરજદાર (લલિત મોદી) પર લાદવામાં આવેલા દંડના સંદર્ભમાં અરજદારના કથિત વળતરના મામલે કોઈપણ જાહેર કાર્યક્રમને રદ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી અને તેથી આ હેતુ માટે બીસીસીઆઇને કોઈ રિટ જારી કરી શકાતી નથી.’ કોર્ટે કહ્યું હતું કે, કોઈપણ સંજોગોમાં રાહત આપવી સંપૂર્ણપણે ખોટી છે. આ અરજી વ્યર્થ છે અને અમે આ અરજીને ફગાવી દઈએ છીએ. કોર્ટે લલિત મોદીને ચાર અઠવાડિયામાં ટાટા મેમોરિયલ હોસ્પિટલને એક લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. ■

# પડકારોનો સામનો કરવા માટે સચિન તેંડુલકર જેવો ‘સુપરપાવર’ ઈચ્છે છે નીરજ ચોપરા

નવી દિલ્હીઃ ભારતના સ્ટાર ભાલા ફેંકના ખેલાડી નીરજ ચોપરાએ કહ્યું હતું કે તે પડકારનો સામનો ઠંડા મગજથી કરવા માટે દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકર જેવો ‘સુપરપાવર’ ઇચ્છે છે. બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા ૨૭ વર્ષીય ચોપરાએ એમ પણ કહ્યું હતું કે તેના દિગ્ગજ કોચ જાન ઝેલેન્જીએ ભાલા ફેંકતા પહેલા તેને ૧૮ વર્ષના છોકરાની જેમ કોઈપણ તણાવ વિના દોડવાની સલાહ આપી છે. તેમણે કહ્યું હતું કે અત્યાર સુધી મેદાનની અંદર અને બહાર તેમને મળેલી શ્રેષ્ઠ સલાહ ચેક કોચ ઝેલેન્જી તરફથી મળી છે, જેમના નામે ૯૮.૪૮ મીટર ભાલા ફેંકવાનો વિશ્વ રેકોર્ડ છે. ચોપરાએ 'સ્ટાર સ્પોર્ટ્સ' અને 'જિયો હોટસ્ટાર' ને કહ્યું હતું કે ‘‘જ્યારે પણ હું ભાલો ફેંકું છું ત્યારે હું ખૂબ જ ઉર્જાવાન રહું છું પરંતુ કોચે મને કહ્યું હતું કે મારે પ્રવાહ સાથે દોડવું પડશે. મારે ૧૮ વર્ષના છોકરાની જેમ કોઈપણ તણાવ વિના દોડવું પડશે. હું ધીમે ધીમે પ્રવાહનો ખ્યાલ સમજી રહ્યો છું.’’




તેમણે કહ્યું હતું કે, ‘‘કોઈપણ રમતમાં પ્રવાહ મહત્વપૂર્ણ છે. ઉદાહરણ તરીકે રોજર ફેડરર એટલી ગરીમા અને લય સાથે રમે છે કે ખબર નથી પડતી કે તે આટલી બધી મહેનત કરી રહ્યો છે. હું મારી પ્રેક્ટિસમાં તે આત્મસાત કરવા માંગુ છું.’’ જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તે ભાલા ફેંકવામાં કયા ક્રિકેટરની સુપરપાવરને આત્મસાત કરવા માગે છે, ત્યારે ચોપરાએ કહ્યું હતું કે, ‘‘સચિન તેંડુલકર. તેમણે આટલા વર્ષો સુધી દેશનું પ્રતિનિધિત્વ કર્યું. આટલા મહાન બોલરોના પડકારોનો સામનો કર્યા પછી પણ તેમણે શાનદાર પ્રદર્શન કર્યું હતું.’’ તેણે કહ્યું હતું કે, ‘‘હું એ જ સુપરપાવર લેવા માગુ છું અને એ જ રીતે રમવા માગુ છું. જેનાથી મને શાંત રહીને પડકારોનો સામનો કરવામાં મદદ કરશે.’’

ચોપરાએ મે મહિનામાં દોડા ડાયમંડ લીગમાં ૯૦ મીટરના અંતરને પાર કર્યું હતું. તેણે કહ્યું હતું કે મહેન્દ્ર સિંહ ધોનીનો હેલિકોપ્ટર શોટ શક્તિ અને ટેકનિકની દષ્ટિએ ભાલા ફેંકવા જેવો છે. તેને જ્યારે પૂછવામાં આવ્યું કે કયો ક્રિકેટર ભાલા ફેંકી શકે છે ત્યારે તેના જવાબમાં ચોપરાએ કહ્યું હતું કે મેં સાંભળ્યું છે કે બ્રેટ લી ભાલા ફેંકનો ખેલાડી હતો. મને લાગે છે કે તે તેની કારકિર્દીના શિખર પર ભાલા ફેંકી શક્યો હોત. ■

# નિખત અને અંકુશિતાની શાનદાર જીતઃ એલિટ મહિલા બોક્સિંગ ટૂર્નામેન્ટની સેમિફાઇનલમાં મેળવ્યું સ્થાન

હૈદરાબાદઃ બે વખતની વર્લ્ડ ચેમ્પિયન નિખત ઝરીને રવિવારે અહીં એલિટ વિમેન્સ બોક્સિંગ ટુર્નામેન્ટના બીજા દિવસે શાનદાર જીતથી ૫૧ કિગ્રા વર્ગની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. નિખતે કલ્પના પર ૫-૦થી જીત સાથે ઘરઆંગણાના દર્શકોને ખુશ કરી દીધા હતા. ભૂતપૂર્વ યુવા વર્લ્ડ ચેમ્પિયન અંકુશિતા બોરોએ પણ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને રાજસ્થાનની બોક્સર પાર્થવી પર ૫-૦થી પ્રભાવશાળી વિજય સાથે ૬૫ કિગ્રા વર્ગની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. અન્ય ક્વાર્ટરફાઇનલ પરિણામોમાં પ્રીતિ (૫૪ કિગ્રા), જ્યોતિ (૫૧ કિગ્રા) અને દેવિકા ઘોરપડે (૫૧ કિગ્રા) એ સર્વસંમતિથી નિર્ણયો સાથે સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

તમિળનાડુની વી લક્ષ્ય (૫૧ કિગ્રા) એ લક્ષ્મી દેવી પર ૫-૦થી વિજય મેળવીને પ્રભાવિત કર્યા જ્યારે તનુ (૫૪ કિગ્રા), શશિ (૬૫ કિગ્રા) અને યાશી શર્મા (૬૫ કિગ્રા) પણ મજબૂત પ્રદર્શન સાથે આગળના રાઉન્ડમાં આગળ વધ્યા હતા. અંકુશિતાની ‘ટોપ્સ’ ટીમની સાથી ગીતિમોની ગોગોઈ ૭૦ કિગ્રામાં આરએસએસી (રેફરી દ્વારા મેચને રોકવી) દ્વારા આગળ વધી અને બેબીરોજસાના ચાનુ (૫૭ કિગ્રા)એ પણ જીત મેળવી હતી. સેમિફાઇનલ



સોમવારે યોજાશે. આ ટુર્નામેન્ટનું આયોજન પટિયાલામાં યોજાનાર એલીટ નેશનલ કેમ્પમાં સ્થાન મેળવવા માટે કરવામાં આવી રહ્યું છે. ■

# પીસીબીએ પૂર્વ દિગ્ગજ અઝહર મહમૂદને સોંપી મોટી જવાબદારીઃ બનાવ્યો ટેસ્ટ ટીમનો મુખ્ય કોચ

લાહોર : પાકિસ્તાનના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર અઝહર મહમૂદને સોમવારે પાકિસ્તાનની ટેસ્ટ ટીમના વચગાળાના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તે તેમના વર્તમાન કરારના અંત સુધી આ પદ પર રહેશે. તેનો વર્તમાન કરાર આવતા વર્ષે એપ્રિલ સુધીનો છે.



મહમૂદે ગયા વર્ષે એપ્રિલમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) સાથે તમામ ફોર્મેટમાં સહાયક કોચ તરીકે બે વર્ષનો કરાર કર્યો હતો. તેમની સાથે ઓસ્ટ્રેલિયાના જેસન ગિલેસ્પી (ટેસ્ટ) અને દક્ષિણ આફ્રિકાના ગેરી કર્સ્ટન (મર્યાદિત ઓવર) મુખ્ય કોચ તરીકે ટીમ સાથે હતા. જોકે, બંનેએ પાછળથી પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

પીસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આજે અઝહર મહમૂદને પાકિસ્તાનની પુરુષ ટેસ્ટ ટીમના વચગાળાના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે. અઝહર તેમના વર્તમાન કરારના અંત સુધી આ ભૂમિકામાં રહેશે.’’ ૫૦ વર્ષીય મહમૂદે ૧૯૯૬ થી ૨૦૦૭ દરમિયાન પાકિસ્તાન માટે ૨૧ ટેસ્ટ અને ૧૪૩ વન-ડે મેચ રમી છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે એક નિવેદનમાં કહ્યું હતું કે ‘‘એક અનુભવી ક્રિકેટર તરીકે અઝહર મહમૂદ ખૂબ જ અનુભવ સાથે આ ભૂમિકા સંભાળી છે. તેમણે સહાયક મુખ્ય કોચ તરીકે કામ કર્યું છે અને લાંબા સમયથી ટીમના વ્યૂહાત્મક કોર ગ્રૂપનો મહત્ત્વપૂર્ણ ભાગ રહ્યા છે. તેમને રમત અને આંતરરાષ્ટ્રીય અનુભવની ઊંડી સમજ છે. તેમને ઇંગ્લિશ કાઉન્ટી સર્કિટમાં સફળતા મળી છે. આ બાબતો તેમને આ ભૂમિકા માટે અત્યંત યોગ્ય બનાવે છે. વધુમાં તેમણે કહ્યું હતું કે રેડ બોલ ક્રિકેટમાં તેમની ક્ષમતા તેમણે જીતેલા બે કાઉન્ટી ચેમ્પિયનશિપ ટાઇટલમાં પ્રતિબિંબિત થાય છે. એક સિદ્ધિ જે તેમના નેતૃત્વ, વ્યૂહાત્મક વિચારસરણીનો પુરાવો છે. પીસીબીને વિશ્વાસ છે કે અઝહર મહમૂદના માર્ગદર્શન હેઠળ રેડ બોલ ટીમ તેની તાકાત, શિસ્ત અને પ્રદર્શનમાં વૈશ્વિક સ્તરે વૃદ્ધિ પામતી રહેશે. ■

# ઇંગ્લેન્ડ સામે વિજય રથને આગળ વધારવા ઊતરશે ભારતીય મહિલા ટીમઃ હરમનપ્રીતની વાપસી સંભવ

બ્રિસ્ટલ (ઇંગ્લેન્ડ) : ભારતીય મહિલા ટીમ પાંચ મેચની ટી-૨૦ સિરીઝમાં ઇંગ્લેન્ડનો સામનો કરી રહી છે. હરમનપ્રીત કૌરની ગેરહાજરીમાં ભારતે પ્રથમ ટી-૨૦ મેચમાં ઇંગ્લેન્ડને ૯૭ રનથી હરાવ્યું હતું. હવે ટીમ બીજી મેચ જીતીને શ્રેણીમાં ૨-૦થી લીડ મેળવવાનો પ્રયાસ કરશે. બીજી મેચ મંગળવારે ભારતીય સમય મુજબ રાત્રે ૧૧ વાગ્યે બ્રિસ્ટલમાં રમાશે, જેમાં હરમનપ્રીતની વાપસી થવાની અપેક્ષા છે. પહેલી મેચમાં સ્મૃતિ મંધાનાએ તેના સ્થાને ટીમની કેપ્ટનશિપ સંભાળી હતી.

નોટિંગહામમાં રમાયેલી પ્રથમ ટી-૨૦ મેચમાં ભારતે મંધાનાની આ ફોર્મેટમાં પહેલી સદીની મદદથી ૯૭ રનથી મોટી જીત નોંધાવી હતી. બીજી મેચમાં હરમનપ્રીતની વાપસી ભારતીય ટીમને મજબૂત બનાવશે, પરંતુ તે ઇંગ્લેન્ડ ટીમની ચિંતાઓમાં વધારો કરશે. પ્રેક્ટિસ મેચ દરમિયાન માથામાં ઈજા થયા બાદ હરમનપ્રીતને પહેલી મેચમાં આરામ આપવામાં આવ્યો હતો.

પ્રથમ મેચમાં ૨૧૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે ઇંગ્લેન્ડની ટીમ ખરાબ રીતે ભાંગી પડી હતી અને માત્ર ૧૧૩ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. મોટા સ્કોરના કારણે દબાણમાં રહેલી ઇંગ્લેન્ડની મહિલા ટીમ સામે ભારતીય બોલરોએ પૂરો ફાયદો ઉઠાવ્યો હતો. ભારતના સ્પિન આક્રમણ સામે ઇંગ્લેન્ડની બેટિંગ વેરવિખેર થઇ ગઇ હતી. ડાબોડી સ્પિનર શ્રીચરણીએ પોતાની પ્રથમ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ચાર વિકેટ ઝડપી હતી.

પહેલી મેચમાં જ ભારતના ખેલાડીઓએ દરેક વિભાગમાં સારું પ્રદર્શન કર્યું. ભારતીય ટીમ તેના મુખ્ય ઝડપી બોલરો રેણુકા સિંહ ઠાકુર અને પૂજા વસ્ત્રાકરની ઇજાઓ છતાં વધુ સારી ટીમ દેખાતી હતી. હરલીન દેઓલને ત્રીજા નંબરે મોકલવાનો નિર્ણય પણ સાચો સાબિત થયો કારણ કે તેણીએ મંધાના સાથે મળીને બીજી વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી કરીને મોટા સ્કોરનો પાયો નાખ્યો. આ શ્રેણી ચોક્કસપણે ભારતના યુવા ખેલાડીઓને આવતા વર્ષે ઇંગ્લેન્ડમાં યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપ માટેની તૈયારીઓમાં મદદ કરશે. ■

# પેરિસ સેન્ટ-જર્મને લિયોનેલ મેસ્સીની ઈન્ટર મિયામીને ૪-૦થી હરાવ્યું

મિયામી ગાર્ડેન્સ (અમેરિકા)ઃ જોઆઓ નેવેસના બે ગોલની મદદથી ચેમ્પિયન્સ લીગ ચેમ્પિયન પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી) એ વિશ્વના મહાન ખેલાડીઓમાંના એક લિયોનેલ મેસ્સીના કેપ્ટનશીપ હેઠળની ઇન્ટર મિયામીને ૪-૦ થી હરાવ્યું અને ક્લબ વર્લ્ડકપ ફૂટબોલ ટૂર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. મેસી મેજર લીગ સોકરમાં જોડાતા પહેલા મેસ્સી બે સીઝન સુધી પીએસજી માટે પણ રમી ચૂક્યો છે. એટલાન્ટાના સ્ટેડિયમમાં ૬૫,૫૭૪ દર્શકોના અપાર સમર્થન છતાં આર્જેન્ટિનાનો સ્ટાર ખેલાડી કોઈ જાદુ કરી શક્યો નહીં અને તેની ટીમને મોટી હારનો સામનો કરવો પડ્યો હતો.

નેવેસે મેચની છઠ્ઠી મિનિટે પોતાનો પહેલો ગોલ કર્યો હતો. પોર્ટુગલના મિડફિલ્ડરે ૩૯મી મિનિટે બીજો ગોલ કર્યો હતો. ઇન્ટર મિયામી પ્રથમ હાફના છેલ્લા તબક્કામાં સંપૂર્ણપણે વેરવિખેર થઇ ગઇ હતી અને તેણે આત્મઘાતી ગોલ કરી દીધો હતો. અચરફ હકીમીએ સ્ટોપેજ સમયમાં બીજો ગોલ કરીને પીએસજીની હારના અંતરને વધારી દીધું હતું. પીએસજીની જીતે એક મહિના પહેલા રમાયેલી ચેમ્પિયન્સ લીગ ફાઇનલની યાદો તાજી કરી જ્યારે ફ્રેન્ચ ક્લબે ઇન્ટર મિલાનને ૫-૦થી હરાવીને પ્રથમ વખત યુરોપિયન ચેમ્પિયન બન્યું હતું. ક્વાર્ટર ફાઇનલમાં પીએસજી શનિવારે એટલાન્ટામાં બાયર્ન મ્યુનિકનો સામનો કરશે. જર્મન ક્લબે અંતિમ-૧૬ની મેચમાં બ્રાઝિલના ફ્લેમેંગોને ૪-૨થી હરાવ્યું હતું.

# જુનિયર હોકી વર્લ્ડકપની શરૂઆત ક્વાર્ટર ફાઇનલથી થશેઃ શ્રીજેશ

બેંગલૂરુઃ ભારતના કોચ પી.આર. શ્રીજેશે જણાવ્યું હતું કે નવા ફોર્મેટમાં એફઆઇએચ જુનિયર વર્લ્ડ કપ રમવો રોમાંચક રહેશે અને વાસ્તવિક ટૂર્નામેન્ટ ક્વાર્ટર ફાઇનલથી શરૂ થશે. જુનિયર હોકી વર્લ્ડ કપ આ વર્ષે ૨૮ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન ભારતમાં ચેન્નઈ અને મદુરાઈમાં રમાશે.

પહેલી વાર ૨૪ ટીમો વર્લ્ડ કપમાં ભાગ લેશે, જ્યારે પહેલા ૧૨ ટીમો હતી. ૨૦૦૧થી આ ટૂર્નામેન્ટ ૧૬ ટીમોની ટૂર્નામેન્ટ રહી છે. નવા ફોર્મેટમાં ટીમોને છ પુલ (એ થી એફ) માં વિભાજિત કરવામાં આવશે અને દરેક પુલમાં ચાર ટીમો હશે. છ ગ્રૂપ વિજેતાઓ અને બે શ્રેષ્ઠ ટીમો ક્વાર્ટર ફાઇનલમાં પહોંચશે. ભારતને પાકિસ્તાન, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ સાથે પુલ-બીમાં સ્થાન મળ્યું છે.

શ્રીજેશે હોકી ઈન્ડિયાના એક પ્રકાશનમાં કહ્યું હતું કે, ‘‘અમે દરેક મેચ માટે રણનીતિ બનાવીશું. અમે શક્ય તેટલા વધુ પોઈન્ટ મેળવવાનો પ્રયાસ કરીશું જેથી ક્વાર્ટર ફાઇનલમાં સારું સ્થાન મેળવી શકીએ.પ્રથમ વખત ૨૪ ટીમો જુનિયર હોકી વર્લ્ડ કપમાં રમી રહી છે. અમે તે મુજબ રણનીતિ બનાવીને તૈયારી કરી રહ્યા છીએ. નવા ફોર્મેટમાં રમવું રસપ્રદ રહેશે.’’

શ્રીજેશે કહ્યું હતું કે, પુલ બીમાં પાકિસ્તાન, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ તરફથી સારો પડકાર મળશે. પાકિસ્તાન સામેની મેચ રસપ્રદ રહેશે પરંતુ ટૂર્નામેન્ટ ક્વાર્ટર ફાઇનલથી શરૂ થશે. છેલ્લે ૨૦૨૩ જુનિયર વર્લ્ડ કપમાં ભારત ચોથા સ્થાને રહ્યું હતું.



ભારતે ૨૦૦૧માં હોબાર્ટમાં અને ૨૦૧૬માં લખનઊમાં ટાઇટલ જીત્યું હતું. જર્મનીએ સાત વખત ટાઇટલ જીત્યું છે અને તે ડિફેન્ડિંગ ચેમ્પિયન પણ છે. ■



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર




રોકાણકારોની
પ્રગતિને વેગ આપે છે

# ગુજરાતનું
# ભવિષ્યલક્ષી ઇન્ફ્રાસ્ટ્રક્ચર

**વૈવિધ્યસભર ઉદ્યોગોને વૈશ્વિક બજારો સાથે એકીકૃત રીતે જોડતું ગુજરાતનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેના સમૃદ્ધ અર્થતંત્રનો મજબૂત પાયો છે. ભારતના વિકાસ પથ પર અગ્રેસર, ગુજરાત ભવિષ્ય માટે તૈયાર ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વ્યવસાયિક શ્રેષ્ઠતાના સમૃદ્ધ વારસાને જોડતી કડી છે.**

## વિશ્વ સ્તરીય કનેક્ટિવિટી

- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સહિત 19 એરપોર્ટ
- ધોલેરામાં ભારતના સૌથી મોટા એરપોર્ટનું કાર્ય પ્રગતિ પર
- 2700 કિમી ગૅસ ગ્રીડ અને નર્મદા કેનાલ વૉટર ગ્રીડ
- અમદાવાદ અને મુંબઈના મેગા સિટીને જોડતો ભારતનો પ્રથમ હાઇ-સ્પીડ રેલ પ્રૉજેક્ટ

## વિકાસ માટે પ્લગ-એન્ડ-પ્લે પાર્ક

- PM મિત્ર ટેક્સટાઇલ પાર્ક - નવસારી
- બલ્ક ડ્રગ પાર્ક - ભરૂચ
- મેડિકલ ડિવાઈસીસ પાર્ક - રાજકોટ
- સિરામિક પાર્ક - મોરબી
- વ્હીકલ સ્ક્રેપેજ અને રિસાયક્લિંગ પાર્ક - ભાવનગર
- એગ્રો ફૂડ પાર્ક - બનાસકાંઠા અને રાજકોટ
- સી ફૂડ પાર્ક - વલસાડ અને પોરબંદર
- 8 સ્થાનો પર ટ્રાઇબલ પાર્ક્સ

## ઔદ્યોગિક હબ અને મેગા પ્રૉજેક્ટ્સ

- **GIFT સિટી:** ભારતનું પ્રથમ ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (IFSC), વૈશ્વિક નાણાકીય હબ
- **DREAM City:** હીરાના વ્યાપાર અને તેના સંલગ્ન ઉદ્યોગોને સમર્પિત કેન્દ્ર
- **ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન (SIR):** વૈશ્વિક સ્તરની સુવિધાઓ સાથે વૈશ્વિક ઉત્પાદન અને વ્યાપારનું કેન્દ્ર
- **સુરત ઇકોનોમિક રિજન:** તૈયાર વસ્ત્રો અને જ્વેલરી માટે વિશ્વ-કક્ષાના ટ્રેડિંગ હબ બનાવીને સેવા અર્થતંત્રને પ્રોત્સાહન આપી પ્રવાસન, રિયલ એસ્ટેટ અને કૃષિ ક્ષેત્રે વિકાસની નવી તકો વિકસાવવી
- **પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઇન્વેસ્ટમેન્ટ રિજન (PCPIR):** કેમિકલ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રોમાં વૃદ્ધિને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું
- **સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ:** સાણંદ GIDC અને ધોલેરાને સેમિકન્ડક્ટર ઉત્પાદન માટેના મુખ્ય હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે
- **મંડલ બેચરાજી SIR (MBSIR):** વિશ્વનું સૌથી મોટું ઓટોમોબાઇલ હબ બનવા માટે સજ્જ
- સમગ્ર રાજ્યમાં ફેલાયેલી GIDCની 200+ એસેટ્સ

## ગુજરાતમાં રોકાણ કરો, અહીંથી ખૂલે છે સમૃદ્ધિના નવાં દ્વાર

# વિધાનસભામાં કુંભમેળા માટેની ઓથોરિટીની સ્થાપના માટે ખરડો રજૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે સોમવારે એક બિલ રજૂ કર્યું જેમાં આવતા વર્ષે ૩૧ ઓક્ટોબરથી શરૂ થનારા મેગા મંડળ માટે નાશિક-ત્ર્યંબકેશ્વર કુંભમેળા ઓથોરિટીની સ્થાપના કરવામાં આવી છે.

ચોમાસા સત્રના પહેલા દિવસે વિધાનસભામાં રજૂ કરાયેલા આ બિલમાં નાશિક અને ત્ર્યંબકેશ્વર તેમજ આસપાસના અન્ય વિસ્તારોમાં કુંભમેળા અને સંલગ્ન પ્રવૃત્તિઓના આયોજન અને સંચાલન માટે એક ઓથોરિટીની સ્થાપના કરવાની જોગવાઈ છે.

દેવેન્દ્ર ફડણવીસની કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવ્યા બાદ આ વર્ષે ચોથી જૂને ઓથોરિટી અંગેનો વટહુકમ બહાર પાડવામાં આવ્યો હતો.

બિલ મુજબ, બાવીસ સભ્યોની ઓથોરિટીનું નેતૃત્ત્વ નાસિક ડિવિઝન કમિશનર કરશે અને તેમાં નાસિક કલેક્ટર અને નાશિક રેન્જના પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ પણ ઉપાધ્યક્ષ તરીકે સામેલ હશે.

અધ્યક્ષ પાસે કુંભ મેળા માટે સેવાઓ, સુવિધાઓ, પરિસર, વાહનો વગેરેની માગણી કરવા માટે સરકારી વિભાગો અને અન્ય અધિકારીઓને નિર્દેશ આપવાની સત્તા હશે.

સમય સમય પર ઓથોરિટીના કાર્યની સમીક્ષા કરવા માટે પ્રધાનોની એક સમિતિ પણ બનાવવામાં આવશે.

સિંહસ્થ કુંભમેળો આવતા વર્ષે ૩૧ ઓક્ટોબરે નાશિકમાં ત્ર્યંબકેશ્વર અને રામકુંડ ખાતે 'ધ્વજરોહણ' સાથે શરૂ થશે. દર બાર વર્ષે એકવાર યોજાતા આ મેગા ઇવેન્ટના સમાપનના પ્રતીક સ્વરૂપે ચોવીસ જુલાઈ, ૨૦૨૮ના રોજ ધ્વજ ઉતારવામાં આવશે.

કરોડો શ્રદ્ધાળુઓ કુંભમેળામાં હાજરી આપે તેવી અપેક્ષા છે. ■

# મરાઠી એકતા ન તૂટે એનું ધ્યાન રાખજોઃ ઉદ્ધવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે 'હિન્દી લાદવા' સામે રાજકીય પક્ષો દ્વારા સંયુક્ત વિરોધ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે ત્રિભાષી નીતિ પરના જીઆર (સરકારી આદેશ) પાછા ખેંચ્યા હતા, એવો દાવો શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ સોમવારે કર્યો હતો.

વિધાન ભવનમાં પત્રકારો સાથે વાત કરતા, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે 'મરાઠી માણસો'ની એકતાએ મરાઠી વિરોધીઓના માથાં ફોડી નાખ્યા હતા, અને 'આગામી કટોકટી' પહેલાં મરાઠીભાષીઓનો સંયુક્ત મોરચો જાળવી રાખવો જોઈએ.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હવે વિરોધ મોરચાને બદલે, પાંચમી જુલાઈએ વિજયની ઉજવણી કરવામાં આવશે.

શાળાઓમાં પહેલા ધોરણથી પાંચમા માટે હિન્દી દાખલ કરવા સામે વધતા વિરોધને પગલે રાજ્ય સરકારે ત્રિભાષી નીતિના અમલ સંબંધી બે સરકારી આદેશો (જીઆર) પાછા ખેંચી લીધા છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભાષા નીતિ પર આગળ વધવાનો માર્ગ સૂચવવા માટે શિક્ષણવિદ્ નરેન્દ્ર જાધવની આગેવાની હેઠળ એક સમિતિની રચનાની જાહેરાત કરી હતી.

'અમે મરાઠી વિરોધીઓના માથા ફોડી નાખ્યા છે. તેઓ ફરીથી માથું ઉંચુ કરે અને આગામી સંકટ આપણા પર આવે તે પહેલાં, આપણે આ એકતા જાળવી રાખવી જોઈએ. અમે બધા સાથે વાત કરી રહ્યા છીએ. વિજયની ઉજવણીમાં આપણે એ જ એકતા બતાવવાની જરૂર છે,' એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

'હિન્દીને ફરજિયાત બનાવવાનો મુદ્દો સમાપ્ત થઈ ગયો છે અને પાંચમી જુલાઈએ મરાઠી એકતા પ્રદર્શિત થશે,' એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે વિરોધમાં સામેલ તમામ પક્ષોના નેતાઓ સાથે વાત કર્યા પછી વિજય ઉજવણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.

તેમણે વધુમાં દાવો કર્યો કે જો સરકારે જીઆર પાછા ખેંચ્યા ન હોત, તો શાસક ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને એનસીપીના કેટલાક મરાઠી સમર્થક નેતાઓ પણ વિરોધ કૂચમાં ભાગ લેતા જોવા મળ્યા હોત.

'હું સરકારને ચેતવણી આપી રહ્યો છું કે આ બાબતને હળવાશથી ન લે. આ શિક્ષણ સાથે સંબંધિત છે અને તમે એક અર્થશાસ્ત્રીની નિમણૂક કરી છે,' એમ તેમણે કહ્યું હતું. ■

## હિન્દી ભાષાને ૩,૦૦૦ વર્ષ પ્રાચીન મરાઠીથી શ્રેષ્ઠ બતાવવાના પ્રયાસો અસ્વીકાર્યઃ રાજ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના વડા રાજ ઠાકરેએ સોમવારે કહ્યું હતું કે હિન્દી વ્યાપકપણે બોલાતી હોવા છતાં, તે અન્ય રાજ્યો પર લાદવામાં આવતી રાષ્ટ્રીય ભાષા નથી અને તેને એક અભિજાત ભાષા મરાઠીથી ઉપર રાખવાના પ્રયાસો સહન કરવામાં આવશે નહીં.

શાળાઓમાં પ્રાથમિક વર્ગો માટે 'હિન્દીને ત્રીજી ભાષા તરીકે લાદવા'નો વિરોધ કરવામાં મનસે અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) મોખરે રહી છે.

પત્રકારો સાથે વાત કરતા ઠાકરેએ કહ્યું હતું કે, 'લોકો ૧૫૦થી ૨૦૦ વર્ષ જૂની હિન્દી ભાષાને મરાઠી કરતાં શ્રેષ્ઠ બતાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેનો ઇતિહાસ ૩,૦૦૦ વર્ષથી વધુ છે. આ અસ્વીકાર્ય છે અને હું તેને મંજૂરી આપીશ નહીં.'

આટલી ભાષાકીય વિવિધતા ધરાવતા દેશમાં હિન્દીને રાષ્ટ્રીય ભાષા તરીકે બ્રાન્ડ કરવાની કાયદેસરતા પર તેમણે સવાલ ઉઠાવ્યો હતો.

'હિન્દી એ રાષ્ટ્રભાષા (રાષ્ટ્રીય ભાષા) નથી જે અન્ય રાજ્યો પર લાદવામાં આવે. આ પ્રકારની બળજબરી યોગ્ય નથી,' એમ એમએનએસના વડાએ કહ્યું હતું. ■

# રાજેશ કુમાર મહારાષ્ટ્રના નવા મુખ્ય સચિવ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે સોમવારે રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે વધારાના મુખ્ય સચિવ (મહેસૂલ) રાજેશ કુમારની નિમણૂક કરી હતી. તેઓ સોમવારે નિવૃત્ત થયેલા સુજાતા સૌનિકનું પદ સંભાળશે.

સામાન્ય વહીવટ વિભાગના એસીએસ (સેવાઓ) વી. રાધા દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, તેઓ એડિશનલ ચીફ સેક્રેટરી (રેવન્યુ)નો પદભાર સંભાળવાનું ચાલુ રાખશે.

૧૯૮૮ બેચના આઇએએસ અધિકારી કુમારે બીડ જિલ્લા પરિષદના સીઈઓ અને ધારાશિવ અને જલગાંવ જિલ્લાના કલેક્ટર તરીકે સેવા આપી છે.

તેઓ ૨૦૨૦થી એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે.

રાજેશ કુમાર ૩૧ ઓગસ્ટે નિવૃત્ત થશે. ■

# સરકાર વિપક્ષના 'દબાણ' હેઠળ ઝૂકી ગઈઃ આદિત્ય ઠાકરે

### ઠાકરે અને અન્ય વિપક્ષી વિધાનસભ્યોએ વિધાન ભવનના પગથિયાં પર 'મી મરાઠી' લખેલા પ્લેકાર્ડ પકડીને પ્રતીકાત્મક વિરોધ પ્રદર્શન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ સોમવારે એવો દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર સરકારે વિપક્ષ અને નાગરી સમાજના 'દબાણ'ને કારણે પ્રાથમિક ધોરણોમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે શીખવવાનો નિર્ણય પાછો ખેંચી લીધો છે.

આદિત્ય ઠાકરે, વિધાનસભા પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવે, ભાસ્કર જાધવ અને અન્ય વિપક્ષી વિધાનસભ્યે મુંબઈમાં વિધાન ભવનના પગથિયાં પર 'મી મરાઠી' (હું મરાઠી છું) લખેલા પ્લેકાર્ડ પકડીને પ્રતીકાત્મક વિરોધ પ્રદર્શન કર્યું હતું.

'સત્તા પર દબાણનો વિજય થયો,' એમ ઠાકરેએ વિધાનસભાના ચોમાસુ સત્રના પહેલા દિવસની શરૂઆતમાં વિધાન ભવનના પરિસરમાં પત્રકારોને જણાવ્યું હતું.

મહારાષ્ટ્રની શાળાઓમાં પહેલા ધોરણથી પાંચમા સુધી હિન્દી ભાષા દાખલ કરવાના વધતા વિરોધનો સામનો કરી રહેલા રાજ્ય પ્રધાન મંડળે રવિવારે ત્રિભાષા નીતિના અમલ અંગેના બે જીઆર (સરકારી આદેશો) પાછા ખેંચવાનો નિર્ણય લીધો હતો.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું કે જીઆર પાછા ખેંચી લેવામાં આવ્યા છે, અને ત્રિભાષા નીતિ પર આગળ વધવાનો માર્ગ સૂચવવા માટે શિક્ષણવિદ્ નરેન્દ્ર જાધવની આગેવાની હેઠળ એક સમિતિની રચનાની જાહેરાત કરી હતી.

'સત્તા હોવા છતાં હિન્દી લાદવાનો વિરોધ કરી રહેલા લોકો, વિપક્ષ અને અન્ય લોકોના દબાણને કારણે સરકારે પોતાના આદેશ પાછા ખેંચવા પડ્યા હતા,' એવો દાવો ઠાકરેએ કર્યો હતો. ■

# ભૂતપૂર્વ પ્રધાન રવીન્દ્ર ચવાણે મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના વિધાનસભ્ય અને ભૂતપૂર્વ પ્રધાન રવીન્દ્ર ચવાણે સોમવારે પક્ષના પ્રદેશ પ્રમુખપદ માટે પોતાની ઉમેદવારી નોંધાવી હતી અને મંગળવારે સાંજ સુધીમાં પક્ષપ્રમુખની ઔપચારિક જાહેરાત કરવામાં આવશે, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને પાર્ટીના સિનિયર નેતા દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું. પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે જણાવ્યું હતું કે ભાજપના નવા રાજ્ય પ્રમુખની પસંદગીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુ, જે પાર્ટીના કેન્દ્રીય નિરીક્ષક છે, નામાંકન દરમિયાન હાજર હતા.

'ભાજપને ટૂંક સમયમાં નવો પ્રદેશ પ્રમુખ મળશે. રવીન્દ્ર ચવાણે આજે વર્તમાન પ્રમુખ અને રાજ્યના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે અને અન્યો સહિત વરિષ્ઠ નેતાઓની હાજરીમાં પોતાની ઉમેદવારી નોંધાવી છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ચવાણે મ્યુનિસિપલ કોર્પોરેટર, વિધાનસભ્ય અને બાદમાં પ્રધાન બનતા પહેલા યુવા પાંખના કાર્યકર તરીકે પોતાની રાજકીય સફર શરૂ કરી હતી.

'ચવાણ ચાર વખત વિધાનસભ્ય રહ્યા છે અને પાર્ટીમાં લાંબા સમયથી સાથી છે. અમને ખુશી છે કે તેમણે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું છે. સત્તાવાર જાહેરાત આવતીકાલે સાંજ સુધીમાં કરવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે પાર્ટી સંગઠનને મજબૂત બનાવવા માટે વિદાય લેતા રાજ્યના પ્રમુખ બાવનકુળે દ્વારા કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરી હતી, જે ગયા વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પ્રતિબિંબિત થયું હતું.

થાણે જિલ્લાના એક અગ્રણી ચહેરા સમાન ચવ્હાણે ૨૦૦૭માં કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે ચૂંટાયા પછી તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. કોંગ્રેસ-એનસીપી ગઠબંધન સત્તા પર હોવા છતાં, તેઓ સ્થાયી સમિતિના અધ્યક્ષ બન્યા હતા.

૨૦૦૯માં, તેમને ડોમ્બિવલી વિધાનસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા અને જીત્યા હતા. તેઓ ૨૦૧૪માં ફરીથી ચૂંટાયા હતા અને કલ્યાણ-ડોમ્બિવલી, મીરા-ભાયંદર અને પનવેલ સહિત મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રના વિવિધ મ્યુનિસિપલ કોર્પોરેશનોની દેખરેખ રાખતા રાજ્યના પ્રધાન તરીકે સેવા આપી હતી. ■

# ગઢચિરોલીમાં ખાણકામ સત્તામંડળ માટે બિલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે સોમવારે ખનિજ ધરાવતા વિસ્તારના સુવ્યવસ્થિત અને ઝડપી વિકાસ અને યોજનાઓ અને પ્રોજેક્ટ્સના અમલીકરણના સંકલન અને દેખરેખ માટે ૧૬ સભ્યોની ગઢચિરોલી જિલ્લા ખાણકામ ઓથોરિટીની સ્થાપના માટે બિલ રજૂ કર્યું.

આ ઓથોરિટીનું નેતૃત્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કરશે, જે ગઢચિરોલી જિલ્લાના પાલક પ્રધાન પણ છે. સરકારનું આ પગલું મહત્વપૂર્ણ છે કારણ કે તે ડાબેરી ઉગ્રવાદને ખતમ કરવા અને ગઢચિરોલીને ભારતના આગામી સ્ટીલ શહેર તરીકે વિકસાવવાની અપેક્ષા રાખે છે.

આ જિલ્લો આયર્ન ઓર, હેમેટાઇટ, મેગ્નેટાઇટ, ચૂનાના પથ્થર, ડોલોમાઇટ અને કોલસા જેવા વિપુલ પ્રમાણમાં ખનિજોથી સંપન્ન છે, જેનો ઉપયોગ વિવિધ ઉત્પાદન ઉદ્યોગો માટે કાચા માલ તરીકે થાય છે.

વધુમાં, ગઢચિરોલી જિલ્લો જે આયર્ન ઓરથી સમૃદ્ધ છે, તેમાં ખનિજ આધારિત ઉદ્યોગો, ખાસ કરીને સ્ટીલ ઉદ્યોગ માટે કેન્દ્ર તરીકે વિકસાવવાની સંભાવના છે, એમ બિલમાં જણાવાયું છે.

'હાલમાં, સંકલિત વહીવટી તંત્રનો અભાવ ખાણકામ પ્રોજેક્ટના ઝડપી અમલમાં અવરોધ ઉભો કરે છે. તેથી, ખાણકામ મંજૂરીઓને ઝડપી બનાવવા અને સ્ટીલ અને સિમેન્ટ જેવા ખનિજ આધારિત ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં ચોક્કસ પ્રધાનો અને સંબંધિત વિભાગોના સચિવોની બનેલી યુનિફાઈડ ઓથોરિટીની સ્થાપના કરવાની જરૂરિયાત અનુભવાઈ હતી, જેનાથી ગઢચિરોલી જિલ્લા અને પરિણામે રાજ્યના સર્વાંગી વિકાસને વેગ મળશે,' એમ બિલમાં જણાવાયું છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| મેઘ | HAILSTONES |
| વીજળી | RAIN |
| વાવાઝોડું | TORNADO |
| વંટોળ | STORM |
| કરા | LIGHTNING |

### ઓળખાણ પડી?




કીબોર્ડ સાથેના આ મ્યુઝિક ઈન્સ્ટ્રુમેન્ટની ઓળખાણ પડી? કલ્યાણજીભાઈએ 'નાગિન'માં એમાંથી બીનનો ધ્વનિ ઉત્પન્ન કર્યો હતો.

અ) ઓર્ગન  બ) ક્લે વાયોલિન  ક) પિયાનો  ડ) કલેરિનેટ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અં | ૨ ત | ૩ રિ | ક્ષ | | ૪ ઐ | ૫ તિ | ૬ હા | સિ | ૭ ક |
| ૮ ત | ર | સ | | ૯ અ | | ૧૦ ત | જી | | ટ |
| ૧૧ ર | સી | | ૧૨ ન | વ | ત | ર | | ૧૩ રા | લ |
| યા | | ૧૪ કા | ળ | કા | | ૧૫ બી | કા | ને | રી |
| ૧૬ મી | ૧૭ ત | વા | | ૧૮ શ | ર | ત | | રી | |
| | સુ | | ૧૯ બો | યા | | ૨૦ ર | દ્દી | | ૨૧ અ |
| ૨૨ નિ | | ૨૩ અ | ખા | ત્રી | ૨૪ જ | | | ૨૫ હ | ત્યા |
| યં | | તિ | | | ૨૬ ફા | ળ | ૨૭ કા | | ધુ |
| ૨૮ ત્ર | સ્ત | | ૨૯ ભા | ૩૦ ત | | | ૩૧ શ | ૩૨ કુ | નિ |
| ણ | | ૩૩ ક | ર | ક | સ | ર | | ૩૪ વા | ક |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| ૯ | | | ૧૦ | | | | | ૧૧ | |
| ૧૨ | | | | | | ૧૩ | ૧૪ | | |
| | | | ૧૫ | | | | | | |
| ૧૬ | | ૧૭ | | | | ૧૮ | | | ૧૮-અ |
| ૧૯ | ૨૦ | | | ૨૧ | ૨૨ | | | | |
| ૨૩ | | | ૨૪ | | | | ૨૫ | | |
| ૨૬ | | | | | ૨૭ | ૨૮ | | | |
| | ૨૯ | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. પોતાની જાતે (૪)
૪. સળવળવું તે (૫)
૭. બીક લાગવી (૩)
૮. જેને દેખાતું નથી (૨)
૯. --- ખાલી થયા, ભભકા ભારી થયા (૨)
૧૦. યાત્રા (૩)
૧૧. છ (૨)
૧૨. દારૂ પીવાથી --- બગડે (૩)
૧૩. ત્રાહિત, અજાણ્યું પરાયું (૪)
૧૫. માફ ન કરી શકાય તેવું (૩)
૧૭. ડાઘ વગરનું (૩)
૧૮. એકની જગાએ બીજું (૪)
૧૯. ભૂલચૂક, અધઃપતન (૩)
૨૧. એક જાતિ (૩)
૨૩. સુધી (૨)
૨૪. પિતા (૩)
૨૫. દલાલી, હકસાઇ (૩)
૨૬. બકરા ઘેટાનું ચામડું (૨)
૨૭. અંકુશ (૩)
૨૯. આપાત્કાલીન સ્થિતિ (૪)
૩૦. સાર, બરકત (૪)

**ઊભી ચાવી**

૧. નડતર (૪)
૨. વખાણવું, ઉત્સાહ વધારવો (૫)
૩. તમારાથી --- થાય? (૨)
૪. --- જેસંગ ગુજરાતનો જાણીતો રાજા (૩)
૫. વડે, માટે, બદલે (૨)
૬. બોલાચાલી, ચડાઉતરી (૪)
૮. આકાશમાં જવું તે (૭)
૧૧. સાચા (૨)
૧૪. છૂટાછેડા (મુસ્લિમોમાં) (૩)
૧૫. છટા, અભિનય (૨)
૧૬. ભેખડ ધસી પડવી તે (૪)
૧૭. મારા દાદાની પૌત્રી (૨)
૧૮. શમે ના --- થી --- (૨)
૧૮.અ. કહેલું, વર્ણવેલું (૩)
૨૦. થોડા વખત માટે (૪)
૨૨. ખબર છે એટલી કે માતની --- પડી છે (૩)
૨૪. સહેજ, થોડું (૩)
૨૫. એક વૃક્ષ (૩)
૨૮. ગર્ભ (પશુ માદાનો) (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'મૂરખને મોભો નહીં, કાસદને નહીં થાક' વાક્યમાં 'કાસદ' શબ્દનો અર્થ જણાવો.

અ) હાથી  બ) દૂત  ક) કાગળ  ડ) મોટર

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ OPHIDIOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) રીંછ  બ) ઓક્ટોપસ  ક) સાપ  ડ) મગર

### માતૃભાષાની મહેક

મંત્ર ભણીને મૂકવામાં આવતું હથિયાર અસ્ત્ર કહેવાય છે. અગાઉ મંત્ર ભણીને અમુક અમુક નામનાં અસ્ત્ર ફેંકવામાં આવતાં અને તે જેવી જાતનાં હોય તેવી દુશ્મનની પર અસર કરતાં. વરુણાસ્ત્રથી વરસાદ પડતો, સર્પાસ્ત્રથી શત્રુઓ સાપના ભયમાં પડતા.

### ઈર્શાદ

*મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,*
*નાનાની મોટાઈ જોઈને જીવું છું.*

-- ઉમાશંકર જોશી

### સુડોકુ-૯૦૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | | | | ૯ |
| | | ૯ | ૨ | | ૧ | ૮ | | |
| ૫ | ૮ | | | | | | ૨ | ૪ |
| | ૨ | | ૩ | ૧ | ૮ | | ૫ | |
| ૧ | | | ૭ | | ૯ | | | ૩ |
| | ૯ | | ૬ | ૪ | ૫ | | ૭ | |
| ૪ | ૭ | | | | | | ૯ | ૫ |
| | | ૩ | ૪ | | ૨ | ૭ | | |
| ૮ | | | | | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૯ | ૮ | ૬ | ૨ | ૭ | ૪ |
| ૨ | ૮ | ૭ | ૫ | ૩ | ૪ | ૧ | ૯ | ૬ |
| ૯ | ૬ | ૪ | ૭ | ૨ | ૧ | ૫ | ૮ | ૩ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૯ | ૩ | ૬ | ૫ | ૭ |
| ૭ | ૯ | ૮ | ૧ | ૬ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૪ | ૭ | ૨ | ૯ | ૧ | ૮ |
| ૬ | ૪ | ૯ | ૩ | ૧ | ૮ | ૭ | ૨ | ૫ |
| ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૭ | ૮ | ૩ | ૯ |
| ૮ | ૭ | ૩ | ૨ | ૫ | ૯ | ૪ | ૬ | ૧ |

### માઈન્ડ ગેમ

મહારાષ્ટ્ર રાજ્યમાં બે રાજધાની છે. એક મુંબઈ, જે દેશની આર્થિક રાજધાની પણ કહેવાય છે. બીજી રાજધાનીનું નામ જણાવો.

અ) ધૂળે  બ) કોલ્હાપુર  ક) નાગપુર  ડ) જળગાંવ

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| રતલ | POUND |
| અટલ | INEVITABLE |
| પટલ | COVER |
| કપોલ | CHEEK |
| બખોલ | HOLLOW |

ઓળખાણ પડી? પાવરી

ગુજરાત મોરી મોરી રે લોહી

ચતુર આપો જવાબ અર્થ જણાવો સિંહ

માઈન્ડ ગેમ ૨૮

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નયના ભટ્ટ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) પુષ્પા પટેલ (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) શીરીન ઔરંગાબાદવાલા (૧૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નયના ગિરીશ મિસ્ત્રી (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) અલકા વાણી - સિંડની (૨૬) પ્રવીણ વોરા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) મહેશ દોશી (૨૯) વિણા સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) પુષ્પા ખોના (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુફાઈ મિસ્ત્રી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) રમેશ દલાલ (૪૦) ડાયના સંતોકે (૪૧) સુરેશ ઉદેશી (૪૨) દિપીકા દોશી (૪૩) નિતિન જયંતિલાલ બજરિયા (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) ધીરેન્દ્ર ઉદેશી (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) અરવિંદ કામદાર (૫૦) અંબરીષ ઓઝા

તન-મન-ધનથી રહો તરોતાજા




## રોકાણનાં જોખમ

# આર્થિક મામલે અવ્યવહારુ ચંચળ વર્તન

### જરૂરિયાત અને ઈચ્છાઓ વચ્ચેની ભેદરેખા આપણા મન સિવાય બીજું કોઇ ઓળખી શકે નહીં માટે આ મામલામાં આપણે જાત સાથે પ્રામાણિક રહેવું જોઇએ...

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

રવિ અને શમાને એ વાતની ચિંતા છે કે એમની અઢાર વર્ષની દીકરી પૈસાના મામલામાં બેદરકાર છે. એ પોતાનું બધું જ પોકેટ મની મહિનો પૂરો થાય તે પહેલાં ઉડાડી નાખે છે અને પછી છેલ્લા દિવસોમાં વધારાના પૈસાની માગણી કરે છે. એ કયારેય કાગળ પર લખીને પોતાનું બજેટ બનાવતી નથી.

મેં શમા- રવિને પૂછ્યું : 'તમે બજેટ બનાવો છો ખરાં?'

જવાબમાં એમણે જે બહાનાં કાઢયાં તે અફલાતૂન હતાં.

એ કહે :

'અમારે બજેટ બનાવવાની જરૂર જ પડતી નથી, કેમ કે અમે પછેડી પ્રમાણે જ સોડ તાણીએ છીએ.' એમનું કહેવું હતું કે, 'અમે અમારી આવકની ઉપરવટ જઇને ખર્ચ કરતાં નથી એટલે બજેટ ન બનાવીએ તો ચાલે.'

મેં એમને સલાહ આપી કે કમસે કમ થોડા મહિના માટે તમારી દીકરીને મહિનાની આખર તારીખમાં વધારાનું પોકેટમની આપવાનું બંધ કરો. શમાને આ સૂચન ખાસ ગમ્યું નહીં. એણે દીકરીની માગણી વાજબી ઠરાવતાં કહ્યું, 'પણ એણે રોજ કોલેજ જવાનું હોય, ફ્રેન્ડસ સાથે બહાર ફરવા જવાનું હોય... પૈસા તો જોઇએ જ ને!'

મા-બાપનું આ અવ્યવહારુ વર્તન તમે જુઓ. સૌથી પહેલાં તો એ ખુદ લખીને પોતાનું બજેટ બનાવતાં નથી. એ ભલે આવક કરતાં વધારે ખર્ચ કરતાં ન હોય, પણ દીકરી મહિનો પૂરો થાય તે પહેલાં જ બધા પૈસા વાપરી નાખે છે ત્યારે એને સમજી વિચારીને ખર્ચ કરતાં શીખવવાને બદલે વધારાનું પોકેટમની આપે છે... અને પછી એમને સમજાતું નથી કે દીકરી પૈસાના મામલામાં આટલી બેજવાબદાર કેમ છે!

મિસ્ટર વર્મા ડ્રાઇવરની બાજુમાં બેઠા હોય તો સીટ બેલ્ટ નહીં પહેરે. એમને એમ છે કે એક્સિડન્ટ થશે તો એકલા ડ્રાઇવરને જ ઇજા પહોંચશે. એ ચેઇન સ્મોકર છે, પણ શેરબજારમાં પૈસા રોકવાનું એમને જોખમી લાગે છે. શું વધારે જોખમી છે-સીટ બેલ્ટ ન પહેરવો અને એકધારી સિગારેટો પીવી કે શેરબજારમાં રોકાણ કરવું? શેરબજારમાં, અલબત્ત, નફા અને નુકસાન બન્નેની શકયતા રહે છે, પણ ચીમનીની જેમ સિગારેટો ફૂંકવાથી માત્ર નુકસાન જ થવાનું છે.

કાંતિભાઇ અને સુલોચનાબહેન ઇચ્છે છે કે એમની સંપત્તિ કેટલીય પેઢીઓ સુધી ચાલે, પણ પોતપોતાનો ઘરસંસાર વસાવીને સરસ રીતે ઠરી ઠામ થઇ ગયેલા પોતાનાં સંતાનો પરથી લગામ દૂર કરવા એ તૈયાર નથી. એમને લાગે છે કે સંતાનો પૂરતાં જવાબદાર નથી, પણ સંપત્તિ આગલી પેઢીને ટ્રાન્સફર કરવા એ તૈયાર નથી.

પ્રદીપ સિંહ રેસ્ટોરાંમાં જમવા જાય ત્યારે હંમેશાં બિલ ઝીણવટથી ચકાસી લે છે. વાનગીઓની કિંમત બરાબર લગાવી છે કે નહીં તે મેનુમાં જોઇને ચેક કરશે અને બે વાર આખા લિસ્ટનો સરવાળો કરીને બિલની કુલ રકમની ખાતરી કરશે. એ અલગ વાત છે કે એમના બેન્ક એકાઉન્ટમાં મોટી રકમ સાવ નિષ્ક્રિય પડી છે.

બીજા શબ્દોમાં, આપણે ખુદના અને નજીકનાં સ્વજનોનાં વર્તન-વ્યવહારમાં આ પ્રકારનું અતાર્કિકપણું જોતાં હોઇએ છીએ. એનું કારણ એ છે કે આપણે પૈસાના મામલામાં બુદ્ધિપૂર્વક રિએકટ કરતા નથી. પૈસાની વાત આવે ત્યારે આપણે સૌ દિમાગને બદલે દિલથી પ્રતિક્રિયા આપતાં હોઇએ છીએ.

બીજું મહત્ત્વનું પરિબળ એ છે કે 'પૈસાના મામલામાં હું જવાબદાર અને તર્કશુદ્ધ છું' એવો દેખાવ કરવાનું આપણને ગમતું હોય છે. બીજાઓની સામે આપણને 'સારા' દેખાવું હોય છે. તેથી આપણે એકલા હોઇશું ત્યારે એક પ્રકારનું વર્તન કરીશું, જયારે બીજાઓ સામે સાવ જુદી રીતે વર્તીશું.

આવા વર્તન વ્યવહારમાંથી અતાર્કિકપણાને સંપૂર્ણપણે નાબૂદ કરવું શકય નથી, કારણકે આપણે મનુષ્ય છીએ અને આપણાં મનમાં જાતજાતની લાગણી આવતી જતી રહે છે. અલબત્ત, સભાનપણે પ્રયત્ન કરીએ તો લાંબા ગાળે આપણા વ્યવહારમાં તર્કની માત્રા વધારી શકીએ ખરા. તર્કશુદ્ધ વર્તન સ્થિરતા લાવે છે અને સ્થિરતા આપણને લાંબા ગાળાનાં સંપત્તિસર્જન તરફ દોરી જાય છે.

સંપત્તિસર્જનની વાત આવે ત્યારે શક્ય હોય ત્યાં સુધી દિમાગથી વિચારો, દિલથી નહીં.એમ નહીં કરો તો તમારી આવક બચત-સંપત્તિ પર અદશ્ય જોખમ તોળાતું જ રહેશે. ■

---

## વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

### ABCD બીમારીઓના દરદીઃ

# આરોગ્ય વીમો લેતી વખતે કઈ-કઈ વાતનું ધ્યાન રાખવું?

જો તમારા પરિવારમાં કોઈને અસ્થમા, બ્લડ પ્રેસર, કોલેસ્ટરોલ કે ડાયાબિટીસ (ટૂંકમાં ABCD!) હોય તો જાણી લેજો કે અનેક કુટુંબોમાં આવી બીમારીઓ ધરાવતા સભ્યો છે. આજકાલ આપણે ત્યાં જીવનશૈલીને લગતા રોગ ઘણા વધી ગયા છે. સૌથી પહેલાં તો આ બીમારીની સારવાર વિશે વિચારવું જરૂરી બને છે, પરંતુ એની સાથે સાથે આ સારવારને આવરી લેનારી આરોગ્ય વીમાની પોલિસી લેવા વિશે પણ તૈયાર કરી લેવી જરૂરી છે.

અહીં એ પણ જાણી લો અલગ અલગ વીમા કંપનીની પોલિસીમાં ABCD બીમારીઓ માટેનાં ધારાધોરણો અલગ અલગ હોય છે. કેટલીક કંપનીની પોલિસીમાં વેઇટિંગ પિરિયડ વધારે હોય છે, જ્યારે અમુકમાં તો આ બીમારીઓ આવરી લેવાયેલી જ નથી હોતી. બીજી અમુક કંપનીઓ પોલિસી આપે છે, પરંતુ એના માટે ઊંચું પ્રીમિયમ લે છે. દરેક પરિવારને મહત્તમ બીમારીઓના ખર્ચ સામે આર્થિક રક્ષણ આપે એવી પોલિસી ખરીદવી હોય અથવા પહેલેથી લીધેલી પોલિસીમાં સુધારા કરાવવાના હોય તો કઈ બાબતનું ધ્યાન રાખવું એના વિશે આજે આપણે વાત જાણી લઈએ, જેમકે...

**૧) પ્રી-એક્ઝિસ્ટિંગ કવરેજ તપાસી લેવું**

અસ્થમા, બ્લડ પ્રેશર, કોલેસ્ટરોલ અને ડાયાબિટીસ એ ચારે તકલીફોને પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીસીઝની શ્રેણીમાં મૂકવામાં આવી છે. આરોગ્ય વીમા પોલિસી ઇસ્યૂ થાય એની પહેલાંના ૪૮ મહિનાની અંદર આ બીમારીઓનું નિદાન થયું હોય કે સારવાર કરાવવામાં આવી હોય ત્યારે એને 'પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ' ગણવામાં આવે છે.

પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝનું નામ આવે એટલે એને લગતો વેઇટિંગ પિરિયડ પણ હોય એ સ્વાભાવિક છે. આથી જેમાં વેઇટિંગ પિરિયડ ઓછો હોય એવી પોલિસી શોધવી. અમુક વીમા કંપનીઓ બે વર્ષ, તો અમુક ત્રણ કે ચાર વર્ષ જેટલો વેઇટિંગ પિરિયડ રાખે છે.

આ બીમારીઓ વેઇટિંગ પિરિયડ પછી આવરી લેવાશે, કે પછી કાયમ માટે એને એક્સક્લુઝનમાં રાખવામાં આવશે એ પણ તપાસી લેવી.

નોંધનીય છે કે અમુક કંપની એવો નિયમ રાખે છે કે, જો આરોગ્યની તપાસ કરાવવામાં આવે અથવા વધુ પ્રીમિયમ ભરવાની તૈયારી હોય તો આ બીમારીઓ માટે વેઇટિંગ પિરિયડ રાખવામાં આવતો નથી.

આ ઉપરાંત, એ પણ ધ્યાનમાં લેવું કે વીમા કંપનીએ આ બીમારીઓ માટે રૂમ રેન્ટ/આઇસીયુ સંબંધે કોઈ સબ-લિમિટ કે મહત્તમ મર્યાદા રાખી છે કે કેમ.

ઘણી વાર, જો પોલિસીધારકની ઉંમર ૬૦ વર્ષ કરતાં વધારે હોય તો કંપનીઓ પોલિસીમાં કો- પેમેન્ટની શરત રાખે છે.

**૨) ઓપીડી અથવા ડે કેર સારવાર આવરી લેવામાં આવી છે કે નહીં?**

ઉક્ત ચારે બીમારીમાં નિયમિતપણે ડોક્ટર પાસે જઈને તપાસ કરાવવી પડે છે. વળી, એની દવાઓ પણ લાંબા સમય સુધી લેવાની હોય છે અને દરદીની સ્થિતિ જાણવા માટે અનેક તબીબી પરીક્ષણો કરાવવાં પડતાં હોય છે. સ્ટાન્ડર્ડ હોસ્પિટલાઇઝેશન પ્લાનમાં આ બધી બાબતો આવરી લેવાયેલી હોતી નથી. આથી પોલિસી લેવા ઈચ્છુક વ્યક્તિએ ઓપીડી (આઉટ પેશન્ટ ડિપાર્ટમેન્ટ)માં લેવાતી સારવારનો ખર્ચ વીમા કંપની આપે છે કે કેમ એ જાણી લેવું જરૂરી છે. ઉપરાંત, અનેક વાર ડે- કેરમાં પણ સારવાર લેવામાં આવે છે. એમાં અમુક ઇન્જેક્શન લેવાં, નેબ્યુલાઇઝેશન કરાવવું, ઈસીજી કે બીજાં પરીક્ષણ કરાવવાનો સમાવેશ થાય છે. વળી, આ તકલીફો ધરાવતા દરદીઓનું વાર્ષિક આરોગ્ય પરીક્ષણ પણ કરાવવાનું હોય છે, જેના માટે અલગથી ખર્ચ કરવા પડે છે. ટૂંકમાં, ઓપીડી અને ડે- કેર ધોરણે થતી સારવારના ખર્ચનો ક્લેમ પોલિસીમાં આવરી લેવાયેલો છે કે નહીં એ પહેલેથી જાણી લેવું જોઈએ.

**૩) હોસ્પિટલાઇઝેશનને લગતા નિયમો જાણી લેવા**

સામાન્ય સંજોગોમાં ઉક્ત બીમારીઓની સારવાર ઓપીડીમાં થતી હોય છે. ક્યારેક હાર્ટ ઍટેક, સ્ટ્રોક, ઇન્ફેક્શન કે અસ્થમાના ઍટેકની સ્થિતિમાં હોસ્પિટલાઇઝેશનની પણ જરૂર પડી શકે છે. આથી પોલિસી એવી હોવી જોઈએ, જેમાં હૃદયરોગને લગતાં, ડાયાબિટીસનાં કે શ્વસનતંત્રનાં કોમ્પ્લિકેશન્સ માટે અલગ અલગ ખર્ચમર્યાદા હોવી જોઈએ નહીં. કેશલેસ હોસ્પિટલાઇઝેશન માટેનું નેટવર્ક વ્યાપક હોવું જોઈએ અર્થાત્ ઘણી બધી જગ્યાએ એ શક્ય હોવું જોઈએ.

રિસ્ટોરેશન બેનિફિટ હોવો જોઈએ. એનો અર્થ એવો થયો કે એક ક્લેમ આવી ગયા બાદ કવરેજની રકમ ફરીથી પૂર્વવત્ થઈ જવી જોઈએ.

**૪) પૂરતા પ્રમાણમાં સમ ઇન્સ્યોર્ડ વત્તા રીસ્ટોર બેનિફિટ**

અસ્થમા, બ્લડ પ્રેશર, કોલેસ્ટરોલ અને ડાયાબિટીસ એ ચારે સ્થિતિમાં ગમે ત્યારે ઈમરજન્સી ઊભી થઈ શકે છે. એની સારવારનો ખર્ચ પણ ઘણો મોટો હોય છે. આથી ખાસ કરીને શહેરી વિસ્તારોમાં ઓછામાં ઓછો ૧૦થી ૧૫ લાખ રૂપિયાનું કવરેજ ધરાવતો આરોગ્ય વીમો લેવો જોઈએ. એ ઉપરાંત અનલિમિટેડ કે ઑટોમેટિક રિસ્ટોરેશન ધરાવતી પોલિસી લેવી જોઈએ, જેથી એક કરતાં વધુ વખત સારવાર કરાવવામાં આવે ત્યારે દર વખતે કવરેજની રકમ પૂર્વવત્ થઈ જાય.

**૫) નો ક્લેમ આધારિત લોડિંગ અથવા દંડ**

વીમાધારકનો ક્લેમ આવે ત્યારે એ સેટલ કર્યા બાદ કેટલીક વીમા કંપનીઓ પ્રીમિયમમાં વધારો કરી દેતી હોય છે અથવા તો પોલિસીના લાભ ઘટાડી દેતી હોય છે. લાંબો સમય ચાલનારી બીમારીઓની સ્થિતિમાં આ વલણ અન્યાયી સાબિત થાય છે, અર્થાત્ એમાં વીમાધારકને નુકસાન થાય છે. આથી એવી પોલિસી લેવી, જેમાં નો ક્લેમ બોનસ ખતમ થતી ન હોય અને પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીસીઝ સંબંધે ક્લેમમાં કોઈ કાપ મુકાતો ન હોય. જે પોલિસી હેઠળ વેલનેસ રિવોર્ડ કે હેલ્થ સ્કોર ડિસ્કાઉન્ટ મળતાં હોય એ પોલિસી પણ સારી કહેવાય.

**૬) સરળ અંડરરાઇટિંગ અને ડિસ્કલોઝર**

ઉક્ત બીમારીઓ ધરાવતી વ્યક્તિની પોલિસી સંબંધે મેડિકલ અંડરરાઇટિંગનાં ધોરણો આકરાં હોય છે. આથી વીમા કંપનીઓ દરદીની મેડિકલ હિસ્ટરી, હાલની દવાઓની યાદી, બ્લડ રિપોર્ટ, ઈસીજી, એચબીએવનસી, લિપિડ પ્રોફાઇલ, વગેરે જેવી વિગતો માગી શકે છે.

અહીં ખાસ જણાવવાનું કે વીમાધારકે પોતાની કોઈ પણ બીમારી કે આરોગ્યની તકલીફને છુપાવવી જોઈએ નહીં. જે દરદી પોતાની ઉક્ત બીમારીઓને નિયંત્રણમાં રાખી શક્યા હોય એમને સહેલાઈથી વીમો આપી દેનારી વીમા કંપનીની પસંદગી કરવી. આ બીમારીઓ ધરાવતી વ્યક્તિને કોઈ વેઇટિંગ પિરિયડ કે લોડિંગ લાગુ થતાં હોય તો એમણે વીમા કંપનીને એ પૂછી લેવું જોઈએ કે શું નવા રિપોર્ટ કઢાવીને આપવામાં આવે તો વેઇટિંગ પિરિયડ કે લોડિંગ ઓછાં કરવામાં આવશે કે કેમ.

**હવે મહત્ત્વની વાતઃ**

અસ્થમા, બ્લડ પ્રેશર, કોલેસ્ટરોલ કે ડાયાબિટીસ એમાંથી કોઈનું નિદાન થાય અને આરોગ્ય વીમા પોલિસી ન હોય તો એ કઢાવી લેવામાં વિલંબ કરવો નહીં. જો વહેલાસર પોલિસી લેવામાં આવે તો એક્સક્લુઝન કે ઊંચું લોડિંગ નિવારી શકાય છે. કવરેજ વધારે મળે એ માટે ટોપ અપનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો. બીમારીની ગંભીરતા ઓછી-વત્તી થઈ શકે છે. આથી દર વર્ષે આરોગ્યની સમીક્ષા કરવાની સાથે સાથે પોલિસીની યોગ્યતા પણ ચકાસી લેવી. વળી, દરદીના આરોગ્યના રેકર્ડ બરોબર સાચવીને રાખવા જોઈએ. જો રિપોર્ટ સારા આવે તો શક્ય છે કે અંડરરાઇટિંગ સહેલાઈથી થાય અને પ્રીમિયમમાં ઘણો વધારો થતો અટકી જાય.

ઉક્ત બીમારીઓનું નિદાન થાય એનો અર્થ એ નથી કે દરદીને આરોગ્ય વીમાનું કવરેજ જરા પણ નહીં મળે. જો કે, એ કવરેજ લેતી વખતે ઉક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખવા ખૂબ જ જરૂરી છે. જેમાં વેઇટિંગ પિરિયડ ઓછો હોય, સબ-લિમિટ ન હોય, સ્વાસ્થ્ય જાળવી રાખનારને બેનિફિટ આપવામાં આવતો હોય, જેમાં રિસ્ટોરેશન સારા એવા પ્રમાણમાં મળતું હોય એવી આરોગ્ય વીમા પોલિસી લેવી. ફરી એક વાર કહેવાનું કે આરોગ્ય વીમો લેતી વખતે કોઈ પણ બીમારી કે તકલીફને છુપાવવી નહીં. ■

---

## આરોગ્ય એક્સપ્રેસ

feedback@bombaysamachar.com
રાજેશ યાજ્ઞિક



# જુવાની જાળવી રાખવા દવાઓ લેવી કેટલી હિતકારક?

આરોગ્યપ્રદ રહેવું એટલે શું? મન અને શરીર બંનેથી સ્વસ્થ હોવું. પણ કમનસીબે આજકાલ લોકોમાં સ્વસ્થ હોવા કરતાં સુંદર દેખાવું વધારે મહત્ત્વનું બનતું જાય છે. મનોરંજનની દુનિયામાં માત્ર ૪૧ વ ર્ષ જેવી નાની આયુએ મૃત્યુ પામનાર શેફાલી જરીવાલાના કિસ્સામાં કહેવાય છે કે એને હાર્ટએટેક ભરખી ગયું એવા પ્રાથમિક રિપોર્ટ છે, પણ શેફાલીને મોતમાં ધકેલવા માટે ઍન્ટિ-એજિંગ ડ્રગ્સ હતાં... અહેવાલો અનુસાર શેફાલી એની યુવાની ટકાવી રાખવા આ પ્રકારની ટ્રીટમેન્ટ લઈ રહી હતી અને પોલીસને એના ઘરમાંથી આવી દવાઆનો જથ્થો મળી આવ્યો છે.

આમ તો ફિલ્મ કે ફેશનના ક્ષેત્રમાં પુરુષ અને મહિલા, બન્ને માટે સુંદર દેખાવું મહત્ત્વનું હોય છે, આ માટે કલાકારો એવા સપ્લિમેન્ટ્સ લેતા હોય છે, જે એમને દેખાવમાં મદદ કરે, જેથી એમની ગ્લેમરની દુનિયા લાંબી ચાલે. આવો જ ટ્રેન્ડ આજકાલ તો મોટાભાગના યુવક-યુવતીઓમાં જોવા મળે છે. પરિણામે એન્ટી-એજિંગ દવાઓનો આડેધડ ઉપયોગ થવા લાગ્યો છે.

'કાયાકલ્પ' શબ્દ, જેનો અર્થ યુવાની પુનઃસ્થાપિત કરવો થાય છે, તે ઓછામાં ઓછા ૨૦૦ વર્ષથી ક્રિયાપદ તરીકે ઉપયોગમાં લેવાય છે. તેનાથી વિપરીત, ઍન્ટિ-એજિંગ ડ્રગ- વૃદ્ધત્વ વિરોધી દવા શબ્દ પ્રમાણમાં નવો છે. શરીરના ચોક્કસ પાસાઓને લક્ષ્ય બનાવીને, વૃદ્ધત્વ અને વૃદ્ધાવસ્થા સંબંધિત રોગોનો સામનો કરવા માટે ઘણી દવાઓ મળે છે. આ દવા આમ તો વેચવી કાયદેસર છે, પણ ડોક્ટરની સલાહ અને દેખરેખ વિના એન્ટી-એજિંગ શું, કોઈપણ દવા લાંબો સમય લેવી જોખમી બની શકે છે.

'રેડબાઉડ યુનિવર્સિટી મેડિકલ સેન્ટર'ના વૃદ્ધત્વ નિષ્ણાત માર્સેલ ઓલ્ડે રિકર્ટના મતે, આ દવાઓ ટૂંકા ગાળામાં આડ-અસરો બતાવી શકે છે, જે જોખમી છે. શરીરના મૃત કોષ (એટલે કે 'વૃદ્ધ કોષો')ને પુનર્જીવિત કરતી, રોગપ્રતિકારક શક્તિને વેગ આપતી અથવા ડીએનએ નુકસાનને સુધારવા માટેની દવાઓ વૃદ્ધોને યુવાન રાખવા માટે સારી વ્યૂહરચના જેવી લાગે છે, પરંતુ રિકર્ટના મતે, આવી સારવાર શરીરનાં મર્યાદિત અંગો માટે હોય છે. એ પૂરી કાયાનું સંપૂર્ણ રીતે ધ્યાન રાખવામાં નિષ્ફળ જાય છે. પરિણામે એ લાંબા ગાળે તે શરીરના શારીરિક સંતુલનને ખલેલ પહોંચાડી શકે છે અને ટૂંકા ગાળાના ફાયદા કરતાં વધુ નુકસાનકારક પરિણામો લાવી શકે છે.

**યુવા કુટડી ડાન્સર-અભિનેત્રી શેફાલી જરીવાલાના અણધાર્યા કમોતને લીધે જોરદાર ચર્ચા જામી છે...**


શેફાલી જરીવાલા

વૃદ્ધત્વના સંકેતોનો સામનો કરવા માટેનાં ઉત્પાદનો કરચલીઓ અને ઉંમર આધારિત ડાઘ ઘટાડવાનો પ્રયાસ કરે છે જેથી ત્વચાનો જુવાન દેખાવ પાછો મળે. આવાં ઉત્પાદનોમાં જોવા મળતા સામાન્ય ઘટકોમાં વિટામિન સી, પ્રોટીન, મીણ, ગ્લિસરીન, લેક્ટેટ વગેરે સામેલ છે. આ ઘટકો ત્વચાની રચના અને સૌંદર્યલક્ષી આકર્ષણ વધારવા માટે સંભવિત ફાયદા ધરાવે છે. તેમ છતાં, આવાં ઉત્પાદન એ કામગીરી બજાવી શકતા નથી અને સંપૂર્ણ કાયાપલટના કામમાં જોઈતી સફળતા મળતી નથી.

ઉદાહરણ તરીકે, સૌથી જૂની અને હજુ પણ સૌથી લોકપ્રિય વૃદ્ધત્વ વિરોધી સારવારમાં માનવ વૃદ્ધિ હોર્મોન (એચજીએચ)નો સમાવેશ થાય છે જેનો ઉપયોગ વૃદ્ધત્વ વિરોધી સારવાર તરીકે થાય છે. જોકે, તાજેતરના મેટા-વિશ્લેષણમાં દર્શાવવામાં આવ્યું છે કે શરીરમાં યુવાની ઓછી આવે છે, પણ પ્રતિકૂળતાનો દર ઊંચો છે, જેમાં સૌથી ગંભીર કદાચ કેન્સર છે. અન્ય આડઅસરોમાં વજનમાં વધારો, હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનો સમાવેશ થઈ શકે છે.

### વૃદ્ધત્વ વિરોધી ઉપચારના સંભવિત જોખમો

હોર્મોન ઉપચારઃ થાઇરોઇડ, હૃદય અથવા યકૃત પર અસરો, કેન્સર અથવા સ્ટ્રોકનું જોખમ વધે છે.

બોટોક્સ/ફિલર્સઃ સ્નાયુઓની નબળાઇ, ત્વચામાં સોજો, અથવા ચેતાને નુકસાન.

સર્જરીઃ ચેપ, કાયમી નુકસાન, અથવા વારંવાર ઓપરેશનની જરૂરિયાત.

પૂરક દવાઓ (સપ્લિમેન્ટ્સ)ઃ હોર્મોન અસંતુલન, કિડની-લિવર પ્રેશર અથવા નકલી ઉત્પાદનોથી નુકસાન.

માનસિક અસરોઃ શરીર પર થતી ખામી, વૃદ્ધત્વનો ડર, અથવા સોશિયલ મીડિયાના દબાણથી થતો તણાવ.

આ બધા ઉપરાંત, અન્ય દુષ્પ્રભાવોમાં આમાં ત્વચાની એલર્જી, થાક, માથાનો દુખાવો અને પાચન સમસ્યાઓનો સમાવેશ થાય છે. કેટલાક કિસ્સાઓમાં, આ ગોળીઓ શરીરના કુદરતી હોર્મોનલ ચક્રને પણ ગંભીર આડ-અસર કરી શકે છે, જેનાં ગંભીર પરિણામો આવી શકે છે.

વૃદ્ધત્વએ જીવનનો એક ભાગ છે, એને જબરદસ્તીથી પલટાવાને બદલે ખેલદિલીથી બધાએ અપનાવી લેવો જોઈએ. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# ચોમાસામાં સ્વસ્થ રહેવા હર્બલ કાઢા અપનાવો...



**માનવ** માટે એ જરૂરી છે કે તે સ્વસ્થ રહે. બીમાર શરીર આપણા મનને પણ બીમાર કરી દે છે મનને સ્વસ્થ રાખવું જરૂરી છે. જેઓ સ્વસ્થ છે તે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે અને જીવનને શ્રેષ્ઠ બનાવે છે અસ્વસ્થ વ્યક્તિ પોતાની બીમારીઓમાં ગૂંચવાયેલી રહે છે એટલે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું એ અતિમહત્ત્વનું છે. નાશ પામેલો વૈભવ કે ધન ફરી મેળવી શકાય છે. બીમાર કે ક્ષીણ થયેલું શરીર વૈભવ કે ધન દ્વારા નથી મેળવી શકાતું. જો તમે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે સભાન નથી અને કેમિકલ યુક્ત, ખરાબ કે બિન જરૂરી આહાર આરોગો છો તો તે ડૉક્ટર કે ફાર્મા કંપનીઓને વધુ ફાયદો છે તેના તમે સરળ શિકાર છો.

ઘણીવાર આપણે એવી ખાદ્ય વાનગીઓ નથી બનાવી શકતા કે કોઈપણ પ્રકારના અભાવને લીધે પણ પોષક વાનગીઓ કે ખાદ્ય સામગ્રી નથી ખરીદી શકતા કે બનાવી શકતા નથી. જે આપણા શરીરમાં વિટામિન અને મિનરલ માટે જરૂરી છે. મોંઘી વસ્તુઓથી જ શરીર સ્વસ્થ રહે છે. એવું જરૂરી નથી. આપણે સ્વસ્થ રહેવા માટે કુદરતે આપણને અનેક વનસ્પતિઓની ભેટ આપી છે. જાગૃતતાથી આ વનસ્પતિઓનો ઉપયોગ કરી સ્વસ્થ રહી શકાય છે.

ચોમાસાની શરૂઆત થઈ ચૂકી છે. ચોમાસામાં વાતાવરણ ભેજવાળુ રહે છે તેથી પાચનની સમસ્યાઓ થાય છે. પાચન ન થતાં ગેસ્ટ્રીક (વાયુ) વ્યાધિઓ થઈ જાય છે. શરીરમાં સતત દુખાવો થાય છે. પેટમાં વાયુ ભરાય છે. જેથી પેટ ફૂલી જાય છે, ઓડકાર, ઊલ્ટી, માથું ભારે થવું, કમરના દુખાવા વગેરે વ્યાધિઓ વધુ જણાય છે. વાયુ વિકાર એ પાચન ન થવાને લીધે થાય છે જેથી શરીરમાં મિનરલ અને વિટામિન પણ ખોરવાઈ જાય છે. ભારે તળેલા ખોરાક ખાવાથી કે ફ્રીઝમાં રહેલ ખોરાક લેવાથી, રેકડી કે હોટલનો ખોરાક લેવાથી પણ વ્યાધિ વધુ રહે છે. હોટલો કે રેકડીવાળા સફાઈ રાખતા નથી કે ઓછી રાખે છે જેથી વાસણોમાં ફુગ આવે છે અને બેકટેરિયાને કારણે પણ પાચન બગડે છે. શરીરના મિનરલ અને વિટામિન બગડવાનું કારણ પણ વધુ પડતા કેફેનનું સેવન ચહા, કોફી, હોટ ચોકલેટ કે ડબ્બામાં મળતાં કેફેન પીણીઓ. બીમારી અને વ્યાધિઓ માટે આપણે જ જવાબદાર છીએ.

ચોમાસાનું વાતાવરણ એ ગરમીમાં રાહત આપનારું છે થોડી ઠંડક મનને પ્રફૂલિત કરે છે જેથી સ્વાભાવિક રીતે ગરમ પીણા તરફ મન વળે છે. આપણી પાસે કુદરતી રીતે મળતાં હર્બ્સની ભરમાર છે. જેનો કાઢો કે ઉકાળો બનાવી વાપરી શકાય છે. આ હર્બલ કાઢા શરીરના વિટામિન અને મિનરલ માટે અતિ જરૂરી છે. દવાઓનો આધાર એ નકામો છે. હર્બલ વનસ્પતિઓની દરેક વસ્તુઓ આપણને પાવડર કે આખા સ્વરૂપમાં આયુર્વેદિક દુકાનોમાં સરળતાથી ઉપલબ્ધ છે અને તે સહજ રીતે ખરીદી શકાય છે અને આપણાં ખિસ્સાને પણ પરવડે છે.

ચોમાસામાં હર્બલ કાઢા કે ઉકાળા પીવાથી શરીર શક્તિવાન અને ઊર્જાવાન બને છે માનસિક રીતે પણ સ્વસ્થ રાખે છે. ચહા કે કોફી શરીરનું કેલ્શ્યિમ બગાડી નાખે છે. કેલ્શિયમ બગડતા જ અનેક બીજી વ્યાધિઓ આવી જાય છે. કાઢા કે ઉકાળા માટે હર્બલ વનસ્પતિના પાવડર પાણીમાં ઉકાળી તેમાં સ્વાદ માટે બીજી સામગ્રી ઉમેરી લઈ શકાય છે.

**જેમ કે અશ્વગંધા-** આ એક ટોનિક છે જે હાર્ટ, બ્લડસુગર, મેન્ટલહેલ્થ, માંસપેશીઓ માટે મજબૂતાઈથી કામ કરે છે. અડધા ગ્લાસ પાણીમાં એક ચમચી પાવડર અશ્વગંધા અને જેઠીમધ એક ચમચી નાખી ને ઉકાળવું, ગાળીને પીવું. આ કાઢો સ્વાસ્થ્ય માટેનું જબરૂ કામ કરે છે. કેલ્શિયમ વધારી દે છે કફનો નાશ કરે છે. આખા દિવસ દરમિયાન તમે લઈ શકો છો જેથી શરદી માટે કે કેલ્શિયમની દવાઓ નહીં લેવી પડે.

**અનંત મૂલ-** આ રક્તશોધક છે જે જીવાણુના સંકમણ, ત્વચાની બીમારી, માનસિક વિકારોને દૂર કરી દે છે. લોહીને હંમેશા શુદ્ધ રાખે છે. અનંતમૂલ એક ચમચી પાવડર એક ગ્લાસ પાણીમાં નાખી અડધું થાય ત્યાં સુધી ઉકાળો, ઉકળી જાય પછી થોડા ઓરગેનિક ગોળ નાખો પછી થોડું દૂધ નાખી પી શકાય છે. આ ઉકાળો સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે.

**અર્જુન છાલ-** સદાબહાર વનસ્પતિ છે જે હૃદય રોગમાં સૌથી કારગર છે. ડાયાબિટીસને કન્ટ્રોલ કરે છે. એ જરૂરી નથી કે હૃદયના રોગ કે ડાયાબિટીસમાં જ વાપરવું આનો કાઢો કે ઉકાળો બનાવી સવારના પીણાં તરીકે લેવો જોઈએ જેથી હૃદય પહેલેથી જ સ્વસ્થ રહે. કાનને પણ નિરોગી રાખે છે.

**રાસના-** શરીરનાં દર્દો, હાડકાનાં દર્દો, રક્તની અશુદ્ધિ થઈ હોય તેમાં આ અતિ ઉપયોગી છે. વાયુ વિકાર દૂર કરનાર છે. માંસપેશીઓના સોજા વગેરે દૂર કરે છે. કાઢો કે ઉકાળો બનાવી લઈ શકાય છે.

**ચિત્રક-** પાચનસુધારના ત્વચાની સંભાળ કરનાર, સોજા કાઢી નાખનાર છે. ચિત્રકનો કાઢો સ્વાદિષ્ટ છે જેઠીમધ નાખીને પણ લઈ શકાય છે.

**શતાવરી-** આનો કાઢો એટલે શરીરની મજબૂતી છે. આખી ઈમ્યૂન સિસ્ટમને મજબૂત રાખે છે દૂધમાં નાખીને પણ લઈ શકાય છે.

આપણી પાસે હર્બલ કાઢાનું ખૂબ જ મહત્ત્વ છે. તેમ જ મોટી યાદી છે. ગિલોય, ગુડમાર, ભૂમિઆવલા, આમળા, ધાણાબ્રાહ્મી, અજમોદ, અજમી, વરિયાળી, સૂવા, તજ, લંવિગ, મરી, તેજપતા, આંબાહળદર, રસીત, જટામાસી, મેંદુદીબીજ, ગોખરૂ, કાલમેઘ તાલીસપત્ર, વિજયક્ષાર, તુલસી ફુદીનો, જીરુ, કાળુ જીરુ, એલચી, લવિંગની કાઢો લઈ શકાય. જે કેલ્શિયમ માટે મહત્ત્વનું છે. લવિંગની ઓ.આર.એ.સી વેલ્યુ ખૂબ જ વધારે એટલે ત્રણ લાખ ગણી છે. જે શરીરમાં ઓક્સિજનની માત્રા તરત જ વધારી દે છે. આર્ટિફિશ્યલ ઓક્સિજનની જરૂર નથી પડતી.

(ઓ.આર.એ.સી. વિશે તમે પણ જાણકારી રાખો.) એક ત્રણ વર્ષનું બાળક જેના નખ બધા જ સડી ગયા હતા. લવિંગના કાઢો આપ્યો, તેમ જ ખાવાનું સુધારી નાખ્યું જેથી તેના નખ જે સડી ગયા હતા (કાળા પડી ગયા હતા) તેમાં બે જ મહિનામાં સુધાર થયો. નખ પાછા સુંદર બની ગયા.

વાચક મિત્રો કોઈપણ ડર વગર આ કુદરતી કાઢા કે ઉકાળા બનાવીને વાપરો. નકામા ચહા, કોફી, કોલ્ડડ્રીંક અન્ય બાટલીમાં મળતા પીણા બંધ કરી. આ ઉકાળા બનાવી લ્યો. સ્વાસ્થ્ય માટે જરૂરી વસ્તુનો ઉપયોગ કરો.

હજુ વધુમાં જો તમારી શક્તિ હોય તો કેસર, ચંદન (સફેદ લાલ)ના ઉકાળા પીવો.

ઉપર જણાવેલી યાદી તો નાની છે હજુ આપણી પાસે ઘણી જ હર્બલ વસ્તુઓ છે લગભગ સો જેટલી હર્બલ વનસ્પતિ છે જેના કાઢા અને ઉકાળા બનાવી શકાય છે. ઘણી વ્યક્તિઓ ફરિયાદ કરે છે કે એકની એક વસ્તુઓ ભાવતી નથી. રોજ નવું જોઈએ. તો મારે કહેવું એમ છે કે રોજ ચહા કે કોફી કે અન્ય પીણાંનો સ્વાદ તો એક જ ટાઈપનો છે. ચહા તો રોજ એકની એક છે તો તે કેમ ભાવે છે? તે રોજ બેથી ત્રણ કે તેથી વધુ પીવો છો! ચહાનો સ્વાદ તો એક જ જાતનો છે.

કાઢાને ઉકાળા તો આપને રોજ અલગ સ્વાદના મળી શકે છે. ચહા કે કોફી તો અતિ ઘાતક કેમિકલ યુક્ત છે તેનો શરીરને કોઈપણ ફાયદો થતો નથી. નશાકારક છે તો જરૂરથી ચેતી જાજો.

હર્બલ કાઢા તમારી પસંદ તમારી શરીરની તકલીફના હિસાબે લઈ શકાય છે રોજ નવા કાઢા કે ઉકાળાનો સ્વાદ માણો.

‘અસલ દવા જમીનમાંથી આવે છે લેબમાંથી નહીં.’ ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# બોલો, શું બનવું છે... યોગી કે ઉપયોગી?



**આમ** તો મરવાનો અનુભવ નથી એટલે બીક લાગી કેમ કે કાચી ઊંઘમાં હતો ત્યાં ટપકી પડેલા એક ઘરડા ભાભાનો ‘ફોન’ આવેલો :

‘અલ્યા બધા આવી જાઓ ઉપર સુખ જ સુખ ને આનંદ છે. હું ૯૫ વર્ષે ઉપર આવ્યો ત્યારે ખબર પડી કે પેલા બાબાના પ્રાણાયામ ને યોગના ચક્કરમાં પડીને આડેધડ શરીરને વળાંકો આપી વધુ ખેંચ્યું એના કરતાં અહીં સ્વર્ગની રોનક ને અપ્સરાના ડાન્સ જોયા ત્યારે થયું કે સાલું, સાચું સુખ તો અહીં જ છે. બાય ગોડ! નીચે કરતાં વધુ જલસા તો ઉપર છે. માત્ર બ્યુટીફુલ નઇ, પણ હેન્ડસમ ડાન્સ પણ છે ને મૂળ તો અહી નથી શરીરની કે મનની ચિંતા, નથી આર્થિક ભીડ, નથી શ્વાસ લેવા જેટલી તકલીફ કે નથી બીપી કે ડાયાબિટીસનો ડર....અરે ટોપાઓ, અહીં નથી સમાજ હેરાન કરશે એની બીક કે નથી સગાં-સંબંધીઓની નિંદા કે કૂથલીનો ડર કે નથી કોઈ ઉઘરાણીવાળાનો ભય.... આટલું બધુ સુખ છે, પૃથ્વી છોડીને આવી જાઓ અહીં.. બોલો, આવો છો ને? ’

મેં ઊંઘમાં જ ફોન કાપી નાખ્યો.

જવાય? ના ભાઈ, ના.... આપણે અહીં છીએ ત્યાં સુધી તો પાંચ ઇન્દ્રિયોનો ખેલ આપણને જીવન જીવવા મજબૂર કરે છે. સાચું કેજો, આપણા બધાના મૂળ હવાતિયાં વધુ મેળવવા ને વધુ જીવવા સિવાય શું છે? આ શરીરને અને મનને વળગેલા બંધન બંધ ન થાય ને મરણ ન આવે એ માટે કેટલા ધમપછાડા... એલોપથી, હોમિયોપથી નેચરોપથીની... કેટલી મેથી મારીએ છીએ. મેડિસિન કે મેડિટેશન, યોગ કે આસન. હા, એ કબૂલ કે આ બધાથી મૃત્યુ થોડું પાછું ઠેલાય ખરું, પણ અટકે તો નહિં જ, વધુ જીવીને શું મેળવવું છે? ને મેળવીને શું કરવું છે? અરે, સમજણ વગરનું જીવન જીવીએ તોયે શું ને મરીએ તોયે શું?

મને પણ બધાની જેમ અંદરથી વધુ જીવવાની ચળ ઊપડી એટલે.. યોગ- ડેના દિવસે મેં ટી.વી.માં રામદેવબાબાની શિબિર ચાલુ કરી. શરૂઆતમાં ચોમાસામાં હાઇ-વે પર ખાડા પડ્યા હોય એવો ખાડો બાબાએ પેટમાં દેખાડ્યો પછી નેતાના મરણ પછી તિરંગો અડધી કાઠીએ ફરકતો હોય એમ પેટ સરસર ફરક્યું ...

‘બાબા, ઢીંચણ સ્પર્શ’ એક સ્થૂળ બૈરી શિબિરમાં ઊભી થઈને બોલીઃ

‘મૈ બહોત જાડી હું ઓર મેરા ૧૨૦ કિલોકા મોટા પેટ આડા આતા હૈ દસ સાલસે મેરા ખુદકા ચરણ નહિં દેખા ઇસકે કારણ વધુ વાંકી વળકે ચરણ સ્પર્શ નહિ કર સકતી, સોરી, ઢીંચણ સ્પર્શસે ચલાલો. આપકા શિબિર એટેન્ડ

કર કે ચાર દિનકે બાદ આજ ફાયદા હુઆ. હમારે ઘરમેં તીન લોગ થે. મૈ મેરે પતિ ઓર મેરી સાંસ.. અબ હમ દો હૈ, મૈ ઓર મેરે પતિ’

‘ક્યું? સાંસ કભી મર ગઈ?’ બાબાએ પૂછ્યું

‘જી મરી નહીં, આપને કલ પ્રાણાયમ શિખાતે વક્ત કહા થા, સાંસકો જોરસે બહાર નિકાલો, સાંસ જા નહિ રહી થી ફીર પાડોશીકી મદદ લે કે..... આપકો યાદ કરકે જોરસે ધક્કા મારકે સાંસ કો બહાર નિકાલા ઔર...’

મેં તો ઊભા થઈ તુર્તજ ટી.વી. બંધ કરી દીધું. રખેને મારી ચંપા સાંભળે ને અમલમાં મૂકે તો હું તો બા વગરનો થઈ જઉ ને?

એકચ્યુઅલી કાંદિવલીમાં કેટલાક માયકાંગલા જીવ જેમના ગાલમાં ગોબા પડી ગયા હોય એ જોઈ મારો જીવ બળી જતો ને બાબાની ફી બધાને પોષાય નઇ એટલે મેં મારા ઘરે બધાને પોષાય એવી ફી રાખી ક્લાસ ચાલુ કર્યા. મહિનાના ફક્ત ૫૦ રૂપિયા ને એ પણ સરળ હપ્તેથી,.....’

પહેલે જ દિવસે મેં શીર્ષાસન શિખવાડ્યું માથું નીચે ને પગ ઉપર. ને અચાનક બધા ધડાધડ પડ્યા પણ છેલ્લે ગણ્યા તો નવમાંથી સાત જ શિષ્ય. મારા બે શિષ્ય અચાનક ગુમ. પછી ગુરખો કહેવા આવ્યો ત્યારે ખબર પડી કે બે શિષ્ય બારી પાસે શીર્ષાસન કરતાં કરતાં નીચે ગુલાંટ ખાઈ ગયા હતા..મેં ગુરખાને ખિજાઈને પૂછ્યું ‘એ લોકોએ બૂમ ન પાડી?’

‘અરે વો નીચે ગીરનેકે બાદ ‘ઓ.. બા.. ઓ.. મા.. ઓ બા...મા’ ઐસે ચિલ્લાને લગે મૈંને સોચા વો અભી ભી અમેરિકાકા પ્રમુખકો યાદ કરતે હૈ.’ મને સમજાઈ ગયું કે આ ગુરખો તો છે પણ સાથે મૂરખો પણ છે.

એમાં એક મારા તાજા શિષ્ય ચંબુના હાથપગ ભાંગી ગયા હું ને ચંપા ખબર કાઢવા ગયા ‘કેવી રીતે ભાંગી ગયા?’ મે પૂછ્યું ‘તમારે કારણે’. ચંબુ બોલ્યો ‘તમે કીધેલું પદ્માસન વાળી યોગાસન કરવા, મેં સાત વાગે પદ્માસન ચાલુ કર્યું ત્યારે ભાન ન રહ્યું કે એ વખતે હું સ્કૂટર ચલાવતો હતો જેના પર હું રોજ બેસતો એ સ્કૂટર જાણે વેર લેવું હોય તેમ ધડ કરતું મારી પર સૂઈ ગયું.’

પછી મારી ચંપાએ ચંબુના હાથના પ્લાસ્ટર પર હાથ ફેરવ્યો ત્યારે ચંબુને એમ કે ‘કેમ લાગે છે?’ એમ પૂછશે પણ પાટા પર હાથ ફેરવી ‘આ કઇ મિલનું કપડું હશે?’ એમ પૂછ્યું ત્યારે મને અને ચંબુને બહુ આઘાત લાગેલો. જો કે એ પછી બીજા જ દિવસે મારા યોગના ક્લાસ બંધ કર્યા ને પેપરમાં જાહેર ખબર આપી યોગ માટેની ચટ્ટાઇ અડધી કિંમતે વેચવાની છે.. માત્ર એક કલાક વાપરેલી છે ને એ પણ સેલ્ફી માટે..

મિત્રો, બાબા ભલે સવારે ઊંડા શ્વાસ લેવાનું કહેતા હોય પણ બાબા એ ભૂલી ગયા કે આપણે શ્વાસ લેતા જ નથી શ્વાસ આપણને લે છે. શ્વાસ લેવા- છોડવાનું આપણા હાથમાં હોત તો મોત દરવાજે ટકોરા મારે કે યમરાજ દ્વાર પર બેઠા હોય આપણે મરીએ જ નહિં. શરીર આપણુ છે એ ભ્રમ છે એ ઉપરવાળાએ ભાડે આપ્યું છે એને જરૂર પડશે ને બોલાવશે તો યોગ-આસન કશું જ બચાવી નઇ શકે.

હવે તમે નક્કી કરો યોગી બનવું છે કે ઉપયોગી?.

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ



# યોગાસનોનો અભ્યાસઃ હૃદયમાં સ્નાયુઓની પેશીઓને બળવાન બનાવે છે

**આ દ્વારા મળેલું સ્વાસ્થ્ય વધુ સ્થાયી, સાચું અને ઊંડું હોય છે, કારણ કે આ આરોગ્ય પ્રાણમય શરીરના રૂપાંતર દ્વારા સિદ્ધ થયું છે**

(ગતાંકથી ચાલુ)

(૩) પાચનતંત્રને સ્વસ્થ રાખવા માટે હોજરી, મોટું આતરડું, નાનું આતરડું અને પેટનાં સ્નાયુઓ સ્વસ્થ હોય તે જરૂરી છે. ભુજંગાસન, શલભાસન, ધનુરાસન, ધર્મમત્સ્યેન્દ્રાસન, મત્સ્યેન્દ્રાસન, વજ્રાસન વગેરે યોગાસનો આ કાર્ય સારી રીતે કરે છે.

યોગાસનોનો અભ્યાસ હૃદયમાં સ્નાયુઓની પેશીઓને બળવાન બનાવે છે. શિરા અને ધમનીઓ તથા રક્તવાહિનીઓની દીવાલોને મજબૂત બનાવવામાં તેમ જ કાર્યક્ષમ બનાવવામાં અને શરીરમાં છેક દૂરના ખુણા સુધી લોહી પહોંચાડવામાં યોગાસનોનો અભ્યાસ ઉપયોગી સિદ્ધ થઈ શકે તેમ છે. આ રીતે યોગાસનોના અભ્યાસથી રુધિરાભિસરણ તંત્ર પણ સ્વસ્થ રાખી શકાય તેમ છે.

(૪) શરીરની અંદર ઉત્પન્ન થતાં મળો જેવાં કે વિષ્ટા, મૂત્ર, કફ, કાર્બનડાયોકસાઈડ વગેરે વિના વિલંબે અને નિઃશેષ રીતે બહાર નીકળતા રહે, તે શરીરના સ્વાસ્થ્ય માટે આવશ્યક છે.

* ફેફસાં, શ્વાસનળી વગેરે શ્વસનતંત્રનાં અવયવો સ્વસ્થ અને કાર્યક્ષમ હોય તે જરૂરી છે. મયુરાસન, શલભાસન અને બીજાં અનેક આસનો આ કાર્ય સારી રીતે કરી શકે તેમ છે.

* મોટું આંતરડું, મલાશય અને પેટના સ્નાયુઓ સ્વસ્થ અને કાર્યક્ષમ હોવા જોઈએ. આ કાર્ય સુપ્ત વજ્રાસન, વજ્રાસન, ભુજંગાસન, શલભાસન, ધનુરાસન આદિ કરી શકે છે.

* આ જ આસનો કિડની અને મૂત્રાશયને સ્વસ્થ અને કાર્યક્ષમ રાખે છે.

ઉપર્યુક્ત હકીકતોથી સ્પષ્ટ થાય છે કે શારીરિક સ્વાસ્થ્ય માટે યોગાસનોનો અભ્યાસ ખૂબ ઉપયોગી સિદ્ધ થઈ શકે તેમ છે.

શરીરના સ્વાસ્થ્ય ઉપરાંત શરીરની સ્થિરતા, અંગલાઘન અને દૃઢતાથી કેળવણી માટે પણ યોગાસનોનો અભ્યાસ ઉપયોગી થાય છે. ‘હઠપ્રદીપિકા’ અને ‘ઘેરંડ સંહિતા’ આ વિશે શું કહે છે, તે આપણે પ્રારંભમાં જ જોયું છે.

(બ) પ્રાણમય શરીરની દૃષ્ટિએઃ

યોગ એક સૂક્ષ્મ વિજ્ઞાન છે. યોગ એમ માને છે કે આપણા સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ પ્રાણમય શરીર છે. આ પ્રાણામય શરીરનાં પ્રવાહો, નાડીઓ, ચક્રો, કુંડલિની અને તેનું જાગરણ આદિ અનેક વિગતોનું સૂક્ષ્મ વર્ણન શિવદ સ્વરૂપે યૌગિક ગ્રંથોમાં જોવાં મળે છે.

અધ્યાત્મસાધનમાં પ્રાણ ખૂબ મહત્ત્વનું સાધન છે. પ્રાણ જીવનની શક્તિ છે. પ્રાણ શક્તિનો સ્રોત છે. પ્રાણ શરીર અને ચિત્ત, બંને સાથે જોડાયેલા છે. તેથી પ્રાણની બંને પર અસર થાય છે. પ્રાણનો મહિમા આમ તો સર્વ સાધનમાર્ગમાં છે જ; આમ છતાં યોગમાર્ગમાં અને તેમાં પણ હઠયોગમાં તો પ્રાણને સૌથી વિશેષ મહત્વનું સાધન ગણવામાં આવે છે. અધ્યાત્મપથમા અને ખાસ કરીને યોગમાર્ગમાં પ્રાણની કેળવણી સંબંધિત ચાર ઘટનાઓને ખૂબ મહત્ત્વની ગણવામાં આવે છે.

(૧) પ્રાણપુષ્ટિઃ

પ્રાણ બળવાન હોય તે આધ્યાત્મિક વિકાસ માટે આવશ્યક છે. નિષ્પ્રાણ સાધક શું કરી શકે?

(૨) પ્રાણશુદ્ધિઃ

પ્રાણના પ્રવાહો સરળ અને મુક્ત બને, પ્રાણમાં રહેલી અશુદ્ધિઓ દૂર થાય તે આવશ્યક છે. પ્રાણશુદ્ધિ

એક તરફથી ચિત્તશુદ્ધિ માટે અને બીજી બાજુથી શરીરશુદ્ધિ માટે ઉપકારક છે.

(૩) પ્રાણની સમ-અવસ્થાઃ

પ્રાણ પ્રવાહો સમતોલ, સુસંવાદી બને તે ઘટના સાધક માટે ઉપકારક બને છે. પ્રાણના પ્રવાહો સુસંવાદી બનતાં ચિત્તની ગતિ પણ સુસંવાદી બને છે.

ઈડા અને પિંગળા નાડીમાં વહેતા પ્રાણના પ્રવાહને સમતોલ બનાવવામાં આવે છે અવસ્થા કુંડલિની જાગરણ માટે અને તેની ઊર્ધ્વદગતિ માટે ખૂબ ઉપકારક બને છે.

(૪) પ્રાણ-જાગરણઃ

પ્રાણ મહદ્અંશે સુષુપ્ત હોય છે. આ સુષુપ્ત પ્રાણશક્તિ જાગૃત થાય તો સાધકને શક્તિનો ઝરો હાથ લાગી જાય છે.

આ જ ઘટનાનું વિકસિત અને સર્વોચ્ચ સ્વરૂપ કુંડલિની જાગરણ છે. કુંડલિનીજાગરણને જ શક્તિપ્રબોધ, સક્તિસંચાર વગેરે નામોથી પણ ઓળખવામાં આવે છે.

હઠયોગની સાધનામાં આ કુંડલિનીજાગરણની ઘટના સૌથી મહત્ત્વની ઘટના છે.

આ ચારે ઘટનાઓને આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં સમજાવવાનું કાર્ય અશક્યવત્ છે. શાસ્ત્રોનાં વિધાનો અને અનેક યોગીઓના અનુભવથી એ સમજી શકાય કે યોગાસન, પ્રાણાયામ અને મુદ્રા આદિ યૌગિક ક્રિયાઓના અભ્યાસથી ઉપરોક્ત ચારે કાર્યો સારી રીતે સિદ્ધ થઈ શકે તેમ છે.

આરોગ્ય અંગેનો યોગનો ખ્યાલ આપણા પ્રચલિત ખ્યાલ કરતાં ઘણો યોગ આરોગ્યનો સંબંધ પ્રાણની ગતિ સાથે જોડે છે. અતિ પ્રાચીન ગણાતા સાહિત્યમાં આ વિશે આવો ઉલ્લેખ મળે છે.

સધ્રીચિઃ વિષૂચિઃ દ્વિધા।
विषूचिः मृत्युं सध्रीचिः अमृतम्।।

‘તે પ્રાણનાં બે સ્વરૂપો છે- સધ્રીચિ અને વિષૂચિ. વિષૂચિ મૃત્યુ સમાન અને સધ્રીચિ અમૃત સમાન છે.’

સધ્રીચિ એટલે સુસંવાદી, સમરૂપ, વિષચિ એટલે વિષમરૂમ, વિસંવાદી.

વિષૂચિ પ્રાણને મૃત્યુસમાન ગણેલ છે. આનો અર્થ એમ છે કે વિષૂચિ પ્રાણ શરીર અને ચિત્ત, બંને માટે અનારોગ્યનું કારણ બને છે. પ્રાણનું આ સ્વરૂપ અધ્યાત્મયાત્રામાં પ્રતિકૂળ બને છે. સુધ્રીચિ પ્રાણને અમૃત સમન ગણ્યો છે. પ્રાણનું આ સ્વરૂપ શરીર અને ચિત્ત માટે આરોગ્યપ્રદ છે અને અધ્યાત્મયાત્રા માટે અનુકૂળ બને છે.

પ્રાણના પ્રવાહોને વિષૂચિમાંથી સધ્રીચિ બનાવવાનું કાર્ય યૌગિક ક્રિયાઓ કરે છે. યોગાસનો શરીરની નિશ્ચિત અવસ્થા દ્વારા પ્રાણના પ્રવાહોને નિશ્ચિત ગતિ આપે છે. અન્ય યૌગિક ક્રિયાઓની સાથે યોગાસન પ્રાણના પ્રવાહો પર અસર કરીને વિષૂચિ પ્રાણને સધ્રીચિ બનાવવામાં સહાયભૂત થાય છે.

આ રીતે યોગાસનનો અભ્યાસ શરીને સ્વાસ્થ્ય આપે છે અને ચિત્તને પણ સ્વસ્થ બનાવવામાં સહાયક બને છે. યોગાસનના અભ્યાસ દ્વારા મળેલું આ સ્વાસ્થ્ય વધુ સ્થાયી, સાચું અને ઊંડું હોય છે, કારણ કે આ આરોગ્ય પ્રાણમય શરીરના રૂપાંતર દ્વારા સિદ્ધ થયું છે.

પ્રાણના સ્વરૂપમાં રૂપાંતર કરીને યોગાસનનો અભ્યાસ અધ્યાત્મયાત્રાને પણ સુકર બનાવે છે.

(ક) યોગાસન દ્વારા માનસિક સ્વાસ્થ્યઃ

યોગાસનનો પ્રથમ દૃષ્ટિએ શરીરની અવસ્થા જણાય છે, પરંતુ વસ્તુતઃ તે મનોશારીકિક અવસ્થા છે. આપણે જોઈએ કે માનસિક સ્વાસ્થ્યની જાળવણી માટે યોગાસનોનો અભ્યાસ કઈ રીતે ઉપયોગી બને છેઃ

(૧) શરીરસ્થ અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવ સાથે માનસિક સ્થિતિનો ગાઢ સંબંધ છે, આ હકીકત હવે વૈજ્ઞાનિક રીતે સ્વીકાર્ય ગણાય છે. આ ગ્રંથિઓ તંદુરસ્ત અને કાર્યક્ષમ ન હોય અને પરિણામે તેનામાં થતા સ્રાવ પ્રામણસર ન હોય તો વ્યક્તિનું માનસિક સ્વાસ્થ્ય જોખમાય છે.

તે જ રીતે મગજ, કરોડરજ્જુ અને જ્ઞાનતંતુઓની તંદુરસ્તી અને કાર્યક્ષમતા સાથે માનસિક તંદુરસ્તી અને કાયક્ષમતા જોડાયેલાં છે.

ઉપરોક્ત બંને તંત્રો યોગાસનના અભ્યાસથી તંદુરસ્ત અને કાર્યક્ષમ રહે છે, એ આપણે આગળ જોઈ ગયા છીએ. આ રીતે માનસિક સ્વાસ્થ્યમાં પણ યોગાસન કિંમતી ફાળો પ્રદાન કરી શકે તેમ છે.

(૩) આપણે વ્યવહારમાં જોઈએ છીએ કે જે વ્યક્તિના મનની સંવેગાત્મક સ્થિતિ સમતોલ ન હોય તે વ્યક્તિની શારીરિક સમતુલા જાળવવાની ક્ષમતા ઘણી ઓછી હોય છે. પ્રયોગોથી પણ સિદ્ધ થયું છે કે શરીરની સમતુલાને સંવેગાત્મક સમતુલા સાથે સંબંધ છે. સમતુલાત્મક યોગાસનો (Balancing posture)ના અભ્યાસથી સંવેગોને કેળવણીમાં સહાય મળી શકે તેમ છે, એમ નિરીક્ષણ, પ્રયોગો અને અનુભવથી જાણી શકાયું છે.

(૩) વ્યક્તિના શરીરની સ્થિતિ, તેના શરીરની ચેષ્ઠાઓ, બેસવાની તથા સૂવાની પદ્ધતિ, ચાલવાની રીત વગેરેનું નિરીક્ષણ કરીએ તો મોટે ભાગે પ્રત્યેક વ્યક્તિમાં કાંઈક ને કાંઈ કઢંગાપણું (Deformiry) જોવા મળે છે. આ કઢંગાપણાને વ્યક્તિની માનસિક સ્થિતિ સાથે સંબંધ છે. જો આપણે વ્યક્તિના શારીરિક કઢંગાપણાને દૂર કરી શકીએ તો તેનાથી અમુક હદ સુધી તે વ્યક્તિની માનસિક સ્થિતિની સુધારણા કરી શકીએ છીએ. (ક્રમશઃ) ■

## વેસ્ટર્ન રેલવેએ વીકલી સ્પેશ્યલ ટ્રેનની ચાર જોડીની યાત્રાનું વિસ્તરણ કર્યું

| ટ્રેન નંબર | ક્યાંથી | ક્યાં સુધી | સેવાની તારીખ | લંબાવી |
|---|---|---|---|---|
| 09075 | મુંબઈ સેન્ટ્રલ | કાઠગોદામ | બુધવાર | 24/09/2025 |
| 09076 | કાઠગોદામ | મુંબઈ સેન્ટ્રલ | ગુરુવાર | 25/09/2025 |
| 09185 | મુંબઈ સેન્ટ્રલ | કાનપુર અનવરગંજ | રવિવાર | 28/09/2025 |
| 09186 | કાનપુર અનવરગંજ | મુંબઈ સેન્ટ્રલ | સોમવાર | 29/09/2025 |
| 09117 | ઉધના | સુબેદારગંજ | શુક્રવાર | 26/09/2025 |
| 09118 | સુબેદારગંજ | ઉધના | શનિવાર | 27/09/2025 |
| 09039 | ઉધના | ધનબાદ | શુક્રવાર | 26/09/2025 |
| 09040 | ધનબાદ | ઉધના | રવિવાર | 28/09/2025 |

**મહત્ત્વની નોંધ**

- ટ્રેન નંબર 09039/ 09040 ઉધના – ગયા સ્પેશ્યલને ગયાને બદલે ધનબાદ સુધી લંબાવવામાં આવી
- ટ્રેન નંબર 09075 20/08/2025, 27/08/2025 અને 03/09/2025 મુસાફરી નહીં કરે. મુંબઈ સેન્ટ્રલથી શરૂ થતી ગાડીને આ લાગુ પડે છે.
- કાઠગોદામથી શરૂ થતી ટ્રેન નંબર 09076 21/08/2025, 28/08/2025 અને 04/09/2025એ નહીં દોડે.
- મુંબઈ સેન્ટ્રલથી શરૂ થતી ટ્રેન નંબર 09076 24/08/2025, 31/08/2025 અને 07/09/2025એ યાત્રા નહીં કરે.
- કાનપુર અનવરગંજથી શરૂ થતી ટ્રેન નંબર 09186 25/08/2025, 01/09/2025 અને 08/09/2025 યાત્રા નહીં કરે.

સ્ટોપેજ, હોલ્ટનો સમય અને કમ્પોઝિશનની વિગતવાર માહિતી માટે www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: x.com/WesternRly

ટ્રેન નંબર 09075, 09185 અને 09039ની વિસ્તારિત યાત્રાનું બુકિંગ 01/07/2025એ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરની ટ્રેન ખાસ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે દોડશે.

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો


# ક્રૂડતેલમાં ઉછાળો અને ઈક્વિટી માર્કેટમાં નરમાઈથી ₹ ૨૬ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ છતાં બ્રેન્ટક્રૂડતેલના વાયદામાં બાઉન્સબૅક તથા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે જોવા મળેલો છ પૈસાનો સુધારો ધોવાઈને અંતે ગત શુક્રવારના બંધ સામે ૨૬ પૈસા પટકાઈને ૮૫.૭૬ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૫૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૪૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૫.૪૪ અને નીચામાં ૮૫.૭૯ના મથાળે પહોંચ્યા બાદ ૮૫.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટ્યા મથાળેથી જોવા મળેલા બાઉન્સબૅક ઉપરાંત માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી રહેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, અમેરિકાના ફુગાવાના ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં રૂપિયામાં તીવ્ર ઘટાડો અટક્યો હોવાનું મિરે એસેટ્ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૫૨.૪૪ પૉઈન્ટનો અને ૧૨૦.૭૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધ્યા મથાળેથી સાધારણ ૦.૨૮ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૬૭.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ગુણવત્તાનુસાર ધોરણે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૨થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર પણ અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૫૦માં અને રૂ. ૩૮૯૦થી ૩૯૨૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.


**પશ્ચિમ રેલવે**

મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન પર
"C & D" કેટેગરી સ્ટેશન ખાતે
મલ્ટી પ્રયોજન સ્ટોલ્સ માટે ઈ-ઓકશન

જુલાઈ ૨૦૨૫ના મહિના માટે C & D કેટેગરી સ્ટેશન ખાતે મલ્ટી પ્રયોજન સ્ટોલ માટે ઈ-ઓકશન કરવામાં આવશે.

ઓકશન કેટલોગ નં.: BCT-CTG- ૨૫-૩૬ | ઈ-ઓકશનની તારીખ: ૧૬.૦૭.૨૦૨૫

| અ. નં. | લોટ નંબર | સ્ટેશન | સ્ટેશનની કેટેગરી | સ્થળ |
|---|---|---|---|---|
| AA/૧ | MPS-BCT-BCL-MPS-18-25-1 | મુંબઈ સેન્ટ્રલ | C | PF નં. ૩/૪ |
| AA/૨ | MPS-BCT-AML-MPS-8-24-1 | અમલસાડ | D | PF નં. ૧ |
| AA/૩ | MPS-BCT-NSP-MPS-12-24-1 | નાલા સોપારા | C | PF નં. ૨/૩ |
| AA/૪ | MPS-BCT-BOR-MPS-14-24-1 | બોઈસર | C | કોન્કોર્સ હોલ |
| AA/૫ | MPS-BCT-SJN-MPS-9-24-1 | સંજન | D | PF નં. ૧ |

યુનિટના પ્રકાર: MPS, એરિયા (ચો.ફૂટ): ૬૦ ચો. ફૂટ, ઈ-ઓકશનનો સમય: ૧૨.૦૦

નોંધ: સંભવિત બિડરોએ IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓકશન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી. લોટ મુજબ વિગતો ઉલ્લેખેલ કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.
0332

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને લાઈક કરો: twitter.com/WesternRly



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

ઓટો ટેન્શન ડિવાઈઝની પેરિઓડિક ઓવરહોલિંગ

Sr. DEE/TRD/NS/BCT ઈ-ટેન્ડર નોટિસ નં. EL-TRD-W-૧૧૮-૨૫-૨૬-૭ તારીખ ૨૬.૦૬.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ: મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શનમાં ઓટો ટેન્શન ડિવાઈઝીસ (ATDs)ની પેરિઓડિક ઓવરહોલિંગ (POH). જાહેરાત મૂલ્ય: ₹ ૧૯,૩૬,૭૮૦/- બાના રકમ: ₹ ૩૮,૭૦૦/- સુપ્રતિની તારીખ & સમય: ૨૧.૦૭.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમય: ૨૧.૦૭.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0337

અમને લાઈક કરો : facebook.com/WesternRly


# શૅરબજારની ચાર દિવસની તેજીને બૅન્ક શૅરોએ બ્રેક મારી: સેન્સેક્સ ૪૫૨ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચાર દિવસની તેજી બાદ સોમવારે બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો થયો હતો. મુખ્યત્વે બેંક શેરોમાં જોરદાર પ્રોફિટ બુકિંગને કારણે બેન્ચમાર્ક નેગેટીવ ઝોનમાં સરક્યા હતા.

સેન્સેક્સ ૪૫૨ પોઇન્ટ તૂટ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૫૫૦ની નીચે ગબડ્યો હતો. બેન્ક શેરો સાથે નાણાકીય અને ઓટો શેરોમાં પણ ઘટાડાનું દબાણ જોવા મળ્યું હતું.

દિવસભર નકારાત્મક વલણ રહ્યા પછી, બીએસઇનો ત્રીસ શેર ધરાવતો સેન્સેક્સ અંતે ૪૫૨.૪૪ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકા ઘટીને ૮૩,૬૦૬.૪૬ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૫૭૬.૭૭ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા ઘટીને ૮૩,૪૮૨.૧૩ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી ૧૨૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ઘટીને ૨૫,૫૧૭.૦૫ના સ્તરે બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા બેંક, મારુતિ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા સ્ટીલ, ભારતી એરટેલ અને એચડીએફસી બેંક ટોપ લુઝર રહ્યો હતો. જોકે, ટ્રેન્ટ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટાઇટન અને બજાજ ફિનસર્વ સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા.

મધ્યપૂર્વના તણાવમાં ઘટાડો અને વિદેશી રોકાણપ્રવાહમાં મજબૂત રિકવરીને કારણે વૈશ્વિક જોખમ સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો અને તેને કારણે રોકાણકારોનો વિશ્વાસ વધ્યો હોવા છતાં સ્થાનિક સ્તરે પ્રોફિટ બુકિંગને કારણે પીછેહઠ જોવા મળી હોવાનું બજારના સાધનો જણાવે છે.

ક્ષેત્રીય મોરચે, બેન્ચમાર્ક પર ખાસ કરીને ઓટો અને ફાઇનાન્શિયલ શેરોમાં ધોવામ જોવા મળ્યું હતું, જેમાં નિફ્ટી ઓટો ઇન્ડેક્સ ૦.૪૦ ટકા ઘટ્યો હતો અને નિફ્ટી ફાઇનાન્શિયલ સર્વિસિસ ૦.૧ ટકા ઘટ્યો હતો.

જેબી કેમિકલ્સને રૂ. ૧૧,૯૦૦ કરોડમાં હસ્તગત કરવાની સંમતિના અહેવાલ બાદ ટોરેન્ટ ફાર્માના શેરમાં ચાર ટકા સુધીનો ઉછાળો હતો. યુએસ એકમ દ્વારા ૫૪૦ મેગાવોટ સોલાર મોડ્યુલ કોન્ટ્રાક્ટ મેળવ્યા બાદ વારી એનર્જીના શેરમાં ત્રણ ટકા સુધીનો ઉછાળો હતો. નાણા મંત્રાલય દ્વારા પેટાકંપનીઓના રોકાણોનું મોની ટાઇઝેશન કરવાની હિમાયત કરવામાં આવતા સ્ટેટ બેન્ક અને અન્ય પીએસયુ બેંકના શેરમાં ત્રણેક ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

અદાણી પાવર દ્વારા ૬,૫૦૦ કરોડ રૂપિયાના ઓર્ડર જીત્યા બાદ ભેલના શેરમાં ત્રણેક ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. ૫૮૦ કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય મરીન કોન્ટ્રાક્ટ મેળવ્યા બાદ આઇડીસી સિમેન્ટેશનના શેરમાં ચાર ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. ૧૧૦૦ કરોડ રૂપિયાના ઓર્ડર જીત્યા બાદ અહલુવાલિયા કોન્ટ્રાક્ટના શેરમાં ચાર ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં સૌપ્રથમ પ્રયત્નમાં અને ભારતભરમાં મ્યુચ્યુઅલ ફંડ ડીસ્ટ્રીબ્યૂટર્સને સશક્ત બનાવવાની દિશાના એક મહત્ત્વના પગલામાં વેલ્થ કંપનીએ મૂડીઝ અને પીજીપી ઍકેડમીના વૈશ્વિક કક્ષાના વેલ્થ મેનેજમેન્ટ એન્ડ એસઆઇએફ ટ્રેઇનીંગ પ્રોગ્રામ શરૂ કર્યા છે, જેનો હેતુ ૫,૦૦૦ વિતરકોને કૌશલ્ય અને માહિતી પૂરી પાડવાનો છે. નોંધવું રહ્યું કે, પાછલા ચાર ટ્રેડિંગ દિવસોમાં, સેન્સેક્સ ૨,૧૬૨.૧૧ પોઈન્ટ અથવા ૨.૬૪ ટકા અને નિફ્ટી ૬૬૫.૯ પોઈન્ટ અથવા ૨.૬૬ ટકા વધ્યો છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, મધ્ય પૂર્વમાં જોખમ ઓછું થવાને કારણે અને યુએસ ટ્રેડ ડીલની આશાઓને કારણે ગ્લોબલ માર્કેટનું સેન્ટિમેન્ટ ઇક્વિટી તરફ નમી રહ્યું છે. જોકે, તાજેતરની તેજી પછી મુખ્ય સ્થાનિક બેન્ચમાર્કમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. રોકાણકારો હવે ત્રિમાસિક કમાણી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે અને મૂલ્યાંકનને ટેકો આપવા માટે બજારોને મૂળભૂત બાબતો પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કરશે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા જ્યારે હોંગકોંગનો હેંગસેંગ નીચો રહ્યો હતો. યુએસ બજારો નીચા ભાવે ક્વોટ કરી રહ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૧,૩૯૭.૦૨ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૫ ટકા ઘટીને ૬૭.૬૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

શુક્રવારે, સેન્સેક્સ ૩૦૩.૦૩ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા વધીને ૮૪,૦૦૦ પોઇન્ટનું સ્તર વટાવીને ૮૪,૦૫૮.૯૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયા હતો. એવી જ રીતે, નિફ્ટી ૮૮.૮૦ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા વધીને ૨૫,૬૩૭.૮૦ પોઇન્ટની સપાટીએ પર બંધ થયો હતો.

પાછલા સપ્તાહે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)એ ભારતીય ઈક્વિટીસમાં નેટ રૂપિયા ૧૩૧૦૭.૫૪ કરોડ ઠાલવ્યા હોવાનું ઉપલબ્ધ ડેટામાં જણાવાયું છે. સંપૂર્ણ જૂન મહિનામાં એફપીઆઈનું કુલ નેટ ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૮૯૧૫ કરોડ રહ્યું છે. વૈશ્વિક ભૌગોલિકરાજકીય તાણમાં ઘટાડો તથા ભારતની સાનુકૂળ આર્થિક સ્થિતિ વિદેશી રોકાણકારોને આકર્ષી રહી છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. આ ઉપરાંત માર્કેટ રેગ્યુલેટર સેબી પણ એફઆઇઆઇ માટેના નિયમો સરળ બનાવી રહી છે.

દેશના અર્થતંત્રને વધુ ગતિ આપવા રિઝર્વ બેન્કે વર્તમાન મહિનાના પ્રારંભમાં વ્યાજ દરમાં અડધા ટકાનો ઘટાડો કર્યો છે. આ ઉપરાંત ઘરઆંગણે ફુગાવો નબળો પડી રહ્યો છે. વૈશ્વિક સ્થિરતા, નીતિવિષયક ટેકા અને મજબૂત બૃહદઆર્થિક ઈન્ડીકેટર્સે વિદેશી રોકાણકારો માટે ભારતને પસંદગીનું મથક બનાવ્યું છે.

ચાલુ મહિનામાં અત્યાર સુધીમાં ૨૪ કંપનીઓએ ભારતીય શેરબજારમાંથી સફળતાપૂર્વક રૂ. ૯,૫૨૫ કરોડ એકત્ર કર્યા છે. સેકન્ડરી માર્કેટમાં અફાતફડી છતાં પ્રાઇમરી માર્કેટમાં લોકોનો રસ જળવાયો હતો. નવા ઇશ્યૂમાં એસએમઇ સેગમેન્ટનું પ્રભુત્વ રહ્યું હતું, જે કુલ ઇશ્યૂના ૭૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે બાકીના ૨૫ ટકા મેઇનબોર્ડ સેગમેન્ટમાંથી આવ્યા હતા. આ સપ્તાહે સાતનવા આઇપીઓ આવી રહ્યા છે જ્યારે ૧૯ કંપનીઓ લિસ્ટિંગ મેળવશે.

કેપિટલ ગુડ્સ અને સર્વિસીસ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા અને રિયલ્ટી ઈન્ડેક્સ સર્વાધિક ઘટ્યો હતો. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૪,૦૫૮.૯૦ના બંધથી ૪૫૨.૪૪ પોઈન્ટ્સ (૦.૫૪ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૪,૦૨૭.૩૩ ખૂલીને ઊંચામાં ૮૪,૦૯૯.૫૩ અને નીચામાં ૮૩,૪૮૨.૧૩ સુધી જઈને અંતે ૮૩,૬૦૬.૪૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૦.૦૯ લાખ કરોડથી રૂ. ૧.૦૪ લાખ કરોડ વધીને રૂ.૪૬૧.૧૩ લાખ કરોડ રહ્યું હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ /O.C. ડિવિઝન
Dy.HE/OPS/૨૧૭૮ તા. ૨૭/૦૬/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| ડિવિઝન | ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (ઓપરેશન) O.C. ડિવિઝન |
| વિષય & બીડ નં. | ઓ.સી. ડિવિઝનમાં ડામરમાં ચેવાઈ MBRથી જાંભીવલી સુધી અને ટેમઘરથી નિમ્બાવલી ચોકી સુધી BMCના સર્વિસ રોડની રિસરફેસિંગ. [પેકેજ-૦૫: શિરોલ (ch. ૧૯.૯૨૦ કીમી) પહેલા જાંભીવલી ચોકી (ch. ૨૫.૧૭૦ કીમી)] (બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૯૪૭૦૨_૧) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂ. ૭,૧૬,૬૦,૭૪૮/- (GST સિવાય) |
| બીડ સુરક્ષા ડિપોઝીટ/ બારડી | કુલ બારડી રૂ. ૭,૧૬,૭૦૦.૦૦ (બિડરે GoM www.mahatenders.gov.inના પેમેન્ટ ગેટવે દ્વારા ઓનલાઈન સંપૂર્ણ રકમ ચૂકવવી પડશે.) |
| ટેન્ડર ફી | રૂ. ૨૧,૫૦૦.૦૦ (રૂ. ૧૮૧૫૦.૦૦ + ૧૮% GST, એટલેકે ૩૨૬૭.૦૦=૨૧૪૧૭.૦૦કહો કે ૨૧,૫૦૦.૦૦) |
| ઓનલાઈન ટેન્ડર વેચાણ | ૦૧.૦૭.૨૦૨૫ ૧૧.૦૦ ક.થી ૦૯.૦૭.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૯.૦૭.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. |
| પેકેટ A ખુલશે | ૧૪.૦૭.૨૦૨૫ ૧૧.૦૦ ક. પછી |
| પેકેટ B ખુલશે | ૧૪.૦૭.૨૦૨૫ ૧૧.૦૦ ક. પછી |
| પેકેટ C ખુલશે | ૨૨.૦૭.૨૦૨૫ ૧૧.૦૦ ક. પછી |
| વેબસાઈટ | https://mahatender.gov.in |
| A) સંપર્ક વ્યક્તિઓનું નામ | શ્રી પી.કે. જાધવ, એક્ઝિક્યૂટીવ એન્જિનિયર (કન્સ્ટ.)- ૯૯૨૦૫૨૪૮૩૨ શ્રી એમ. કે. પવાર, આસીસ્ટન્ટ એન્જિનિયર (કન્સ્ટ.)- ૯૯૨૦૯૨૭૭૬૭ શ્રી વી. વી. ભોસલે, સબ એન્જિનિયર (કન્સ્ટ.)- ૯૯૩૦૩૨૪૯૦૧ શ્રી એસ. આર. સખરે, સબ એન્જિનિયર (કન્સ્ટ.)- ૮૪૫૨૦૩૫૯૯૮ |
| B) ટેલિફોન | ફોન નં. ૨૫૪૩૧૯૦૫ (એક્સ્ટે. ૨૦૩) |
| C) ઈ-મેલ ID | ee01constocdiv.he@mcgm.gov.in |

વિગતવાર ટેન્ડર નોટીસ પોર્ટલ (https://mahatender.gov.in) પર ઉપલબ્ધ છે.

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

BMC કોઈપણ કારણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
(P.V. શેઠ)
Dy. H.E. (ઓપરેશન)

PRO/833/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**REQUEST FOR PROPOSAL (RFP) NOTICE FOR REDEVELOPMENT**

Sealed Bids are invited from Reputed Builders / Developers for Proposed Redevelopment of

**New Odeon Premises CSL**
194, Vallabh Baug Lane, Ghatkopar East, Mumbai- 400077

The gross plot area of Society is 2,549.32 SQM and it consist of 57 shops, and 39 flats having 36,641 SFT of existing carpet area.

Blank RFP document for Redevelopment is available in Society Office from 01/07/2025 to 22/07/2025 between 12:00 Noon to 5:00 PM on all working days on non-refundable & non-transferable payment of Rs. 17,700/- including GST by way of DD in favour of "Dilip Sanghvi Consultants" The RFP documents shall only be issued on submission of request letter to Society.

The Society reserves its right to accept or reject any or all Bids without assigning any reason whatsoever.

Contact Details of the Society:
Rahul Ghatalia
+91 98201 80701
Rohan Patel
+91 99205 25036
Hitesh Gotecha
+91 98200 72644
odeonghatkopar@gmail.com

Architect / PMC
**Dilip Sanghvi Consultants**
101, Sri Saidham, 90 Feet Road
Vikrant Circle, Ghatkopar E,
Mumbai- 400077
+91 91676 49099 ( Sagar )
+91 72084 08100 (Office)
dilipsanghvi5@gmail.com
staff.dscarch@gmail.com



**પબ્લિક નોટિસ**

અમારા અસીલના વતીથી આથી ખબર આપવામાં આવે છે કે તેઓ **શ્રી સૌરીન જતિન મહેતા અને શ્રી હર્ષ જતિન મહેતા** પાસેથી, મુંબઈ શહેરના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં, **મલબાર હીલ-કંબાલા હીલ ડીવીજનના સી.એસ. નં. ૩/૩૪૭ & ૩૫૪ (ભાગ)** ધરાવતી જમીન પર બંધાયેલ, ભરતમાં ૧૦૬૦ **ચો. ફૂટ કારપેટ એરીયા, ૮૦, નેપીઅનસી રોડ, મુંબઈ-૬** ખાતે સ્થિત, **''દરિયા મહલ-એ''** તરીકે જાણીતા બિલ્ડિંગના **૨ જા માળે** આવેલ, **ફ્લેટ નં. ૭**ની ખરીદીની વાટાઘાટો કરવાની પ્રક્રિયામાં છે. કોઈપણ શખ્સ કે સંસ્થા જેઓ ઉપરોક્ત સદર ફ્લેટ કે તેના કોઈપણ ભાગ પર કે તેમાં **વેચાણ, અદલાબદલી, ગીરો, ચાર્જ, ભેટ, ટ્રસ્ટ, વારસો, કબજો, લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લાયસન્સ, લિઅન કે બીજી કોઈપણ રીતે** કોઈપણ હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માગણી ધરાવતા હોય તો, આથી સદરની જાણ લેખિતમાં, સહાયક દસ્તાવેજો સાથે નીચે સહિ કરનારને **ઓફિસ નં. ૩૦૨, જન્મભૂમિ ચેમ્બર્સ, વાલચંદ હીરાચંદ માર્ગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૧** ખાતે અને/અથવા **ssbafna@integrum.co.in** ખાતે ઈમેલ દ્વારા આ નોટિસ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે.

નિર્ધારિત સમયમર્યાદામાં આવી કોઈ સૂચના ન મળે તો એવું માનવામાં આવશે કે, સદર ફ્લેટ પર કોઈ દાવા, હક્ક કે હિત નથી અને જો કોઈ એવા દાવા અસ્તિત્વમાં હોય તો તેને ત્યજી દીધેલ અને/અથવા છોડી દીધેલ તરીકે ગણવામાં આવશે અને અમારા અસિલ કોઈપણ વધારાના સંદર્ભ વિના પ્રસ્તાવિત લેવડદેવડ સાથે આગળની કાર્યવાહી કરવા મુક્ત રહેશે.

મુંબઈ, આજ તારીખ ૦૧લી જુલાઈ, ૨૦૨૫

સહી/-
**સિદ્ધાર્થ એસ. બાફના એડવોકેટ્સ & સોલિસિટર્સ, ઓફિસ નં. ૩૦૨, ૩જો માળ, જન્મભૂમિ ચેમ્બર્સ, વાલચંદ હીરાચંદ માર્ગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૪૦૦૦૦૧.**


### ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનામાં એક મહિનાની નીચી સપાટીએથી બાઉન્સબૅક

# સ્થાનિક સોનામાં ₹ ૧૦૨નો અને ચાંદીમાં ₹ ૩૧૭નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે જોખમી પરિબળો હળવા થવાની સાથે સોનામાં સલામતી માટેની માગ ઓસરી હોવા છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં એક મહિનાની નીચી સપાટીએથી બાઉન્સબૅક જોવા મળ્યું હતું અને ચાંદીના ભાવમાં પણ ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૨ અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૧૭ વધી આવ્યા હતા. આજે ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૧૭ વધીને રૂ. ૧,૦૫,૫૧૦ના મથાળે રહ્યા હતા. તેમ જ વિશ્વ બજાર પાછળ હાજરમાં સોનાના વેરારહિત ધોરણે ભાવ આગલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૨ વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૫,૫૦૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૫,૮૮૬ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૩ ટકા નબળો પડ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકાના સુધારા સાથે અનુક્રમે ઔંસદીઠ ૩૨૮૭.૨૯ ડૉલર અને ૩૨૯૮.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ન્યૂ યોર્ક ખાતે હાજરમાં સોનાના ભાવ ગત ૨૯મી પછીની નીચી સપાટી સુધી ગબડી ગયા હતા. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૬.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે વૈશ્વિક સ્તરે અમેરિકાની વેપારી ભાગીદાર દેશો સાથે ટૅરિફ અંગે થઈ રહેલી વાટાઘાટોની પ્રગતિ અને મધ્ય પૂર્વના દેશોમાં તણાવ હળવો થવાથી જોખમી પરિબળો ઓછાં થતાં રોકાણકારોની સલામતી માટેની ખરીદીમાં હવે સોનું બીજા ક્રમાંકે આવ્યું હોવાનું કેસીએમ ટ્રેડના વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે આજે સોનાના સુધારાને ડૉલર ઈન્ડેક્સની નરમાઈનો ટેકો મળ્યો છે.

નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બૅસન્ટે જણાવ્યું હતું કે અમેરિકા અને ચીન વચ્ચે મહત્ત્વના ખનીજોના શિપમેન્ટ માટેની ડીલ થઈ ગઈ છે અને અન્ય દેશો સાથે વાટાઘાટો થઈ રહી છે, તથા આગામી પહેલી સપ્ટેમ્બર પૂર્વે ડીલ થઈ જવાનો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. વધુમાં કેનેડાએ ટ્રેડ ડીલ આગળ ધપાવવા માટે અમેરિકી ટૅક્નોલૉજી કંપનીઓને લક્ષ્યાંકિત કરતો ડિજિટલ સર્વિસ ટૅક્સ દૂર કર્યો હોવાનું જણાવ્યું હતું.

આમ એકંદરે જોખમી પરિબળો ઓછા થવાથી હવે માત્ર ડૉલર ઈન્ડેક્સની નબળાઈનો સોનાને ટેકો મળી રહ્યો હોવાથી અમારા મતે હાલના તબક્કે વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૩૨૫૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે અને જો આ સપાટી તૂટે તો ભાવ ૩૨૦૦ ડૉલર સુધી ઘટવાની શક્યતા ટીમ વૉટરરે વ્યક્ત કરી હતી.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

પબ્લિક હેલ્થ વિભાગ
ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે હોસ્પિટલ, બોરીવલી (પૂ.), મુંબઈ-૪૦૦૦૬૬.
નં. HO/KSPH/ ૧૫૦૭ તા. ૩૦.૦૬.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

ચીફ મેડિકલ ઓફિસર, ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે મ્યુ. જન. હોસ્પિટલ, બોરીવલી (પૂ.), મુંબઈ-૪૦૦૦૬૬ નીચેના કામ માટે ત્રણ સ્ટેજ બીડ ઈ-ટેન્ડર મંગાવે છે.

ઈ-ટેન્ડર નોટીસ અંગે વિગતો બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની વેબસાઈટ www.mcgm.gov.in પર ઉપલબ્ધ છે.

ઈ-ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વર્ણન | બીડ | ઈ-ટેન્ડર ફી રૂ. | બારડી | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧. | મલ્ટીપર્પઝ મજૂરોની જોગવાઈ | ૨૦૨૫_MCGM_ ૧૧૯૫૬૬૩_૧ | ૧૮૧૫૦/- + GST ૧૮% | ૨,૬૦,૦૦૦/- | ૦૧.૦૭.૨૦૨૫ ૧૫.૦૦ ક. થી | ૦૭.૦૭.૨૦૨૫ ૧૫.૦૦ ક. સુધી |

નોંધ:
- બાના રકમ ડિપોઝિટ (બારડી)ની છેલ્લી ચૂકવણી તારીખના ઓનલાઈન નિર્ધારિત તારીખ અને સમય પહેલાં અથવા તેના પર કરવાની રહેશે.
- જો કોઈ સુધારા હોય તો ફક્ત MCGM વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના બધા અથવા કોઈપણ ઈ-ટેન્ડરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
ચીફ મેડિકલ ઓફિસર
ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે હોસ્પિટલ, બોરીવલી (પૂ.)

PRO/849/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

# વરસાદમાં સ્કૂટર સ્કિડ થતાં દાદરના કચ્છીનું મૃત્યુ



## વિક્રોલીના ભીના બ્રિજ પર પ્રીત નાગડાના અકસ્માત પછી પાંચ દિવસની સારવાર લીધી છતાં જીવ ન બચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાંડુપમાં નોકરીએ જઈ રહેલા દાદરના કચ્છી યુવકને વિક્રોલી નજીક અકસ્માત નડ્યો હતો. પાંચ દિવસ સારવાર હેઠળ રહ્યા પછી સોમવારે સવારે યુવકે છેલ્લા શ્વાસ લીધા હતા. વરસાદને કારણે ભીના બ્રિજ પર સ્કૂટર સ્કિડ થવાને આ ઘટના બની હોવાનો અંદાજ પોલીસે વ્યક્ત કર્યો હતો.

કચ્છના નરેડી ગામના વતની અને દાદર પૂર્વમાં મહાત્મા જ્યોતિબા ફુલે રોડ પરની અહમદ સૈલર ચાલ ખાતે રહેતા રાજેશભાઈના દીકરા પ્રીત નાગડા (૧૯)ને ૨૪ જૂનની સવારે અકસ્માત નડ્યો હતો. પ્રીત ભાંડુપમાં

(જુઓ પાનું ૬) ▸▸

# પીઓપીની મૂર્તિઓના વિસર્જન વિશે ૨૩ જુલાઈ સુધી નિર્ણય લો: હાઈ કોર્ટ

મુંબઈ: પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)ની પ્રતિમાઓના વિસર્જન અંગે ત્રણ અઠવાડિયામાં નીતિ ઘડવામાં આવશે, એમ મહારાષ્ટ્ર સરકારે સોમવારે બૉમ્બે હાઇ કોર્ટને જણાવ્યું હતું. ગણેશોત્સવ નજીક આવી રહ્યો હોવાથી હવે આ પ્રક્રિયામાં વિલંબ ન થયા એવો અનુરોધ કોર્ટે સરકારને કર્યો હતો.

ચાલુ મહિનાની શરૂઆતમાં હાઇ કોર્ટે મૂર્તિકારોને પીઓપીમાંથી મૂર્તિઓ બનાવવા

(જુઓ પાનું ૬) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# રાજયનો વહીવટ ચલાવવા અજિત પવારે માગ્યા વધુ ૫૭,૫૦૯ કરોડ રૂપિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે સોમવારે રાજ્ય વિધાનસભામાં વિવિધ યોજનાઓ અને પ્રોજેક્ટ્સ માટે ભંડોળ ફાળવવા માટે ૫૭,૫૦૯.૭૧ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ રજૂ કરી હતી.

રાજ્યના નાણા અને આયોજન ખાતાનો હવાલો સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ત્રણ અઠવાડિયાના ચોમાસા સત્રના પહેલા દિવસે જ આ માગણીઓ રજૂ કરી હતી.

પૂરક માગણીઓ બજેટની ફાળવણી ઉપરાંત સરકાર દ્વારા માગવામાં આવતું વધારાનું ભંડોળ છે.

સરકારે મુખ્યત્વે રસ્તા, મેટ્રો રેલ અને સિંચાઈ યોજનાઓ જેવા માળખાકીય પ્રોજેક્ટ્સ

(જુઓ પાનું ૬) ▸▸

AYURVEDIC
KAYAM CHURNA

કાયમ ચૂર્ણ
કાયમ ટેબલેટ
કાયમ ગ્રેન્યુલ્સ
ભાવનગરવાળા શેઠબ્રધર્સના ઉત્પાદન
UIN:GUJARAT/0003/2025

ચાલો શિખરજી
ઑક્ટો. થી પ્રસ્થાન
સ્વતંત્ર રસોડુ, ધરમશાળા/હોટલમાં આવાસ, બધાં જ ભોજન, લક્ઝરિયસ વાહન, રાજગીરી, વારાણસી, ભાગલપુર, લચ્છવાડ, પાવાપુરી, કુંડલપુર,ગુણિયાજી, વિ.
દુબઈ-આબુધાબી દિ. ૭
૩ સ્ટાર હોટલ BUR દુબઈમાં, વિઝા, ભરપૂર સાઇટસીન, બધું જ સામેલ
હિમાચલ-કિન્નૌર-સ્પીતી
અમૃતસર, ડેલહાઉઝી, ધરમશાળા, શિમલા, મનાલી, સાંગલા, ચિત્કુલ,કાઝા વગેરે
કાશ્મીર શ્રીનગર, ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ
અયોધ્યા -પ્રયાગરાજ વારાણસી સાથે/સિવાય ચિત્રકુટ
મધ્ય પ્રદેશ દિ. ૭
ગ્વાલિયર, ખજૂરાહો, જબલપુર
ઉત્તરાખંડ નૈનીતાલ, જીમ કોર્બેટ કૌસાની, બિનસર
EGYPT 5-9 D
SRILANKA 6-9 D
THAILAND 6 D
ALMATY - KAZAKHSTAN 5-6 D
ફૅમિલી ટૂર-હનીમૂન પૅકેજ-ગ્રુપ ટૂર
HAZEL Treks N Tours Since:2003 Khar (w). @hazeltreksntours
PANKAJ CHHEDA
9869559938

63 SATS™ Cybertech
extends its heartiest congratulations to the oldest running newspaper in Asia
મુંબઈ સમાચાર
for completing
203
MONUMENTAL
★ YEARS ★
63SATS HAS THE FOLLOWING OFFERINGS:
CYBX™ for B2C
CSF CYBER SECURITY FORCE 63SATS™ for B2B
CYBERDOME™ for B2G
CYBERSECURITY means 63SATS

DAIKIN
WORLD'S LEADING AIR CONDITIONING COMPANY FROM JAPAN


ખ્યાલ રાખે તમારા પરિવારનો
Daikin - ધી એર સ્પેશિયાલિસ્ટ
Green Exchange Offer UP TO ₹ 6000#
Comfort 56°C 56°C સુધી ઠંડુ કરે છે
Air Quality પેટન્ટેડ સ્ટ્રીમર ડિસ્ચાર્જ ટેકનોલોજી
Reliability સેલ્ફ હીલિંગ ટેકનોલોજી
Efficiency ISEER 6.3* RATING હાઇ એનર્જી સેવિંગ્સ
હમણાં જ નજીકના અધિકૃત DAIKIN ડીલરશીપની મુલાકાત લો
DAIKIN AIRCONDITIONING INDIA PVT. LTD. Branch Office: 403, C Wing, Corporate Avenue, Atul Projects, Andheri - Ghatkopar Road, Chakala, Andheri (E): 400093 Tel.: (022) 62321666.
DAIKIN SOLUTION PLAZA: MUMBAI: Borivali: Teamwork Services: 9820434616, BeCool: 9773300527, Chembur: Koolwell Sales (India): 9833697205, 8879785532, Goregaon West: Cool Plus: 8828334444, Dadar: Aircool Service: 9136181148, Thane: Aircare Technologies India Pvt. Ltd: 9833450500, 9619883388, Mira Road: Arun Corporation: 8898125188, Navi Mumbai: Sanpada: Shree Ganga HVAC System: 9322393052, Kharghar: Cooling Solutions: 9820696954, Belapur: HTL Aircon pvt ltd.: 7798025373, 9326923256, Khandeshwar: Aircon Plus: 98200 76609.
AUTHORISED DISTRIBUTORS: Western Mumbai: Aircool India: 9920644636, 9702290622, 9987382639,South & Central Mumbai: QC Engineering: 9819429580, 9819430624, Thane City & KDMC: Amul Marketing: 7720060579,8291505165, 9820286142, Navi Mumbai: Etronics Global Distributors LLP: 9321526921, 9820081602, 9820350890, Mira Road to Dahanu: SK Electronics: 9867670051, 9821406165. Mumbai/Thane/KDMC/Navi Mumbai/Raigad/Palghar-Shreeji Aircon (FTKU Series , FTKC48, FTL28 ): 8850911871, 8291869727, 8291869723, 8291869724, 8828997979.
ALSO AVAILABLE AT: MyDaikinStore.com amazon Flipkart vijay sales Reliance digital croma KOHINOOR Digi1 SUPER ELECTRONICS TOP TEN USHA AGENCIES Jain Traders SONY MONY
For service related queries: WhatsApp "Hi" at 987 140 9300, give a Missed Call at 9210 188 999, Call our Customer Contact Centre at 011-4031-9300/1860 180 3900, or write to us at customerservice@daikinindia.com
Follow us on: www.facebook.com/daikinindia www.twitter.com/daikinindia www.instagram.com/daikinindia in.company/daikin-airconditioning-india-pvt.-ltd. www.youtube.com/user/DaikinACIndia
Daikin adheres to E-waste Rules notified by MoEF. For more information on E-waste disposal and exchange policy please contact our Customer Service Centre.
Product image is for representation only. The above C.A.R.E features mentioned may vary in different AC Models. #Check www.daikinindia.com/terms-conditions for further T&C.*Figure mentioned is for FTKF35.

MUMBAI SAMACHAR
REGD.No. MCS/058/2024-26

# મુંબઈ સમાચાર

પરિવર્તન પરંપરા ૨૦૪ વર્ષ પ્રગતિ

મંગળવાર, ૧લી જુલાઈ ૨૦૨૫ વિશેષ પૂર્તિ Section One

VAIDEHI®
Bandhani Hing

V.N. THAKKAR HINGWALA & BROS.
SYMBOL OF QUALITY
69, YUSUF MEHARALLI ROAD, MUMBAI - 400 003.

VANDEVI®
Bandhani Hing

૯૩ વર્ષોથી વિશ્વની મહિલાઓના દિલમાં અને તેમની રસોઈમાં રાજ કરતી
એકમાત્ર વનદેવી નંબર ૧ પરિવારની સરગમ ફૂડની અસલ બાંધાની હિંગ તરફથી....
૨૦૩ વર્ષોથી મુંબઈના ગુજરાતીઓના દિલમાં રાજ કરતા મુંબઈ સમાચારને હાર્દિક અભિનંદન.

## રસોઈની રાણી, સ્વાદની મહારાણી, સુગંધની પટરાણી,
## ખુશ થઈ જાય ઘરની રાજરાણી!




## Sargam Food Pvt. Ltd.
Mahendra Thakkar Group Company

Plot No. D162/163, TTC Industrial Area, MIDC, Thane Belapur Road, Nerul, Navi Mumbai 400706
+91-22-20872037 / 38 info@vandevi.com www.vandevi.com

BIJAL ADS

# મહાત્મા ગાંધી - વ્યક્તિ નહીં, વિચાર



મોહનદાસ કરમચંદ ગાંધી. જન્મ ૨ ઑક્ટોબર, ૧૮૬૯ અને અવસાન ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮. સ્થૂળ ભાવે ૭૮ વર્ષનું આયુષ્ય, જે સૂક્ષ્મ ભાવે આજેય ધબકતું અને આવતી કાલે પણ ધબકતું રહેશે. ભારતને આઝાદી મળી એના સાડા પાંચ મહિના પછી મહાત્મા ગાંધીની હત્યા કરવામાં આવી. જોકે, હત્યારાને એમની શારીરિક હત્યા કરવામાં સફળતા મળી, પણ એમના વિચારો નેસ્તનાબૂદ કરવાની એની તમન્ના પૂરી નથી થઈ. ગાંધીજીનું શારીરિક અસ્તિત્વ ખતમ થયું એનાં ૭૭ વર્ષ પછી પણ ગાંધીવિચાર આજે પણ પ્રસ્તુત છે. આજની દેશ-વિદેશની અનેક સમસ્યાઓનો ઉકેલ ગાંધીવિચારમાં છે, આવતી કાલે પણ હશે એવી તાકાત એમાં છે. આપણી સમસ્યાઓનું સમાધાન ગાંધીવિચારમાં કઈ રીતે છે એ સમજવાની કોશિશ કરવી જોઈએ.

ગાંધીવિચાર એવી તાકાત ધરાવતો વિચાર છે. ગાંધીજીનાં અગિયાર મહાવ્રત હતાં સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતું નવ સંઘરવું, બ્રહ્મચર્ય અને જાતમહેનત, કોઈ અડે ના અભડાવું. અભય, સ્વદેશી, સ્વાદત્યાગ અને સર્વધર્મ સરખા ગણવા. આ અગિયાર વ્રતના આચરણમાં વિશ્વની અનેક સમસ્યાઓનો જવાબ છે. એવું દૃઢપણે કહી શકાય કે ભારતવાસીઓ જો ગાંધીજીના અગિયાર વ્રતનું પાલન જીવનમાં કરે તો લોકોને જીવનમાં સતાવતી મોટા ભાગની સમસ્યા ખતમ થઈ જાય. આજે આપણા દેશને કઈ સમસ્યાઓ સતાવે છે? ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર, અસ્પૃશ્યતા, નક્સલવાદ ઇત્યાદિ ઇત્યાદિ. 'કોઈ અડે ના અભડાવું' વિચાર અમલમાં મૂકીએ તો અસ્પૃશ્યતાનો ઉકેલ આપમેળે આવી જાય. 'સર્વધર્મ સરખા ગણવા' વિચાર અમલમાં મૂકવાથી જાતિવાદ, કોમવાદ પર પૂર્ણવિરામ મૂકી શકાય. 'અહિંસાનું વ્રત' તો વિશ્વ સમસ્તને લાગુ પડે એવું છે. ઈઝરાયલ-ઈરાન યુદ્ધ હોય કે રશિયા-યુક્રેન વૉર હોય, યુદ્ધ તબાહી જ સર્જે. કોઈને જરા પણ દુઃખ ન આપવાનો વિચાર વિશ્વશાંતિના વૃક્ષને વટવૃક્ષ બનાવી શકવાની તાકાત ધરાવે છે.

ઈકોનોમિક્સ-અર્થશાસ્ત્રનો કોઈ અભ્યાસ ગાંધીજીએ નહોતો કર્યો. આજે જે આત્મનિર્ભર ભારતની વાત પર જોર દેવાય છે એના પાયામાં ગાંધીવિચાર જ છે. બંગાળના ભાગલા (૧૯૦૫)ના પગલે ભારતમાં પહેલું સ્વદેશી આંદોલન શરૂ થયું. 'સ્વદેશી'ના આગ્રહમાં વિદેશીનો બહિષ્કાર પણ સામેલ હતો. વિશ્વનાં આંદોલનોની વાત કરીએ તો, આ પહેલાં 'સ્વદેશી' અને 'બહિષ્કાર'ની રીત અમેરિકા, આયર્લેન્ડ અને ચીનના લોકો અપનાવી ચૂક્યા હતા. 'નવજીવન'માં ગાંધીજીએ લખ્યું હતું કે 'મારે કબૂલ કરવું જોઈએ કે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે હું ભેદ પાડતો નથી, જે અર્થશાસ્ત્ર વ્યક્તિ અથવા પ્રજાના હિતને ઈજા કરે તે નીતિ વિરુદ્ધ હોવાથી પાપ છે. એટલે એક દેશ બીજા દેશને કચડી નાખવા અર્થશાસ્ત્રનો પ્રયોગ કરે તેને હું અનીતિ ગણું છું.' ગાંધીજી એવું કહેતાં કે મારું શરીર એક દિવસ ખતમ થઈ જશે, પણ મારા ગયા પછી મારા વિચારો મિટાવી નહીં શકાય. એમની વાત સોળ આના સાચી લાગે છે. ગાંધીજીની ભલે હત્યા થઈ, એમના વિચારોની હત્યા ન થઈ શકે. આજે કદાચ આપણા દેશમાં અનેક લોકોને ગાંધીજીની વિચારસરણી આઉટડેટેડ લાગતી હશે, પણ વિશ્વમાં અનેક ઠેકાણે ગાંધીવિચાર ગુંજી રહ્યો છે. વિનોબા ભાવેના કહેવા અનુસાર યુગપ્રવર્તક વ્યક્તિ એ કહેવાય જે ભૂતકાળનાં ફળ ચાખે છે અને ભવિષ્યકાળનાં બીજ વાવે. ગાંધીજીએ કેવળ આપણી પ્રાચીન સંસ્કૃતિની ઉત્તમ વાતો ન અપનાવી, વિશ્વના દરેક સારા વિચાર સ્વીકારી આગળ વધ્યા. ગાંધીજીનું જીવન ભાવિ પેઢી માટે આદર્શરૂપ બન્યું. આજે પણ ગાંધીવિચાર અને દૃષ્ટિ પ્રસ્તુત છે એ જોતાં ગાંધીજીને યુગપ્રવર્તક વિચારપુરુષ કહેવા જોઈએ. ■

# કસ્તુરબા - સ્ત્રી સશક્તીકરણનાં પ્રતીક



કોઈપણ પુરુષની સફળતાની પાછળ એક સ્ત્રી હોય છે.....આ વાત વરસો પહેલાં કસ્તુરબાએ પુરવાર કરી બતાવી હતી...જ્યારે પણ ગાંધીજીનો ઉલ્લેખ થાય ત્યારે કસ્તુરબાનું નામ અચૂક લેવાય છે. એમણે પોતાની એક અલગ ઓળખ ઊભી કરી હતી....જે આજ સુધી અકબંધ છે. કસ્તુરબાએ કોઈ પણ જાતનો શોર મચાવ્યા વિના સ્વતંત્રતાની લડતમાં મહિલાઓને ભાગ લેવા પ્રેરણા આપી.... સ્ત્રી સશક્તીકરણમાં યોગદાન આપ્યું... વિવિધ વિરોધ પ્રદર્શનોમાં.... યાત્રાઓમાં જોડાયાં...... અને જેલસજા પણ ભોગવી. દૃઢ મનોબળ અને પ્રતિબદ્ધતા કસ્તુરબાનાં ધારદાર શસ્ત્રો હતાં. કસ્તુરબા ગાંધીજીનો પડછાયો જ નહોતાં, પણ પ્રકાશનો સ્ત્રોત હતાં.... જેમણે સ્વતંત્રતાના માર્ગને ઝળહળતો રાખ્યો હતો. તેઓ સાદગીનું જ્વલંત ઉદાહરણ હતાં અને એટલે જ કસ્તુરબા સ્વતંત્ર ભારતના સોનેરી ઇતિહાસનું એક ઝળહળતું પાનું બની રહ્યાં છે.... એમનાં અમૂલ્ય પ્રદાનને ક્યારેય વીસરી નહીં શકાય.

પોરબંદરમાં ૨૨મી ફેબ્રુઆરી ૧૮૬૯માં કસ્તુરબાનો જન્મ થયો હતો. તેમના પિતા ગોકુલદાસ કાપડિયા શ્રીમંત વેપારી હતા. કાપડિયા અને ગાંધી કુટુંબ માત્ર એકબીજાથી પરિચિત હતાં એટલું જ નહીં બંને કુટુંબો મિત્રો હતાં. કસ્તુરબા માત્ર ૧૩ વર્ષનાં હતાં ત્યારે એમનાં લગ્ન મોહનદાસ કરમચંદ ગાંધી સાથે થઈ ગયાં હતાં. એ વખતે ગાંધી કુટુંબ રાજકોટમાં રહેતું.... કસ્તુરબા પરણીને રાજકોટ રહેવા ગયાં. કસ્તુરબા ભણ્યાં ન હતાં.... પતિ મોહનદાસે એમને લગ્ન પછી પ્રાથમિક શિક્ષણ આપ્યું હતું.

ગાંધીજી જ્યારે બિહારના ચંપારણમાં ખેડૂત સુધારણાનું કાર્ય કરતા હતા ત્યારે કસ્તુરબા ત્યાં મહિલાઓની હાલતથી ચિંતિત હતાં અને તેઓ મહિલાઓની દારુણ પરિસ્થિતિ સુધારવા અને એમના કલ્યાણકાર્યમાં લાગી ગયાં હતાં. કસ્તુરબાએ ૧૯૨૨માં બોરસદના અસહકારના આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો. એમણે ગાંધીજીના મીઠાના સત્યાગ્રહમાં હિસ્સો લીધો ન હતો. હા, તેઓએ ૧૯૩૦ના આરંભમાં સંખ્યાબંધ નાગરિક અસહકાર ચળવળોમાં ભાગ લીધો હતો અને ઘણીવાર જેલસજા પણ ભોગવી હતી.

૧૯૩૯ના આરંભિક સમયે રાજકોટમાં કસ્તુરબાને મહિલાઓએ અપીલ કરતાં તેઓ બ્રિટિશ સામેનાં અહિંસક પ્રદર્શનોમાં જોડાયાં હતાં. પરિણામે એમની ધરપકડ કરવામાં આવી હતી અને એમણે એક મહિનો એકાંત કારાવાસ ભોગવવો પડ્યો હતો..... જ્યાં એમની તબિયત બગડી હતી. ૧૯૪૨માં ભારત છોડો આંદોલનની પહેલાં ફરીવાર એમની ધરપકડ થઈ અને એમને ગાંધીજી અને અન્ય નેતાઓની સાથે પુણેના આગાખાન પેલેસમાં રાખવામાં આવ્યાં હતાં. તેઓ અસ્થમાના દર્દી હતાં જ અને જેલવાસ દરમિયાન એમની હાલત વધુ બગડી હતી.

હકીકતમાં કસ્તુરબાએ દક્ષિણ આફ્રિકામાં હતાં ત્યારે જ રાજકારણ અને સમાજિક ચળવળ શરૂ કરી દીધી હતી અને ત્યાં પણ એમને જેલસજા થઈ હતી. દક્ષિણ આફ્રિકામાં ભારતીય વસાહતીઓ સામેના અભદ્ર વર્તન સામે એમણે કરેલા વિરોધ પ્રદર્શનનું આ પરિણામ હતું... કસ્તુરબાએ ત્રણ મહિના જેલમાં ગાળવા પડ્યા હતા. જોકે મજબૂત મનોબળ અને અટલ ઇચ્છાશક્તિને કારણે તેઓ ભારતમાં કે દક્ષિણ આફ્રિકામાં અનેક આંદોલનોમાં જોડાઈ શક્યાં હતાં. કેટલીય વાર ગાંધીજીની ગેરહાજરીમાં પણ આંદોલનોમાં આગેવાની લીધી હતી. કસ્તુરબાની નાદુરસ્ત તબિયતથી ચિંતિત ગાંધીજીની સલાહને અવગણીને પણ કસ્તુરબાએ ચળવળોમાં ભાગ લીધો હતો.

બા શબ્દ બોલતાંની સાથે આપણને કસ્તુરબા યાદ આવે છે એની પાછળ એમનાં કાર્યો છે... એમની પ્રેરણા છે..... એમની સાદગી છે.... એમનો રાષ્ટ્રપ્રેમ છે...... એમણે લીધેલો ભેખ છે. ■

સુરત મહાનગરપાલિકા
FIT INDIA
સુરત મહાનગરપાલિકા
મુંબઈ સમાચારને
૨૦૪મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે
હાર્દિક શુભેચ્છા પાઠવે છે.
'ખુબસુરત' સુરત માટે અમારું લક્ષ્ય ......
સુરત સ્વનિર્ભર, ધબકતું,
તમામ માળખાગત સુવિધાઓ સાથેનું વૈશ્વિક ધોરણનું શહેર
અમારું વચન
જવાબદાર, આધુનિક, પારદર્શક, હકારાત્મક,
સાતત્યપૂર્ણ લોકશાહી ઢબે વહીવટ
શાલિની અગ્રવાલ I.A.S.
કમિશનર
સુરત મહાનગરપાલિકા
દક્ષેશ કિશોરભાઈ માવાણી
મેયર
સુરત મહાનગરપાલિકા
Surat : the city that always cares.......
નં.પી.આર.ઓ./૧૫૭/૨૦૨૫-૨૬

# સરદાર વલ્લભભાઈ પટેલ - દુશ્મનની સામે છપ્પનની છાતી રાખો



સરદાર વલ્લભાઈ પટેલના કેસમાં એક લાઈનમાં જો ફિલ્મી ડાયલોગની ભાષામાં કહેવું હોય તો એમ કહેવું પડે કે સિર્ફ નામ હી કાફી હૈ. આઝાદીની લડતના તેઓ એક મહાન યોદ્ધા હતા. એમનું કાળજું સાવજનું હતું. તેઓ મજબૂત મનોબળ અને વિચક્ષણ બુદ્ધિના માલિક હતા.

સરદાર આજે પણ દેશવાસીઓનાં દિલમાં કાયમ છે. સરદારે સ્વતંત્રતાની લડત દરમિયાન ભજવેલી ભૂમિકાઓની યાદી બહુ લાંબી છે. ખેડા, બોરસદ અને બારડોલીના ખેડૂતોને સંગઠિત કરીને અંગ્રેજોના અત્યાચારો સામે આંદોલનો અને સત્યાગ્રહો કર્યા. ભારત છોડો આંદોલનમાં મહત્ત્વની કામગીરી સંભાળી. રજવાડાઓની સાથે મસલત કરીને એમને અખંડ ભારતમાં ભળી જવા સમજાવ્યાં અને કોઈવાર આકરાં પગલાં પણ ભર્યાં. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસનું સુકાન સંભાળ્યું. ભાગલા વખતની એમની યાતનામય અને માનસિક તનાવપૂર્ણ ભૂમિકા દિલ દહેલાવી નાખનારી હતી. સરદારે આઝાદી પછી હોમ મિનિસ્ટર અને નાયબ વડા પ્રધાન તરીકે ઉત્તમ કામગીરીની મિસાલ પૂરી પાડી હતી.

શાળાનું ભણતર પૂરું કરવા એમણે પેટલાદ અને બોરસદ જવું પડ્યું હતું. સરદાર પટેલ ૨૨ વર્ષની વયે મેટ્રિક પાસ થયા. એને લીધે કુટુંબીઓને થયું કે વલ્લભભાઈ સામાન્ય નોકરી કરશે, પણ સરદારની ઇચ્છા બેરિસ્ટર બનવાની હતી અને એમણે પોતાની ઇચ્છા પૂરી કરી પણ ખરી. પાછળથી એમણે વકીલાત પણ શરૂ કરી હતી.

બાળપણમાં સરદારને એક વાર ગૂમડું થયું ત્યારે એમણે પોતાના હાથે એને ફોડ્યું હોવાની લોકવાયકા છે.... અને આ વાત સાચી હોય એવું એમનું દૃઢ મનોબળ દર્શાવે છે. જે એમને આગળ ઉપર આઝાદીની ચળવળ વખતે ખૂબ કામ આવ્યું.

સરદાર ૧૯૧૦માં વકીલાતના વધુ અભ્યાસ અર્થે ઇંગ્લૅન્ડ ગયા અને ૧૯૧૩માં પદવી મેળવીને પાછા ફર્યા.

૧૯૨૩માં ગાંધીજી જેલમાં હતા ત્યારે કૉંગ્રેસીઓએ સરદાર પટેલને ભારતીય ધ્વજ નહીં લહેરાવવાના કાયદાના વિરોધમાં નાગપુરમાં યોજાનારા સત્યાગ્રહની આગેવાની લેવાનો અનુરોધ કર્યો હતો. સરદાર પટેલની એક હાકલથી દેશભરના હજારો સ્વયંસેવકો એકઠા થઈ ગયા અને ધ્વજવંદન કર્યું હતું.

એમના શબ્દો હતા કે ભારતના ભાગલા કોઈને પસંદ નથી હું જાણું છું, પરંતુ અત્યારે આપણે પસંદગી ભારતના એક ભાગલા કે સંખ્યાબંધ ભાગલા વચ્ચે કરવાની છે. આપણે વાસ્તવિકતાનો સામનો કરવો જોઈએ. ભાવનાત્મક અભિગમને આધીન થવું ન જોઈએ. દેશના વિભાજન વખતના એમના શબ્દો હતાઃ કાયરતા આપણી નબળાઈ છે, દુશ્મન સામે છપ્પનની છાતી રાખો. ■

# દાદાભાઈ નવરોજી - સવાયા ગુજરાતી






આ નામ વાંચતાં કોઈને કદાચ એ ખયાલ ન આવે કે સ્વતંત્રતા માટેની ચળવળમાં તેમનું કેટલું મહાન યોગદાન હતું અને કદાચ ગાંધીજી પહેલાં કે લગભગ એમની સાથે જ એમણે પણ સ્વતંત્ર ભારતનું સપનું જોવાનું શરૂ કર્યું હતું. એમની સિદ્ધિઓ માત્ર ચળવળ પૂરતી સીમિત ન રહી... ત્યાર બાદનું તેમનું યોગદાન કે કામગીરીઓ અનેરી રહી હતી. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ (કૉંગ્રેસ પાર્ટી)ની રચનાના મહત્ત્વના નેતાઓમાંના તેઓ એક હતા. બ્રિટિશ સામ્રાજ્યવાદ અને ભારતીય અર્થતંત્રની આલોચના અને આકરી ટીકા કરનારા તેઓ પ્રથમ ભારતીય હતા. હા, બ્રિટિશ પાર્લમેન્ટમાં ચૂંટાનારા તેઓ પ્રથમ એશિયન હતા. 'ધ ગ્રાન્ડ ઓલ્ડમૅન ઑફ ઇન્ડિયા' તરીકે ઓળખ પ્રાપ્ત કરનારા દાદાભાઈએ ચળવળ માટેનો ઝંડો ઊંચકીને સ્વતંત્ર ભારતની ઝુંબેશ શરૂ કરી હતી. બ્રિટિશરોનું ભારત પરનું શાસન કોઈ કાળે ઉચિત નથી... સ્વતંત્ર ભારત એકમાત્ર ઉપાય છે, એવું કહેનારા અને વિચારનારા સૌ પ્રથમ દાદાભાઈ નવરોજી હતા.

ખુદ ગાંધીજી એમના આ વિચારથી પ્રભાવિત હતા અને એમણે દાદાભાઈને લખેલું પણ ખરું કે ભારતીયો તમને એક પિતાની નજરે જુએ છે.

ચોથી સપ્ટેમ્બર ૧૮૨૫માં પારસી કુટુંબમાં જન્મેલા દાદાભાઈ એલફિન્સ્ટન કૉલેજમાં ભણ્યા. એમનો જન્મ નવસારીમાં થયો, પણ પછી એમનું કુટુંબ બૉમ્બે આવીને વસ્યું હતું. તેઓ એ જ કૉલેજમાં પછીથી ગણિતશાસ્ત્ર અને નેચરલ ફિલોસોફીના પ્રોફેસર બન્યા. ગણિતશાસ્ત્ર અને ફિલસૂફી બંને ભિન્ન વિષયો હોવા છતાં એમના આ વિષયોમાં ઊંડાણનો લાભ એમના સંખ્યાબંધ વિદ્યાર્થીઓને મળ્યો હતો.

સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા દૂર કરવા માટેના પણ તેઓ હિમાયતી હતા... અને આ ક્ષેત્રે પણ તેમણે ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા દૂર કરવાનું એમનું એક મિશન હતું અને તેમણે આ માટે સઘન પ્રયાસો કર્યા હતા. એમનાં પુસ્તકોમાં પણ એમણે આ પ્રશ્નનો સુપેરે ઉલ્લેખ કર્યો છે.

૧૮૫૫માં તેઓ કૉમર્સના અભ્યાસ તરફ વળ્યા જેને પરિણામે તેઓ ઇંગ્લૅન્ડ ગયા. જ્યાં તેમણે બાકીનો મોટા ભાગનો સમય વિતાવ્યો. ત્યાં રહીને તેમણે કામા એન્ડ કંપની જોઈન કરી ને પછીથી પોતાની નવરોજી એન્ડ કંપની શરૂ કરી. દીર્ઘદ્રષ્ટા દાદાભાઈએ લંડનની યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા શીખવવાનું શરૂ કર્યું. ૧૮૭૪માં બરોડાના રાજાશાહી કાળમાં તેઓ દીવાન (પ્રધાન) તરીકે નિમાયા હતા. ત્યાર પછીના સમયગાળામાં તેમણે ઘણીવાર ભારત અને લંડન વચ્ચે સફર કરી હતી. એક સમયે તેઓ બૉમ્બે મ્યુનિસિપલ કૉર્પોરેશન અને બૉમ્બે વિધાન પરિષદમાં પણ ચૂંટાઈ આવ્યા હતા. આમ મુંબઈ (એ વખતનું બૉમ્બે)ના વિકાસમાં એમનું ઘણું મોટું યોગદાન રહ્યું હતું.... આજે જોવાં મળી રહેલાં ઘણા વિકાસનાં કાર્યો એમની સૂઝસમજ અને દૂરંદેશીને આભારી છે. આજે મુંબઈ શહેરના માર્ગનું નામ દાદાભાઈ નવરોજી માર્ગ (ડી. એન. રોડ) વાંચીએ છીએ... એ એમણે શહેરમાં અને અન્યત્ર આપેલા યોગદાનનું પરિણામ છે.

૧૮૫૫માં સુરેન્દ્રનાથ બેનરજી અને એલન ઓક્ટોવિયન હ્યુમની તેમ જ અન્યો નેતાઓની સાથે મળીને તેમણે નેશનલ કૉંગ્રેસની સ્થાપના કરી એટલું જ નહીં, પણ ૧૮૮૬... ૧૮૯૩ અને ૧૯૦૬માં તેઓ નેશનલ કૉંગ્રેસનાં વાર્ષિક સત્રોમાં પ્રમુખપદે રહ્યા. આ દરમિયાન તેમણે સ્વતંત્ર ભારત માટેના જોયેલા સપનાની પહેલનાં મંડાણ થયાં..... અને નેશનલ કૉંગ્રેસને દિશાદોર મળ્યો.

દાદાભાઈ બે વાર બ્રિટિશ પાર્લમેન્ટની ચૂંટણીમાં ઊભા રહ્યા. પ્રથમ વખત ૧૮૮૬માં અને બીજીવાર ૧૮૯૨માં. બીજીવાર તેઓ માત્ર પાંચ મતથી જીત્યા ને આમ હાઉસ ઑફ કૉમન્સમાં એમનો પ્રવેશ થયો. આ વરસો દરમિયાન તેમણે ઇંગ્લૅન્ડમાં ભારતીયોને સ્પર્શતી કેટલીક પ્રગતિશીલ ઝુંબેશો આદરી અને સ્વતંત્ર ભારત અને સ્ત્રીઓના મતાધિકારનો મુદ્દો ઉઠાવ્યો.

દાદાભાઈ બ્રિટિશ સામ્રાજ્યવાદની અર્થતંત્ર પર પડતી વિપરીત અસરોના પ્રખર ટીકાકાર હતા. તેમણે પોતાનાં પુસ્તકોમાં તેમ જ વક્તવ્યોમાં આની આકરી ટીકા કરી છે. આકરા કરવેરાને લીધે ભારતમાં ગરીબીનું પ્રમાણ વધ્યું છે અને ભારતમાં સર્જાતી દુકાળની પરિસ્થિતિ બ્રિટિશરોની નીતિઓને આભારી છે એવી તેમણે સ્પષ્ટ ને આકરી આલોચના કરી હતી. દાદાભાઈ લિખિત 'પૉવર્ટી ઍન્ડ અન-બ્રિટિશ રૂલ ઈન ઇન્ડિયા', 'પૉવર્ટી ઑફ ઇન્ડિયા' અને 'ધ વૉન્ટ્સ ઍન્ડ મિન્સ ઑફ ઇન્ડિયા'માં એ સમયની ભારતની આર્થિક અને સામાજિક પરિસ્થિતિનો ખાસ્સો ઉલ્લેખ છે. એમણે લખેલા નિબંધો, એમનાં વક્તવ્યોનાં પુસ્તકો પણ છે. જેમાં પોતાના વિચારો મુક્તપણે વ્યક્ત કર્યા છે.

દાદાભાઈ નવરોજી સ્વતંત્ર ભારતના આરંભિક સમયના સ્વપનદ્રષ્ટા હતા એટલું જ નહીં તેઓ પ્રગતિશીલ... દૂરંદેશી રાજનેતા હતા એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય. રાષ્ટ્રવાદનો મૂળ વિચાર એમનો પોતાનો હતો. એટલે જ તેઓ 'પાયોનિયર ઑફ ઇન્ડિયન નેશનાલિસ્ટ' તરીકે ઓળખાય છે. પશ્ચિમ ભારતના પારસીઓના સામાજિક પ્રશ્નોને વાચા આપવાના આશયથી એમણે ખરદેશજી કામાની સાથે મળીને 'રાસ્ત ગોફતાર' (સત્ય બતાવનાર) નામનું એન્ગલો-ઇન્ડિયન અખબાર શરૂ કર્યું હતું જે ફારસીમાં હતું.

ઇંગ્લૅન્ડમાં રહીને ભારતની અને ભારતીયોની દુર્દશાની ચિંતા એમના હૈયે હતી..... તેઓ એક સવાયા ગુજરાતી હતા એ વાતનું ગર્વ દરેક ભારતીયો અને ગુજરાતીઓને હોય એ સ્વાભાવિક છે. ■



MUMBAI SAMACHAR
REGD.No. MCS/058/2024-26
મુંબઈ સમાચાર
પરંપરા પરિવર્તન ૨૦૪ વર્ષ પ્રગતિ
મંગળવાર, ૧લી જુલાઈ ૨૦૨૫ વિશેષ પૂર્તિ Section One

# નરેન્દ્ર મોદી - ભારતના રાજપુરુષ

આઝાદ ભારતમાં જન્મેલા સફળ રાજપુરુષોમાં નરેન્દ્ર મોદી એક છે. સળંગ ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્ય મંત્રીપદે અને હવે સળંગ ૧૧ વર્ષથી દેશના વડા પ્રધાન તરીકે કાર્યરત નરેન્દ્ર મોદીએ પોતાની કાર્યપદ્ધતિ દ્વારા એક મક્કમ નિર્ણયો લેનારા શાસક અને વિકાસપુરુષ તરીકેની છબિ લોકોના માનસમાં અંકિત કરી છે.

ગુજરાતને અકલ્પનીય વિકાસ કરાવી દેશનું સૌથી વિકસિત અને સમૃદ્ધ રાજ્ય બનાવનારા મોદીએ વડા પ્રધાન તરીકે દેશનું પણ વિકાસના પથ પર નેતૃત્વ કર્યું છે. મોદીએ ‘સબ કા સાથ, સબ કા વિકાસ’ સૂત્ર દ્વારા દેશના તમામ લોકોની સુખાકારી માટે પગલાં લઈને વિકાસનું એક સંતુલિત મોડલ ઊભું કર્યું છે. કૃષિ, ઉદ્યોગો, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સામાન્ય લોકોનાં કલ્યાણ માટેની યોજનાઓ અમલમાં મૂકીને મોદીએ વિકાસનું નવું ગુજરાત મોડલ આપ્યું છે.

ઉત્તર ગુજરાતના વડનગરમાં ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ જન્મેલા નરેન્દ્ર દામોદરદાસ મોદી દેશના કરોડો યુવાઓ માટે પ્રેરણાસ્રોત છે. સામાન્ય પરિવારનો છોકરો પણ મહેનત અને ધગશ દ્વારા દેશના વડા પ્રધાનપદે બેસી શકે છે એ મોદીએ સાબિત કર્યું છે. બાળપણથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલા મોદીએ ભારતના ઇતિહાસમાં કલંકરૂપ ૧૯૭૫ની કટોકટી સામેની લડતમાં યુવા વયે ભાગ લીધો હતો. ગુજરાતમાં ભાજપના સંગઠન મહામંત્રી તરીકે ભાજપનો ગામેગામ ફેલાવો કરનારા મોદી લાલકૃષ્ણ અડવાણીની સોમનાથથી અયોધ્યાની ‘રથયાત્રા’, મુરલી મનોહર જોશીની શ્રીનગરના લાલ ચોકમાં ભારતીય તિરંગો ફરકાવવા માટેની ‘એકતા યાત્રા’ સહિતનાં રાષ્ટ્રીય અભિયાનોના સફળ આયોજક રહ્યા છે.

પ્રખર હિંદુવાદી નેતાની ઈમેજ ધરાવતા ગુજરાતના મુખ્ય મંત્રી તરીકે મોદીએ ભ્રષ્ટાચારમુક્ત શાસનની સાથે વિકાસનો મંત્ર અપનાવ્યો હતો. ભ્રષ્ટાચારને નાથવા પારદર્શક ભરતી પ્રક્રિયા, ઑનલાઈન ટેન્ડરિંગ. ઈ-ગવર્નન્સ વગેરે દ્વારા સુશાસન આપ્યું. મોદીએ ગુજરાતને ઔદ્યોગિક વિકાસમાં પણ અગ્રેસર બનાવ્યું. દર બે વર્ષે યોજાતાં વાયબ્રન્ટ સમિટ્સ દ્વારા મોદીએ ગુજરાતમાં દેશ-વિદેશની ટોચની કંપનીઓને ગુજરાતમાં રોકાણ કરવા માટે આમંત્રિત કરી. ટાટા મોટર્સનો નેનો પ્રોજેક્ટ ગુજરાતમાં ખેંચી લાવીને મોદીએ માસ્ટરસ્ટ્રોક ફટકાર્યો હતો. મોદીએ ગુજરાતમાં સાણંદ, વિઠલાપુર જેવા નવા ઈન્ડસ્ટ્રીયલ હબ ઊભા કર્યા કે જ્યાં મારુતિ, ફોર્ડ, હોન્ડા સહિતની મોટી મોટી કંપનીઓના પ્લાન્ટ્સ છે. મોદીએ ગુજરાતમાં ટેક પાર્ક અને ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ દ્વારા નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના વિકાસનું નવું મોડલ અમલી બનાવીને ગુજરાતના વિકાસને નવી દિશા અને ગતિ આપી.



મોદીએ ગુજરાતને પ્રવાસનનું હબ પણ બનાવ્યું, સ્ટેચ્યુ ઑફ યુનિટી, ધોળાવીરા, કચ્છનું સફેદ રણ, શિવરાજપુર બીચ સહિતનાં સ્થળોનો વિકાસ કરાવીને મોદીએ ગુજરાતને ભારત જ નહીં, પણ વિશ્વના ટુરિઝમ મેપ પર મૂકી દીધું.

મોદીએ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા પણ અનેક પગલાં લીધાં. એક તરફ ‘વાંચે ગુજરાત’ અભિયાન દ્વારા ગુજરાતી ભાષાને જીવંત રાખવાનું મહાઅભિયાન ચલાવ્યું તો બીજી તરફ વાયબ્રન્ટ નવરાત્રિ, પતંગોત્સવ, રણોત્સવ સહિતના ઉત્સવો દ્વારા ગુજરાતીઓમાં ગુજરાતી અસ્મિતા તરફ સભાનતા પ્રેરી.

મોદીના વિકાસ મોડલમાં ભારતનું સ્વાવલંબન કેન્દ્રસ્થાને છે. ભારતને તમામ બાબતોમાં આત્મનિર્ભર બનાવીને બીજા દેશો પરની નિર્ભરતા ઘટાડવાની દિશામાં મોદીએ અનેક પગલાં લીધાં છે. આત્મનિર્ભર ભારત અને મેઈક ઈન ઇન્ડિયા દ્વારા મોદીએ ભારતમાં નવો આત્મવિશ્વાસ પેદા કર્યો છે. મોદીએ વિશ્વમાં ભારતને ચોથી સૌથી મોટી આર્થિક મહાસત્તા બનાવી છે. સાથે સાથે મોદીએ ભારતને વૈશ્વિક મંચ પર જેની અવગણના ના કરી શકાય એવા દેશ તરીકે સ્થાપિત કર્યો છે. મોદીએ કલમ ૩૭૦ની નાબૂદી, મહિલાઓમાં ટ્રિપલ તલાકની નાબૂદી જેવાં પગલાં ભર્યાં છે તો પાકિસ્તાન સામે સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા દેશની સરહદોને પણ ઊની આંચ આવવા નથી દીધી. બલકે એવા નયા ભારતનું નિર્માણ કર્યું છે કે જેને છંછેડવાની કોઈ હિંમત ના કરે. ■
















# અમિત શાહ - ચૂંટણી વ્યૂહરચનાના ચાણક્ય




આઝાદ ભારતમાં પોતાની વિશિષ્ટ ઓળખ ઊભી કરનારા રાજકારણીઓમાંના એક અમિત શાહ છે. ૨૦૧૪ના મેથી કેન્દ્રીય ગૃહ મંત્રી એવા અમિતભાઈ અનિલચંદ્ર શાહ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રહી ચૂક્યા છે અને ગુજરાતમાં રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી તરીકે પણ કામ કરી ચૂક્યા છે. છેલ્લા એક દાયકા કરતાં વધારે સમયથી ભાજપના મુખ્ય ચૂંટણી વ્યૂહરચનાકાર અમિત શાહે કેન્દ્રમાં ભાજપને સત્તાસ્થાને બેસાડવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલાં મોદીએ શાહને ઉત્તર પ્રદેશના પ્રભારી બનાવીને મોકલ્યા હતા.

અમિત શાહની જબરદસ્ત વ્યૂહરચનાના કારણે ભાજપ યુપીમાં લોકસભાની ૮૦માંથી ૬૩ બેઠકો જીત્યો અને કેન્દ્રમાં સ્પષ્ટ બહુમતી મેળવી શક્યો. ભાજપ સંગઠન પર જોરદાર પકડ ધરાવતા અમિત શાહ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના સાથી છે. મોદી અને શાહનાં નામ ભારતીય રાજકારણમાં એક વિશિષ્ટ જોડી તરીકે હંમેશાં સાથે લેવાય છે.

ગાંધીનગર લોકસભા બેઠક પરથી ચૂંટાયેલા અમિત શાહે કેન્દ્રીય ગૃહ મંત્રી તરીકે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ અને કાશ્મીરના નાગરિકોને વિશેષાધિકારો આપતી કલમ ૩૫-એની નાબૂદી જેવા ઐતિહાસિક નિર્ણયો લીધા છે. ૫ ઑગસ્ટ ૨૦૧૯ના રોજ સંસદે કલમ ૩૭૦ અને કલમ ૩૫-એ નાબૂદ કરીને જમ્મુ અને કાશ્મીરને દેશના મુખ્ય રાજકીય પ્રવાહમાં લાવવાનું કામ કર્યું. સિટિઝનશિપ એમેન્ડમેન્ટ ઍક્ટ (CAA) દ્વારા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં મુસ્લિમોના અત્યાચારનો ભોગ બનેલા હિંદુ સહિતના લઘુમતી સમુદાયના નિરાશ્રિતોને ભારતની નાગરિકતા આપવાના ઐતિહાસિક નિર્ણયનો યશ પણ અમિત શાહને જાય છે. પ્રખર હિંદુવાદી નેતાની છાપ ધરાવતા શાહના આ નિર્ણયના કારણે ભારત વિશ્વભરના હિંદુઓનો આશ્રયદાતા હોવાની છાપ પડી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી તરીકે અમિત શાહના કાર્યકાળમાં અંગ્રેજોના જમાનાના જરીપુરાણા કાયદા બદલીને તેમના સ્થાને ત્રણ નવા કાયદા અમલી બનાવવાનો ઐતિહાસિક નિર્ણય પણ લેવાયો. ઇન્ડિયન એવિડન્સ ઍક્ટના સ્થાને ભારતીય સાક્ષ્ય સંહિતા ઍક્ટ, ઇન્ડિયન પિનલ કોડ (આઈપીસી)ના સ્થાને ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ અને કોડ ઑફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી)ના સ્થાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અમલી બન્યા છે. આ ત્રણેય કાયદાને સ્થાને આજના જમાનાને અનુરૂપ નવા કાયદા અમલી બનાવીને અમિત શાહે વહીવટી સુધારણામાં કદી ના ભુલાય એવું યોગદાન આપ્યું છે. હિંદી ભાષાને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો અપાવવા માટે સંઘર્ષરત અમિત શાહ દેશના તમામ નાગરિકોની માહિતી ધરાવતું નેશનલ સિટિઝન રજિસ્ટર (NRC) પણ લાવવા માગે છે.

ભાજપના ઘણા દિગ્ગજ નેતાઓની જેમ અમિત શાહ પણ બાળપણથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે જોડાયેલા છે. ૨૨ ઓક્ટોબર ૧૯૬૪ ના રોજ મુંબઈમાં જન્મેલા અમિત શાહનું વતન ઉત્તર ગુજરાતનું માણસા છે. હિંદુ વણિક પરિવારના અમિત શાહના વડવા માણસાના નગરશેઠ હતા.

મોદીની સલાહથી શાહ ૧૯૮૩માં સંઘની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)માં જોડાયા અને ૧૯૮૭માં ભાજપની યુવા પાંખ ભારતીય જનતા યુવા મોરચા (BJYM) ના કાર્યકર બન્યા. શાહે ૧૯૮૭માં ભાજપમાં જોડાઈને રાજકીય કારકિર્દી શરૂ કરી. ભાજપમાં પાયાના કાર્યકર તરીકે શરૂઆત કરનારા શાહે વૉર્ડ સેક્રેટરીના હોદ્દાથી શરૂઆત કરી હતી અને ધીરે ધીરે આગળ વધીને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખપદ સુધી પહોંચી ગયા.

અમિત શાહે ચૂંટણીના રાજકારણની શરૂઆત ૧૯૯૧માં ગાંધીનગરમાંથી લોકસભાની ચૂંટણી લડનારા લાલકૃષ્ણ અડવાણીના કેમ્પેઈન મૅનેજર તરીકે કરી હતી. આ ચૂંટણીમાં તેમના મૅનેજમેન્ટ કૌશલ્યે ભાજપના દિગ્ગજ નેતાઓને પ્રભાવિત કર્યા હતા. ૧૯૯૫માં ગુજરાતમાં ભાજપે પહેલી વાર સરકાર બનાવી ત્યારે નરેન્દ્ર મોદી સંગઠન મહામંત્રી હતા. મુખ્ય મંત્રી કેશુભાઈ પટેલે શાહને ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ કૉર્પોરેશનના ચૅરમૅન નીમ્યા હતા. ■

# આનંદીબેન પટેલ - ખેડૂતપુત્રીથી મુખ્ય મંત્રીની સફર





ગુજરાતના ઇતિહાસમાં પોતાની અમિટ છાપ છોડનારાં વ્યક્તિત્વોની વાત નીકળે ત્યારે આનંદીબેન પટેલને અચૂક યાદ કરવાં પડે. આનંદીબેન પટેલ ગુજરાતનાં મુખ્ય મંત્રી બન્યાં હોય એવાં એકમાત્ર મહિલા છે. છેલ્લાં ૬ વર્ષથી દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ એવાં આનંદીબેન પટેલે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી દેશના વડા પ્રધાન બન્યા પછી તેમના સ્થાને ૨૨ મે, ૨૦૧૪ના રોજ મુખ્ય મંત્રીપદ સંભાળ્યું એ પહેલાં, એક કાબેલ અને સક્ષમ વહીવટકાર તરીકેની પોતાની છાપ ઊભી કરી ચૂક્યાં હતાં.

ગુજરાતનાં પહેલા મહિલા મુખ્ય મંત્રી બનીને ઇતિહાસ રચનારાં આનંદીબેન દેશના કરોડો યુવાઓ માટે રોલ મોડલ છે. એક સામાન્ય પરિવારમાં જન્મીને ઉચ્ચ શિક્ષણ મેળવીને ગુજરાતનાં પહેલા મહિલા મુખ્ય મંત્રી બનવા સુધીની સફળ સફર આનંદીબેનનાં મક્કમ મનોબળ અને કદી હાર નહીં માનવાની લડાયકતાનું પરિણામ છે.

ઉત્તર ગુજરાતના નાનકડા ખરોડ ગામમાં ૨૧ નવેમ્બર ૧૯૪૧ના રોજ જન્મેલાં આનંદીબેનના પિતા જેઠાભાઈ પટેલ ખેડૂત હતા, પણ સુધારાવાદી હતા તેથી એ જમાનાથી વિપરીત દીકરીને ભણાવવાનું નક્કી કર્યું. આનંદીબેને ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કન્યા શાળામાં કર્યો હતો. કન્યા શાળામાં આગળ અભ્યાસ માટે સગવડ ન હોવાથી કુમાર શાળામાં પ્રવેશ લીધો હતો.

કુમાર શાળામાં ૭૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે આનંદીબેન એકમાત્ર વિદ્યાર્થિની હતાં. આઠમા ધોરણથી વિસનગરની નૂતન સર્વ વિદ્યાલયમાં ભણ્યાં. સ્કૂલમાં ભણતાં ત્યારે આનંદીબેન સ્પોર્ટ્સમાં અવ્વલ હતાં. એથ્લેટિક્સમાં રસ ધરાવતાં આનંદીબેન મહેસાણા જિલ્લામાં ''વીર બાળા'' પુરસ્કારથી સન્માનિત થયાં હતાં.

આનંદીબેન પ્રી-સાયન્સ માટે દાખલ થયાં ત્યારે સાયન્સમાં એડમિશન લેનારાં એકમાત્ર વિદ્યાર્થિની હતાં. બી.એસસી. પછી એમ.એસસી. કરનારાં આનંદીબેન, મફતભાઈ પટેલ સાથે લગ્ન પછી અમદાવાદ આવ્યાં ત્યારે પહેલાં બી.એડ. અને પછી એમ.એડ. કર્યું. આનંદીબેન એમ.એડ.માં સમગ્ર યુનિવર્સિટીમાં પહેલાં હતાં તેથી ગોલ્ડ મેડલ મળેલો.

આનંદીબેને થોડો સમય મહિલા વિકાસ ગૃહમાં નોકરી કરી ત્યારે પચાસથી વધુ વિધવાઓને રોજગારલક્ષી અભ્યાસ કરાવીને પગભર કરી હતી. આનંદીબેન ૧૯૭૦માં મોહિનીબા કન્યા વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે જોડાયાં અને આ શાળામાં પ્રિન્સિપાલ બન્યાં હતાં. મોહિનીબા કન્યા વિદ્યાલયના પ્રવાસ દરમિયાન નર્મદા નદીમાં ડૂબી રહેલી બે વિદ્યાર્થિનીને બચાવવા આનંદીબેને જીવની પરવા ન કરીને છલાંગ લગાવી દીધી હતી.

આનંદીબેન ૧૯૮૭માં રાજકારણમાં આવ્યાં ત્યારે તેમને સૌથી પહેલાં ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપાઈ હતી. આનંદીબેને વધુ ને વધુ પ્રમાણમાં મહિલાઓને ભાજપ તરફ વાળવાનું કામ કર્યું.

રાષ્ટ્રીય સ્તરે પણ આનંદીબેન સક્રિય હતાં અને ૧૯૯૨માં શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા માટે ભાજપના તત્કાલીન પ્રમુખ મુરલી મનોહર જોશીએ કાઢેલી એકતા યાત્રામાં જોડાનાર એકમાત્ર મહિલા નેતા હતાં. આનંદીબેન ૧૯૯૪માં રાજ્યસભાનાં સભ્ય બન્યાં. ૧૯૯૮માં પહેલી વાર માંડલ બેઠક પરથી જીતીને ધારાસભ્ય બન્યા પછી સળંગ ચાર વાર ધારાસભ્યપદે ચૂંટાયાં.

આનંદીબેને ભાજપ સરકારમાં શિક્ષણ મંત્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રી તેમ જ મહેસૂલ મંત્રી તરીકે યશસ્વી કામગીરી બજાવી તેના કારણે ૨૦૧૪માં મોદી વડા પ્રધાન બન્યા પછી મુખ્ય મંત્રીપદે આનંદીબેન પટેલ સ્વાભાવિક પસંદગી હતાં.

ગુજરાતમાં વિવિધ મંત્રાલયોમાં કૅબિનેટ કક્ષાના મંત્રી અને મુખ્ય મંત્રી તરીકે આનંદીબેને ગુજરાતની વિકાસયાત્રામાં આપેલા યોગદાનને ગુજરાતની પ્રજા આજેય પ્રેમથી યાદ કરે છે. આનંદીબેને ગુજરાતમાં શરૂ કરેલી ઘણી યોજનાઓ અત્યારે રાષ્ટ્રીય સ્તરે અમલી બનાવાઈ છે. આ તમામ વિભાગોમાં વહીવટને પારદર્શક અને ભ્રષ્ટાચારમુક્ત બનાવવા માટે ટેકનોલૉજી તથા ઈન્ટરનેટનો ઉપયોગ આનંદીબેન પટેલે કર્યો હતો.

આનંદીબેન પટેલે ગુજરાતમાં ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોને મફત આરોગ્ય સેવા માટે 'મા વાત્સલ્ય' યોજના શરૂ કરી હતી. રાજ્યની તમામ મહિલાઓ માટે કૅન્સરનું નિદાન અને સારવાર મફત કરવાનું શ્રેય આનંદીબેનને જાય છે. આનંદીબેનના સમયમાં જ 'ખુલ્લામાં શૌચમુક્ત ગુજરાત' અભિયાન શરૂ થયું હતું. ગરીબ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ઉચ્ચ શિક્ષણ માટે આનંદીબેને યુવા સ્વાવલંબન યોજના શરૂ કરાવી હતી.

ગુજરાતમાં ખેતીને સમૃદ્ધ કરવા માટે સિંચાઈની સવલતો વધારવાનું અભિયાન આનંદીબેને છેડ્યું હતું. તેના ભાગરૂપે નહેરો અને નાની નહેરો માટે જમીન સંપાદન આડેના તમામ અવરોધો દૂર કરીને ગુજરાતનાં ગામેગામ નર્મદાનું પાણી પહોંચાડવાનો યશ આનંદીબેનને જાય છે.

એ જ રીતે શહેરોના વિકાસ માટે આનંદીબેને ૧૦૦ કરતાં વધારે ટાઉન પ્લાનિંગ (ટીપી) સ્કીમને મંજૂરી આપી હતી. ગુજરાતનાં તમામ ગામોને પાકા રસ્તાથી જોડવાનું મહાઅભિયાન પણ આનંદીબેનના સમયમાં ચાલ્યું. આનંદીબેને ૧૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચે ગ્રામીણ રોડ નેટવર્ક ઊભું કર્યું.

આનંદીબેને ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની વિદ્યા સહાયક યોજનાને પારદર્શક બનાવીને શિક્ષણ માફિયાઓને ખતમ કરી નાખ્યા હતા. ફિક્સ પગાર મેળવતા કર્મચારીઓના પગારમાં વધારો કરનારાં આનંદીબેને વિદ્યા લક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ સ્કીમ જેવી યોજનાઓ પણ જાહેર કરી. મુખ્ય મંત્રીપદેથી રાજીનામું આપતાં પહેલાં તેમણે ગુજરાતમાં તમામ સ્ટેટ હાઈવે પર નોન-કૉમર્શિયલ વ્હીકલ્સ માટેનો ટોલ ટૅક્સ નાબૂદ કરીને કરોડો લોકોને મોટી રાહત આપી હતી.

એક શિસ્તબદ્ધ શિક્ષિકા તરીકે નામના મેળવનારાં આનંદીબેનને રાષ્ટ્રપતિ અને રાજ્યપાલના શ્રેષ્ઠ શિક્ષક સહિતના અનેક અવૉર્ડ મળી ચૂક્યા છે. 'પ્રયાસ' અને 'પ્રતિબિંબ' પુસ્તકો લખી ચૂકેલાં આનંદીબેન પટેલના યોગદાનને ગુજરાતી કદી નહીં ભૂલે. ■






















AJMERA
BUILT ON TRUST

MahaRERA Registration No. P51800030227

PRESENTING
# THE ELITE COLLECTION




CONSTRUCTION IN FULL SWING

AJMERA ARHAM
DECKED WITH SKIES

FROM KIDS TO GRANDPARENTS – WE HAVE THOUGHT OF EVERYONE

- GYMNASIUM
- STEAM ROOM
- SPA
- YOGA AREA
- JAIN TEMPLE
- KIDS SAND & ADVENTURE PLAY AREA
- BANQUET HALL
- INDOOR GAMES
- BUSINESS LOUNGE
- SENIOR CITIZEN FACILITIES

SKYDECK RESIDENCES
2 BHK, 4 BHK ELITE & 4 BHK PRIME

STARTING FROM
₹ 2.90 CR*

www.ajmera.com | ADARSH NAGAR ANNEX, MALAD (W) | +91 797 114 5905

MahaRERA Registration No. P51800030227 and is available on the website maharera.mahaonline.gov.in *T & C Apply

Project Funded By IndusInd Bank

# ભૂપેન્દ્ર પટેલ – મૃદુ પણ મક્કમ



સત્તામાં હોવા છતાં સાદગીને વળગી રહેનારા લોકો બહુ ઓછા હોય છે. ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ આવું વિરલ વ્યક્તિત્વ ધરાવે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જેમને મૃદુ અને મક્કમ મુખ્ય મંત્રી ગણાવ્યા છે એવા ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના રાજકારણ પર એક અલગ છાપ છોડી છે. ‘દાદા’ના હુલામણા નામે જાણીતા ભૂપેન્દ્ર પટેલ અજાતશત્રુ મનાય છે. રાજકારણમાં જેમનો કોઈ દુશ્મન ના હોય એવો માણસ ભાગ્યે જ મળે, પણ ભૂપેન્દ્ર પટેલનો કોઈ રાજકીય દુશ્મન નથી કે રાજકીય વિરોધી પણ નથી. નિર્વિવાદ વ્યક્તિત્વ અને સ્વચ્છ ઈમેજ ધરાવતા ભૂપેન્દ્ર પટેલે કોઈ પણ વિવાદમાં પડ્યા વિના ગુજરાતની પ્રજાની ભલાઈને જ જીવનમંત્ર બનાવી દીધો છે.

ભૂપેન્દ્ર પટેલ ૨૦૨૨માં વિજય રૂપાણીના સ્થાને ગુજરાતના મુખ્ય મંત્રી બન્યા પછી ગુજરાતને દેશભરમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં અગ્રેસર બનાવવા શ્રેણીબંધ પગલાં લીધાં છે. ગુજરાતને વિશ્વનું સેમિકંડક્ટર હબ બનાવવા માટે જાહેર કરાયેલી ઈન્ફર્મેશન ટેકનોલૉજી (IT) નીતિથી માંડીને ગુજરાત ઇલેક્ટ્રૉનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પૉલિસી સુધીના નિર્ણયો દ્વારા ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપી છે. સરકારની ઔદ્યોગિક નીતિઓ ભૂપેન્દ્ર પટેલના વિઝનના પુરાવા છે. ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિશ્વકક્ષાનું બનાવવા માટે પણ કમર કસી છે. તેના ભાગરૂપે નિયમિત રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના નવા નવા પ્રોજેક્ટ્સને મંજૂરી આપીને તેનો ઝડપથી અમલ કરાય છે.

ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં યુનિફૉર્મ સિવિલ કોડ (USC)નો અમલ કરવા માટે સમિતિની રચના કરીને એક મહત્ત્વનું પગલું ભર્યું છે. ગુજરાતના વહીવટને વધુ પારદર્શક અનમે પ્રજાલક્ષી બનાવવા માટે પટેલે વહીવટી સુધારણા પંચ પણ બનાવ્યું છે અને તેની ભલામણોનો બહુ જલદી અમલ થશે. ભૂપેન્દ્ર પટેલની સરકારે ગુજરાતમાંથી ડ્રગ્સના દૂષણનો સંપૂર્ણ સફાયો કરવા ચલાવેલી ઝુંબેશની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ રહી છે. એ જ રીતે સાયબર ક્રાઇમ રિફંડ પોર્ટલ ‘તેરા તુઝકો અર્પણ’ની પણ રાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ રહી છે. નાણાકીય સાયબર ક્રાઇમને લગતી ફરિયાદોના આધારે ફ્રિઝ થયેલા બૅન્ક ખાતાને પુનઃ કાર્યરત – અનફ્રિઝ કરાવવા માટેની ઑનલાઇન એપ્લિકેશન અને પોલીસમાં FIR દાખલ કરનાર ફરિયાદીને તપાસની પ્રગતિથી અપડેટ રાખતા I-PRAGATI પોર્ટલ સહિતની અનોખી પહેલ પણ ભૂપેન્દ્ર પટેલ સરકાર દ્વારા કરાઈ છે.

ભૂપેન્દ્ર પટેલનો જન્મ ૧૫ જુલાઈ ૧૯૬૨ના રોજ અમદાવાદમાં થયો હતો. કૉલેજકાળમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા ભૂપેન્દ્ર પટેલ સિવિલ એન્જિનિયર છે. ૧૯૮૨માં અમદાવાદની ગવર્નમેન્ટ પોલિટેક્નિકમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા મેળવનારા ભૂપેન્દ્ર પટેલે કારકિર્દીની શરૂઆત રીયલ એસ્ટેટ ક્ષેત્રે નોકરીથી કરી હતી. સાથે સાથે ભાજપના કાર્યકર તરીકે પણ કામ કરતા હતા. નોકરીમાં પ્રગતિ કરીને ધીરે ધીરે ભૂપેન્દ્ર પટેલ રીયલ એસ્ટેટ ડેવલપર બન્યા છે.

ભૂપેન્દ્ર પટેલે ૧૯૯૦ના દાયકામાં મેમનગર નગરપાલિકામાં સભ્ય તરીકે ચૂંટાઈને રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. પટેલ ૧૯૯૫-૯૬માં મેમનગર નગરપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન બન્યા અને ૧૯૯૯માં મેમનગર નગરપાલિકાના પ્રમુખ ચૂંટાયા હતા. ભૂપેન્દ્ર પટેલ મેમનગર નગરપાલિકાના પ્રમુખ તરીકે બે વાર ચૂંટાયા. પહેલી વાર ૧૯૯૯-૨૦૦૦ દરમિયાન અને બીજી વાર ૨૦૦૪-૨૦૦૬ના સમયગાળા દરમિયાન તેમણે નગરપાલિકાના પ્રમુખ તરીકેની જવાબદારીઓ નિભાવી.

ભૂપેન્દ્ર પટેલે ૨૦૦૮-૨૦૧૦ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સ્કૂલ બોર્ડના વાઇસ ચૅરમૅન તરીકે સેવા આપી હતી. ૨૦૧૦થી ૨૦૧૫ દરમિયાન ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં થલતેજ વિસ્તારના કૉર્પોરેટર તરીકે સેવાઓ આપી. આ સમયગાળામાં ભૂપેન્દ્રભાઈ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન પણ રહ્યા.

૨૦૧૫માં ભૂપેન્દ્ર પટેલને અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી (AUDA) ના ચૅરમૅન બનાવાયા અને ૨૦૧૭માં ઘાટલોડિયા બેઠક પરથી પહેલી વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા. ભૂપેન્દ્ર પટેલે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પ્રથમ વખત ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી તરીકે શપથ લીધા હતા. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો જીતીને ઇતિહાસ રચી દીધો હતો. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આટલી જંગી બહુમતી પહેલાં કદી કોઈ પક્ષને મળી નથી.

સરદાર ધામ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓના ટ્રસ્ટી ભૂપેન્દ્ર પટેલની પ્રકૃતિ આધ્યાત્મિક છે. દાદા ભગવાન દ્વારા સ્થાપિત ‘અક્રમ વિજ્ઞાન ફાઉન્ડેશન’ના ફોલોઅર ભૂપેન્દ્ર પટેલ મેમનગર ખાતે સંઘ પરિવાર દ્વારા સંચાલિત પંડિત દીનદયાલ લાઈબ્રેરીમાં પણ સક્રિય સભ્ય છે. ■

# ભાઈશ્રી રમેશ ઓઝા – સંસ્કૃતના સંવર્ધનના ભેખધારી



કથાકથનમાં મધમીઠી વાણી, ભક્તિભાવ, ધર્મનું ઊંડું જ્ઞાન, વેદો અને સંસ્કૃતિનાં જતન-સંવર્ધનની ભાવના હોવી જરૂરી છે અને આપણા ભાઈશ્રીના હુલામણા નામે વિશ્વવિખ્યાત, રાષ્ટ્રીયસંતસમા કથાકાર રમેશભાઈ ઓઝા કથાકથનમાં નિપુણ છે. એમણે ભાગવતકથાના માધ્યમથી લોકોને ધર્મ તરફ વાળ્યા છે. સાંદીપનિ વિદ્યાનિકેતનની સ્થાપના દ્વારા વેદોનાં જતન અને સંસ્કૃત ભાષાના સંવર્ધનની ધૂણી ધખાવી છે.

દેવકા ગામમાં એમનું મોટું મકાન હતું. આર્થિક સ્થિતિ પણ સારી હતી. દાદાનું નાની વયે અવસાન થયું પછી દાદીમાએ દાદાજી પાછળ શ્રીમદ્ ભાગવતકથા બેસાડવાનું વ્રત લીધું હતું અને કથા ન થાય ત્યાં સુધી પગની આંટીએ જમવું એવી ટેક (જમીન પર બેસીને પગ નીચે હાથ લઈ ભોજન કરવાની ટેક) આ ટેક ૧૭ વર્ષ ચાલી. રાજુલાના કથાકાર મોહનલાલ શાસ્ત્રી દાદીમાને બહેન માને. એમણે કહ્યું કે બેન, કથા હું વાંચીશ મને દક્ષિણામાં તુલસીપત્ર આપજો. અંતે કથા થઈ. સાથે દાદીમાની ટેક પણ પૂરી થઈ.

મારા જન્મ પછી લોકો એવું કહેતા કે ભાઈશ્રીનો જન્મ કથા સાંભળીને થયો હતો. દાદીમાના અવસાન પછી ભાઈશ્રીને ગીતાજ્ઞાન યજ્ઞ કરવાની ઇચ્છા થઈ હતી. એમને શૈશવકાળમાં રાજુલામાં પાંડુરંગ શાસ્ત્રીએ સ્થાપેલા તત્ત્વજ્યોતિ પાઠશાળામાં અભ્યાસ દરમિયાન યજ્ઞની તાલીમ મળી. પછીથી ભાઈશ્રી એમ કહેતા કે અમે બધાં નાનાં નાનાં છોકરાઓ ટીમ બનાવીને યજ્ઞ યજ્ઞ રમતાં.

સાત આઠ છોકરાં ભેગાં થઈને ઘરમાં જ મંડપ બાંધીને યજ્ઞ કરતા. જોકે કોઈએ આવું ન કરાય એમ કહ્યું તો કેટલાકે વખાણ પણ કર્યાં હતાં. એક વખતે આ પ્રકારના યજ્ઞ માટે કંકોતરી પણ છપાવીને એક એક રૂપિયો ભેગો કરીને પંચાવન રૂપિયા એકઠા કરીને જ્ઞાનયજ્ઞ કર્યો હતો. એ જ્ઞાનયજ્ઞમાં શરૂઆતમાં ઘરના લોકો જ બેસતા પછી તો એમની વાણીનાં વખાણ ગામલોકો સુધી પહોંચ્યાં અને ગામવાસીઓ પણ આવવા લાગ્યા હતા. જોતજોતામાં આખો મંડપ ખીચોખીચ ભરાઈ ગયો. છેલ્લા દિવસે સત્યનારાયણની કથા કરી... પ્રસાદ વહેંચ્યો, પરંતુ સૌને એક પ્રશ્ન થયો કે આટલી નાની વયે ગીતાજ્ઞાન.... પણ લોકોને એ ખબર ન હતી કે ભાઈશ્રી કથા સાંભળીને જનમ્યા હતા.... અને એમને કથાકથનનું શિક્ષણ એમના કાકા જીવરાજભાઈ ઓઝાએ આપ્યું હતું.

પરિવાર સાથે મુંબઈ આવીને વસી ગયેલા ભાઈશ્રીને પહેલેથી જ વિજ્ઞાનમાં ભારે રસ હતો. એસ. એસ. સી.માં માર્ક્સ સારા આવેલા અને એમની ઇચ્છા ડૉક્ટર બનવાની હતી, પરંતુ ઘરની આર્થિક સ્થિતિ સારી ન હતી. ઘરમાં કમાનારા એક મોટા ભાઈ હતા. એમનો પગાર સાડાચારસો. પિતાને કૅન્સર હતું.... એમનો દવાનો મહિનાનો ખર્ચ ૬૦૦ રૂપિયા થતો હતો. આ હાલતમાં એમણે કૉમર્સમાં એડમિશન લીધું. સવારે કૉલેજમાં જતા અને બપોર પછી નોકરી કરતા.

ઑટોમોબાઈલ મારકેટમાં કામ કરવાનું એમને ફાવ્યું નહીં. કદાચ વારસામાં લક્ષ્મીને બદલે સરસ્વતી મળ્યાં હતાં. પછી કાકા કથા કરવા જાય ત્યારે કોઈ વાર એમની સાથે જાય. કોઈ વાર કાકા વ્યાસપીઠ પર એમને બેસાડીને બોલવાનું કહે. પછી તો કાકાની ગેરહાજરીમાં કથા કહેવાનું શરૂ કર્યું. ભાગવત, રામાયણ, ગીતા સહિતના ગ્રંથો વાંચ્યા. પ્રાર્થનાની પહેલેથી જ ટેવ હતી અને કુદરતી રીતે કંઠ પણ સારો હતો.

કાકાએ આપેલી તાલીમને કારણે વક્તૃત્વકળા ખીલી. મહારાષ્ટ્રીયન પંડિતો પાસેથી બાકી રહેલું સંસ્કૃતનું વિશેષ જ્ઞાન પણ લીધું. સમયાંતરે ભાગવત પ્રત્યેનો અનુરાગ વધતો ચાલ્યો. આમ તો પહેલી કથા મામાને ત્યાં અઢાર વર્ષની વયે થઈ હતી. ઘરના બધાએ પૂછ્યું કે તું કથા કરીશ? એટલે એમણે કહ્યું આખી કથા ક્યારેય કરી નથી, પણ મામાના ઘરથી આખી કથાનાં મંગલાચરણ કરીશ. આમ ભાઈશ્રીને બનવું હતું ડૉક્ટર પણ બની ગયા કથાકાર.

ભાઈશ્રીએ એક રસપ્રદ કિસ્સો કહ્યો હતો કે કથા પહેલાં નીકળેલી શોભાયાત્રામાં એક કૂતરું પણ જોડાયું હતું અને કથાના સ્થળે આવીને બેસી ગયું. કોઈના હટાવવાથી હટ્યું નહીં, પણ શાંતિથી બેઠેલા કૂતરાને કોઈએ વતાવ્યું નહીં. બે સત્રમાં ચાલતી કથા દરમિયાન કૂતરું સવારે આવીને બેસી જતું અને ફરી પાછું બીજા સત્રમાં આવીને ગોઠવાઈ જતું.

ભાઈશ્રી પણ જોઈ લેતા થયા કે એમનો મુખ્ય શ્રોતા આવી ગયો છે કે નહીં, પરંતુ દુઃખની વાત એ બની કે કથા પૂરી થઈ પછી કૂતરું મરી ગયું. ભાઈશ્રીએ કહ્યુંઃ ‘ગયા જનમમાં અધૂરું રહી ગયેલું કથાશ્રવણ કરવા આવ્યો હશે.’

ભાઈશ્રીની નિશ્રામાં સાંદીપનિ વિદ્યાનિકેતન સહિતની અન્ય સંસ્થાઓ કાર્યરત છે. ભારતીય સંસ્કૃતિ, વેદોની રક્ષા અને સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે એમણે ભેખ લીધો છે એમ કહીએ તો અસ્થાને નથી. ■



# "લેસર શાર્પ વિઝનઃ ચશ્માં વિના દુનિયા જુઓ"

ડૉક્ટર્સ ડે નિમિત્તે, અગ્રવાલ આઇ હૉસ્પિટલ, જે ૪૪ વર્ષથી વધુ સમયથી આંખની સંભાળમાં વિશ્વસનીય નામ છે, તે સૌથી લોકપ્રિય દ્રષ્ટિ સુધારણા પ્રક્રિયાઓમાંની એક - LASIKને સ્પષ્ટતા આપે છે. મુંબઈના મલાડમાં સ્થિત, આ હૉસ્પિટલ અનુભવી પિતા-પુત્રીની જોડી, **ડૉ. શ્યામ અગ્રવાલ અને ડૉ. આરતી અગ્રવાલ બહુવા દ્વારા** ચલાવવામાં આવે છે, બંને ઉચ્ચ તાલીમ પામેલા નેત્ર ચિકિત્સકો અને રીફ્રેક્ટિવ અને LASIK સર્જરીના નિષ્ણાતો છે.

હૉસ્પિટલ ૨૦ વર્ષથી વધુ સમયથી સતત પરિણામો અને હજારો ખુશ દર્દીઓ સાથે LASIK ઓફર કરી રહી છે. કોન્ટોરા LASIKમાટે Shwind અમરિસ 750S અને બ્લેડલેસ પ્રક્રિયાઓ માટે FS 200 ફેમટોસેકન્ડ લેસર જેવી વિશ્વ કક્ષાની ટૅક્નોલૉજીથી સજ્જ, ક્લિનિક દરેક સારવારમાં મહત્તમ ચોકસાઇ અને સલામતી સુનિશ્ચિત કરે છે.

લેસર eye (આંખની) સર્જરી વિશે જાગૃતિ લાવવા માટે, ડૉક્ટરો નીચે મુજબ જણાવે છે.



ડૉ. શ્યામ અગ્રવાલ DOMS, MS (Mum) તથા ડૉ. આરતી અગ્રવાલ બહુવા MS (Mum), DNB, FCRS, ફૈકો-રીફ્રેક્ટીવ

**★ શું LASIK સલામત પ્રક્રિયા છે?**

ચોક્કસ, LASIK એ એક અજમાવેલ અને પરીક્ષણ કરેલ પ્રક્રિયા છે જેની સલામતી અને અસરકારકતા ૩૦ વર્ષથી વધુ સાબિત થઈ છે. આ સર્જરીમાં દરેક આંખ માટે ફક્ત ૩-૪ મિનિટનો જ સમય લાગે છે અને તે ઓછામાં ઓછા ડાઉનટાઇમ સાથે ચશ્માં અથવા કોન્ટેક્ટ લેન્સથી સંપૂર્ણ મુક્તિ આપે છે.

**★ લેસર દ્રષ્ટિ સુધારણાના ક્યા ક્યા વિવિધ પ્રકારો છે?**

**ફેમટોસેકન્ડ કોન્ટોરા લેસિક**

આ અદ્યતન વર્ઝન બ્લેડલેસ ફેમટોસેકન્ડ લેસરનો ઉપયોગ કરીને ફ્લેપ બનાવે છે અને દરેક આંખ માટે વિશિષ્ટ, વ્યક્તિગત ટોપોગ્રાફિક નકશાનો ઉપયોગ કરીને કોર્નિયાને ફરીથી આકાર આપે છે. તે ઝડપી ઉપચાર સાથે તીક્ષ્ણ, હાઇ-ડેફિનેશન દ્રષ્ટિ પ્રદાન કરે છે.

**★ ટ્રાન્સPRK/નો ટચ લેસિક**

પાતળા કોર્નિયા અથવા સક્રિય જીવનશૈલી ધરાવતા લોકો માટે ફ્લેપલેસ તકનીક આદર્શ છે. લેસર કોઈપણ મેન્યુઅલ સ્પર્શ વિના આંખની સપાટીને સીધી રીતે ફરીથી આકાર આપે છે, જે સલામત અને ઝડપી રીકવરી વિકલ્પ પ્રદાન કરે છે.

લેન્ટિક્યુલ-આધારિત પ્રક્રિયાઓ (સ્માઇલ અને સિલ્ક) (SMILE તથા SILK)

આ ન્યૂનતમ ઈનવેસીવ, ફ્લેપલેસ પદ્ધતિઓ છે જે નાનકડા ચીરા દ્વારા કોર્નિયામાંથી પાતળા સ્તર (લેન્ટિક્યુલ)ને દૂર કરે છે, વધુ સારી કોર્નિયલ મજબૂતી અને સ્થિરતા જાળવી રાખે છે.

**★ કઈ પ્રક્રિયા શ્રેષ્ઠ પરિણામો આપે છે?**

આ ત્રણેય પ્રક્રિયાઓ આંખની શક્તિને દૂર કરવા માટે કોર્નિયાને ફરીથી આકાર આપીને કાર્ય કરે છે. પસંદગી તમારી વ્યક્તિગત આંખની રચના અને સ્થિતિ પર આધારિત છે. સંપૂર્ણ સ્કેન અને પરામર્શ ડૉક્ટરને નક્કી કરવામાં મદદ કરે છે કે કઈ સારવાર તમારા માટે શ્રેષ્ઠ છે.

**★ શું LASIK મોંઘું છે?**

લોકપ્રિય માન્યતાથી વિપરીત, LASIK એકદમ સસ્તું છે, બંને આંખો માટે ₹૪૦,૦૦૦ થી ₹૯૦,૦૦૦ સુધીની કિંમતે, ઉપયોગમાં લેવાતા લેસરના પ્રકાર પર આધાર રાખે છે. ₹૨,૦૦૦નું સરળ સ્કેન એ નક્કી કરવામાં મદદ કરી શકે છે કે તમે લાયક છો કે નહીં અને કઈ પ્રક્રિયા તમારા માટે શ્રેષ્ઠ છે.

**★ LASIKનો સફળતા દર કેટલો છે?**

આધુનિક ટૅક્નોલૉજી અને અનુભવી સર્જનો સાથે, સફળતા દર લગભગ ૧૦૦% છે. સલામતી અને ચોકસાઈની ખાતરી માટે નવીનતમ લેસર પ્લેટફોર્મની ઍક્સેસ ધરાવતા નિષ્ણાતની પસંદગી કરવી મહત્ત્વપૂર્ણ છે.

**★ જો હું LASIK માટે લાયક ન હોઉં તો શું?**

જો તમારી આંખની શક્તિ ખૂબ વધારે હોય અથવા તમે લેસર માટે યોગ્ય ન હોવ, તો પણ ત્યાં આશાનું કિરણ છે. ફાકિક ઇન્ટ્રાઓક્યુલર લેન્સ (ICL) એક શક્તિશાળી વિકલ્પ છે. આ કસ્ટમાઇઝડ લેન્સ, કુદરતી લેન્સને દૂર કર્યા વિના આંખની અંદર ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે અને ૩૦ ડાયોપ્ટર સુધીની શક્તિઓને સુધારી શકે છે.

અગ્રવાલ આઈ હૉસ્પિટલમાં સ્પષ્ટ, ચશ્માં-મુક્ત દ્રષ્ટિ માટે સલામત, અદ્યતન અને વ્યક્તિગત ઉકેલો પ્રદાન કરવાનું લક્ષ્ય સરળ છે. અત્યાધુનિક મશીનો, કરુણાપૂર્ણ સંભાળ અને શ્રેષ્ઠતા પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, વિશ્વને સ્પષ્ટ રીતે જોવું ક્યારેય સરળ નહોતું.

**વધુ વિગતો માટે કૃપા કરીને સંપર્ક કરોઃ**

**અગ્રવાલ આય હૉસ્પિટલ એન્ડ સંજીવની લેસિક સેન્ટર**
૧લો માળ, મહારાજા અપાર્ટમેન્ટ, એસ.વી. રોડ, મલાડ ટેલિફોન એક્સચેન્જની સામે, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૪.
કોલ કરોઃ 74000 31050 / 74000 31060 / 77000 99842

**સંજીવની આય હૉસ્પિટલઃ**
પહેલો માળ, વૃંદાવન બિલ્ડિંગ, સાલાસર CHS,
૧૫૦ ફૂટ રોડ, મેક્સસ મોલની સામે, ભાયંદર (પશ્ચિમ), થાણા-૪૦૧૧૦૧.
કોલ કરોઃ 99207 89789 / 90046 72732

# ટેક્નોલોજી અને ટેક્નિકનો સમન્વય

## આજનું Knee Replacement Operation

આજે ૧લી જુલાઈ. ચોમાસાની ઋતુ. કોઈ જગ્યાએ ઝરમર ઝરમર તો કોઈ જગ્યાએ સાંબેલાધાર વર્ષાની હાજરી. વાતાવરણમાં ઠંડક અને ચોતરફ હરિયાળી.

શહેરની આજુબાજુ Weekend Picnicના દિવસો. નાના મોટા ટ્રેકિંગ અને ઝરણાંઓ અને ધોધનો આનંદ. જુવાનથી મધ્યવયની વ્યક્તિઓ માટે હરવા-ફરવાની મજા. પ્રૌઢથી વૃદ્ધ વ્યક્તિઓ માટે ધાર્મિક તહેવારોની રમઝટ. ધાર્મિક સત્સંગ, વ્યાખ્યાન, સેવા પૂજા, પ્રતિક્રમણ વિ. ધાર્મિક વિધિઓની હારમાળા.

ઉપરોક્ત બન્ને પ્રવૃત્તિઓમાં મન સાથે શરીરનો સાથ મળવો ખૂબ જરૂરી છે. શરીરના દરેક અંગની જેમ ઘૂંટણનું પણ મજબૂત હોવું જરૂરી છે.

આજે મુંબઈ સમાચારનો ૨૦૪મો સ્થાપના દિવસ અને 'ડૉક્ટર્સ ડે' નિમિત્તે ડૉ. આશીત શાહ વાચકોને શુભેચ્છા અર્પે છે. સાથે સાથે ઘૂંટણના ઘસારા અને ઑપરેશન બદલ માહિતી આપે છે.

ઘૂંટણનો ઘસારો વધતી ઉંમરની નિશાની છે. વંશપરંપરાગત (Hereditary), કેલ્શ્યમ અને બીજાં પોષક તત્ત્વોની ઊણપ, ઘરમાં બેઠાડું જીવન, કસરતનો અભાવ, વધતું જતું વજન અને સ્થૂળતા આ બધાં કારણોને લીધે પણ ઘૂંટણના ઘસારાની શરૂઆત થાય છે અને આગળ વધે છે.

ઉંમરના ઘસારાનો વા, સંધિવા, ગઠિયા વા, ગાઉટ (Gout) જેવા અનેક પ્રકારના વાને લીધે ઘૂંટણનો દુઃખાવો થાય છે.

શરૂઆતના સમયમાં વજન પર નિયંત્રણ, દેખરેખ હેઠળની કસરત, કેલ્શ્યમ-વિટામિનની દવા અને જીવન પદ્ધતિમાં જરૂરી ફેરફારને લીધે દુઃખાવામાં રાહત મળે છે. આ ઘસારો ઉંમરને લીધે થતો હોવાથી સંપૂર્ણ રાહત કોઈ દિવસ મળતી નથી પણ જો આ ટ્રિટમેંટ લાગુ પડી જાય તો દર્દીને ઘણો ફાયદો થઈ જાય છે.

જો ઘૂંટણના ઘસારાની માત્રા વધતી જાય અને દિનચર્યામાં તકલીફ પડતી હોય તો ઘૂંટણનું ઑપરેશન (Knee Replacement) સચોટ ઈલાજ છે. ઘૂંટણનો દુખાવો, ચાલતી વખતે પગ લંગડાવવો, ઘૂંટણનો આકાર બદલાઈ જવો, (પગ ઘૂંટણમાંથી વળી જવા), ઘૂંટણ અક્કડ (Stiff) થઈ જવો વિ. લક્ષણ હોય તો ઑપરેશન કરાવવું જરૂરી થઈ પડે છે.

આજે જે અત્યાધુનિક ટેક્નોલોજી (શોધખોળ) ચર્ચામાં છે તે છે ROBOTIC ASSISTED KNEE REPLACEMENT OPERATION. (રોબોટ મશીનની મદદ વડે કરાતું ઘૂંટણનું ઑપરેશન)

અહીં એ ગેરમાન્યતા દૂર કરવી રહે કે ઑપરેશન હંમેશાં સર્જન ડૉક્ટર જ કરે છે. Robot મશીન આ ઑપરેશન વધુ સચોટ બનાવવામાં મદદ કરે છે. ઑપરેશન દરમિયાન અમુક ચોક્કસ સમયે ગણતરી અને એલાઈનમેન્ટ કરવા Robotની મદદ લેવાય છે. ઘૂંટણની ઘસાઈ ગયેલી ઢાંકણીની જે કાપકૂપ કરવાની હોય તેમાં Robotની Accuracy (સચોટતા) ચઢિયાતી હોય છે.

આ ઑપરેશનની વિસ્તૃત માહિતી આપતા ડૉ. આશીતભાઈ સમજાવે છે કે...



**ડૉ. આશીત શાહ**
**MS, MCH orth, FRCS orth (London)**
**ROBOTIC KNEE REPLACEMENT SURGEON**

- ★ રોબોટ ૧ મિ.મી. કરતાં પણ ઓછી માત્રામાં કાપકૂપ કરી શકે છે, જે હાથ વડે કરવામાં આવતા ઑપરેશનમાં શક્ય નથી.
- ★ ઘૂંટણની આજુબાજુના લિગામેન્ટસ અને માંસપેશીમાં સૌથી ઓછું વિચ્છેદન થાય છે એટલે પ્રમાણમાં દુઃખાવો ઘણો ઓછો થાય છે.
- ★ નવી ઢાંકણીના ચોક્કસ માપ મુજબ જ કાપકૂપ થાય છે જેથી શરૂઆતની રિકવરીના થોડા અઘરા સમય બાદ નોર્મલ જેવી જ પ્રતીતિ થાય છે.
- ★ લોહીનો વ્યય ઓછો થાય છે.
- ★ Physiotherapyની કસરતની જરૂર પણ ઓછી પડે છે અને દુઃખાવો પણ ઓછો થાય છે.

ડૉ. આશીતભાઈ આગળ સમજાવે છે કે રોબોટિક પદ્ધતિથી ઘૂંટણનું Knee Replacement યશસ્વી રીતે થાય છે. આજે એવા ઘણા દર્દીઓ છે જેમનું એક ઘૂંટણનું ઑપરેશન વર્ષો પહેલાં સાદી પદ્ધતિથી થયું હોય અને હમણાં ડૉ. આશીતભાઈએ રોબોટિક પદ્ધતિ વડે બીજા પગનું કર્યું હોય. આવા બધા જ દર્દીઓને રિકવરીમાં રોબોટિક પદ્ધતિ વડે કરાયેલાં ઑપરેશનમાં રિકવરી ઓછા દુઃખાવામાં અને ઝડપી થઈ માલમ પડે છે.

રોબોટિક Knee Replacementની સફળતા બાદ ડૉ. આશીત શાહ હવે Robotic Partial Knee Replacement ઑપરેશન (અડધા ઘૂંટણનું પ્રત્યારોપણ) પણ જરૂરી દર્દીઓમાં કરી રહ્યા છે.

આમ ઘૂંટણના Knee Replacement ઑપરેશનના દરેક પાસાં પર ટેક્નોલોજીનો (તંત્રજ્ઞાન) ઉપયોગ થયો છે. આની સાથે સાથે ડૉ. આશીત શાહનો અનુભવ મળે એટલે લગભગ ઑપરેશનની સફળતાની ચાવી.

TechKNEEque® Clinics
Malad (w) : 9819707319
Andheri (w) : 8591307319

સંપર્કઃ
www.robotickneereplacementmumbai.com
www.drashitshah.com

2025
HAPPY DOCTORS' DAY

# ઉજવણી ઉપચાર કરનારા માનવતાના દૂતોનીઃ

## વિશ્વ ડૉક્ટર્સ દિવસ ૨૦૨૫ નિમિત્તે

## ભારતીય આરોગ્ય નિધિ ખાતે ડૉક્ટરોનું સન્માન

Your Health We Care

દર વર્ષે, ભારતમાં ૧લી જુલાઈના રોજ **વિશ્વ ડૉક્ટર્સ દિવસ** ઉજવવામાં આવે છે જેથી માનવજાતની સેવામાં નિઃસ્વાર્થપણે પોતાનું જીવન સમર્પિત કરનારા ડૉક્ટરોના અમૂલ્ય યોગદાનને સ્વીકારી શકાય. આ દિવસ મહાન ચિકિત્સક અને પશ્ચિમ બંગાળના બીજા મુખ્ય મંત્રી **ડૉ. બિધાન ચંદ્ર રોય**ના જન્મ અને પુણ્યતિથિ તરીકે ઉજવવામાં આવે છે, જેમનું જીવન અને વારસો ઉપચાર અને કરુણાની ભાવનાનું પ્રતીક છે.

મુંબઈના પશ્ચિમ ઉપનગરોના હૃદયમાં સ્થિત **ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે.સી. પરીખ જનરલ હૉસ્પિટલમાં,** વિશ્વ ડૉક્ટર્સ દિવસ ૨૦૨૫ ફક્ત કેલેન્ડર પરની તારીખ નથી - તે સેવા, વિજ્ઞાન અને બલિદાનની હૃદયપૂર્વક ઉજવણી છે. આ દિવસ હૉસ્પિટલના ડૉક્ટરોની અસાધારણ ટીમનું સન્માન કરવાનો દિવસ છે જેઓ અતૂટ પ્રતિબદ્ધતા, હિંમત અને સંભાળ સાથે ઉપચારની મશાલ વહન કરે છે.

### ઉપચારનો વારસો

સસ્તી અને નૈતિક આરોગ્યસંભાળ પૂરી પાડવાના દ્રષ્ટિકોણ સાથે સ્થાપિત, ભારતીય આરોગ્ય નિધિ હૉસ્પિટલ મુંબઈની સૌથી આદરણીય સંસ્થાઓમાંની એક બની ગઈ છે. મલ્ટિ-સ્પેશિયાલિટી જનરલ હૉસ્પિટલ તરીકે તેના સ્થાપક સભ્યો અને તે જે સમુદાયની સેવા કરે છે તેના દ્વારા સ્થાપિત મૂલ્યોનો પુરાવો છે.

**શેઠ કે.સી. પરીખ**ના માનમાં નામ આપવામાં આવ્યું છે, જેમની પરોપકારી ભાવનાએ સામાન્ય માણસને અદ્યતન તબીબી સેવાઓ પહોંચાડવામાં મદદ કરી હતી, આ હૉસ્પિટલ આશા અને માનવતાની દીવાદાંડી તરીકે ઊભી છે. નિવારક સંભાળથી લઈને અદ્યતન સારવાર સુધી, હૉસ્પિટલ એક છત નીચે વ્યાપક તબીબી સેવાઓ પ્રદાન કરે છે - સમર્પિત ડૉક્ટરોની ટીમ દ્વારા ઉપચાર કરવામાં આવે છે.

### અમારા તબીબી નાયકોને સલામ

ભારતીય આરોગ્ય નિધિ હૉસ્પિટલની તબીબી ટીમમાં વિવિધ પ્રકારની વિશેષતાઓ ધરાવતા, ઉચ્ચ લાયકાત ધરાવતા, સહાનુભૂતિશીલ અને કુશળ વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે. આ ડૉક્ટર્સ ડે પર અમે દરેક ચિકિત્સકના અથાક પ્રયત્નોને સ્વીકારવામાં ખૂબ જ ગર્વ અનુભવીએ છીએ જે ફક્ત એક વ્યવસાય તરીકે જ નહીં, પરંતુ એક આહ્‌વાન તરીકે પણ સફેદ કોટ પહેરે છે.

ICUમાં ગંભીર કટોકટીનું સંચાલન કરવાથી લઈને બહારના દર્દીઓને ક્લિનિક્સમાં આરામ આપવા સુધી, અમારા ડૉક્ટરો દરરોજ સેવા કરે છે. જટિલ શસ્ત્રક્રિયાઓ કરવા, નિદાનાત્મક હસ્તક્ષેપો કરવા અથવા ભાવનાત્મક પુનઃ ખાતરી આપવા સુધી, તેઓ હૉસ્પિટલના કરુણા, નૈતિકતા અને શ્રેષ્ઠતાના મુખ્ય મૂલ્યોને મૂર્તિમંત કરે છે.

### નિષ્ણાતો દ્વારા સંચાલિત વિભાગો




ભારતીય આરોગ્ય નિધિ હૉસ્પિટલની મુખ્ય વિશેષતાઓ અને તેમનું નેતૃત્વ કરતી તબીબી ટીમોની એક ઝલક અહીં આપેલ છેઃ

- **આંતરિક દવા અને ક્રિટિકલ કેરઃ** અનુભવી ચિકિત્સકોના નેતૃત્વમાં જેઓ ચોવીસ કલાક સંભાળ પૂરી પાડે છે, વિભાગ જટિલ બીમારીઓ, ચેપી રોગો અને ICU-સ્તરની કટોકટીના સંચાલનમાં શ્રેષ્ઠ છે.
- **કાર્ડિયોલોજીઃ** સ્ટ્રેસ ટેસ્ટિંગથી લઈને ઇકો ડાયગ્નોસ્ટિક્સ અને વહેલા નિદાન સુધી, અમારા કાર્ડિયોલોજિસ્ટ સમયસર અને પુરાવા-આધારિત હસ્તક્ષેપો સાથે હૃદયના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા માટે ખૂબ જ ખંતપૂર્વક કાર્ય કરે છે.
- **નેફ્રોલોજી અને ડાયાલિસિસઃ** હૉસ્પિટલમાં **જર્મન ફ્રેસેનિયસ મશીનોથી** સજ્જ ૧૩-બેડનું ડાયાલિસિસ કેન્દ્ર છે જે ઉપનગરોમાં **HDF(હેમોડાયાફિલ્ટ્રેશન) ટૅક્નોલૉજી** ધરાવતી બે હોસ્પિટલમાંથી એક છે, જે કિડની નિષ્ફળતાવાળા દર્દીઓ માટે શ્રેષ્ઠ પરિણામોની ખાતરી આપે છે.
- **ગેસ્ટ્રોએન્ટેરોલોજીઃ** ઓલિમ્પસ એન્ડોસ્કોપિક ટૅક્નોલૉજી દ્વારા સંચાલિત, વિભાગ એન્ડોસ્કોપી, કોલોનોસ્કોપી અને પોલીપેક્ટોમી સહિત ડાયગ્નોસ્ટિક અને થેરાપ્યુટિક પ્રક્રિયાઓ બંને પ્રદાન કરે છે. ટીમને પ્રારંભિક GI, જઠરાંત્રિય વિકૃતિઓ શોધવા અને સારવાર કરવા માટે તાલીમ આપવામાં આવી છે જેનાથી લાંબા ગાળાની સમસ્યાઓ ઓછી થાય છે.
- **ઓન્કોલોજીઃ** કેન્સરના વધતા જતા સમસ્યા સામે અમારા ઓન્કોલોજિસ્ટ સલાહકાર અને દર્દશામક સંભાળ પૂરી પાડે છે, દર્દીઓ અને તેમના પરિવારોને સંવેદનશીલતા અને મજબૂતી સાથે દરેક તબક્કામાં માર્ગદર્શન આપે છે.
- **ઓર્થોપેડિક્સઃ** ટીમ ઝડપી રીકવરી માટે શક્ય હોય ત્યાં ન્યૂનતમ ઇનવેસીવ તકનીકોનો ઉપયોગ કરીને જોઇન્ટ રિપ્લેસમેન્ટ, ફ્રેક્ચર રિપેર્સ અને ટ્રોમા સર્જરી કરે છે.
- **ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી અને ન્યૂરો કેરઃ** સ્ટ્રોક હસ્તક્ષેપ, એમ્બોલાઇઝેશન થેરાપી અને અદ્યતન ઇમેજિંગ-માર્ગદર્શિત ડાયગ્નોસ્ટિક્સ જેવી અત્યાધુનિક, ન્યૂનતમ ઇનવેસીવ પ્રક્રિયાઓ પ્રદાન કરતો ઝડપથી વિસ્તરતો વિભાગ છે.

### સ્ટેથોસ્કોપથી આગળ

ભારતીય આરોગ્ય નિધિના ડૉક્ટરો ફક્ત ક્લિનિકલ નિષ્ણાતો જ નહીં પરંતુ તેઓ શિક્ષકો, સલાહકારો, સંશોધકો અને સમુદાયના એડવોકેટસ પણ છે. અમારા ઘણા ડૉક્ટરો આરોગ્ય શિબિરો, શાળા આઉટરીચ કાર્યક્રમો, નિવારક જાગૃતિ ઝુંબેશો અને યુવા તબીબી વ્યાવસાયિકો માટે માર્ગદર્શનમાં પણ ભાગ લે છે.

કોવિડ-૧૯ મહામારી દરમિયાન તેમની હાજરી ખાસ કરીને પ્રેરણાદાયક હતી. ભરચક વોર્ડનું સંચાલન કરવાથી લઈને જ્યારે શારીરિક પહોંચ પ્રતિબંધિત હતી ત્યારે ટેલિ-કન્સલ્ટેશન પૂરું પાડવા સુધી, અમારા ડૉક્ટરોએ કટોકટીનો સામનો કરવા માટે ખૂબ જ હિંમત બતાવી હતી.

### નેતૃત્વ તરફથી સંદેશ

**ભારતીય આરોગ્ય નિધિ હૉસ્પિટલના મેનેજમેન્ટે એક કરુણ સંદેશ શેર કર્યો છેઃ**

*"સફેદ કોટ ફક્ત તબીબી કુશળતાનું પ્રતીક નથી, પરંતુ તે વિશ્વાસનું પ્રતીક છે. અમારા ડૉક્ટરો દરરોજ તે વિશ્વાસનું સન્માન કરે છે. આ ખાસ દિવસે, અમે તેમના અથાક પ્રયત્નોને સલામ કરીએ છીએ અને નૈતિક, સહાનુભૂતિપૂર્ણ અને બધા માટે સુલભ આરોગ્યસંભાળ પહોંચાડવાની અમારી સામૂહિક પ્રતિજ્ઞાને પુનઃપુષ્ટી કરીએ છીએ."*

### આગામી યોજના

જેમ હૉસ્પિટલ ભવિષ્યના પરિવર્તનને સ્વીકારે છે, તેમ તે તેના ડૉક્ટરોને નવીનતમ તબીબી તકનીકો, પુરાવા-આધારિત પ્રોટોકોલ અને સુખાકારી, વ્યાવસાયિક આદર અને સતત શિક્ષણને પ્રાથમિકતા આપતા કામકાજના વાતાવરણ સાથે સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ રહે છે.

વિશ્વ ડૉક્ટર્સ દિવસ ૨૦૨૫ આપણને યાદ અપાવે છે કે ડૉક્ટરો ફક્ત તબીબી વ્યાવસાયિકો નથી તેઓ કોઈપણ આરોગ્યસંભાળ સંસ્થાના હૃદયના ધબકારા છે. ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલને આ અદ્‌ભુત વ્યક્તિઓની ઉજવણી કરવાનો અને તેમની સાથે ઊભા રહેવાનો ગર્વ છે જેઓ બીમારી અને સુખાકારી, નિરાશા અને આશા, જીવન અને ઉપચાર વચ્ચે સેતુ તરીકે સેવા આપે છે.

**અમારા બધા ડૉક્ટરોનો - આરોગ્ય અને માનવતાના રક્ષક બનવા બદલ ખૂબ જ આભાર.**

વધુ વિગતો માટે સંપર્ક કરોઃ **ભારતીય આરોગ્ય નિધિ, શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ**

81084 39203 / 022 69486060

નોર્થ સાઉથ રોડ નંબર ૧૩, JVPD સ્કીમ, વિલેપાર્લે પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૪૯.
info@arogyanidhihospital.com www.arogyanidhihospital.com

# મુકેશ અંબાણી - પિતાના વારસાનું જતન

એકની એક દીકરીનાં લગ્ન લેવાનાં હોય ત્યારે કેટલો ખર્ચ થાય એ તો દીકરીનાં મા-બાપ જ જાણે. સોનાનો તોતિંગ ભાવ, લગ્નસ્થળ અને કેટરિંગનું મોટું બિલ જેવા કેટલાક અનિવાર્ય ખર્ચને પહોંચી વળવા શું કરવું? પાસે મોટી બચત ન હોય, લોનના ચક્કરમાં ફસાવું ન હોય, પત્નીના દાગીના વેચી નાખવા ન હોય, ભવિષ્યની તકેદારી માટે રાખેલી એફડી તોડાવવી ન હોય અને સૌથી મહત્ત્વની વાત કોઈની પાસે હાથ લાંબો ન કરવો હોય તો... તો શું કરવું? આ સમસ્યા અનેક પરિવારોને વર્ષોથી સતાવતી આવી છે. જોકે, એમાંના કેટલાક પરિવાર આ સમસ્યાથી જરાય મૂંઝાયા નથી, કારણ કે 'મારી પાસે ૩૦ વર્ષથી સાચવી રાખેલા રિલાયન્સના શૅર છે. એમાંથી કેટલાક વેચી નાખવાથી આ બધો ખર્ચ નીકળી જશે. કોઈ ટેન્શન નથી' એવું દીકરીનો બાપ વટથી કહી શકે છે.

કોઈ ટેન્શન નથી એ ધરપત, એ રાહત ધીરુભાઈ અંબાણીએ સ્થાપેલી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ સંખ્યાબંધ શૅરહોલ્ડર પરિવારોને આપી છે. મુકેશ અંબાણી પિતાશ્રીના એ અમૂલ્ય વારસાનું જતન કરી, આગળ વધારી એ જ હૈયાધારણ શૅરહોલ્ડરોને આપી રહ્યા છે. મુકેશ અંબાણી અને રિલાયન્સ એક ઉદ્યોગ - એક બ્રાન્ડ નથી, આમ જનતાની એક ધરપત, એક હૈયાધારણ છે. વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ ભારતીય બિઝનેસ મેગ્નેટ છે અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આરઆઇએલ) અને ભારતની સૌથી મોટી પ્રાઈવેટ સેક્ટરની કંપનીનાં ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટર છે મુકેશ અંબાણી.

એવી દલીલ કેટલાક વાંકદેખ્યા લોકો કરતા હોય છે કે મુકેશ અંબાણી તો તૈયાર ભાણે બેઠા છે. પાયાનું કામ તો ધીરુભાઈ અંબાણીએ કર્યું છે. વાત સો ટકા સાચી, પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો ડંકો વિશ્વમાં વગાડવામાં અને એના સરવાળાને ગુણાકારમાં ફેરવી એનો વ્યાપ વધારવામાં મુકેશ અંબાણીની જહેમત પણ એટલી જ જબરદસ્ત છે એ વાત પણ સોળ આના સાચી છે.

આ વાત સમજવા માટે આપણે મુકેશભાઈની સાહસ વૃત્તિથી વાકેફ થવું જોઈએ. મુકેશ અંબાણી કેમિકલ એન્જિનિયર છે. અમેરિકાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાંથી એમબીએ કરી મુકેશભાઈ ૧૯૭૭થી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના બોર્ડમાં સામેલ છે. નવાં નવાં સાહસ આદરી સફળતાનાં શિખરો સર કરવાની તેમને ફાવટ છે. પ્રારંભના રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ટેક્સટાઇલ્સમાંથી પોલિએસ્ટર અને પેટ્રોકેમિકલ્સ, પેટ્રોલિયમ રિફાઇનિંગ અને ત્યાર બાદ ઑઇલ અને ગૅસનાં સંશોધન અને ઉત્પાદનમાં આગળ વધવાની શરૂઆત કરી હતી. વિવિધ ટેકનોલૉજી સાથે સંકળાયેલા અનેક નવા વિશ્વસ્તરીય ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના તેમણે કરી હતી.

મુકેશ અંબાણી રિફાઇનિંગ ઍન્ડ માર્કેટિંગ, પેટ્રોકેમિકલ્સ, ઑઇલ ઍન્ડ ગૅસ એક્સપ્લોરેશન ઍન્ડ પ્રોડક્શન, રિટેલ, ડિજિટલ સર્વિસીસ, મીડિયા ઍન્ડ એન્ટરટેઇનમેન્ટ અને અન્ય ક્ષેત્રોમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સ્થાપના અને સફળતાપૂર્વક સંચાલન કરવામાં અગ્રેસર છે. આ કંપનીઓ પોતપોતાના ઉદ્યોગોમાં ગૅમ - ચેન્જર રહેવા ઉપરાંત ભારત અને ભારતીય જનતાના સામૂહિક સામાજિક મૂલ્યમાં નોંધપાત્ર સંપત્તિનું યોગદાન પણ આપ્યું છે.

નેવુંના દાયકાના ઉત્તરાર્ધમાં મુકેશ અંબાણીએ ગુજરાતના જામનગરમાં વિશ્વની સૌથી વિશાળ પેટ્રોલિયમ રિફાઇનરીના નિર્માણનું નેતૃત્વ કર્યું હતું. આ રિફાઈનરીની ક્ષમતા



પેટ્રોરસાયણ, વીજ ઉત્પાદન, બંદર અને સંબંધિત માળખાંગત સુવિધાઓ સાથે સંકલિત ૬૬૦,૦૦૦ બેરલ પ્રતિદિન (દર વર્ષે ૩૩ મિલિયન ટન) હતી. સતત વિકાસને પ્રાધાન્ય આપવાની તેમની વૃત્તિને કારણે જામનગર 'વિશ્વનું રિફાઇનિંગ હબ' બન્યું અને ભારતને વૈશ્વિક ઊર્જા અને શુદ્ધીકરણ નકશા પર મૂકી દીધું.

વર્ષ ૨૦૦૦ના દાયકાની મધ્યમાં મુકેશ અંબાણીએ રિટેલ ક્ષેત્રમાં ખેડાણ કર્યું. કરિયાણું, લાઈફસ્ટાઈલ, ઇલેક્ટ્રૉનિક્સ, જ્વેલરી અને અન્ય પ્રોડક્ટમાં દેશ આખામાં સપ્લાય ચેઈન ઊભી કરવાને પ્રાધાન્ય આપ્યું. આ સાહસની ફલશ્રુતિ એ છે કે આજે રિલાયન્સ રિટેલ દેશની સૌથી મોટી રિટેલ ચેન છે અને ભારતભરમાં લગભગ ૧૩ હજાર સ્ટોર્સ ધરાવે છે. સામાન્ય માનવીની જરૂરિયાતો સંતોષવા ઉપરાંત રિલાયન્સ ભારતમાં લક્ઝરી બ્રાન્ડ માટે ભાગીદાર પણ છે.

વિવિધ વ્યવસાયોમાં હાથ અજમાવી અનેક સફળતા મેળવ્યા બાદ પણ મુકેશ અંબાણીના હૈયે એક વસવસો રહી ગયો હતો. એક ઈન્ટરવ્યૂમાં તેમણે એની કબૂલાત પણ કરી હતી કે 'ટેકનોલૉજી ક્ષેત્રમાં ઝંપલાવવા માટે મને ઑફર આવી હતી, પણ એ ક્ષેત્રમાં દાખલ થવાની મારી તૈયારી નહોતી. એ તક ગુમાવ્યાનો મને અફસોસ થાય છે.' અલબત્ત એમનો અફસોસ ઝાઝો સમય ટક્યો નહીં. ૨૦૧૬માં મુકેશ અંબાણીએ ભારતીય ટેલિકોમ ક્ષેત્રમાં ધરમૂળથી પરિવર્તન કર્યું અને જિયો લૉંચ થવાની સાથે જ ભારતમાં મોટા પાયે ડિજિટલ ક્રાંતિનો પવન ફૂંકાયો હતો. લૉન્ચ થયાના માત્ર એક જ વર્ષમાં મોબાઇલ બ્રૉડબેન્ડ ડેટા વપરાશમાં ભારત ૧૫૫મા સ્થાનેથી સડસડાટ આગળ વધી વિશ્વના નંબર ૧ પર આવી ગયું છે. મોબાઈલ ડેટા ચણા-મમરાના ભાવે મળતો થઈ ગયો એ મુકેશ અંબાણીના સાહસની કમાલ છે. પરિવારને પણ બિઝનેસમાં સક્રિય કરવાની કુનેહ મુકેશ અંબાણીમાં નજરે પડી છે. એને પગલે નીતા અંબાણી, અનંત અંબાણી અને આકાશ અંબાણી પણ અલગ વ્યવસાયમાં સક્રિય રીતે વ્યસ્ત છે. ■

# ગૌતમ અદાણી - ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર કિંગ

સામાન્ય વેપારી કુટુંબમાં જન્મેલા ગૌતમ અદાણીએ ધીમે ધીમે... સહજ રીતે આગળ વધતાં રહીને વિશ્વના ખ્યાતનામ અબજોપતિઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. અદાણી ગ્રુપના આ સ્થાપક ચૅરમૅને માત્ર ૧૬ વર્ષની વયે અભ્યાસ પડતો મૂકીને મુંબઈમાં હીરા ઉદ્યોગમાં કામ શરૂ કર્યું...૧૯૭૯માં એમણે હીરાનો વેપાર શરૂ કરી દીધો ને ૧૯૮૨ સુધીમાં તો લાખો રૂપિયા રળી લીધા હતા ને પછી ફરી ગુજરાત પાછા આવી જઈને પોતાની આવડત, કુશાગ્ર બુદ્ધિપ્રતિભા અને નિષ્ઠા સાથે વિવિધ ક્ષેત્રમાં ઝંપલાવતાં રહીને સિદ્ધિઓ હાંસલ કરી છે.

અદાણી કુટુંબની એક નાનકડી કંપનીએ ૧૯૮૩માં પોતાના બિઝનેસની જરૂરિયાત માટે પોલિવિનાઇલ ક્લોરાઇડની આયાત કરી હતી. ૧૯૮૫માં કેન્દ્ર સરકારે આયાત લાઈસન્સમાં આપેલી રાહત એમને માટે આશીર્વાદરૂપ બની રહી હતી અને એ સાથે એમની કંપનીની આયાત અને નિકાસે વેગ પકડ્યો હતો. પી. વી. નરસિંહ રાવની સરકારે જાહેર કરેલી આર્થિક રાહતોનો એમને ઘણો લાભ મળ્યો જેને કારણે ભારતમાં વિદેશી ભંડોળો આવવાં લાગ્યાં. ૧૯૯૫માં પ્રાઇવેટ કંપનીઓને પૉર્ટ પ્રોજેક્ટ્સ વેચાવાની શરૂઆત થઈ. આમ, અદાણીએ મુંદ્રા ખાતેના પૉર્ટને ડેવલપ કરવાનો કૉન્ટ્રૉક્ટ મેળવ્યો. પરંપરાગત બીટુબીથી લઈને બીટુસી સેક્ટરોમાં એમણે વિકાસ કર્યો છે. ઍરપૉર્ટ ઑપરેટર તરીકેની એમની ખ્યાતિથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. આજે અદાણી ગ્રુપ એક મોટું ઇન્ફ્રાસ્ટ્રક્ચર જૂથ બની રહ્યું છે. આ ઉપરાંત પાવર જનરેશન અને ગ્રીન એનર્જી ક્ષેત્રે પણ અદાણી ગ્રુપની નોંધપાત્ર હાજરી છે.

ગૌતમભાઈના પિતા શાંતિલાલ કાપડના વેપારી હતા. એટલે ગૌતમભાઈના લોહીમાં વેપાર તો હતો જ. ગૌતમભાઈએ ક્યાંક લખ્યું હતું કે 'એક સાહસિક વેપારી-ઉદ્યોગપતિ બનવાનું મારું સપનું હતું અને સપનું



સાકાર કરવા અનેક કસોટીમાંથી પસાર થવું પડ્યું છે.' શાળાનું ભણતર અધૂરું છોડીને ગૌતમભાઈએ પિતાના બિઝનેસને કૉમોડિટી બિઝનેસમાં ફેરવી દઈને કસોટીઓમાંથી પસાર થવાનો આરંભ કર્યો. આજે અદાણી ગ્રુપના વિવિધ બિઝનેસમાં વિશ્વકક્ષાના ટ્રાન્સપૉર્ટ લોજિસ્ટિક્સ બિઝનેસ, ઍરપૉર્ટ, પૉર્ટ, ડિફેન્સ અને ઍરોસ્પેસ, ડેટા સેન્ટર્સ, સીમેન્ટ, રોડ્સ, રેઇલ, મેટ્રો, રિયલ એસ્ટેટ, અર્બન ડેવલપમેન્ટ, ફૂડ એફએમસીજી, ડિજિટલ પ્લૅટફૉર્મ અને ઇન્ક્યુબેટરનો સમાવેશ થાય છે.

૬૨ વર્ષના ગૌતમભાઈની ગણના આજે વિશ્વના ટોચના ઉદ્યોગપતિઓમાં થાય છે. એમણે ૭૦ વર્ષે નિવૃત્ત થવાની ઇચ્છા વ્યક્ત કરીને પોતાના બે પુત્રો કરન અને જીતને સુકાન સોંપવાનું નક્કી કર્યું છે... જેઓ આજે કંપનીમાં મહત્ત્વના હોદ્દા પર છે. ■

કલાગુર્જરી
(સ્થાપક સંસ્થા)
ગુજરાતની અસ્મિતાને સમર્પિત એક અનન્ય સાંસ્કૃતિક સંસ્થા
કલાગુર્જરી (સ્થાપક સંસ્થા)
વિલેપાર્લે (પશ્ચિમ)
'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિન નિમિત્તે હાર્દિક શુભેચ્છા પાઠવે છે.
સ્નેહાધીન
પ્રમુખ : હેમાંગ જાંગલા
ત.ભૂ.પ્રમુખ : શ્રી અક્ષય મહેતા
ઉપ પ્રમુખ : શ્રી નરેશ સરવૈયા
મા.મંત્રી : શ્રી પ્રણવ ભગત
મા. સહમંત્રી : ડિમ્પલ સોનીગ્રા
મા. કોષાધ્યક્ષ : શ્રી રાજેશ કામદાર
મા. સહકોષાધ્યક્ષ : શ્રી સુરેશ ઝવેરી
સર્વ સમિતિ સંકલનકર્તા : શ્રી અમૃત માલદે
કારોબારી સમિતિ ૨૦૨૫-૨૦૨૭,
કલાગુર્જરી પરિવાર

WITH BEST COMPLIMENTS TO
મુંબઈ સમાચાર
ON COMPLETION OF
203 YEARS
From,
PRISM
Advertising & Marketing
&
Marik Media & Communications Pvt. Ltd.
• Advertising & Marketing
• Public Relation
• Events Management
• Outdoor Publicity
A2 – 328, 3rd Floor, Shah and Nahar Industrial Estate, Lower Parel (W), Mumbai 400013.
Tel.: 24985456, (M) 9821181066.
E-mail: bhushan.prism@gmail.com

# નમ્રમુનિ મહારાજ સાહેબ - માનવસેવા પરમોધર્મ

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ એટલે એક visionary વ્યક્તિત્વના ધારક, લાખો ભાવિકોના શ્રદ્ધાપાત્ર અને વિશ્વવિખ્યાત જૈન સંત.

પરમ ગુરુદેવ સત્પ્રેરણાઓનો એક એવો સ્રોત છે જેમની પ્રેરણા અને માર્ગદર્શનથી દેશના અનેક જૈન-અજૈન ભાવિકોએ સ્વયંની જીવનરાહ બદલાવીને વાસ્તવિક સુખ, શાંતિ અને સમાધિ પ્રાપ્ત કરી છે. અનેકોએ સત્યની સમજ પ્રાપ્ત કરીને આત્મવિકાસના પથ પર પ્રગતિ કરી છે.

પરમ ગુરુદેવ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના સિદ્ધ મંત્ર સાધક છે, એક એવો પવિત્ર અને પ્રસિદ્ધ જૈન મંત્ર જે તેઓને સ્વયંસ્ફુરિત થયો છે. તેઓએ આ મંત્રની વિશિષ્ટ સાધના કરીને તેને સિદ્ધ કર્યો છે. તેમના બ્રહ્મનાદથી પ્રગટ થતા આ સ્તોત્રની ઊર્જા અને પ્રભાવકતાનો અનુભવ વિશ્વભરના લાખો લોકોએ કર્યો છે.

આત્માર્થ સાથે પરમાર્થની સર્વોત્કૃષ્ટ ભાવના સાથે પરમ ગુરુદેવે અનેક યુગ ઉપકારક missionsનું સર્જન કર્યું છે.

પરમ ગુરુદેવની પ્રેરણાથી સ્થાપિત થયેલ 'અર્હમ યુવા સેવા ગ્રુપ' એક એવું mission છે જે દેશ-વિદેશમાં અનેકાનેક માનવતા અને જીવદયાનાં સત્કાર્યો કરી રહ્યું છે. આ missionના ૫૫+ centres છે જેમાં ૧,૦૦૦+ યુવા volunteers સમાજમાં નિઃસ્વાર્થ સેવા અર્પણ કરી રહ્યા છે.



આજનાં બાળકોને ભવિષ્યના આદર્શ અને ગુણવાન ઉપાસકો અને નાગરિકો બનાવવા પરમ ગુરુદેવે 'Look n Learn Jain Gyan Dham'નું સર્જન કર્યું છે. દેશવિદેશમાં આ સંસ્કારધામની ૧૦૦ શાખાઓ છે, જ્યાંથી આજ સુધી ૧,૭૨,૦૦૦થી વધુ બાળકોએ જ્ઞાનાભ્યાસ કરીને વિનય, વિવેક અને positive attitude સાથે જીવનને સમૃદ્ધ બનાવ્યું છે.

પરમ ગુરુદેવના સાંનિધ્યમાં સત્યનો બોધ પામીને doctors, engineers, advocate, chartered accountants, physiotherapist, ophthalmologist, MBA - જેવો ઉચ્ચતમ અભ્યાસ પ્રાપ્ત કરવાવાળા ૫૮ highly educated youngsters એ આજ સુધી સંયમ જીવન અંગીકાર કર્યું છે.

આવા યુગ ઉપકારક, પરગજુ અને પરમાર્થી સંત જૈન સમાજ, શાસન અને રાષ્ટ્રનું ગૌરવ છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની અનંતી કરુણા અને પ્રેરણાથી માનવસેવા અને જીવદયાના પ્રકલ્પોનાં સર્જન

- ૪૫,૦૦૦+ studentsને શિક્ષણસહાય,
- ૧૪,૫૦,૦૦૦+ probooksનું વિતરણ, આદિવાસી બાળકોની અર્હમ એકેડેમીમાં
- ૫,૦૦૦+ બાળકોને નૈતિક ગુણોનું શિક્ષણ
- ૨ કરોડ+ દર વર્ષે મેડિકલ સહાય
- ૧૦,૦૦૦+ વાર્ષિક બ્લેંકેટ્સ સહાય
- ૩૦,૦૦૦+ ડાયાલીસીસ સહાય,
- ૧,૩૦૦+ cataract operation,
- ૧૧,૦૦૦+ વાર્ષિક grocery kit,
- ૧૦,૦૦,૦૦૦+ અનંત અર્હમ આહાર અર્પણ,
- ૫૪,૦૦૦+ દર વર્ષે મીઠાઈના boxes દિવાળી પર અર્પણ
- ૪૦,૦૦૦+ આશ્રમ સહાય,
- ૬૫ જલમંદિર,

આ ઉપરાંત આ વર્ષના નવ્ય પ્રકલ્પમાં ઘાટકોપરમાં 'ગુરુ પ્રસાદ' પ્રકલ્પમાં એક વર્ષમાં ૮,૦૦,૦૦૦ (૮ લાખ) વ્યક્તિઓને ભોજન અર્પણ,

- ૧૦૦+ પાંજરાપોળ અને ગૌશાળામાં નિત્ય સહાય,
- અર્હમ અનુકંપા અંતર્ગત ૬૦+ ગાયોને artificial limbs,
- ૬૦,૦૦૦+ માછલીઓને અભયદાન,
- ૨૭,૦૦૦+ બકરીઓને જીવતદાન,
- Always Care Animal Clinicમાં દરરોજ અનેક અબોલ જીવોની સારવાર અને સર્જરી કરવામાં આવે છે.
- ભારતનાં વિવિધ ક્ષેત્રોમાં ૨૪+ અર્હમ ambulances દ્વારા ૧,૦૦,૦૦૦+ બીમાર-ઘાયલ પશુઓની સારવાર કરવામાં આવી.
- આત્મનિર્ભર અભિયાન અંતર્ગત છેલ્લા ૬ મહિનામાં ભાડાંની રિક્ષા ચલાવનાર ૨૫૦+ ભાઈઓને માલિકીની રિક્ષા અર્પણ કરવાની સાથે ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ થઈને jobless હોવાથી હતાશ થયેલા ભાઈઓને જીવનનિર્વાહ કરવા ૫૦ Ertiga car આપવામાં આવેલ છે.
- પરમ ગુરુદેવની પ્રેરણાથી સેવા, સાધના અને સમર્પણતાના લક્ષ્ય સાથે દેશ-વિદેશમાં ૧૩ - આધ્યાત્મિક સંકુલોનાં સર્જન થયાં છે.
- જૈન ધર્મના સિદ્ધાંતોને જન-જનના હૃદય સુધી પહોંચાડવા અને વિશ્વની એક-એક libraryમાં પહોંચાડવા જૈન ઉપદેશ ગ્રંથો ૩૨ આગમ English languageમાં translate થઈ રહ્યા છે. ■



# ભારતીય હેલ્થકેરમાં કેન્સરનાં વલણો



ડૉ. શ્રવણ એસ શેટ્ટી
કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજિસ્ટ

ભારતમાં કેન્સરના કેસમાં દર વર્ષે સતત વધારો થઇ રહ્યો છે. આ જ સમયગાળામાં કેન્સરને કારણે થતા મૃત્યુમાં પણ વધારો થયો છે. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR)નો અંદાજ છે કે દર ૧૦ ભારતીયોમાંના એકને તેમના જીવનકાળમાં કેન્સર થશે. ભારતમાં પુરુષ અને સ્ત્રી બંનેને અસર કરતાં ટોચના ૫ કેન્સર સ્તન, ઓરલ, સર્વાઇકલ, ફેફસાં અને કોલોરેકટલ કેન્સર છે. અગાઉ તમાકુ અને દારૂને (આલ્કોહોલને) કેન્સર થવાના મુખ્ય કારણોમાં માનવામાં આવતા હતા. ધૂમ્રપાન તેમ જ ધૂમ્રપાન રહિત તમાકુ જેમ કે તેને ચાવવા, સૂંઘવું, નાસ વગેરેનો ઉપયોગ કરવો અને સેકન્ડ હેન્ડ સ્મોક પણ મોંઢાના અને ફેફસાનાં કેન્સરમાં ફાળો આપે છે. આજે બેઠાડું જીવનશૈલી, સ્થૂળતા, શહેરી પ્રદૂષણમાં વધારો, બિનઆરોગ્યપ્રદ આહાર, કસરતનો અભાવ, કેન્સરનો પારિવારિક ઇતિહાસ વગેરે જેવા અન્ય વિવિધ પરિબળો છે જે કેન્સરના વધતા જતા બનાવોમાં ફાળો આપે છે. અમે કેન્સરની ઘટનાઓ માટે વય જૂથમાં પણ ફેરફાર જોઇ રહ્યાં છીએ અને વધુ યુવાનો આ જીવલેણ રોગથી પ્રભાવિત થઇ રહ્યા છે. સર્જરી, કીમોથેરાપી, રેડિયોથેરાપી અને લક્ષિત ઉપચાર અને ઇમ્યુનોથેરાપી જેવી નવી થેરાપીઓ અસ્તિત્વ ટકાવી રાખવા અને જીવનની ગુણવત્તા સુધારવા માટે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી કેટલીક કેન્સર વિરોધી સારવાર છે.

સ્તન કેન્સર એ ભારતમાં મહિલાઓને અસર કરતા સૌથી સામાન્ય કેન્સર પૈકીનું એક છે. ૪૦થી ૬૦ વર્ષની વચ્ચેની મહિલાઓ માટે મેમોગ્રામ સાથે નિયમિત સ્ક્રીનીંગ પ્રારંભિક તબક્કામાં કેન્સરને શોધવામાં અને ઉચ્ચ ઉપચાર દર પ્રાપ્ત કરવામાં મદદ કરશે. ઓરલ કેન્સર એ ભારતીય પુરુષોમાં સૌથી સામાન્ય કેન્સર છે જે કેન્સરના તમામ કેસોમાં ૧૦% માટેનો હિસ્સો છે. ભારતમાં આ એક મુખ્ય સ્વાસ્થ્ય સમસ્યા છે કારણ કે મોટા ભાગના કેસોની છેલ્લા તબક્કામાં ખબર પડે છે, જેમા બહુવિધ સારવારની જરૂર પડે છે. જેના કારણે વધુ ખર્ચ થાય છે અને ઇલાજના વિકલ્પો ઓછા હોય છે. સ્તન, સર્વાઇકલ અને મોંઢાના કેન્સર મળીને ૩૩% કેન્સર બોજ બનાવે છે. અને તે જાહેર આરોગ્યની પ્રાથમિકતા છે. સ્તન સ્વ-તપાસ વાર્ષિક મેમોગ્રામ, પેપ સ્મીયર્સ અને ઓરલ વિઝ્યુઅલ તપાસ જેવી અમુક સ્ક્રીનીંગ પદ્ધતિઓ અપનાવીને આરોગ્ય તપાસણી પ્રારંભિક તબક્કામાં કેન્સરને શોધી શકે છે.

ફેફસાંનું કેન્સર પણ વધુ સામાન્ય બની રહ્યું છે અને એવી આગાહી કરવામાં આવી છે કે ભારતમાં આગામી ૫ વર્ષમાં ૧ લાખથી વધુ નવા ફેફસાંના કેન્સરના કેસ હશે. જોકે ધૂમ્રપાન એ ફેફસાંના કેન્સર માટેનું પ્રાથમિક જોખમ પરિબળ છે, અમે ધૂમ્રપાન ના કરનારાઓમાં પણ વધતી સંખ્યા જોઇ રહ્યાં છીએ. આ અન્ય પરિબળોને આભારી હોઇ શકે છે. જેમ કે હવાનું પ્રદૂષણ, રેડિએશન થેરાપી એસ્બેસ્ટોસ અથવા રેડોન ગેસ માટે એકસ્પોઝર વગેરે. ફેફસાના કેન્સરના મોટાભાગના દર્દીઓ માત્ર ૧૦-૧૫% જ જીવિત રહેતા જ્યારે પ્રારંભિક તબક્કામાં લગભગ ૯૦% બચી જાય છે. ૪થા તબક્કાનું ફેફસાના કેન્સરવાળા આજના ઘણા દર્દીઓમાં લક્ષ્યાંકિત અને ઇમ્યુનોથેરાપી જીવનની સારી ગુણવત્તા સાથે ૧ વર્ષથી ૫ વર્ષ સુધીનું આયુષ્ય લંબાવે છે, સંશોધનોએ એ પણ દર્શાવ્યું છે કે અમુક મહત્ત્વપૂર્ણ ચેપ પણ કેન્સર થવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દા. ત. સર્વાઇકલ અને ગળાના કેન્સરમાં એચપીવી (હ્યુમન પેપિલોમા વાયરસ), લિવરના કેન્સરમાં એચબીવી અને એચસીવી (હેપેટાઇટિસ બી અને સી). આ વાયરસો સામે ઉપલબ્ધ રસીઓ અને સારવાર સાથે કેન્સરના કારણ તરીકે વાયરલ ચેપને સરળતાથી ટાળી શકાય છે.

૮-૧૦% કેન્સર પારિવારિક હોય છે અને એક જ પરિવારની અનેક પેઢીઓને તે અસર કરી શકે છે. આનુવંશિક પરીક્ષણ આ જનીનોને (જીન્સ)ઓળખવામાં અને વ્યક્તિગત અને કુટુંબ માટે કેન્સર થવાના જોખમને સમજવામાં મદદ કરે છે. આમ કરવાથી વહેલી તપાસ અને સારી સારવાર માટે સમયસર પગલાં લઇ શકાય છે. કેન્સરના નિદાન અને સારવાર માટે અમુક પડકારો છે જેમ કે નિરક્ષરતા, કેન્સરની જાગૃતિનો અભાવ, નવી દવાઓની પહોંચનો અભાવ અને પોષણક્ષમતા જીવનશૈલીમાં પરિવર્તન દ્વારા નિવારણ એ કેન્સરને હરાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. વહેલું નિદાન મોટાભાગના કેસોમાં કેન્સરને રોકવામાં પણ મદદ કરી શકે છે. ભારતમાં અસરકારક કેન્સર સંભાળ માટે આગળ વધવાનો માર્ગ એ છે કે સામાન્ય લોકોમાં કેન્સરની જાગૃતિમાં વધારો કરવો. ક્લિનિકલ અથવા આનુવંશિક તપાસ દ્વારા કેન્સરના શકમંદ લોકોની ઓળખ કરવી અને કેન્સરની સારવાર માટે પોસાય તેવા રસ્તાઓ શોધવા વધુ વિગતો માટે સંપર્ક કરો.

**ડૉ. શ્રવણ એસ શેટ્ટી** (કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજિસ્ટ)

**એપોઇન્ટમેન્ટ માટે કૃપા કરીને સંપર્ક કરોઃ**
**90299 30293**
- ACI કમ્બાલા હિલ હોસ્પિટલ, મુંબઇ
- બ્રીચ કેન્ડી હોસ્પિટલ, મુંબઇ ■ ક્રિટિકેર એશિયા હોસ્પિટલ, મુંબઇ
- લીલાવતી હોસ્પિટલ & રીસર્ચ સેન્ટર મુંબઇ

ઈમેલ : drshravanshetty@gmail.com વેબસાઇટ : drshravanshettycancersurgeon.com

# શોર્ટ-સ્ટે ઘૂંટણ બદલવાની સર્જરીનો યુગ શરૂ થયો છે

ની રિપ્લેસમેન્ટ સર્જરી પહેલાં લોકપ્રિય ન હતી, કારણકે રિકવરી લાંબી અને દુઃખદાયક હતી, પણ હવે આ છબી ઝડપથી બદલાઈ રહી છે. સર્જરીની પદ્ધતિઓ, એનેસ્થેશિયા અને રોબોટિક ટૅક્નોલૉજીમાં થયેલા વિકાસના કારણે હવે અમે એક નવા યુગમાં પ્રવેશી ગયા છીએ... શોર્ટ-સ્ટે ઘૂંટણ બદલાવ, જેમાં દર્દીઓ સર્જરી પછી ૨૪ કલાકની અંદર સુરક્ષિત અને સુખેથી ઘરે જઈ શકે છે.

**આવકાશી ટૅક્નોલૉજી ઘૂંટણની સર્જરીને ઝડપી, સલામત અને જીવન બદલનારી બનાવી રહી છે**

- ડો. મનન શાહ
ઓર્થોપેડિક અને સાંધા બદલનારા નિષ્ણાત



આ પરિવર્તનના કેન્દ્રમાં ત્રણ મુખ્ય આધારસ્તંભ છેઃ સબવાસ્ટસ એપ્રોચ, અડક્ટર કેનલ બ્લોક અને રોબોટિક-સહાયિત સર્જરી. આ ત્રણે મળીને એક ઝડપી, સલામત અને આરામદાયક રિકવરી પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે.

**■ સબવાસ્ટસ એપ્રોચઃ**

આ બદલાવનો એક મુખ્ય આધાર છે સબવાસ્ટસ એપ્રોચ, જેમાં ઘૂંટણના આગળના ક્વાડ્રિસેપ્સ પેશીઓને કાપવાની જગ્યાએ નરમાઈથી એક બાજુ ખસેડીને જોડ કરવામાં આવે છે.

આ પેશી બચાવતી પદ્ધતિથી દર્દીઓ વધુ વહેલાં ચાલવા લાગે છે, ઓછો દુખાવો અનુભવાય છે અને ઝડપથી સાજા થાય છે. ઘણા દર્દીઓ સર્જરી પછીના થોડા કલાકોમાં સહાયથી ચાલવા લાગે છે અને બીજા જ દિવસે ડિસ્ચાર્જ થઈ જાય છે. મારી પ્રેક્ટિસમાં આ પદ્ધતિ હવે સુરક્ષિત અને અસરકારક સર્જરી માટે આધારભૂત બની ગઈ છે.

**■ અદ્યતન પેઇન મેનેજમેન્ટઃ બિનસેડેટિવ ગતિશીલતા**

અન્ય મહત્ત્વપૂર્ણ સુધારો છે ટાર્ગેટેડ પેઇન મેનેજમેન્ટ. પહેલાં, ભારે પેઇનકિલર્સના કારણે ઊંઘ, ઊલટી અને મોડું પુનઃસ્થાપન થતું.

આજકાલ, અડક્ટર કેનલ કેટેથર દ્વારા ચોક્કસ જગ્યાએ દુખાવામાં રાહત આપવામાં આવે છે, જે પેશી શક્તિને અક્ષત રાખે છે એથી દર્દી સર્જરી પછી જ તરત ફિઝિયોથેરાપી શરૂ કરી શકે છે.

**■ રોબોટિક ચોકસાઈઃ સુધારેલી નિખાલસતા**

રોબોટિક-સહાયિત સર્જરી હવે ઘૂંટણ બદલવામાં અદ્વિતીય/ચોકસાઈ આપે છે. 3D ઈમેજિંગ અને રિયલ ટાઈમ ફીડબેકથી, સર્જન દરેક દર્દી માટે યોગ્ય ઇમ્પ્લાન્ટ સ્થાનને ચોકસાઈથી સ્થિર કરે છે જે સારું ફંક્શન અને ઝડપી રિકવરી આપે છે.

**■ પાર્ટિયલ ની રિપ્લેસમેન્ટ માટે શ્રેષ્ઠ વિકલ્પ**

શોર્ટ-સ્ટે સર્જરી પાર્ટિયલ ઘૂંટણ બદલાવ માટે ખૂબ જ અનુકૂળ છે, કારણ કે તેમાં માત્ર ખોટું થયેલું ભાગ જ રિપ્લેસ થાય છે. એ ઓછી આક્રમક હોય છે અને દર્દીનું મોટાભાગનું નૈસર્ગિક ઘૂંટણ જાળવી રાખે છે.

સબવાસ્ટસ ટેક્નિક અને રોબોટિક સહાયથી, પાર્ટિયલ ની રિપ્લેસમેન્ટ વધુ ચોકસાઈથી અને ઓછા આઘાતથી થઈ શકે છે અને ઘણીવાર તે જ દિવસે દર્દી ઘરે જઈ શકે છે.

**■ મોબિલિટીથી આગળઃ જીવનની ગુણવત્તામાં સુધારો**

ઘૂંટણ બદલાવ માત્ર દુખાવામાંથી રાહત માટે નથી તે જીવન ફરીથી જીવવા માટે છે. નિષ્ણાત રીતે કરવામાં આવેલી સર્જરીથી દર્દી પોતાની જિંદગી ફરીથી જીવવા લાગે છે, ગતિવિધિઓમાં જોડાઈ શકે છે અને પોતાના પરિવાર સાથે ફરીથી જળવાઈ શકે છે.

આજનું સંશોધન જણાવે છે કે આઝાદીથી ચાલવાની ક્ષમતા માનસિક સ્વાસ્થ્ય, હૃદય અને ફેફસાંના કાર્ય અને લાંબા આયુષ્ય માટે લાભદાયક છે.

**■ દર્દી અને સિસ્ટમ બંને માટે લાભદાયક**

શોર્ટ-સ્ટે સર્જરીથી ઘટેલ સારવાર ખર્ચ, ઝડપી બેડ રોટેશન અને વધુ દર્દીઓને સમયસર સારવાર મળી શકે છે.

હૉસ્પિટલ અને ઈન્શ્યોરન્સ સિસ્ટમ માટે, આ મોડલ બેડ અને રિસોર્સ ઑપ્ટિમાઈઝેશન માટે વધુ અસરકારક સાબિત થાય છે વિશેષ કરીને હાઈ-ડિમાન્ડ કે સંસાધનની મર્યાદાવાળી પરિસ્થિતિઓમાં.

**■ જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે નવા ધોરણો**

શોર્ટ-સ્ટે ઘૂંટણ બદલાવનો અર્થ ઝડપમાં કામ પૂરું કરવો નથી એનો અર્થ છે સમજદારીથી કામ કરવું.

પેશી બચાવતી સર્જરી, રોબોટિક ચોકસાઈ અને લક્ષ્યાંકિત પેઇન કંટ્રોલ વડે દર્દીઓ સર્જરી પછી ૨૪ કલાકમાં જ ઘરે જઈ શકે છે.

અમે ત્યારે જ ડિસ્ચાર્જ કરીએ છીએ જ્યારે દર્દી સ્વતંત્ર રીતે ચાલે, ભોજન લે અને ટોઇલેટ વાપરી શકે. અમારી પ્રેક્ટિસમાં, આ હવે નવો ધોરણ બની ગયો છે.

જેમ જેમ ઓર્થોપેડિક કેર વિકસે છે, તેમ એક ઉદ્દેશ અચળ છેઃ આઝાદી, આત્મવિશ્વાસ અને જીવનની ગુણવત્તાને પુનઃસ્થાપિત કરવી.

વધુ વિગતો માટે સંપર્ક કરોઃ Drmananshahortho@gmail.com ■ +91 8779234975 ■ 022 23825673

# દીપક પારેખ - ઓટલાના અરમાનનો આધાર



માયાનગરી મુંબઈમાં પોતાનાં સપનાં સાકાર કરવા લોકોનાં ધાડેધાડાં આવતાં હોય છે. રોટલો અને ઓટલો મેળવવા અનેક લોકો રઝળપાટ, મહેનત - ઉદ્યમ કરતા હોય છે. 'રોટલો અને ઓટલો' મનુષ્ય જીવનનાં અત્યંત મહત્ત્વનાં લક્ષ્યાંક છે. મુંબઈ વિશે કહેવાય છે કે અહીં રોટલો તો મળી જાય પણ ઓટલો મેળવવો એ અત્યંત કપરું કાર્ય છે. મતલબ કે બે ટંક ભોજનનો પ્રબંધ થઈ જાય એટલી કમાણી કરાવી આપતું કામ તો મળી જાય, પણ ઓટલો એટલે કે પોતાનું ઘર બનાવતાં ક્યારેક અડધી જિંદગી ખર્ચાઈ જતી હોય છે. કવિ ઈન્દુલાલ ગાંધીની અમર રચના 'આંધળી માનો કાગળ'માં પણ મુંબઈમાં રોટલો રળી બે પાંદડે થવા આવેલ ગગો - ગીગુભાઈ નાગજીની રોટલા અને ઓટલા માટેની વ્યથા ઠલવાઈ છે. આ અને આવાં કરોડો સપનાંમાંથી જૂજ સાકાર થાય અને મોટા ભાગનાં ધૂળધાણી થઈ જાય છે.

જોકે, મૂળ સુરતના રહેવાસી અને પ્રારંભિક જીવન મુંબઈની ચાલમાં વિતાવનાર હસમુખભાઈ ઠાકોરદાસ પારેખને એવો વિચાર આવ્યો કે 'મારે પણ એક ઘર હોય' સપનાનું બીજ વૃક્ષમાં રૂપાંતર પામે એ માટે કોઈ વ્યવસ્થા હોવી જોઈએ. રોટલો રળવાનું શરૂ થયા પછી ઓટલાની વ્યવસ્થા કરી શકાય એ માટે એચડીએફસી તરીકે પ્રસિદ્ધ હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કૉર્પોરેશન નામની સંસ્થા શરૂ કરી. આ આઈડિયા ક્લિક થશે એવી ખાતરી હસમુખભાઈ સિવાય કોઈને નહોતી. ૧૯૭૮માં ઘર માટે પહેલી લોન આપનાર એચડીએફસી આજે એક બીજમાંથી ઘટાદાર વૃક્ષ બની ગઈ છે જેનો છાંયો અનેક લોકોને રાહત આપે છે. આ વૃક્ષ એક એવો વડલો છે જે ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કાંઠે આવેલા ઘેઘૂર કબીરવડની યાદ અપાવે છે. કોઈ વડલો ઓળખ બની ગયો હોય અને પછી તે ટાપુ કે સ્થળ એ વડલાના નામે જ ઓળખાતું હોય એવી ઓળખ કબીરવડની છે. એવી જ ઓળખ આજે એચડીએફસી ધરાવે છે. હસમુખભાઈના ભત્રીજા દીપક પારેખ વડલાનો અદ્ભુત વિસ્તાર કરી અનેક લોકોના ઓટલાના અરમાન સાકાર કરવામાં નિમિત્ત બન્યા છે. અનેક વર્ષો સુધી મધ્યમવર્ગીય લોકો માટે પોતાનું ઘર હોવું એ લોટરી સિસ્ટમમાં નસીબ અજમાવવા જેવું હતું. ૧૯૭૭ પછી ઘરવાંચ્છુઓ માટે એક વિકલ્પ ઉપલબ્ધ થયો - એચડીએફસી. ઘર ખરીદવા માંગતા લોકો એચડીએફસીની ઑફિસે લાઈન લગાવતા થઈ ગયા. લોન આપતી સંસ્થાનું બીજ હસમુખભાઈએ રોપ્યું, દીપક પારેખે એ વિચારનો અદ્ભુત અમલ કરી એનું વટવૃક્ષમાં રૂપાંતર કર્યું.

દીપક પારેખ... કાકાનાં સપનાંનો ગુણાકાર કરી, મારે પણ એક ઘર હોયની કરોડો દેશવાસીઓની કલ્પનાને હકીકતમાં રૂપાંતર કરનારા ભત્રીજા. આવતી કાલની જરૂરિયાતને આજે ઓળખી કાઢવાની દૂરદૃષ્ટિ અને બિઝનેસના વ્યાપની સૂઝને કારણે એચડીએફસી ઘર માટે લોનની વ્યવસ્થા કરી આપતી અગ્રણી સંસ્થા તો બની જ ગઈ, પણ આ નાણાકીય સંસ્થાનો બૅન્કિંગ, એસેટ મૅનેજમેન્ટ, લાઈફ ઈન્સ્યોરન્સ. જનરલ ઈન્સ્યોરન્સ, રિયલ એસ્ટેટ વેન્ચર ફંડ, એજ્યુકેશનલ લોન જેવી વિવિધ પાંખમાં વિસ્તાર થયો. વેપારી વૃત્તિ તો ગુજરાતીઓનાં લોહીમાં હોય એ ભાવનાને ચરિતાર્થ કરી એચડીએફસી ગ્રુપ કંપનીઓના ચૅરમૅન દીપક પારેખે આર્થિક નકશામાં પોતાનું નામ અંકિત કરી દીધું છે. કાકા હસમુખભાઈ પારેખે સ્થાપનાનાં છ વર્ષ પછી વર્ષે દહાડે ૧૦૦ કરોડ રૂપિયાની લોન મંજૂર કરતી મોટી કંપની બનાવી દીધી. કાકા સાથે જોડાયેલા ભત્રીજા દીપક પારેખના પ્રયત્નોથી આજની તારીખમાં એચડીએફસી ૫.૨ ટ્રિલિયન રૂપિયાનું નેટવર્થ ધરાવે છે.

દીપક પારેખનો જન્મ ૧૯૪૪માં મુંબઈમાં થયો હતો, પણ પિતાશ્રી એ સમયે બર્મા તરીકે ઓળખાતા દેશના રંગૂન શહેરમાં 'સેન્ટ્રલ બૅન્ક ઑફ ઈન્ડિયાના' બ્રાન્ચ મૅનેજર તરીકે કામ કરતા હતા. બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના આક્રમણ પછી પિતાશ્રી મુંબઈ આવતા રહ્યા. દીપકભાઈ ૧૦ વર્ષની ઉંમર સુધી રંગૂનમાં રહ્યા અને રંગૂનમાં ભણતર બર્મીઝ ભાષામાં કરવાનો નિર્ણય લેવામાં આવતાં અને અંગ્રેજી મીડિયમની સ્કૂલો પર પ્રતિબંધ મૂકવામાં આવતાં દીપક પારેખ મુંબઈ આવતા રહ્યા.

મુંબઈ આવ્યા પછી ભણવાનું શરૂ કર્યું. સાયન્સ લાઈનમાં તો નથી જ જવું એ મનમાં નક્કી હતું. દીપકભાઈની ઇચ્છા કૉમર્સ - ઈકોનોમિકસમાં આગળ વધવાની હતી. એટલે બી.કોમ. કરવા સિડનહેમ કૉલેજમાં એડમિશન લીધું એમની ઇચ્છા બૅન્કર બનવાની નહીં, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ - સીએ બનવાની હતી. જોકે, ઑડિટથી બહુ જલદી કંટાળી ગયા અને બૅન્કિંગ તરફ વળી ગયા. હસમુખભાઈ પારેખે એચડીએફસી શરૂ કર્યા બાદ ભત્રીજા દીપકને આગ્રહ કર્યો કે 'અમે એક નવો અખતરો કર્યો છે. અમારી સાથે જોડાઈ જા ને.' આ સંદર્ભમાં એક ઈન્ટરવ્યૂમાં દીપકભાઈએ જણાવ્યું હતું કે 'મને પણ ઇચ્છા થઈ અને હું જે નોકરી કરતો હતો એના અડધા પગારે એચડીએફસીમાં જોડાયો, પણ મને એનો ક્યારેય અફસોસ નથી થયો.' એ અફસોસ ન થવાથી દીપક પારેખ એવરેસ્ટ સર કરી શક્યા અને કરોડો લોકોનું 'મારે પણ એક ઘર હોય' સપનું સાકાર કરવામાં નિમિત્ત બન્યા. ■

## ગૌરવભેર ફરી હરતા-ફરતા થાવ

## 'ની રિપ્લેસમેન્ટ' દ્વારા વૃદ્ધોના જીવનમાં લાવીએ છીએ પરિવર્તન

મુંબઈમાં એવોર્ડ વિજેતા મલ્ટી-સ્પેશિયાલિટી હેલ્થકેર કેન્દ્ર, ઉપાસની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ (USSH), દર્દી-કેન્દ્રિત, ટેકનોલોજી-આધારિત સંભાળમાં શ્રેષ્ઠતાના દીવાદાંડી તરીકે ઊભરી આવી છે. આ હોસ્પિટલની સ્થાપના પ્રખ્યાત ગાયનેકોલોજિસ્ટ અને ઑબ્સ્ટેટ્રિશિયન ડો. શ્રદ્ધા ડી. ઉપાસની દ્વારા કરવામાં આવી છે, અને તેનું નેતૃત્વ મેનેજિંગ ડિરેક્ટર્સ ડો. તેજસ ડી. ઉપાસની અને ડો. વલ્લભ ડી. ઉપાસની કરે છે. અગ્રણી ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડો. તેજસ, રોબોટિક ની રિપ્લેસમેન્ટમાં અગ્રણી છે અને જર્મનીથી એડવાન્સ્ડ જોઈન્ટ રિપ્લેસમેન્ટ અને કોમ્પ્લેક્સ ટ્રોમા મેનેજમેન્ટમાં ફેલોશિપ ધરાવે છે. ડો. વલ્લભની કુશળતા પર ભાર મૂકતા, તેઓ સ્વિટ્ઝર્લૅન્ડ અને ન્યૂ યોર્કથી એડવાન્સ્ડ MRI ફેલોશિપ તાલીમ સાથે રેડિયોલોજીમાં MD છે.



ડો. તેજસ ડી. ઉપાસની
ઓર્થોપેડિક અને રોબોટિક
જોઈન્ટ ની રિપ્લેસમેન્ટ સર્જન

તેમના નેતૃત્વ હેઠળ, હોસ્પિટલે રોબોટિક ઓર્થોપેડિક સર્જરીમાં અનુકરણીય સેવા માટે ટાઇમ્સ હેલ્થકેર લીડર્સ એવોર્ડ્સ ૨૦૨૪ અને મુંબઈમાં સૌથી વધુ રોબોટિક ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરી કરતી હોસ્પિટલ તરીકે માન્યતા સહિત અનેક પ્રશંસા મેળવી છે.

USSH તેની ૮મી વર્ષગાંઠની નજીક આવી રહી છે, તે કરુણાપૂર્ણ સંભાળ, માળખાગત વિસ્તરણ અને રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી રજૂ કરનાર મુંબઈમાં પ્રથમ હોવા અદ્યતન મેડિકલ સારવાર જેવા અનોખા મિશ્રણ દ્વારા આધુનિક આરોગ્યસંભાળમાં ધોરણોને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખે છે.

**★ નવીનતા પાછળના નિષ્ણાતને મળો**

આ નવીનતાનું નેતૃત્વ ડો. તેજસ ડી. ઉપાસની કરી રહ્યા છે, જે USSH ખાતે રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીના અગ્રણી નિષ્ણાત છે. ૨૦ વર્ષથી વધુ સર્જિકલ અનુભવ સાથે, તેમણે ૨૫૦૦થી વધુ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ પ્રક્રિયાઓ કરી છે, જેમાં આંશિક અને સંપૂર્ણ ઘૂંટણ રિપ્લેસમેન્ટ, તેમજ સંપૂર્ણ હિપ રિપ્લેસમેન્ટનો સમાવેશ થાય છે. જર્મનીમાં અદ્યતન જોઈન્ટ રિપ્લેસમેન્ટ તક્નિકોમાં તાલીમ પામેલા ડો. ઉપાસનીએ મુંબઈમાં રોબોટિક ઓર્થોપેડિક સર્જરી રજૂ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

તેમની સર્જિકલ ચોકસાઇ ઉપરાંત, ડો. ઉપાસની તેમની પ્રેક્ટિસમાં સહાનુભૂતિની ઊંડી ભાવના લાવે છે, ખાસ કરીને દર્દમુક્ત ગતિશીલતા ઇચ્છતા વૃદ્ધ દર્દીઓ માટે. તેમના નેતૃત્વ હેઠળ, USSH એ સંચાલના માત્ર બે વર્ષમાં સંપૂર્ણ NABH માન્યતા પ્રાપ્તકરી છે.

**★ આ ડોક્ટર્સ ડે નિમિત્તેઃ કરુણાપૂર્ણ નવીનતાનું વિઝન**

આ ડોક્ટર્સ ડે, ડો. તેજસ ડી. ઉપાસની તેમની મૂલ્યવાન આંતરદૃષ્ટિ શેર કરે છે કે કેવી રીતે અદ્યતન રોબોટિક ટેકનોલોજી, કરુણાપૂર્ણ સંભાળ સાથે, જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીને રૂપાંતરિત કરી રહી છે અને તમામ ઉંમરના દર્દીઓને ગતિશીલતા પુનઃસ્થાપિત કરી રહી છે.

વૃદ્ધોમાં ઘૂંટણ બદલવાની પુનઃવ્યાખ્યાયિત - જ્યાં ઉંમર ગતિશીલતા માટે કોઈ અવરોધ નથી.

USSH હોસ્પિટલ, મુંબઈ ખાતે, અમે ૨,૫૦૦થી વધુ ટોટલ ની રિપ્લેસમેન્ટ (TKR) કરવામાં નિષ્ણાત છીએ, જેમાં ૮૦ વર્ષથી વધુ ઉંમરના દર્દીઓ, તેમજ ડાયાબિટીસ, હાયપરટેન્શન, હૃદયરોગ અને શ્વસન રોગો જેવા અનેક સહ-રોગ ધરાવતા દર્દીઓનો સમાવેશ થાય છે. એક સમયે જે ઉચ્ચ-જોખમી સર્જરી માનવામાં આવતી હતી તે હવે અમારી અદ્યતન માળખાકીય સુવિધાઓ, નિષ્ણાત ટીમ અને દર્દી-કેન્દ્રિત સંભાળ સાથે સુરક્ષિત રીતે પ્રાપ્ત કરી શકાય છે.

દરેક દર્દી ઓર્થોપેડિક સર્જનો, એનેસ્થેસિયોલોજિસ્ટ્સ, ચિકિત્સકો અને ઇન્ટેન્સિવિસ્ટ્સ સહિતની બહુ-શાખાકીય ટીમ દ્વારા સંપૂર્ણ પ્રી-ઓપરેટિવ ઑપ્ટિમાઇઝેશનમાંથી પસાર થાય છે. અમારી આધુનિક એનેસ્થેસિયા તક્નિકો - જેમાં સ્પાઇનલ, એપિડ્યુરલ અને રીજીયનલ નર્વ બ્લોક્સનો સમાવેશ થાય છે - ખાસ કરીને હૃદય, ફેફસાં અને કિડની પર તણાવ ઓછો કરવા માટે તૈયાર કરવામાં આવી છે, જે ઉચ્ચ જોખમ ધરાવતા વ્યક્તિઓમાં પણ સલામતી સુનિશ્ચિત કરે છે.

શસ્ત્રક્રિયા પછી, દર્દીઓને અમારા અત્યાધુનિક ICUમાં ખસેડવામાં આવે છે, જ્યાં તેઓ અનુભવી ઇન્ટેન્સિવિસ્ટ્સ અને નર્સિંગ સ્ટાફ દ્વારા સતત દેખરેખ અને વ્યક્તિગત સંભાળ મેળવે છે. અમે કોઈપણ ગૂંચવણોની વહેલી ઓળખ અને સક્રિય સંચાલન સુનિશ્ચિત કરીએ છીએ.

USSH, CORI રોબોટિક સર્જિકલ સિસ્ટમથી સજ્જ છે, જે ખૂબ જ ચોક્કસ ઇમ્પ્લાન્ટ પ્લેસમેન્ટ, ઓછી સોફ્ટ ટીસ્યુ ટ્રોમા અને ઝડપી કાર્યાત્મક રીકવરીને સક્ષમ બનાવે છે. મોટાભાગના દર્દીઓ ૨૪ કલાકની અંદર ચાલવાનું શરૂ કરે છે, જે અમારા સંરચિત અને કરુણાપૂર્ણ પુનર્વસન પ્રોટોકોલને આભારી છે.

**વૃદ્ધ લોકોના ઘૂંટણ બદલવા માટે USSH હોસ્પિટલ, મુંબઈ શા માટે પસંદ કરવી?**

- મલ્ટિસ્પેશિયાલિટી પ્રિઓપરેટિવ એસેસમેન્ટ - કાર્ડિયોલોજિસ્ટ, ફિઝિશિયન, અને એનેસ્થેટિસ્ટનો સમાવેશ
- ઉચ્ચ જોખમવાળા દર્દીઓ માટે તૈયાર કરાયેલ એનેસ્થેસિયા
- ન્યૂનતમ ઈનવેસીવ ઓછો તણાવ વિકલ્પ
- સમર્પિત પોસ્ટઓપરેટિવ ICU સંભાળ
- 24x7 દેખરેખ અને નિષ્ણાત સપોર્ટ રોબોટિક-આસિસ્ટેડ પ્રિસિઝન સર્જરી
- ચોકસાઈ માટે CORI સિસ્ટમનો ઉપયોગ અને ઝડપી રીકવરી
- પ્રારંભિક ગતિશીલતા અને પુનર્વસન
- સર્જરીના ૨૪ કલાકની અંદર એમ્બ્યુલેશન
- ચેપ-નિયંત્રણ પ્રોટોકોલ
- કડક OT ધોરણો અને પોસ્ટ-ઓપરેટિવ સંભાળ
- કરુણાપૂર્ણ નર્સિંગ અને કૌટુંબિક સહાય
- સમગ્ર વ્યક્તિગત ધ્યાન, છેક રીકવરી સુધી

**"ઉંમરને ક્યારેય દર્દ વિના ચાલવાની સ્વતંત્રતાને મર્યાદિત ન કરવી જોઈએ"**

યોગ્ય ટેક્નોલૉજી અને ટીમ સાથે, તેઓના ૮૦ અને ૯૦ના દાયકાના દર્દીઓ પણ પીડા-મુક્ત, ગતિશીલ જીવનનો આનંદ માણી શકે છે. USSH હોસ્પિટલમાં, અમે અમારા વૃદ્ધ દર્દીઓ માટે શ્રેષ્ઠ પરિણામો સુનિશ્ચિત કરવા માટે ચોકસાઈ, કરુણા અને સલામતીનું સંયોજન કરીએ છીએ.

**ચાલો તમારા પ્રિયજનોને તેમની સ્વતંત્રતા અને ગૌરવ પાછું મેળવવામાં મદદ કરીએ - સમયસર એક પગલું.**

વધુ વિગતો માટે કૃપા કરીને સંપર્ક કરોઃ
**ઉપાસની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ**
પ્લોટ નં.- ૧૧૦૯/ એ દેવીદયાલ ક્રોસ રોડ, ફાયર સ્ટેશન પાછળ, મુલુન્ડ (પ.), મુંબઈ-૪૦૦૦૮૦.
વેબસાઈટઃ www.ussh.in / info@ussh.in સંપર્કઃ 022 68814200 / 7400400914

# સંજીવ કુમાર - અભિનયના અઠંગ બંધાણી

સંજીવ કુમાર એટલે કે હરિભાઈ જરીવાલા માટે કયા શબ્દો વાપરવા, એમને નખશીખ અદાકાર કહેવા કે અભિનયના બંધાણી કહેવા કે અભિનય સમ્રાટ કહેવા.... આપણે એમના માટે જે પણ કોઈ વિશેષણ વાપરીએ, પરંતુ લેખક-પટકથા લેખક-દિગ્દર્શક ગુલઝારે એમના માટે એક સુંદર વાક્ય કહ્યું હતુંઃ 'હરિભાઈ કો અભિનય કરને કે લિયે કૉસ્ચ્યુમ કી ઝરૂરત નહીં પડતી.'

ગુલઝારનું આ બારીકીભર્યું નિરીક્ષણ ખરેખર સાચું હતું. સંજીવકુમાર ઝભ્ભો-લેંઘો પહેરીને પણ બાદશાહનો રોલ કરી શકે એવી ક્ષમતા ધરાવતા હતા. એમને કોઈ પણ પાત્ર આપો, એ પાત્રમાં ઢળી જતાં એમને એક સેકન્ડની વાર લાગતી નહીં. કોઈવાર આખી ફિલ્મ ફ્લોપ જાય, પણ સંજીવકુમાર પોતાના પાત્રને ન્યાય આપે. કોઈનેય પણ ટીકા કરવાનો મોકો આપતા નહીં.

મૂળ તો એ નાટકનો જીવ. રંગભૂમિ પર દિલ દઈને કામ કરીને લોકોની ચાહના મેળવી હતી. રંગમંચ પરના એમનાં નાટકોની યાદી પણ નાનીસૂની નથી. 'એક અંધારી રાત' નામના એક નાટકમાં એમણે પોલીસ ઇન્સ્પેક્ટરની ભૂમિકા ભજવેલી. 'એક અંધારી રાત' નાટક જોઈને દિગ્દર્શક આત્મારામે એમને 'શિકાર' ફિલ્મમાં પોલીસ ઇન્સ્પેક્ટરનો રોલ આપ્યો હતો. ધર્મેન્દ્રની સામે આપણા હરિભાઈ છવાઈ ગયા હતા. સંજીવકુમાર રંગમંચ અને પરદા પરના અભિનય વચ્ચેનો ભેદ સારી પેઠે સમજતા હતા. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ કવિ કલાપીના જીવનકવન પર બનેલી 'કલાપી' ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવનારા સંજીવકુમારે 'મારે જાવું પેલે પાર' નામની ફિલ્મમાં એક પાગલની ભૂમિકા કરી હતી. નિર્માતા એલ. વી. પ્રસાદ અને દિગ્દર્શક ચંદર વહોરાએ એમની આ ફિલ્મ જોઈને એમને 'ખિલૌના' ફિલ્મમાં પાગલનો રોલ આપ્યો હોવાનું કહેવાય છે.

ગુલઝાર સાથેનું સંજીવકુમારનું એક અલગ જ ટ્યુનિંગ હતું. ગુલઝારે એમને ઇન્ડો-ઇરાનિયન ફિલ્મ 'સુબહ-ઓ-શામ'માં જોયા. ગુલઝારે એમને ચાર ફિલ્મ 'પરિચય', 'કોશિશ', 'આંધી' અને 'મૌસમ'માં વૃદ્ધત્વને આંબી રહેલા કે આંબી ગયેલા પુરુષની ભૂમિકા આપી અને બધી જ ફિલ્મમાં એમના અભિનયની ભારોભાર પ્રશંસા થઈ. સામાન્ય હીરોલોગ આવી ભૂમિકાથી દૂર રહે છે, પણ સંજીવકુમારને કોઈ છોછ ન હતો.



સંજીવકુમારને ક્યારેય સામેના અદાકારની ચિંતા ન હતી.... એટલે જ તેઓ દિલીપ કુમાર કે અમિતાભ બચ્ચન જેવા કલાકારોની સામે છવાઈ ગયા હતા. 'નયા દિન નયી રાત' ફિલ્મના નવ રોલ ભજવવાની હિમંત માત્ર સંજીવકુમાર જ કરી શકે.

એમણે દરેક પાત્રને આબાદ ભજવી બતાવ્યાં હતાં. ગુલઝારે એમને 'અંગૂર' ફિલ્મમાં ડબલ રોલમાં કૉમેડી પાત્ર કરવા કહ્યું તો એ પણ એમણે બખૂબી ભજવ્યું. 'સીતા ઔર ગીતા', 'પતિ પત્ની ઔર વો', 'બીવી ઓ બીવી' જેવી કૉમેડી ફિલ્મોમાં એમનું કૉમિક ટાઇમિંગ જોવા મળે છે.

'દસ્તક', 'કોશિશ', 'આંધી' અને 'અર્જુન પંડિત' માટે એમને બેસ્ટ ઍક્ટરનો અવોર્ડ મળ્યો હતો.... 'શોલે' માટે તેઓ નોમિનેટ થયા હતા જ્યારે 'શિકાર' ફિલ્મ માટે એમને બેસ્ટ સપોર્ટિંગ ઍક્ટરનો અવોર્ડ મળ્યો હતો. આંખથી અભિનય કરવાનો એમની પાસે કસબ હતો અને ડબિંગમાં અવાજની કરામત કરવાની ખૂબી હતી. ભાગ્યે જ કોઈ ઍક્ટર ડબિંગમાં અવાજના મૉડ્યુલેશનથી મેદાન મારી જતા હોય છે.

'અંગૂર'માં પ્રેક્ષકોને હસાવનારા સંજીવકુમારે 'કોશિશ'માં રડાવ્યા હતા... અને શોલેમાં પ્રેક્ષકોને જકડી રાખ્યા હતા તો 'ખિલૌના'માં આંચકો આપ્યો હતો ને 'નયા દિન નયી રાત'માં લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. સંજીવકુમારને સાઈન કર્યા પછી નિર્માતા-દિગ્દર્શક આરામથી ઊંઘી શકતા હતા... કેમ કે હરિભાઈ બપોર પછી શુટિંગમાં આવતા (તેઓ શુટિંગમાં મોડા આવવા માટે જાણીતા હતા) પણ એમનું કામ એક ટેકમાં ઓકે થઈ જતું. ■

# કલ્યાણજી-આણંદજી - કચ્છી માડુઓની સુરીલી સંગીત સફર

કચ્છના એક નાનકડા ગામમાંથી મુંબઈ આવીને કરિયાણાની દુકાન ખોલનારા એક કચ્છી સદગૃહસ્થના બે પુત્રો નામે કલ્યાણજી-આણંદજી કરિયાણું વેચવાને બદલે ફિલ્મસંગીતમાં જબરું નામ રોશન કરશે એવી કલ્પના કદાચ એમના આખાય કુટુંબમાં કોઈએ કરી નહીં હોય. એમનું કુટુંબ ગિરગાંવ વિસ્તારમાં રહે. કલ્યાણજીભાઈ અને આણંદજીને પહેલેથી જ સંગીતમાં બહુ રસ હતો. કદાચ એમના નિકટના પૂર્વજોમાંથી કોઈ સંગીત જાણતું હતું એમ પણ કહેવાય છે. એટલે એમ કહી શકાય કે સંગીત એમના ડીએનએમાં હતું. પુત્રોની સંગીતરુચિ જોઈને પિતાએ એમને સંગીત ક્લાસમાં મોકલ્યા, પણ મજાની વાત એ છે કે સંગીતગુરુએ સંગીત શીખવવાની સામે કરિયાણું આપવાની માગ કરી અને વેપારી પિતાએ તરત જ હા કહી દીધી. આમ બંને ભાઈઓ સંગીત શીખવા લાગ્યા. સંગીત ખરેખર તો એમને કુદરતી રીતે વરેલું હતું અને પોતે પાછા કચ્છી એટલે ખંત અને મહેનત એમનાં લોહીમાં હતાં જ.

કલ્યાણજીભાઈએ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં વાદ્યકાર તરીકે કામ શરૂ કર્યું. એ જમાનામાં ક્લેવાયોલિન નામનું એક નવું ઇલેક્ટ્રૉનિક ઇન્સ્ટ્રુમેન્ટ આવેલું અને કલ્યાણજીભાઈ વાદ્ય ખૂબ સારું વગાડી જાણતા. આ વાજિંત્રની ઓળખ આપવી હોય તો નાગીન ફિલ્મના મન ડોલે મેરા તન ડોલે ગીતમાં જે બીન વાગે છે એ કલ્યાણજીએ વગાડ્યું હતું.



કલ્યાણજીભાઈએ સંગીતકાર તરીકે શરૂઆત કરી ત્યારે એમણે કલ્યાણજી વીરજી શાહ નામ આપ્યું. એમની પહેલી ફિલ્મ સમ્રાટ ચંદ્રગુપ્ત હતી અને એનું એક ગીત ચાહે પાસ હો ચાહે દૂર હો... મેરે જીવન કી તુમ તસવીર હો (લતા-રફી) આજેય લોકજીભે છે. એ ફિલ્મની સફળતા અને ગીતોની લોકપ્રિયતાએ એમને બીજી ઘણી ફિલ્મો અપાવી. શરૂઆતમાં એમના સહાયક તરીકે કામ કરતા આણંદજીભાઈ એમની સાથે જોડાયા અને કલ્યાણજી-આણંદજીની સંગીતકાર બેલડીએ ધૂમ મચાવી. પોસ્ટ બોક્સ નં ૯૯૯, સટ્ટા બાઝાર, મદારી, હિમાલય કી ગોદ મેં, જબ જબ ફૂલ ખિલે જેવી એક પછી એક આવેલી ફિલ્મોનાં ગીતો હિટ ગીતોની યાદીમાં આજે પણ છે.

કલ્યાણજી-આણંદજીએ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જોડી બનાવીને પ્રવેશ કર્યો ત્યારે એસ. ડી. બર્મન, શંકર-જયકિશન, નૌશાદ, રોશન, મદન મોહન, ઓ. પી. નૈયર સહિતના સંગીતકારો સામે ટક્કર લેવાની હતી.

કલ્યાણજીભાઈ એમના રમૂજી સ્વભાવ માટે ખૂબ જાણીતા હતા. મોટા ભાગે તેઓ પોતાના પર જ જૉક કરતા. બીજું એમનો સ્વભાવ સેવાભાવી હતો.

આ સંગીતકાર બંધુઓએ જરૂરતમંદો માટે ભંડોળ ઊભું કરવા માટે કેટલીય સંસ્થાઓને નિઃશુલ્ક શૉ કરી આપ્યા હતા... અને એ શૉમાં દિલીપ કુમાર, અમિતાભ બચ્ચન, વિનોદ ખન્ના, રેખા, શ્રીદેવી સહિતના કલાકારો હાજરી આપતા એનું કારણ એ હતું કે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કલ્યાણજી-આણંદજીની સુવાસ બહુ સારી હતી. દરેક સાથેના એમના સંબંધો મજબૂત હતા.... એમ કહી શકાય એક પ્રકારનો ઘરોબો હતો.

આ બંધુઓએ આપણા લગભગ તમામ ગાયકો પાસે ગીત ગવડાવ્યાં છે... અને બધાં સુપર-ડુપર હિટ છે. કિશોર કુમાર, લતા મંગેશકર, આશા ભોંસલે, મુકેશ, મોહમ્મદ રફી, મહેન્દ્ર કપૂર, સુમન કલ્યાણપુર, મન્ના ડેએ એમની ઉત્તમ સંગીતરચનાઓને ચાર ચાંદ લગાવ્યા છે. આ ઉપરાંત કમર જલાલાબાદી, ગુલશન બાવરા, અન્જાન, આનંદ બક્ષી, વર્મા મલિક એમ. જી. હસમત જેવા કેટલાય ગીતકારોને તક આપવા અને એમની કારકિર્દીના ઘડતરમાં એમણે ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સરસ્વતીચંદ્ર, સફર સહિતની સંખ્યાબંધ ફિલ્મોને અવોર્ડ મળ્યા છે. કલ્યાણજી-આણંદજીએ કિશોર પાસે લગભગ ૨૭૦ ગીતો ગવડાવ્યાં હતાં. ■

# પરેશ રાવલ - બેનમૂન અભિનેતા

જબરદસ્ત કૉમિક ટાઈમિંગ અને અભિનયથી અમિટ છાપ છોડનાર પરેશ રાવલને અનુભવી કલાકાર ગણવામાં આવે છે. તમામ પ્રકારના રોલમાં તેમણે પોતાની ક્ષમતા સાબિત કરી છે. ક્યારેક તેમણે 'હેરા ફેરી'ના બાબુરાવ ગણપતરાવ આપ્ટે બનીને દર્શકોને હસાવ્યા તો ક્યારેક 'ઓહ માય ગોડ'ના કાનજી લાલજી મહેતા બનીને લોકોમાં વિશ્વાસ જગાડવાનો પ્રયાસ કર્યો.

૩૦ મે, ૧૯૫૦ના રોજ મુંબઈમાં જન્મેલા પરેશ રાવલ આજે પોતાની જોરદાર ઍક્ટિંગ માટે પ્રખ્યાત છે, પરંતુ તેમનો ઈરાદો અભિનેતા બનવાનો નહીં સિવિલ એન્જિનિયર બનવાનો હતો. અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ નોકરી શોધવા માગતા હતા.

પરેશ રાવલે માત્ર કૉમેડી જ નહીં પણ ખલનાયક તરીકેની ભૂમિકાઓમાં પણ ખાસ્સી પ્રશંસા મેળવી છે. તેમને પદ્મશ્રી, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને ફિલ્મફેર પુરસ્કારો જેવાં અનેક સન્માનોથી નવાજવામાં આવ્યા છે.

એક તબક્કે તેમને ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો, પરંતુ આજે તેઓ એવા તબક્કે છે, જ્યાં સફળતા તેમના પગ ચૂમી રહી છે.

પરેશ રાવલે પોતાની ફિલ્મી કરિયરની શરૂઆત ૧૯૮૨માં ગુજરાતી ફિલ્મ 'નસીબની બલિહારી'થી કરી હતી. આ પછી ૧૯૮૪માં, તેમણે 'હોળી'માં સહાયક અભિનેતાની ભૂમિકા ભજવી. ૧૯૮૬માં આવેલી ફિલ્મ 'નામ'થી અભિનેતાએ તેમને હિન્દી ફિલ્મોમાં પ્રસ્થાપિત કરી નાખ્યા હતા. પરેશ રાવલ ૧૯૮૦થી ૧૯૯૦ સુધી ૮૦થી વધુ ફિલ્મોમાં વિલનની ભૂમિકામાં જોવા મળ્યા હતા, જેમાં અર્જુન, રામ લખન, બાજી સહિતની ઘણી ફિલ્મો સામેલ છે. પરેશ રાવલ બહુ પ્રતિભાશાળી વ્યક્તિ છે. તેમના વ્યક્તિત્વના ઘણા રંગો છે, જે દરેક રંગમાં બંધબેસે છે. તેઓ ૧૯૯૪માં કેતન મહેતાની સરદારમાં વલ્લભભાઈ પટેલની યાદગાર ભૂમિકામાં દેખાયા હતા. આ ફિલ્મ પછી કલાકાર તરીકે તેમની પ્રગતિ વધતી ગઈ. રાજકુમાર સંતોષીની ઍક્શન-કૉમેડી ફિલ્મ 'અંદાઝ અપના અપના' જેવી ફિલ્મ બોલિવૂડમાં ફરી ક્યારેય બની નથી. આમિર ખાન અને સલમાન ખાનની કૉમેડીથી શણગારેલી આ ફિલ્મમાં પરેશ રાવલે ડબલ રોલ કર્યો હતો. તેમનો અભિનય આખી ફિલ્મમાં સૌથી વધુ હાઇલાઇટિંગ પોઇન્ટ હતો.

હેરા ફેરી ફિલ્મમાં પણ તેમનું પાત્ર યાદગાર બની ચૂક્યું છે. આ સાથે જ 'હંગામા', 'સંજૂ', 'ઓ માય ગોડ' જેવી અનેક હિટ ફિલ્મો આપીને દર્શકોના દિલ જીતી લીધા છે

પરેશ રાવલ એક ભારતીય અભિનેતા, હાસ્ય કલાકાર, ફિલ્મ નિર્માતા અને રાજકારણી છે જે મુખ્યત્વે હિન્દી ફિલ્મોમાં તેમના કાર્યો માટે જાણીતા છે. તેમણે ૨૪૦થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો છે અને વિવિધ પ્રશંસા પ્રાપ્ત કરી છે. ૧૯૯૪માં, તેમણે 'વો છોકરી' અને 'સર' ફિલ્મોમાં તેમના અભિનય માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીત્યો હતો. બાદમાં, તેમને નકારાત્મક ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનય માટેનો પ્રથમ ફિલ્મફેર પુરસ્કાર



મળ્યો. આ પછી કેતન મહેતાની 'સરદાર' ફિલ્મ આવી, જેમાં તેમણે સ્વતંત્રતા સેનાની વલ્લભભાઈ પટેલની મુખ્ય ભૂમિકા ભજવી હતી, એક એવી ભૂમિકા જેણે તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા મેળવી આપી હતી. તેમને ૨૦૧૪માં ભારત સરકાર તરફથી પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

હિન્દી સિનેમામાં તેમની અન્ય નોંધપાત્ર કૃતિઓ અર્જુન (૧૯૮૫), નામ (૧૯૮૬), શિવ (૧૯૯૦), મોહરા (૧૯૯૪), તમન્ના (૧૯૯૭), ચાઇના ગેટ (૧૯૯૮), એતરાઝ (૨૦૦૪), ટેબલ નંબર ૨૧ (૨૦૧૩) અને ઝિલા ગાઝિયાબાદ (૨૦૧૩) છે. તેમણે તેલુગુ બૉક્સ ઑફિસ હિટ ફિલ્મો જેમ કે ક્ષના ક્ષણામ (૧૯૯૧), મની (૧૯૯૩), મની મની (૧૯૯૫), ગોવિંદા ગોવિંદા (૧૯૯૪), રિક્ષાવોડુ (૧૯૯૫), બાવાગરુ બગુન્નારા (૧૯૯૮)માં તેની ખલનાયક ભૂમિકાઓ માટે ઓળખ મળી છે.

રાવલે હિન્દી ફિલ્મોમાં તેમની કૉમેડી અને કેટલીક તીવ્ર સહાયક ભૂમિકાઓ માટે પ્રશંસા મેળવી છે, કારણ કે તેમની કેટલીક નોંધપાત્ર ભૂમિકાઓ અંદાજ અપના અપના (૧૯૯૪), ચાચી ૪૨૦ (૧૯૯૭), હેરા ફેરી (૨૦૦૦), નાયક (૨૦૦૧), આંખે, આવારા પાગલ દીવાના (૨૦૦૨), હંમેશા (૨૦૦૩), મસાલા (૨૦૦૫), ફિર હેરા ફેરી, ચૂપ ચૂપ કે, માલામાલ વીકલી (બધા ૨૦૦૬), વેલકમ (૨૦૦૭), મેરે બાપ પહેલે આપ, ઓયે લકી! લકી ઓયે! (બંને ૨૦૦૮), દે દના દન (૨૦૦૯), અતિથિ તુમ કબ જાઓગે?, રેડી (બંને ૨૦૧૦), ઓએમજી (૨૦૧૨), વેલકમ બેક (૨૦૧૫), ટાઇગર ઝિંદા હૈ (૨૦૧૭), સંજુ (૨૦૧૮), ઉરી (૨૦૧૯), ડ્રીમ ગર્લ ૨, શાસ્ત્રી વિરુદ્ધ શાસ્ત્રી (બંને ૨૦૨૩) અને ધ સ્ટોરીટેલર (૨૦૨૫) જેમાં તેમણે સત્યજીત રેના પ્રખ્યાત પાત્ર તારિણી ખુરોનું પાત્ર ભજવ્યું હતું. ■

# આશા પારેખ - ઉત્તમ નૃત્યાંગના... બહેતરીન અદાકાર

એક ગુજરાતી તરીકે આપણે આશા પારેખને ફિલ્મના પરદે જોઈને ગર્વ અનુભવ્યો હશે એમાં કોઈ શંકા નથી. લગભગ ચાર દાયકાની ઝળહળતી કારકિર્દીમાં એમણે અંદાજે ૮૫-૯૦ જેટલી ફિલ્મોમાં અભિનય કર્યો. બે ફિલ્મફેર અવોર્ડો મેળવ્યા. પદ્મશ્રીનો ખિતાબ પણ મેળવ્યો અને સિનેમાક્ષેત્રે આપેલા અમૂલ્ય યોગદાન બદલ ૨૦૨૦માં એમને દાદાસાહેબ અવોર્ડથી સન્માનવામાં આવ્યાં.



આશા પારેખને બાળપણથી જ રંગભૂમિનો રંગ લાગ્યો હતો. રંગમંચ પ્રત્યેનું એમનું આકર્ષણ અજબ હતું. નૃત્યની સઘન તાલીમે એમની અભિનયક્ષમતામાં બેહદ વધારો કર્યો હતો. એમની માતા સલમા પારેખે એમને બાળપણથી જ નૃત્યશાળામાં મોકલ્યાં હતાં. એમણે બંસીલાલ બિહારી સહિતના કેટલાક નૃત્યગુરુઓ પાસેથી તાલીમ લીધી હતી. આગળ જતાં એમણે અનારકલી જેવી લોકપ્રિય નૃત્યનાટિકામાં અભિનય કર્યો હતો.

આશાબેને વિશ્વવિખ્યાત ફિલ્મ દિગ્દર્શક બિમલ રોયની 'મા' ફિલ્મમાં બાળકલાકાર તરીકે પહેલવહેલું કામ કર્યું. એ વખતે એમની ઉંમર લગભગ દસ વર્ષની. બિમલ રોયે ત્યાર બાદ આશા પારેખને એમની 'બાપ બેટી' ફિલ્મમાં પણ ભૂમિકા આપી હતી. અલબત્ત, આ ફિલ્મ ફ્લોપ થતાં આશા પારેખ નિરાશ થયાં આમ છતાં અભ્યાસ છોડીને એમણે બાળકલાકાર તરીકે બીજી થોડીક ફિલ્મો પણ કરી.

નિર્માતા સુબોધ મુખરજીએ આશા પારેખને 'દિલ દે કે દેખો' ફિલ્મમાં મુખ્ય ભૂમિકા આપી જેના લેખક-દિગ્દર્શક હતા નાસીર હુસેન અને હીરો હતો શમ્મી કપૂર. આ ફિલ્મે આશા પારેખને સ્ટાર બનાવી દીધાં. ત્યાર પછી નાસીર હુસેનની છ ફિલ્મો - 'જબ પ્યાર કિસ સે હોતા હૈ', 'ફિર વહી દિલ લાયા હું', 'તીસરી મંજિલ', 'બહારોં કે સપને', 'પ્યાર કા મોસમ' અને 'કારવાં'માં મુખ્ય અભિનેત્રી આશા પારેખ હતાં... અને એનું મુખ્ય કારણ બંને વચ્ચેના અંગત સંબંધ હતું. 'બહારોં કે સપને' ફિલ્મથી નાસીર હુસેને આશા પારેખને ફિલ્મ વિતરણમાં પણ ભાગીદાર બનાવ્યાં હતાં અને લગભગ ૨૧ ફિલ્મોનું વિતરણ એમણે કર્યું હતું.શરૂઆતમાં આશા પારેખની ફિલ્મી ઇમેજ ગ્લેમર ગર્લ, ડાન્સર અને ટોમ બોયની હતી. દિગ્દર્શક રાજ ખોસલાએ 'દો બદન', 'ચિરાગ' અને 'મૈં તુલસી તેરે આંગન કી'માં આશા પારેખની ઇમેજ બદલી નાખતા રોલ આપ્યા અને આશાબેન કરુણ પાત્રમાં ઢળી ગયાં.

આશા પારેખની કારકિર્દીમાં અન્ય એક દિગ્દર્શક શક્તિ સામંતે મહત્ત્વની ભૂમિકા ભજવી. 'પગલા કહીં કા' અને 'કટી પતંગ' ફિલ્મમાં આશા પારેખે ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવીને લોકોનાં દિલ જીતી લીધાં હતાં. દેવ આનંદ, શમ્મી કપૂર અને રાજેશ ખન્ના સાથેની આશા પારેખની જોડી યાદગાર રહી છે. આશા પારેખે ગુજરાતી ફિલ્મો 'અખંડ સૌભાગ્યવતી', 'કુળવધૂ' અને 'માના આંસુ' ઉપરાંત પંજાબી અને કન્નડ ફિલ્મો પણ કરી હતી.

ત્યાર બાદ મિત્રોની સલાહથી એમણે ૧૯૯૦ના દાયકામાં ટેલિવિઝન ડાયરેક્ટરપદ સંભાળ્યું હતું અને પહેલી ગુજરાતી સિરિયલ 'જ્યોતિ' બનાવી હતી. એમણે સ્થાપેલી 'આકૃતિ' નામની પ્રોડક્શન કંપનીના નેજા હેઠળ 'પલાશ કે ફૂલ', 'બાજે પાયલ', 'કોરા કાગઝ' અને એક કૉમેડી સિરિયલ 'દાલ મેં કાલા' જેવી લોકપ્રિય સિરિયલોનું નિર્માણ કર્યું હતું.

સિને આર્ટિસ્ટ ઍસોસિયેશનના પ્રમુખ રહી ચૂકેલાં આશા પારેખ સેન્સર બોર્ડનાં પ્રથમ મહિલા ચૅરપર્સન હતાં. હવે આશા પારેખે પોતાની ડાન્સ એકેડેમી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.... કેમ કે નૃત્ય અને અભિનય એમનો પ્રથમ પ્રેમ રહ્યો છે. ■

# અરુણા ઈરાની - ગળથૂથીમાં અભિનય કળા

આપણી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં અરુણા ઈરાની એક એવું નામ છે જેમણે બાળકલાકાર તરીકે કારકિર્દી શરૂ કરી... યુવાનીને ઊંબરે પહોંચી ત્યારે ફિલ્મના એક સોલો ડાન્સ આધારિત ગીત પૂરતું કામ કર્યું, પણ પછી મુખ્ય ભૂમિકાને બદલે ચરિત્ર રોલ મળ્યા એને બખૂબી નિભાવ્યા અને સપોર્ટિંગ અભિનેત્રી તરીકે અવોર્ડ પણ મેળવ્યા. હા, અરુણા ઈરાની સાઈડ હિરોઇન હોવા છતાં આખી ફિલ્મ એમના ખભા પર ઊંચકી લીધી હોય એવી પણ કેટલીક ફિલ્મ એમણે કરી છે.



અરુણા ઈરાનીને અભિનય ગળથૂથીમાં મળ્યો હતો. પિતા ફરદુન ઈરાની અને માતા સગુણાબેન (જેઓ ગુજરાતી હતાં) નાટકોમાં સાથે કામ કરતાં. ફરદુન ઈરાનીની પોતાની નાટક કંપની હતી. મુંબઈની ભાંગવાડી ઉપરાંત એમની નાટક કંપની ગામેગામ ફરીને નાટકો કરતી. અરુણા ઈરાનીએ દિલીપ કુમારની હિટ ફિલ્મ 'ગંગા જમના'માં બાળકલાકારની ભૂમિકા કરી હતી. 'અનપઢ'માં નાનકડી ક્યૂટ 'માલા સિંહા'નો રોલ અરુણાબેને કર્યો હતો. ૫૦૦થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલાં અરુણા ઈરાનીએ ગુજરાતી, હિન્દી, કન્નડ અને મરાઠી ફિલ્મો પણ કરી છે.

બાળકલાકારમાંથી સોળમે વરસે યુવાનીને ઊંબરે પહોંચ્યાં ત્યારે એમની અભિનયકળા સોળે કળાએ ખીલી હતી.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કદાચ અરુણા ઈરાની એક જ એવાં અભિનેત્રી હશે જેમણે બાળકલાકાર પછી નૃત્યાંગના અને પછી હિરોઇનને બદલે મોટા ભાગે સાઈડ હિરોઇનની ભૂમિકા ભજવી, જોકે વેમ્પના રોલ પણ કર્યા. હા, સાઇડ હિરોઇનની ભજવેલી ભૂમિકામાં એમણે હિરોઇન સાઈડ પર રહી જાય એવું કૌવત બતાવ્યું હતું. 'પેટ, પ્યાર ઔર પાપ' અને 'બેટા' ફિલ્મ માટે એમણે બેસ્ટ સપોર્ટિંગ અભિનેત્રીનો ફિલ્મફેર અવોર્ડ મેળવ્યો હતો. સપોર્ટિંગ રોલ માટે દસ નોમિનેશનો એમના નામે બોલે છે અને આ એક રેકોર્ડ છે. ૫૭મા ફિલ્મફેર અવોર્ડ્સ પ્રસંગે એમને લાઇફટાઇમ ફિલ્મફેર અચિવમેન્ટ અવોર્ડ આપવામાં આવ્યો હતો.

અરુણા ઈરાની ડૉક્ટર બનવા માગતાં હતાં, પણ અચાનક આવી પડેલી જવાબદારી અને ઘરની આર્થિક પરિસ્થિતને કારણે એમણે બાળપણથી જ ફિલ્મોમાં કામ કરવું પડ્યું. નૃત્ય શીખવા માટે પૈસા ન હોવાથી એમણે ફિલ્મોમાં કામ કરતાં કરતાં જ નૃત્ય શીખી લીધું. તેઓ નૃત્યની વિધિવત્ તાલીમથી વંચિત રહી ગયાં હતાં. એમના ત્રણ ભાઈઓ ઇંદ્ર કુમાર, અદિ ઈરાની અને ફિરોઝ ઈરાની ફિલ્મ ક્ષેત્રમાં જ છે.

અરુણા ઈરાનીની આરંભની ફિલ્મો 'ફર્ઝ', 'ઉપકાર' અને 'આયા સાવન ઝુમ કે' હતી. મહેમૂદ સાથે એમણે 'બૉમ્બે ટુ ગોવા', 'દો ફૂલ', 'ઔલાદ', 'હમજોલી' જેવી સફળ ફિલ્મો કરી. નાસિર હુસેનની 'કારવાં'માં એમની કબીલાની એક અલ્લડ છોકરીની લાજવાબ ભૂમિકા હતી. બેસ્ટ સપોર્ટિંગ તરીકેનું એમનું આ પહેલું નોમિનેશન હતું.

અરુણા ઈરાની કોઈ પણ પ્રકારની ભૂમિકા ભજવતાં. નેણ નચાવતી ગામડાની ગોરી હોય કે માનું ઠસ્સાદાર પાત્ર હોય, હીરોને દારૂ પિવડાવીને મદહોશ કરનારી વેમ્પ હોય..... અરુણા ઈરાનીએ એમાં જાન રેડી હતી. કોઈ પણ ફિલ્ડમાં ટકવા માટે જે નિષ્ઠા, મહેનત અને આવડત જોઈએ એ અરુણા ઈરાનીમાં હતી. ક્યારેક એક જ સફળ ફિલ્મથી કલાકાર ચમકી જાય છે..... તો ક્યારેક વરસો લાગી જતાં હોય છે. અરુણા ઈરાનીએ એક પછી એક ફિલ્મો આપીને પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું.

ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીને પણ અરુણા ઈરાનીના અભિનયનો લાભ મળ્યો હતો. સંજીવ કુમાર સાથેની એમની 'મારે જાવું પેલે પાર', 'સુહાગન', 'મા વિનાનો સૂનો સંસાર', 'ચરોતરની ચમ્પા' બહુ લોકપ્રિય બની હતી. કિરણ કુમાર અને અરુણા ઈરાનીની જોડીએ જમાવટ કરી હતી.

ખ્યાતનામ અભિનેત્રી બિંદુ અરુણા ઈરાનીની કઝીન છે. જોકે બિંદુ અને અરુણા ઈરાનીના કુટુંબ વચ્ચે મનમેળ નથી. અરુણા ઈરાનીના ભાઈ ઇંદ્ર કુમારે 'દિલ', 'બેટા', 'રાજા' અને 'ઇશ્ક' જેવી ફિલ્મો આપી. સગ્ગા ભાઈની 'બેટા' ફિલ્મ માટે અરુણા ઈરાનીને અવોર્ડ મળ્યો હતો.

અરુણા ઈરાનીની અભિનયની સફર ટેલિવિઝન સુધી વિસ્તરી હતી. એમણે 'ઝમાના બદલ ગયા', 'દેશ મેં નિકલા હોગા ચાંદ', 'મહેંદી તેરે નામ', 'તૂમ બિન જાઉં કહાં', 'રબ્બા ઇશ્ક ના હોવે', 'વૈદેહી', 'બાબુ કી બિટિયાં ચલી ડોલી સજા કે' સહિતની સિરિયલોમાં મુખ્ય ભૂમિકા કરી હતી.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કોઈ કોઈનો મિત્ર નથી એવું કહેવાય છે... ત્યાં સાથે કામ કરનારા બધા સાથી કલાકારો હોય છે, પણ અમિતાભ બચ્ચન અને અરુણા ઈરાની વચ્ચે ખૂબ સારા સંબંધો હતા. અમિતાભના શરૂઆતના સમયમાં અરુણા ઈરાનીએ એમને સાર સહયોગ આપ્યો હોવાનું કહેવાય છે. અમિતાભ બચ્ચન એ ક્યારેય ભૂલ્યા નથી.

અરુણા ઈરાનીએ કામ પ્રત્યેની વફાદારી અને કુટુંબ પ્રત્યેની જવાબદારી કાયમ સાચવી રાખી છે. આખરે તો તમારું કામ બોલે છે...અવોર્ડ નહીં.

આપણા ફિલ્મ દિગ્દર્શકોએ અરુણા ઈરાની પાસેથી ભરપૂર કામ લીધું અને અરુણાબેને દિગ્દર્શકની કલ્પનાનાં દરેક પાત્રને પૂરતો ન્યાય પણ આપ્યો, આમ છતાં એક ફરિયાદ રહી જાય છે કે આટલાં સક્ષમ અભિનેત્રીને મુખ્ય ભૂમિકા નહીં આપીને ફિલ્મ ઉદ્યોગે એમને અન્યાય કર્યો છે. ■


INDIGO
Be surprised!
LEAKPROOF EMULSION
PROTECT PLUS
NEW
INDIGO LEAKPROOF EMULSION
जो रूफ को बनाये सचमुच वाटरप्रूफ!
INDIGO
Be surprised!

# છેલ-પરેશ - રંગભૂમિના સફળ કલાનિર્દેશકો



૧૯૬૪થી ૨૦૨૧ સુધીના કાળમાં ૧૯૭૧ના યુદ્ધના દિવસો અને કોરોના કાળના દોઢ વર્ષ સિવાય, દર સપ્તાહના અંતે જેમનાં નાટકો એક પણ વિરામ વિના નિયમિતપણે રજૂ થતાં, એ વિક્રમસર્જક કલાનિર્દેશકોની જોડી એટલે 'છેલપરેશ.'

છેલ-પરેશે ગુજરાતી રંગભૂમિના દિગ્ગજ અભિનેતા-દિગ્દર્શક-નિર્માતા એવા કાંતિ મડિયા માટે ૬૫ નાટકોમાં સેટ ડિઝાઇન કર્યા, જેમાં રિવોલ્વિંગ સ્ટેજ ટેક્નિક એટલે કે પલક ઝપકતાં સરકતા ફરકતા રંગમંચના સ્માર્ટ ઉપયોગ દ્વારા એકથી વધુ સેટ્સની કમાલ દેખાડેલી. મડિયાના 'આતમને ઓઝલમાં રાખ મા' નાટકમાં એરપોર્ટનો રનવે ઊભો કરેલો અને 'મુઠ્ઠી ઊંચેરો માનવી'માં નર્મદા નદીના પૂરની એવી અસર ઊભી કરેલી કે પ્રેક્ષકો ચોંકી ઊઠતા. એવી જ રીતે રિવૉલ્વિંગ સેટ્સ વડે સફળ અભિનેતા-નિર્દેશક શૈલેશ દવેના નાટક '૨૩ કલાક, ૫૨ મિનિટ'માં ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધવાળા માહોલનાં ૫૫ સેટ્સ બનાવેલા. ૨૦૧૩માં વિપુલ મહેતા સંજય ગોરડિયા માટે 'હેલો પાકિસ્તાની, હું હિંદુસ્તાની' નાટકમાં ભારત-પાક બોર્ડર જેવા ૬૬ સેટ્સ બનાવેલા!

છેલ-પરેશ જોડીમાંના છેલ વાયડા (૧૪.૦૨.૧૯૩૫-૧૨.૧૧.૨૦૧૪) જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સ, મુંબઈમાં કળાવિષયક ભણતા ત્યારે ત્યાંના જ પ્રો. પરેશ દરુ (૧૨.૧૧.૩૫-૧૦.૧૧.૨૦૨૧) સાથે મૈત્રી થઈ અને આજીવન સાથે કામ કર્યું. છેલ-પરેશ (૧૯૬૪-૨૦૨૧) ૫૭ વર્ષ સુધી ગુજરાતી, હિન્દી, મરાઠી, સંસ્કૃત અને અંગ્રેજીમાં ૭૦૦થી વધુ નાટકોમાં ગુંજતું વિશ્વવિક્રમી નામ છે. પાંચથી વધુ દાયકામાં મુંબઈની બધી જ રંગભૂમિના દરેકે દરેક નાનામોટા કલાકારો સાથે કામ કરનાર એકમાત્ર જોડી છે.

છેલ-પરેશે ચંદ્રવદન ભટ્ટ, વિષ્ણુકુમાર વ્યસ, કાંતિ મડિયા, પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, પ્રવીણ જોશી, અરવિંદ ઠક્કર, અરવિંદ જોશી, પદ્મશ્રી સરિતા જોશી, શૈલેશ દવે, અમૃત પટેલ, પદ્મશ્રી દિન્યાર કોન્ટ્રાક્ટર, હોમી વાડિયા, સુરેશ રાજડા, ફિરોઝ ભગત, કૌસ્તુભ ત્રિવેદી, સંજય ગોરડિયા, નાદિરા બબ્બર, વિપુલ મહેતા, વિપુલ અમૃતલાલ શાહ, ઉમેશ શુક્લ અને સિદ્ધાર્થ રાંદેરિયા જેવા દરેક પેઢીનાં સફળ નિર્માતા-નિર્દેશક-કલાકારો માટે વિવિધ પ્રકારના સેટ્સ ડિઝાઇન કરેલા.

નાટકો ઉપરાંત છેલ-પરેશની જોડી ગુજરાતી, હિન્દી, મરાઠી, ઓડિયા, અંગ્રેજી, હરિયાણવી, સંસ્કૃત અને જર્મન જેટલી ૮ ભાષાઓમાં ૫૦થી વધુ ફિલ્મોમાં પણ સફળ કલા-દિગ્દર્શકો હતા. ગુજરાતી ફિલ્મોમાં 'કંકુ', (૧૯૬૯), 'કાશીનો દીકરો', 'ઠાકુરાણી ગંગા', 'દાદા હો દીકરી', 'નસીબદાર', 'જુગલ જોડી' જેવી ૨૫થી વધુ સફળ ફિલ્મોમાં કસબ દેખાડેલો. હિન્દી ફિલ્મોમાં અમોલ પાલેકરની 'અનકહી' (૧૯૮૫), દિલીપ કુમાર અભિનિત 'આગ કા દરિયા', રાકેશ રોશનની 'ઇકરાર'(૧૯૮૦), સાગર સરહદીની 'અગલા મૌસમ' અને 'તેરે શહેર મેં', નસીર-શબાના અભિનીત 'લોરી' (૧૯૮૫), મદન બાવરિયાની બાળફિલ્મ 'ઓપરેશન પિંક પિજન'(૧૯૯૮) અને નેશનલ અવૉર્ડ વિનર ફિલ્મ 'ટ્રેન ટુ પાકિસ્તાન' (૧૯૯૮) નોંધપાત્ર ફિલ્મો છે.

છેલ-પરેશને અનેક અવૉર્ડથી સન્માનિત કરવામાં આવેલા. જેમાં ગુજરાતી ફિલ્મ 'દરિયા છોરુ' (૧૯૯૯) માટે 'શ્રેષ્ઠ કલા-દિગ્દર્શક' અવૉર્ડ, ગુજરાત સંગીત નાટક એકેડેમીનો 'લાઇફટાઈમ અચિવમેન્ટ અવૉર્ડ' (૨૦૧૨), નેશનલ સેન્ટર ફૉર ધ પર્ફોર્મિંગ આર્ટ્સ (NCPA, Mumbai)નો 'લાઇફ-ટાઈમ અચિવમેન્ટ અવૉર્ડ' (૨૦૧૯). અને મહા. ગુજરાતી સાહિત્ય એકેડેમીનો 'કલા-ગૌરવ અવૉર્ડ' નોંધપાત્ર છે. છેલ-પરેશે SNDT યુનિવર્સિટી, મુંબઈ અને M.S. યુનિવર્સિટી, બરોડા માટે 'કલા દિગ્દર્શન અને સ્ટેજ ક્રાફ્ટ'ની તાલીમ શિબિરો પણ સંચાલિત કરેલી. છેલભાઈના પરિવારજનોએ પણ કલા વારસો જાળવ્યો છે. એમના લેખક-નિર્દેશક-ગીતકાર પુત્ર સંજય છેલ, ૩૦ વરસથી બોલીવુડમાં 'રંગીલા', 'યેસ બોસ', 'પાર્ટનર' જેવી ૩૦થી વધુ સફળ ફિલ્મો કરી ચૂક્યા છે અને એમની પુત્રી અલ્પના બૂચ 'અનુપમા' જેવી અનેક હિટ સિરિયલો અને નાટકોમાં કામ કરી રહી છે. તો વળી, પરેશ દરુનાં પત્ની લીના દરુ, બોલીવૂડમાં ૧૯૬૬થી ૨૦૦૨ સુધી આશા પારેખ, હેમા માલિની, રેખા, શ્રીદેવી, માધુરી, દિવ્યા ભારતી જેવી અભિનેત્રીઓનાં ટોચનાં ડ્રેસ ડિઝાઇનર હતાં.

છેલ-પરેશને આજે પણ રંગમંચ પર સહુ આદર અને પ્રેમથી યાદ કરે છે, જેમાં ખાસ તો સેટ બનાવનાર, લગાડનાર અને ઊંચકનાર કામદારો જેમને ધ્યાનમાં રાખીને તેઓએ જાજરમાન પણ હળવાફૂલ જેવા સેટ્સ બનાવેલા. ૨૦૧૪માં છેલભાઈનો દેહાંત થયો ત્યારે સેટ્સના વર્કરો ચોધાર આંસુએ રડેલા અને તેમાંના એક કામદારે તો ત્યાં સુધી કહેલું કે: 'આજે અમારો બાપ જતો રહ્યો!' એક સાચા રંગકર્મી ટેકનિશિયનને આનાથી વિશેષ હૃદયપૂર્વકની અંજલિ શું હોઈ શકે? ■

# મલ્લિકા સારાભાઈ - સ્ત્રીશક્તિનાં પ્રતિનિધિ

'સાથિયા પુરાવો દ્વારે, દીવડા પ્રગટાવો રાજ; આજ મારે આંગણે પધારશે મા પાવાવાળી' ગરબો ઘેર ઘેર ગુંજતો થયો હતો. આ ગરબો આજથી પચાસ વર્ષ પહેલાં એટલે કે પહેલી સપ્ટેમ્બર, ૧૯૭૫ના દિવસે રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'મેના ગુર્જરી'માં રજૂ થયો હતો. મેના ગુર્જરી લોકકથા પ્રતાપી ગુજર જાતિની શૌર્યકથા છે અને તેમાં નારીહૃદયનાં સ્નેહ, સમર્પણ, સ્વમાન અને સતીત્વનો મહિમા વ્યક્ત થયો છે. દસ વર્ષ પછી ૭ જુલાઈ, ૧૯૮૫ના દિવસે બ્રિટિશ રંગભૂમિ અને ચિત્રપટ ડિરેક્ટર પીટર બ્રુક્સે 'મહાભારત' નાટકના પહેલા શૉનું મંચન કર્યું હતું. 'મહાભારત'માં અનેક પાત્રો મહત્ત્વનાં છે, પણ સ્ત્રી સશક્તિકરણનું પ્રતિનિધિત્વ કરતી દ્રૌપદી 'મહાભારત'નું વજનદાર પાત્ર છે. આ બંને કૃતિમાં મેના ગુર્જરી અને દ્રૌપદી એ બેઉ સશક્ત સ્ત્રીપાત્રો ભજવ્યાં હતાં મલ્લિકા સારાભાઈએ. આપણાં પુરાણોમાં અનેક નારીશક્તિનાં સ્વરૂપો છે એવું દૃઢપણે માનતાં મલ્લિકા સારાભાઈ આજે ૭૧ વર્ષની ઉંમરે પણ એ શક્તિ સ્વરૂપે જ જીવે છે અને નારીના હક માટે લડવું એ એમના જીવન સાથે વણાઈ ગયું છે.



ખ્યાતનામ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈ અને શાસ્ત્રીય નૃત્યમાં પારંગત મૃણાલિની સારાભાઈનાં દીકરી મલ્લિકા સારાભાઈનો જન્મ ૯ મે, ૧૯૫૩ના દિવસે થયો હતો. મલ્લિકા સારાભાઈએ નામના મેળવી, પણ પિતાના ક્ષેત્રમાં નહીં, તેઓ માતા તરફ ઢળ્યાં. સ્ત્રીને શક્તિ સ્વરૂપ માનવાની શરૂઆત કદાચ અહીંથી થઈ હશે. આવા પરિવારમાં શિક્ષણનું અનન્ય મહત્ત્વ હોય જ અને એટલે તેમણે વિદ્યાભ્યાસમાં મન પરોવી અમદાવાદમાં બી.એ. તથા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટમાંથી એમ.બી.એ.ની ડિગ્રી મેળવી. સાયકોલૉજીમાં રિસર્ચ કરી ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. થયાં. પિતાશ્રી વિક્રમ સારાભાઈના અવકાશ વિજ્ઞાન માટે મોહ ન થયો, પણ માતુશ્રીના નૃત્યકલા ક્ષેત્ર માટે રુચિ જાગી અને ભણતર ઉપરાંત માતાની 'દર્પણ' સંસ્થામાં ટ્રેઈનિંગ લઈ ભરતનાટ્યમ્ અને કુચીપૂડી નૃત્યોમાં પ્રવીણતા મેળવી.

કલા માટેની પ્રીતિ બળવાન હોવાથી મલ્લિકા સારાભાઈ વિઝ્યુઅલ આર્ટ્સ નહીં, પણ પર્ફોર્મિંગ આર્ટ્સ તરફ વળ્યાં એ સ્વાભાવિક જ હતું. અભિનય માટેના લગાવને કારણે શરૂઆતમાં તેમણે ગુજરાતી તથા હિન્દી ફિલ્મોમાં પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો. 'મેના ગુર્જરી', 'અષાઢી બીજ', 'નાણાં વગરનો નાથિયો', 'પીઠીનો રંગ', 'સોનબા અને રૂપબા', 'ભાથીજી મહારાજ', 'અજવાળી રાત અમાસની', 'નાગપાંચમ', 'હરસિદ્ધિ માતા', 'મા કાળી પાવાવાળી અને બળિયાદેવ' જેવાં ધાર્મિક, સામાજિક અને લોકકથા-આધારિત ચલચિત્રોમાં મુખ્ય પાત્રમાં અભિનય કર્યો. હિન્દી ફિલ્મમાં સુનીલ દત્ત સાથે 'હિમાલય સે ઊંચા', સઈ પરાંજપેની 'કથા', 'સોનલ' વગેરેમાં અભિનયનાં અજવાળાં પાથર્યાં. ગુજરાત સરકારનો કલાક્ષેત્રનો ગૌરવ પુરસ્કાર સહિત શ્રેષ્ઠ કલાકાર તરીકે તેમને સંખ્યાબંધ માનસન્માન મળ્યાં. મોટા પડદા સાથે ટીવીના નાના પડદા માટે પણ તેમણે વિવિધ કાર્યક્રમો કર્યા. વિવિધ વિષયોની ટીવી સિરીઝ - સિરિયલ માટે પ્રસ્તુતકર્તા તરીકે પેશ આવી પર્યાવરણ જેવા વિષયથી જનતાને વાકેફ અને જાગૃત કરવાની કોશિશ કરી. પંડિત રવિશંકરની જેમ ભારતીય કળાને પરદેશમાં લોકપ્રિય બનાવી એ મલ્લિકા સારાભાઈની અનન્ય સિદ્ધિ છે. યુએસએ, યુરોપ તેમ જ એશિયાઈ અને આફ્રિકી દેશો અને ઑસ્ટ્રેલિયામાં સુદ્ધાં નૃત્યના કાર્યક્રમોનું આયોજન કર્યું. પીટર બ્રુક્સના 'મહાભારત'માં દ્રૌપદીના રોલે તેમને અનેરી ઊંચાઈ પ્રદાન કરી. આ પર્ફોર્મન્સને પગલે તેમના પર પ્રશંસાનો વરસાદ થયો અને વૈવિધ્યપૂર્ણ સ્ત્રીપાત્રો ભજવવા તેઓ ઉત્સુક થયાં. ૧૯૮૯માં એકપાત્રીય 'શક્તિ'માં તેમનું કામ ખૂબ વખણાયું. 'સીતા પુત્રી'ના ૫૦૦થી પણ વધુ શૉ ત્રણ ભાષાઓમાં ભજવાયાં. આ ઉપરાંત નૃત્ય નિર્દેશન અને નૃત્ય - સંગીત આલેખનમાં તેમનું નોંધપાત્ર યોગદાન છે. અમદાવાદના ઇતિહાસને 'કડક બાદશાહી' શીર્ષક હેઠળ રજૂ કરી કલારસિકોને મંત્રમુગ્ધ કર્યા.

મલ્લિકા સારાભાઈએ કલાવિષયક વિવિધ પુસ્તકોનાં સંપાદન પણ કર્યાં છે. સિવાય વિવિધ સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓ સાથે રહીને તેઓ અનેકવિધ કામગીરી કરતાં રહ્યાં છે. યુનેસ્કો 'હેરિટેઝ પ્રોજેક્ટ'માં તથા યુનિસેફના 'ગ્રામસ્વાસ્થ્ય' અને 'એઇડ્ઝ જાગૃતિ' માટેની યોજનાઓમાં પણ તેમનો સહભાગ રહ્યો છે. સૂગ હોવા છતાં સક્રિય રાજકારણમાં તેઓ સહભાગી થયાં હતાં. ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી પણ લડ્યાં હતાં. જોકે, તેમનો કારમો પરાજય થયો હતો. બિપીન શાહ સાથેનું એમનું લગ્નજીવન લાંબું ટક્યું નહીં. બંન્નેએ સાથે મળીને મેપીન પબ્લિશિંગ નામે પુસ્તક પ્રકાશન સંસ્થા શરૂ કરી હતી. એમને અનેક સન્માન પ્રાપ્ત થયાં છે જેમાં ભારત સરકાર તરફથી પદ્મભૂષણ અને ૨૦૦૫માં નોબેલ શાંતિ પુરસ્કાર માટેનું નામાંકન શિરમોર છે. મલ્લિકા સારાભાઈની ઓળખ શું? એક કુશળ નૃત્યાંગના, એક કાબેલ કોરિયોગ્રાફર, અભિનેત્રી, દર્પણ એકેડેમીના સંચાલક, કલાના પ્રસારક, લેખક, એક્ટિવિસ્ટ... આ બધાંમાં તેમનું યોગદાન ઊડીને આંખે વળગે એવું તો છે જ, પણ મલ્લિકા સારાભાઈને સ્ત્રી શક્તિ સ્વરૂપનાં પ્રતિનિધિ તરીકે ઓળખવા યોગ્ય કહેવાય. કદાચ મલ્લિકાબહેન પણ આ વાત સાથે સહમત થશે. ■

# કનૈયાલાલ મુનશી - એક જીવનકાળ, વિવિધ કાર્યકાળ

કનૈયાલાલ માણેકલાલ મુનશી. ૩૦ ડિસેમ્બર, ૧૮૮૭ના દિવસે ભરૂચમાં જન્મ. એક જીવનકાળમાં વિવિધ ક્ષેત્રમાં યોગદાન આપી અનેક કાર્યો કર્યાં. કનૈયાલાલ મુનશીની એક ઓળખાણ ન આપી શકાય. તેઓ સાહિત્યકાર ઉપરાંત ઇતિહાસકાર, પત્રકાર, કેળવણીકાર, ધારાશાસ્ત્રી, વહીવટકર્તા, સ્વાતંત્ર્યસેનાની અને રાજનીતિજ્ઞ હતા. તેમની બહુમુખી પ્રતિભાનું પ્રભાવી દર્શન તેમણે લખેલાં નવલકથા, નવલિકા, નાટક, જીવનચરિત્ર, પ્રવાસકથા, નિબંધ વગેરે સ્વરૂપની તેમની કૃતિઓ તેમ જ તેમનાં લેખો અને વ્યાખ્યાનોમાં જોવા મળે છે. અલબત્ત ગુજરાતની સાહિત્યરસિક જનતામાં મુનશીએ નવલકથાકાર તરીકે અને વિશેષ કરીને ઐતિહાસિક નવલકથાના સર્જક તરીકે નામના મેળવી છે.

૧૯૦૧માં તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરીને ૧૯૦૨માં વડોદરા કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ૧૯ વર્ષની ઉંમરે 'એલિસ પ્રાઈઝ' સાથે તેમણે આર્ટ્સમાં ગ્રેજ્યુએટની ડિગ્રી મેળવી. એલએલ.બી.ની પરીક્ષા પાસ કર્યા બાદ ૧૯૧૩માં મુંબઈમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો. ૧૯૨૨માં 'ગુજરાત' માસિકનો પ્રારંભ કર્યો. કારકિર્દી દરમિયાન ૧૯૩૭માં મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન, ૧૯૪૮માં રાષ્ટ્રની બંધારણ સભાના સભ્ય, એ પછી કેન્દ્રીય પ્રધાનમંડળમાં ખેતીવાડી ખાતાના પ્રધાન, ૧૯૫૨ની ચૂંટણી પછી ઉત્તર પ્રદેશના રાજ્યપાલ વગેરે જેવા હોદ્દા સંભાળ્યા. ૧૯૩૮માં ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી અને ૧૯૩૭, ૧૯૪૯, ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ ફરજ નિભાવી. મુનશીએ પોતાના કાર્યક્ષેત્રને સાહિત્ય પૂરતો મર્યાદિત ન રાખ્યો. રાજકીય ક્ષેત્રે પણ પ્રવૃત્ત રહ્યા. ગાંધીજી સાથે સ્વતંત્રતા આંદોલનમાં જોડાયા અને જેલવાસ પણ ભોગવ્યો. ભારત આઝાદ થયું ત્યારે હૈદ્રાબાદના વિલીનીકરણમાં અને બાદમાં ગુજરાતના સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ૧૯૫૦માં કેન્દ્રમાં કૃષિ અને અન્ન પ્રધાનપદ પર હતા. ૧૯૫૨માં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ૧૯૫૭માં સમાજવાદના માર્ગે આગળ વધવાના રાષ્ટ્રીય કૉંગ્રેસ પક્ષના પ્રયાસોનો વિરોધ કરવાના મુદ્દે દેશમાં જમણેરી પરિબળોએ સ્થાપેલા સ્વતંત્ર પક્ષના ઉપપ્રમુખ બન્યા હતા. કૉંગ્રેસ પક્ષે જમીન માલિકીની ટોચમર્યાદા બાંધવાના અને સમાજવાદના અમલીકરણના પ્રયાસો આરંભ્યા ત્યારે આ પગલાં અંગેના વૈચારિક મતભેદોને કારણે તેમણે રાજીનામું આપ્યું હતું.

'પાટણની પ્રભુતા' કનૈયાલાલ મુનશીની પહેલી નવલકથા હતી. જોકે, આ નવલકથા તેમણે છદ્મ નામ, ઘનશ્યામના નામે લખી હતી. 'પાટણની પ્રભુતા'ને આવકાર મળ્યો ત્યાર પછી તેમણે સાચા નામે ગુજરાતી સાહિત્યમાં લખવાનું શરૂ કર્યું. કનૈયાલાલ મુનશીના સમયકાળના સર્જકોમાં વાંચનપ્રીતિ હતી અને એનો વિસ્તાર વિશાળ હતો. સત્યજિત રાયની ફિલ્મ ટ્રિલોજી (ફિલ્મત્રયી - 'પાથેર પાંચાલી', 'અપરાજિતો', 'અપૂર સંસાર') જેમ વિખ્યાત છે એમ ક. મા. મુનશીની નવલકથાત્રયી પણ પ્રસિદ્ધ છે. ગુજરાતના સોલંકી યુગના ઇતિહાસ પર આધારિત આ ત્રયીની પહેલી નવલકથા હતી 'પાટણની પ્રભુતા' જે ૧૯૧૬માં લખાઈ હતી. ત્યાર બાદ બીજા જ વર્ષે એટલે કે ૧૯૧૭માં પહેલી નવલકથાનો તંતુ આગળ વધારી 'પાટણની પ્રભુતા' લખાઈ હતી. બીજી નવલકથાનો વિસ્તાર વધુ હતો અને એના ચાર ભાગ હતા. ત્રયીનો ત્રીજો ભાગ આવતાં વચ્ચે આઠ વર્ષ પસાર થઈ ગયાં અને ૧૯૨૫માં 'રાજાધિરાજ' આવી. આ નવલકથા પણ ચાર ભાગમાં વહેંચાયેલી હતી. મીનળદેવી, મુંજાલ, કાક અને મંજરી જેવાં પાત્રો અમર બની ગયાં.



સર્જક ક. મા. મુનશીની અનેક ઓળખાણ છે જેમાં એક પ્રતિભા સમર્થ નાટ્યકાર તરીકે પણ છે. મુનશીએ સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક એમ ત્રણેય પ્રકારનાં નાટકો લખ્યાં છે. આ નાટકો રંગભૂમિ ક્ષેત્રે સીમાચિહ્નરૂપ છે. ઉત્કૃષ્ટ કૃતિઓ આપી રંગભૂમિ અને સાહિત્યિક નાટકો વચ્ચેનું અંતર ઘટાડ્યું એ એમનું વિશિષ્ટ યોગદાન છે. 'કાકાની શશી' એમનું સુખાન્ત કૉમેડી નાટક છે. 'કાકાની શશી' ગુજરાતી નાટકના વિકાસમાં સીમાસ્તંભ ગણાય છે.

મુનશીની નવલકથા પરથી હિન્દી ફિલ્મો પણ બની છે. મોટા કેનવાસ પર ઐતિહાસિક ફિલ્મો બનાવવા માટે ખ્યાતનામ સોહરાબ મોદીએ મુનશીની નવલકથા પરથી 'પૃથ્વીવલ્લભ' ફિલ્મ બનાવી હતી. આ સિવાય ગુજરાતીમાં 'કોનો વાંક' અને હિન્દીમાં 'ડૉ. મધુરિમા' અને 'જય સોમનાથ' પણ તેમના સર્જન પરથી બનેલી ફિલ્મો હતી. મુનશીનાં જીવન અને કવન પરથી ફિલ્મ્સ ડિવિઝન દ્વારા અંગ્રેજીમાં 'કે. એમ. મુનશી: અ ગ્રેટ હ્યુમન બીઈંગ' નામની ૫૮ મિનિટની ડૉક્યુમેન્ટરી પણ બની હતી. ■

# પ્રવીણ સોલંકી - નાટ્ય સૃષ્ટિના 'પ્રવીણ' સોલંકી




જ્યારે ગુજરાતી રંગભૂમિ અને સાહિત્યની વાત આવે, ત્યારે એક નામ સહજપણે યાદ આવે અને તે છે પ્રવીણ સોલંકી. ૮૪ વર્ષની ઉંમરે પણ ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રસાર માટે અવિરત કાર્યરત, પ્રવીણભાઈનો પરિચય આપવા માટે શબ્દો ઓછા પડે. છેલ્લાં ૬૦ વર્ષથી તેમની અસંખ્ય પ્રવૃત્તિઓ જેવી કે નાટ્ય શિબિરો, વાર્તાપઠન, કાવ્યપઠન, એકોક્તિ પ્રયોગો અને સાહિત્યિક ચર્ચાઓએ ગુજરાતી સાહિત્ય અને કલા જગતને સમૃદ્ધ બનાવ્યું છે.

રંગભૂમિના અજેય સિપાહી પ્રવીણભાઈની રંગભૂમિ પ્રત્યેની પ્રતિબદ્ધતા અજોડ છે. છેલ્લાં ૧૭ વર્ષથી તેઓ ભારતીય વિદ્યાભવન કલ્ચરલ સેન્ટર દ્વારા આયોજિત નાટ્ય સ્પર્ધાનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યા છે. આ સ્પર્ધામાં દર વર્ષે ગુજરાતભરમાંથી ૫૦થી ૬૦ એન્ટ્રીઓ આવે છે અને ૧૦૦૦થી ૧૨૦૦ કલાકારો અને કવિઓ તેમાં ભાગ લઈને પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરે છે. આ એક મહાકાય કાર્ય છે જે ગુજરાતી રંગભૂમિને નવા કલાકારો અને સર્જકો પૂરા પાડે છે. તેમની કારકિર્દી દરમિયાન, પ્રવીણભાઈએ ૨૧૦ ત્રિઅંકી નાટકોનું સર્જન કર્યું છે અને આ બધાં જ નાટકો સફળતાપૂર્વક ભજવાયાં છે, જે ખરેખર એક વિશ્વ વિક્રમ છે. આટલી મોટી સંખ્યામાં નાટકો લખવાં અને તે બધાને સફળ બનાવવામાં તેમની સર્જનાત્મકતા, દૂરંદેશી અને પ્રેક્ષકોની નાડ પારખવાની ક્ષમતા સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

'મુંબઈ સમાચાર' સાથેની ખાસ મુલાકાતમાં જ્યારે તેમને લેખનની શરૂઆત વિશે પૂછવામાં આવ્યું ત્યારે પ્રવીણભાઈ હળવા સ્મિત સાથે તેમના બાળપણની યાદોમાં સરી પડ્યા. ''હું જ્યારે ચોથા ધોરણમાં ભણતો હતો, ત્યારથી જ મેં વાર્તાઓ અને નાટકો લખવાનું શરૂ કર્યું હતું'' તેમણે જણાવ્યું. ''અમે શેરીઓમાં મિત્રો સાથે નાટક-નાટક રમતા અને ત્યાંથી જ આ શોખનો પાયો નખાયો.'' તેઓ વધુમાં ઉમેરે છે કે જૂની રંગભૂમિનાં નાટકો ભાંગવાડી થિયેટરમાં ભજવાતાં, જે તેઓ પોતાના દાદા અને પિતાજી સાથે જોવા જતા હતા. આ જ અનુભવોએ તેમને નાટકો પ્રત્યે વધુ આકર્ષિત કર્યા. પોતાના પ્રથમ કમર્શિયલ નાટક વિશે વાત કરતાં પ્રવીણભાઈ ગૌરવ અનુભવે છે. ''મારું પ્રથમ કમર્શિયલ નાટક 'વહાલે દીધાં વિષ' હતું, જે મેં દસમા ધોરણમાં હતો ત્યારે લખ્યું હતું.'' આ નાટકના ૧૩૦ પ્રયોગો થયા, જેણે તેમને ઘાટકોપરમાં એક લેખક તરીકે નામના અપાવી. આ શરૂઆત જ તેમના ઉજ્જ્વળ ભવિષ્યનો સંકેત હતી.

પ્રવીણભાઈના નામે એક બીજો પણ વિશ્વ વિક્રમ નોંધાયેલો છે. તેમણે સર્જેલું અને શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા માટેનું ગુજ્જુભાઈનું પાત્ર દેશ અને દુનિયામાં લગભગ સવા કરોડ પ્રેક્ષકોનું મનોરંજન કરી ચૂક્યું છે. 'લગે રહો ગુજ્જુભાઈ', 'રંગ રંગીલા ગુજ્જુભાઈ', 'ગુજ્જુભાઈ બન્યા દબંગ', 'માસ્ટર ગુજ્જુભાઈ' જેવાં નાટકોના હજારો પ્રયોગો થયા છે, જેની નોંધ દરેક અખબારે લીધી છે. 'ગુજ્જુભાઈ' માત્ર એક પાત્ર નથી, પરંતુ ગુજરાતીઓનાં દિલમાં વસી ગયેલો એક સ્વભાવ બની ગયો છે. પ્રવીણભાઈની કલમે આ પાત્રને એવું જીવંત કર્યું છે કે આજે પણ તે દર્શકોમાં લોકપ્રિય છે. રંગભૂમિ ઉપરાંત, પ્રવીણભાઈએ સાહિત્ય ક્ષેત્રે પણ અનેક દિશાઓમાં ખેડાણ કર્યું છે. તેમણે વાર્તા, કવિતા, નવલકથા અને નવલિકાનું વિપુલ પ્રમાણમાં સર્જન કર્યું છે અને અનેક પારિતોષિકો પણ પ્રાપ્ત કર્યાં છે. તેમની કલમની તાકાત અને વૈવિધ્યતા તેમના સાહિત્યિક પ્રદાનમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

'મુંબઈ સમાચાર'ની ખાસ મુલાકાતમાં પ્રવીણભાઈએ જણાવ્યું કે, 'મુંબઈ સમાચાર', સમાચારની સાથે સાથે ગુજરાતી ભાષા અને સાહિત્યને લઈને જે પણ વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે તે સર્જકોના ભવિષ્ય માટે અને ભાવિ પેઢી માટે એક મહત્ત્વના દસ્તાવેજો સાબિત થશે.'' આ માટે તેમણે તંત્રીશ્રી નિલેશ દવે અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં. 'મુંબઈ સમાચાર'ના ૨૦૪ વર્ષમાં મંગલ પ્રવેશના અવસર પર '૫૧ ગુજરાતી'ની યાદીમાં પોતાના સમાવેશને લઈને તેમણે ખુશી વ્યક્ત કરી હતી અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં.

પ્રવીણ સોલંકી એક એવું વ્યક્તિત્વ છે જેમણે ગુજરાતી ભાષા, સાહિત્ય અને રંગભૂમિને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે. તેમની કારકિર્દી, સિદ્ધિઓ અને નિરંતર કાર્યરતતા યુવા પેઢી માટે પ્રેરણાદાયક છે. ૮૪ વર્ષની ઉંમરે પણ તેમનો ઉત્સાહ અને ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ અદ્ભુત છે, જે દર્શાવે છે કે સાચી લગન અને સમર્પણ ભાવનાથી કોઈ પણ ઉંમરે સિદ્ધિનાં શિખરો સર કરી શકાય છે. ■

# શાહબુદ્દીન રાઠોડ - હાસ્યની છોળ, ગંભીર ચહેરો

માણસને રડાવવો સહેલું છે, પણ હસાવવો અઘરું છે. હાસ્ય બહુ મહામોલી જણસ છે. એ બધાને હાથવગી નથી હોતી. કોઈને પણ હસાવવો હોય તો ત્રણ રીતે હસાવી શકાય. એક, હાસ્યલેખ લખીને. બે, અભિનયથી અને ત્રણ, બોલચાલથી. આમાંથી જોકે એકેય સરળ નથી. આજકાલ સ્ટેન્ડ-અપ કૉમેડીનો યુગ છે, પણ કૉમેડીમાં ભેળવાતી બીભત્સતાને લીધે સામાન્ય લોકો સુધી હાસ્યની છોળ ઊડતી નથી. આ પ્રકારની કૉમેડી હસાવવાના મૂળભૂત હેતુને ખતમ કરી નાખે છે.

સ્ટેન્ડ-અપ કૉમેડીની વાત નીકળી છે તો સ્વાભાવિક રીતે સીટિંગ કૉમેડીની યાદ આવે..... ને એની સાથે શાહબુદ્દીન રાઠોડનો ગંભીર ચહેરો અને એમની નિર્દોષ-નિર્ભેળ કૉમેડીથી ખડખડાટ હસતા લોકોના ચહેરા દેખાવા લાગે.



શાહબુદ્દીનભાઈને સાંભળ્યા ન હોય એવો એક પણ ગુજરાતી બચ્ચો નહીં હોય. વનેચંદનો વરઘોડો દરેકને યાદ હશે. એમનાં પાત્રો લોકોની સામે દેખાવા લાગે. લોકોએ એમાંથી વીણી વીણીને અલગ અલગ જગ્યાએ એમના જૉક શેર પણ કર્યા હશે. એમની હાસ્ય નિપજાવવાની શૈલી નિરાળી હતી... તેઓ હસાવતાં જઈને જીવનદર્શન કરાવતા. એમાંથી લોકોને કોઈ જીવન ઉપયોગી સંદેશ મળે. એમાંથી એમની વિદ્વત્તા ટપકે. આ તાકાત છે એમની શૈલીમાં.

થાન નામના નાનકડા ગામની શાળામાં પોતે શિક્ષક. તેઓ ૧૯૫૮થી ૧૯૭૧ સુધી શિક્ષક હતા અને ૧૯૭૧થી ૧૯૯૬ સુધી પ્રિન્સિપાલ તરીકે રહ્યા. એમણે હિન્દુત્વનો અભ્યાસ કર્યો છે અને સંસ્કૃત ભાષાના પણ જ્ઞાતા છે. વિશાળ વાંચન ધરાવે. ભાષા પર ગજબનું પ્રભુત્વ. પોતાની આસપાસ હરતા-ફરતા લોકોને બારીકીથી નીરખવાની પોતાની આગવી સ્ટાઈલ. બારીક નિરીક્ષણ વિના હાસ્યકાર હસાવી ન શકે. આ પાત્રો જ એમના હાસ્યનો સ્રોત બને.

થાનની ધૂળમાં તેઓ આળોટ્યા છે. ગામનાં તળાવોમાં તર્યા છે. ભાઈબંધો સાથે રખડ્યા છે. ત્યાં યોજાતા ગણેશોત્સવમાં એમણે લખેલાં નાટકો ભજવાયાં છે. એ નાટકોમાં પાત્રો પણ ભજવ્યાં છે. કાર્યક્રમોનું સંચાલન કર્યું છે. વરસોનો બહોળો અનુભવ જેમના ભાથામાં હોય, પછી જન્મજાત હાસ્યકારને લોકોને હસાવતાં વાર લાગે? આજે એમની હાસ્યયાત્રા ૫૬-૫૭ વરસે પહોંચી છે. લોકો સહકુટુંબ માણી શકે એવું નિર્મળ-વિશુદ્ધ હાસ્યસર્જન એમનો હેતુ અને આગ્રહ રહ્યો છે. એમની આ હાસ્ય સર્જનયાત્રા મંચ પરથી આગળ વધીને આકાશવાણી, દૂરદર્શન, ટીવી ચેનલો અને ટીવી સિરિયલો સુધી વિસ્તરી છે. એમની પાપડપોલ ટીવી સિરિયલને લોકોએ હસી હસીને વધાવી છે.

વિવિધ અખબારોમાં કૉલમો લખનારા શાહબુદ્દીનભાઈએ હાસ્યપુસ્તકોની વણજાર ઊભી કરી છે. હાસ્યનો વરઘોડો, લાખ રૂપિયાની વાત, ચાંદો ઊગ્યો ચોકમાં, મારે ક્યાં લખવું હતું, શૉ મસ્ટ ગો ઓન, દેવું તો મર્દ કરે, અમે મહેફિલ જમાવી છે. અનમોલ આતિથ્ય, મારો ગધેડો ક્યાં છે અને દર્પણ જૂઠ ન બોલે.....આ તમામ પુસ્તકો લોકોએ કંકુચોખાથી વધાવ્યાં છે. ડાયરામાં એમની એન્ટ્રી થાય કે લોકો મોજમાં આવી જાય. મોટા ભાગે એવું પણ બને કે લોકો એમને માટે જ ડાયરામાં જાય.

શાહબુદ્દીનભાઈએ વિશ્વભરમાં પોતાના કાર્યક્રમો દ્વારા લોકોને, ખાસ કરીને ગુજરાતીઓને મનોરંજન પૂરું પાડ્યું છે. વિદેશમાં ગુજરાતીઓ શૉ બાદ એમની સાથે ફોટા પડાવવા એમની રાહ જોઈને ઊભા રહેતા. એમની લોકપ્રિયતા સીમાડાની પાર પહોંચી હતી.

ભારત સરકારે એમને સાહિત્ય અને શિક્ષણક્ષેત્રે યોગદાન આપવા બદલ ૨૦૨૦માં પદ્મશ્રી અવૉર્ડ એનાયત કર્યો હતો.

શાહબુદ્દીનભાઈ માટે હાસ્ય અને રમૂજ સહજ હતાં. પોતે જરા પણ હસે નહીં, પણ લોકો ઊછળી ઊછળીને હસે... બેવડ વળી જાય ત્યાં સુધી હસે. કોઈએ એમને પૂછવું જોઈએ કે તમે જોક કહેતી વખતે કેમ હસી નથી પડતા..... જોકે એના જવાબ પણ જડબાંફાડ હસાવી દે તો નવાઈ નહીં. શાહબુદ્દીનભાઈની હાસ્યશૈલી, એમની રજૂઆત, ઝીણું ઝીણું કાંતીને પ્રસંગને રમૂજી બનાવવાની એમની કાબેલિયતથી અંજાઈને, પ્રેરાઈને ઘણા નવોદિતોએ લોકોને હસાવવાની શરૂઆત કરી. આમ, એમણે આ ક્ષેત્રે નવી પેઢી તૈયાર કરવામાં પણ યોગદાન આપ્યું છે. એક શિક્ષક તરીકે એમણે સમાજને તેજસ્વી વિદ્યાર્થીઓ આપ્યા, તો બીજી તરફ રમૂજ અને હાસ્યસર્જન દ્વારા વિશિષ્ટ સાહિત્ય સર્જ્યું.

હાસ્યના બાદશાહને સલામ. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**




ટ્રાન્સમીડિયા ના ચેરમેન શ્રી જસ્મીનભાઈ શાહ તરફથી
"મુંબઈ સમાચાર" દૈનિક અખબાર
૨૦૪ મા વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા.

On the sacred lands of Girnar,
In Sanidhya of Rashtrasant Param Gurudev
Shree Namramuni Maharaj Saheb

Watch LIVE On
॥सोहम॥

GURUPURNIMA UTSAV

5th July 2025, Saturday 07:30 pm
6th July 2025, Sunday 08:30 am

રાષ્ટ્રીય સંત, યુગ દિવાકર, પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
ના આશિર્વાદથી સોહમ્ ચેનલ ૧૫ માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે.
TRANSMEDIA

॥सोहम॥ જીવનસાથી
પહેલીજવાર સોહમ્ ચેનલ પર જુઓ લગ્ન કરવા ઇચ્છુક યુવક / યુવતીઓનો પરિચય

આપને આપના જીવનસાથી ઘરે બેઠા જ ઈલેક્ટ્રોનીક માધ્યમથી અમારી ચેનલ 'સોહમ' દ્વારા મેળવવાની અમૂલ્ય તક.

સ્થાનિક દર્શકો માટે રોજ સવારે ૧૦ થી ૧૧, સાંજે ૫ થી ૬ અને રાત્રે ૯ થી ૧૦ કલાકે દેખાડવામાં આવે છે.
પરદેશનાં દર્શકો માટે વહેલી સવારે ૪.૩૦ થી ૫.૩૦ (IST) કલાક દરમ્યાન દેખાડવામાં આવે છે.

જીવનસાથીનાં કાર્યક્રમમાં ગુજરાતી અને અન્ય હિન્દુ જ્ઞાતિજનોનાં યુવક-યુવતીઓનો પરિચય આવકાર્ય છે.

અમારા જીવનસાથીનાં અભિયાનમાં જોડાવવા માટે સંપર્ક કરો-
સોમવાર થી શુક્રવાર સમય સવારે ૧૧ થી સાંજના ૬ કલાક સુધી અને શનિવારે સમય સવારે ૧૧ થી બપોરે ૪ કલાક સુધી
નયનાબેન પારેખ - 9820308978 / બિપીનભાઈ પારેખ - 9833284580
: jeevansaathi@transmediaindia.com | YouTube : Soham Channel
301, Bhagwati Building, 3rd Floor, 8th N S Road, JVPD, Juhu, Mumbai-400049.
KHOOSHI CREATIONS - 9869000624

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ

૨૦૧, માથારૂ આર્કેડ, એક્સિસ બેન્કની ઉપર, ગરવારે પોલિસ્ટરની પાસે, સુભાષ રોડ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૫૭.
Mobile No. : 81042 05202 | Email : jjccentralboard1@gmail.com

## જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત ૧૪મી કોન્ફરન્સ

જેજેસી – જૈન જાગૃતિ સેન્ટરની સ્થાપના ૧૯૭૫માં થઈ હતી. સન ૧૯૮૮ સુધીમાં કુલ્લે ૧૬ સેન્ટરોની સ્થાપના થઈ હતી, ત્યારબાદ ૧૦ વર્ષમાં લગભગ ૧૦૦ નવા સેન્ટરોની સ્થાપના થઈ. જુલાઈ – ૨૦૨૫ સુધીમાં કુલ્લે ૧૮૧ સેન્ટરની સ્થાપના પૂર્ણ થઈ છે.

૫૦ વર્ષમાં જૈન જાગૃતિ સેન્ટરે હરણફાળ ભરી છે. ખાણી–પીણી માટેની સંસ્થા આજે સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે રાષ્ટ્રીય કાર્યો, જીવદયા–પાંજરાપોળ, સમુહ લગ્નો, યુવામેળા, મેડિકલ કેમ્પ, ધાર્મિક આયોજનો, ભુકંપ રાહત, રેલ રાહત, વગેરે કાર્યોમાં ખુબ જ પ્રગતિ કરી છે. કરોડો રૂપિયાના અનુદાન અને કાર્યો કરવામાં આવ્યાં છે.

હાયર એજયુકેશન આસિસ્ટન્સમાં ૧૩૫૦૦ વિદ્યાર્થિઓને રૂા. ૧૩૫ કરોડની સહાય આપવામાં આવી છે.

જૈન જાગૃતિ સેન્ટરના કાર્યો એવા છે કે, સભ્યોને ગર્વ થાય છે કે અમો જૈન જાગૃતિ સેન્ટરના સભ્યો છીએ. જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત ૧૪મી કોન્ફરન્સ નોઈડા સ્થિત હોટેલમાં તા. ૫મી અને ૬ઠી જુલાઈએ આયોજિત કરવામાં આવી છે. જૈન જાગૃતિ સેન્ટરના વિવિધ સેન્ટરોના ૫૪૯ ડેલિગેટસ હાજર રહેવાના છે. આ કોન્ફરન્સમાં વિવિધ વિષયો/પ્રોજેકટસ ઉપર વિચાર–વિનીમય થશે અને સેન્ટરોના કાર્યવાહક સભ્યોનું બે દિવસનું મનોમંથન–વિચારોની આપ–લે જૈન જાગૃતિ સેન્ટરને નવી ઊંચાઈએ લઈ જશે,

કોન્ફરન્સમાં આવનાર ડેલિગેટસ અત્યારથી તા. ૫ અને ૬ જુલાઈની ઉત્કંઠાથી રાહ જોઈ રહ્યાં છે.

: સૌજન્ય :

માતુશ્રી મંજુલાબેન જેઠાલાલ મોરબિયા પરિવાર

RAJSHREE™ BUILDERS
Building A Future Into Every Home

The Future
of living and work,
unveiling soon...

50 YEARS OF LEGACY SINCE 1975

NEW RESIDENTIAL ICON WITH
LARGE DECKS AND
UNINTERRUPTED VIEWS
AT DERASAR LANE, GHATKOPAR EAST

LUXURY WORKSPACE
AT
A+ LOCATION
GHATKOPAR EAST





DISCLAIMER: This is not an offer, invitation to offer, and/or commitment of any nature and the content hereof is not and should not be constructed as an offer/invitation to offer/contract or any intention thereof and/or any disclosure under any statute of any nature whatsoever. All plans, designs, Images, renders, specification, dimensions, facilities and other details herein are artistic impressions and stock images and purely for illustrative and representational purpose and indicative in nature and the intended recipient should note that these are to be treated as purely provisional and informative and as such only tentative subject to approval from respective authorities. No warranty is expressly or impliedly given that the completed development will comply in any degree with such artist's impression as depicted. The photographs contained herein are stock/standard photography and may have been taken at location other that the project site and are used to indicate a conceptual lifestyles. The actual images/views have been enhanced/touched up/airbrushed for visual, illustrative and creative purposes. All specifications of the flat/project shall be as per the final agreement between the parties. Recipients are advised to use their discretion in relying on the information/amenities described/described/shown herein. The visitor/recipient is aware that the furniture, fittings and fixtures displayed in the sample/show flat/ show residence at the sales pavilion /brochures are only for the purpose of showcasing the flats and we shall not be liable, required and/or obliged to provide any further, fittings as displayed in the sample/show flat/show residence at the sales pavilion/brochures. The color shades of wall, tiles etc., are for representational purpose and will vary in planning and designing and upon actual construction. The render for internal spaces is only to serve as an example of the suggested space management and possible utilization of space. Any party desirous/interested in the project need to enter into formal legal agreement for sale and the development/transaction shall be governed by the terms and conditions of the said agreement for sale. *Government taxes/ duties/ levies as applicable. *Terms and Conditions apply.

9920 402 402


11 NIGHTS / 12 DAYS
ARCTIC
SCAN HERE ARCTIC TOUR
SCAN HERE FOR GLASS IGLOO
SCAN ME
DOG SLEDGE
SANTACLAUS VILLAGE
ICE HOTEL KIRUNA
HELSINKI, ROVANIEMI, ORIGINAL GLASS IGLOO, KIRUNA, TROMSO, OSLO
• સંપૂર્ણ ટૂર દરમ્યાન મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (VEG. & JAIN).
• વર્લ્ડ ક્લાસ એરલાઈન્સ દ્વારા પ્રવાસ.
• ૨ ઇન્ટરનલ ફ્લાઈટ્સ ટુર કોસ્ટમાં સામેલ.
• NORWAY ના TROMSO માં ૨ રાત્રીનું મુકામ સાથે માણો પ્રખ્યાત NORTHERN LIGHTS નો અદભુત નઝારો.
• ઓરિજિનલ GLASS IGLOO માં ૨ રાત્રિનો ઉતારો, IGLOO સ્ટે, BUILT SHOWER, WASHROOM, SAUNA સાથે.
• KIRUNA માં ICE હોટેલ ની મુલાકાત.
• ICE BREAKER CRUISE સાથે થીજેલા સમુદ્ર પર FLOATING ની મજા.
• REINDEER RIDE માં ARCTIC CIRCLE CROSS કરવાની મજા માણો.
• TALLIN - BALTIC CITY ની GUIDED WALKING ટુર.
• ૨ રાત્રી ROVANIEMI માં ઉતારો (SANTA CLAUS HOMETOWN).
INDIA ની એકમાત્ર કંપની જે 2018 થી, 100% SUCCESS સાથે કરી રહ્યા છીએ ARCTIC ની આનંદમય ટુરો,
જે હવે બીજા COPY કરી રહ્યા છે.
DEPARTURE DATES FOR 2025 : DEC : 20, 21, 24 | JAN : 24 ( FULL) | FEB : 08, 20 | MAR : 01, 11
CONTACT US
NAYAN SONI +91 97570 25247
DHIREN RUPARELIA +91 99305 49258
SOHIL SHAH +91 98701 53149
ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.
CONTACT : +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com
URVI
LUXURY DESTINATION PVT. LTD.
Where U & V meet to create memories.

MUMBAI SAMACHAR
REGD.No. MCS/058/2024-26
મુંબઈ સમાચાર
પરંપરા પરિવર્તન ૨૦૪ વર્ષ પ્રગતિ
મંગળવાર, ૧લી જુલાઈ ૨૦૨૫ વિશેષ પૂર્તિ Section Two

# ધીરુબેન પટેલ - ઋજુ હૃદય, તેજાબી કલમ



રણજિતરામ સુવર્ણચંદ્રક સહિતનાં અઢળક માન-અકરામો અને પારિતોષિકો મેળવનારાં ધીરુબેન પટેલની ઓળખની ગુજરાતીઓને જરૂર નથી. ધીરુબેને મબલક લખ્યું છે. એમની કૃતિઓએ ગુજરાતી ભાષા અને સાહિત્યને નવી દિશા આપી છે. એમની આભા અને પ્રેરણાને પ્રતાપે નવોદિત લેખકો અને લેખિકાઓ લખતાં થયાં છે.

આમ તો એમની દરેક કૃતિ વાંચનક્ષમ છે, વાચકોની પ્રશંસા પામેલી નવલકથાઓમાં 'વડવાનલ', 'શીમળનાં ફૂલ' અને 'વાવંટોળ' છે. 'વાવંટોળ' એક મહત્ત્વાકાંક્ષી અને પ્રભાવશાળી કૃતિ છે. 'શીમળનાં ફૂલ'માં એમણે સ્ત્રી-પુરુષના સંબંધો અને સ્ત્રીની સંવેદનશીલતાને કંડારી છે. એમણે મનોવૈજ્ઞાનિક ઢબે માનવમનની સંકુલતાને તાગી છે. એમની લઘુનવલો પણ એટલી જ ઉત્કૃષ્ટ. 'વાંસનો અંકુર'માં એમની સર્જનશક્તિનો ઉન્મેષ સ્પષ્ટ તરી આવે છે. દાદાજીના લાડીલાના કેશવ નામના પાત્રમાં સંવેદનશીલતા નિરૂપાઈ છે. 'વાંસનો અંકુર'ની જેમ ફૂટી નીકળતી વિદ્રોહવૃત્તિનું લાઘવયુક્ત શૈલીએ થયેલું નિરૂપણ ધ્યાનાકર્ષક છે. ધીરુબેને હાસ્યસર્જન પણ કર્યું છે. પરદુ:ખભંજન પેસ્તનજી અને ગગનનાં લગન એમની જાણીતી વાર્તાઓ છે. પેસ્તનજીનાં ઉરાંગઉટાંગ પરાક્રમોની ગાથા છે, તો ગગનનાં લગનમાં ગગનનું પાત્ર સામાન્ય છે, પણ વિશિષ્ઠ શૈલીએ હાસ્ય નિપજાવવામાં ધીરુબેને કમાલ કરી છે.

'પંખીનો માળો' અને 'વિનાશને પંથે' નાટકો અને 'મનનો માનેલો રેડિયો' નાટક એમની નાટ્ય સર્જનશક્તિનો પરિચય કરાવે છે. ધીરુબેનનો બાળપ્રેમ દર્શાવતી કૃતિઓમાં બાળનાટક 'અંડેરી ગંડેરી' તથા બાળવાર્તા 'બતકનું બચ્ચું' બાળકોમાં ખૂબ લોકપ્રિય બન્યાં હતાં. કેતન મહેતા દિગ્દર્શિત 'ભવની ભવાઈ' ફિલ્મની મૂળ વાર્તા 'વણકહી વાત' ધીરુબેનની હતી. એ નાનકડી વાર્તા એટલી દમદાર હતી કે કેતન મહેતા પોતાના આગવા વિઝનથી એને મોટા પરદે લઈ ગયા હતા.

'મુંબઈ સમાચાર' માટે લખેલા એક લેખમાં ધીરુબેનની તેજાબી કલમ અને જલદ વિચારો જોવા મળે છે. એમણે પોતાની વ્યથા વ્યક્ત કરતાં લખ્યું હતું કે 'સંગીતક્ષેત્રે રિમિક્સની બોલબાલા છે તો સાહિત્યજગતમાં કેમ નહીં. એ માટે જોઈએ ફક્ત સાહસવૃત્તિ. તમે જે કાંઈ પણ લખો એને વાહ વાહથી વધાવી લેનારા ચાર, ચૌદ કે ચોવીસ કાંધિયા જોઈએ. બસ, સવારી ઊપડી. આડુંઅવળું જોવાની, જરીકે થોભવાની કે પાછળ ઊડતી ધૂળના ગોટા ગણવાની કશી જરૂર, આત્મનિરીક્ષણ કે એવી તેવી નમાલી પંચાતમાં પડો નહીં. બસ, આગે બઢો. દુનિયા તમારો જયજયકાર કરશે.'

'પ્રેરણા, પ્રતિભા અને પ્રચંડ પુરુષાર્થથી જે સાહિત્યકૃતિ જન્મી તેનું પુનર્લેખન કરતાં વાર કેટલી. થોડી કાપકૂપ, ભાષાનાં વાઘાં બદલો, કોઈ દયાળુ પ્રકાશક શોધી કાઢો. બસ બેડો પાર, હવેથી એ કૃતિ તમારી. એના પર સમગ્ર અધિકાર તમારા. મૂળ લેખક કયા ખૂણામાં બેઠો બેઠો ઝોકાં ખાય છે, એ જોવાનું તમારું કામ નથી. પુનર્લેખન કેવો જાદુઈ શબ્દ છે. આહા... જેને એ કળા આવડી તેને વિક્રય અને વિતરણ આપોઆપ આવડે જ. અરે ભાઈ, પેલા દળદરી મૂળ લેખકને પનારે પડી રહી હોત તો એ કૃતિ સફળતાના આવા ઊંચા આભને સ્પર્શી શકી હોત? તમે તો પરાક્રમ કર્યું છે. પરોપકાર કર્યો છે. મૂળ લેખકનું નામ ખોવાઈ જાય એમાં કશો વાંધો નહીં. સાહિત્યકારને વળી કીર્તિનો મોહ હોતો હશે? એનું મન ધનમાં નહીં, લેખનમાં જ અટવાયેલું રહેવું જોઈએ. વેરાગીની કંથામાંથી તમે એકાદ ચીંદરડી ખેંચી લીધી એમાં કશો દોષ નથી. આટલું તમારી જાતને અને તમને સમજાવી દો એટલે બસ, મામલો પતી ગયો બસ. મગદૂર છે કોઈની કે તમારી સામે કોઈ આંગળી ચીંધે. આ કામ તમે ધારો છો એટલું મુશ્કેલ નથી. કારણ કે પ્રકાશકો તમારા જેવા ઉદ્યમી અને અંતરમનની ખટપટ વિનાના લહિયા સૉરી, લેખકોની શોધમાં જ હોય છે. એમને એમનો વેપાર ચાલુ રાખવાનો હોય છે, એટલે માલની અછત પાછી પરવડે નહીં. તેથી કેટલીક વાર તેઓ પોતે જ અંગુલિનિર્દેશ કરતા હોય છે કે કઇ નધણિયાતી જમીનમાં ખોદકામ કરવાથી કીમતી ધાતુ મળી આવશે. પ્રકાશકો જાણતા જ હોય છે કે લેખકોને એમના વિના ચાલવાનું નથી. તેથી એમની શરતો મોટે ભાગે મંજૂર થઈ જતી હોય છે.''

એમણે મુંબઈ ખાતે પ્રાધ્યાપક તરીકે સેવા આપતાં આપતાં પણ ઘણું ઉત્તમ સાહિત્યસર્જન કર્યું છે. ગુજરાત સાહિત્ય અકાદામી તરફથી મુનશી અવૉર્ડ, ત્યાર બાદ સાહિત્ય ગૌરવ પુરસ્કાર મળ્યો હતો. એમને આગંતુક નવલકથા માટે પણ પુરસ્કાર એનાયત કરવા આવ્યો હતો. ગુજરાતી સાહિત્યમાં ધીરુબેન પટેલનું નામ આદરપૂર્ક લેવામાં આવે છે. ■

# હરકિસન મહેતા - અજોડ નવલકથાકાર



એક સમારોહમાં એક શ્રેષ્ઠીએ એમની ઓળખાણ ગુજરાતના કોઈ મોટા મંત્રીશ્રી સાથે કરાવતાં કહ્યું: 'આ છે અમારા હરકિસનદાસ મહેતા'

પેલા શ્રેષ્ઠીની વાત વચ્ચેથી જ કાપી નાખતાં હરકિસનભાઈએ કહ્યું: 'હું કોઈનો 'દાસ' નથી. મારું નામ છે હરકિસન મહેતા!'

આવી ખુમારી અને ખુદ્દારી આંગળીનાં વેઢાં વધી પડે એટલા જ તંત્રી-લેખક આપણા ગુજરાતી સાહિત્ય-પત્રકારત્વમાં છે. 'ચિત્રલેખા'ના પથદર્શક તંત્રી હરકિસનભાઈ એમાંથી એક હતા.

અંગત વર્તુળ (અને ખાનગી સ્ટાફ સુદ્ધાંમાં)માં 'હ.ભાઈ'ના હુલામણા નામથી ઓળખાતા હરકિસનભાઈ એક કુશાગ્ર તંત્રી હતા કે પછી એ નવલકથાકાર તરીકે વધુ કુશળ હતા એનો ભેદ પાડવો-પારખવો આજે પણ એટલો જ કઠિન છે.

રોજિંદા પત્રકારત્વ વચ્ચે એક વાર્તાકાર તરીકે વિકસેલી એમની ખૂબીઓ અનન્ય હતી. પૂર્વજન્મના કોઈ લોકકથાકારના સંસ્કાર એ આ જન્મમાં પણ સાથે લાવ્યા હોય એમ એમની સૌ પ્રથમ ધારાવાહિક નવલકથા 'જગ્ગા ડાકુનાં વેરનાં વળામણાં'એ ગુજરાતી વાચકોને ગજબનું ઘેલું લગાડ્યું. જેલ ભોગવી ચૂકેલા પંજાબના એક ખૂનખાર ડાકુ જગત સિંહ - જગ્ગાની કથા સાથે હ.ભાઈએ એક નવા જ અંદાજની સત્યઘટનાત્મક ધારાવાહિક ક્ષેત્રે પ્રવેશ કર્યો. એ પછી 'અમીર અલી ઠગના પીળા રુમાલની ગાંઠ' - 'તરસ્યો સંગમ', 'જોગ સંજોગ', 'સંસારી સાધુ', 'માણસ નામે ગુનેગાર', 'સંભવ અસંભવ', 'શેષ-વિશેષ', 'ભેદ-ભરમ' ઇત્યાદિ એમની યશસ્વી ધારાવાહિક પુરવાર થઈ.

અઢીથી વધુ દાયકા સુધી એકધારા આધેડથી લઈને યુવા પેઢીને એકસરખા પોતાની નોવેલ દ્વારા મંત્રમુગ્ધ કરનારા હ.ભાઈના લેખન-ઉત્તરાર્ધમાં આલેખાયેલી 'વંશ-વારસ', 'જડ-ચેતન', 'મુક્તિ-બંધન', 'લય-પ્રલય' પણ રાબેતા મુજબ સુપર હીટ જ નીવડી.

'જન્મભૂમિ' તંત્રી કવિ સ્વ. હરીન્દ્ર દવેના શબ્દોમાં કહીએ તો 'આધુનિક ગુજરાતી નવલકથા ક્ષેત્રે હરકિસન મહેતા માત્ર એક નામ નથી - ખુદ એક ઘટના છે.'

અફલાતૂન કથાનક, કથાની આગવી માવજત - પ્લોટિંગ, પણ સરળ છતાં સચોટ સંવાદ અને દરેક પ્રકરણ પછી ક્રમશ: વખતે કથામાં આવતો વિસ્મયજનક વળાંક વાચકોને અઠવાડિયા સુધી 'હવે શું થશે?' એવી અધિરાઈ જગાડતો.

હ.ભાઈની લાક્ષણિક શૈલી વાચકોને એકસરખા જકડી રાખતી.

હ.ભાઈની બે નોવેલ: 'પ્રવાહ પલટાયો' અને 'જોગ-સંજોગ' પરથી અનેક અવૉર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મો બની, જેના પટકથા-સંવાદના અવૉર્ડ હ.ભાઈને એનાયત થયા. આ જ રીતે, હ.ભાઈની અન્ય નવલકથા 'ભેદ-ભરમ' (જીવન-મૃત્યુ), 'વંશ-વારસ' (વકત કી રફતાર) અને 'જડ ચેતન' (ખામોશી) અને 'સંભવ અસંભવ' પરથી કુલ ચાર ટીવી સિરિયલ અને બે ત્રિઅંકી નાટકો બન્યાં છે અને એ બધાને અદ્ભુત લોકચાહના મળી.

કાશ્મીર આતંકવાદ અને અણુબૉમ્બની દાણચોરીની કથાવસ્તુ સાથે આલેખાયેલી 'લય-પ્રલય' ધારાવાહિક વખતે વિશ્વવિખ્યાત વીકલી 'ટાઈમ'માં એની સવિસ્તર નોંધ લેવામાં આવી હતી. આ રીતે 'ટાઈમ' મેગેઝિનમાં સ્થાન પામનારા હ.ભાઈ પ્રથમ ભારતીય અને એકમાત્ર ગુજરાતી સર્જક છે. આજ રીતે સ્ટોકહોમ સ્વિડનમાં યોજાયેલી 'વર્લ્ડ ક્રાઈમ રાઈટર્સ કૉન્ફરન્સમાં ભારતના એકમાત્ર પ્રતિનિધિ તરીકે હાજર રહેવાનું બહુમાન પણ હ.ભાઈને મળ્યું હતું.

હરકિસનભાઈની ઘણી ખરી નવલકથાઓ મલયાલમ, કન્નડ, તમિળ, તેલુગુ, હિન્દી, મરાઠી ભાષામાં પ્રકાશિત થઈ છે અને 'જગ્ગા ડાકુ' અને 'પીળા રુમાલની ગાંઠ' પાકિસ્તાનમાં ઉર્દૂ ગુજરાતીમાં પણ પ્રગટ થઈ છે.)

આ તો થઈ હરકિસન મહેતાની એક અતિલોકપ્રિય નવલકથાકાર તરીકેની ઓળખ, પણ ગુજરાતી પત્રકારત્વના એક બળૂકા સમર્થ તંત્રી તરીકે એમણે મેળવેલી નામના અનન્ય જ છે.

એક પ્રિન્ટિંગ પ્રેસના મૅનેજર તરીકે નોકરી કરતા હ.ભાઈ 'ચિત્રલેખા'ના સંસ્થાપક વજુભાઈ કોટકના પરિચયમાં આવ્યા અને વજુભાઈના અકાળ અવસાન પછી સહ-સંસ્થાપક મધુરીબહેન કોટકની સાથે 'ચિત્રલેખા'ને 'જીવંત' રાખવાના પ્રયાસમાં હ.ભાઈ હૈયાસૂઝથી પત્રકાર તરીકે ઘડાતા ગયા અને એમની પ્રથમ ધારાવાહિક 'જગ્ગા ડાકુ...' દ્વારા 'ચિત્રલેખા'ને ખરા અર્થમાં જીવતદાન મળ્યું. પછી તો સમકાલીન ચર્ચાતા વિષયો, માહિતીપ્રદ સતસવીર લેખો અને તારક મહેતાની 'ઊંધા ચશ્માં' હાસ્યલેખમાળા અને છોગામાં હ.ભાઈની એક પછી એક પ્રગટ થતી એકથી એક ચઢિયાતી ધારાવાહિકે 'ચિત્રલેખા'ને સદા અગ્રેસર સાપ્તાહિક સ્થાને પહોંચાડી દીધું. એમ કહી શકાય કે એ સાપ્તાહિકનો 'પ્રવાહ પલટાયો' (એમની જ એક ધારાવાહિકનું શીર્ષક!) એમાં તંત્રી તરીકે હ.ભાઈની સતર્કતા, સજ્જતા, કોઠાસૂઝ અવાક્ કરી મૂકે તેવી હતી.

હ.ભાઈએ આપણી ભાષાના અનેક નવોદિતોને સફળ પત્રકાર બનાવ્યા. પત્રકારત્વની કોઈ પણ કામગીરીમાં 'ચાલશે'ની વૃત્તિ સામે એમને સખ્ત નફરત. એ કહેતા: 'આવી 'ચાલશે'નું વલણ તમે રાખશો તો તમારું સામયિક-દૈનિક ક્યારેય નહીં ચાલે!'

કોઈ પણ લેખ, અહેવાલ, ઈન્ટરવ્યૂઝ સતસવીર કઈ રીતે તૈયાર કરવા એ વિશે હ.ભાઈ પાસે આગોતરી ગણતરી રહેતી (રોડ મેપ!). પોતાને લેખ-હેવાલમાં શું જોઈએ છે એની સૂચના એ ચોક્કસ શબ્દોમાં આપતા ને પત્રકારો પાસે ધાર્યું કામ લેતા... એ હંમેશા ઘટનાસ્થળે જ પહોંચીને 'આંખ્યે દેખ્યો અહેવાલ' (કે બેહાલ!)નો આગ્રહ રાખતા, એ સમયમાં ગુજરાતી તો ઠીક, અંગ્રેજી ભાષાનાં મેગેઝિનો પણ આવી કામગીરી ભાગ્યે જ બજાવતાં! એમને રુબરુ કામ કરતાં નજર સામે જુઓ - એમણે મઠારેલા લેખ જુઓ ત્યારે જ સમજાય કે ચુસ્ત સંપાદન કોને કહેવાય! ટૂંકમાં, એમની સમીપ રહેવું એટલે જાણે 'હાલતી-ચાલતી જર્નાલિઝમની યુનિવર્સિટી'! ■




DOSTI EASTERN BAY
WADALA
2, 3 & 4 BED RESIDENCES
Site Address: Dosti Eastern Bay, Adjacent to MCGM office, Uphill Link Road, Wadala, Mumbai - 400 037.
This project is funded by HDFC Bank Ltd.

DOSTI MEZZO 22
SION
2 & 3 BED RESIDENCES
Site Address: Dosti Mezzo 22, Adjacent to Dosti Elite, Near Telephone Exchange, Sion East, Mumbai - 400 022.
This project is funded by Aditya Birla Finance Limited.

T&C Apply.
ANOTHER IDEA
PROJECTS DESIGNED BY WORLD RENOWNED ARCHITECT HAFEEZ CONTRACTOR - PADMA BHUSHAN AWARD WINNER
86577 03373

# ધ્રુવ ભટ્ટ - સાહિત્ય જગતના ભ્રમણવીર

ભાવનગર સમૃદ્ધ કલા વારસો ધરાવતું શહેર છે. નાટ્યકળા, સંગીત અને સાહિત્યમાં આ શહેરનું યોગદાન અનન્ય રહ્યું છે. સંગીત ક્ષેત્રે ઘણા નામી સંગીતકારો તથા ચિત્રકલાક્ષેત્રે ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળ ઉપરાંત અનેક ચિત્રકારો આપ્યા છે. સાહિત્યક્ષેત્રે કવિ, વિવેચક, સાહિત્યકારો અને હાસ્યલેખકોની દેણગી પણ ભાવનગરની જ છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રમાં પ્રૉફેસર રવિશંકર જોષીનો ફાળો ગણનાપાત્ર રહ્યો છે. ભાવનગરની ભાષા શિષ્ટ અને પ્રમાણભૂત છે એવું પ્રમાણપત્ર નર્મદાશંકર, બ. ક. ઠાકોર તેમ જ ઉમાશંકર જોશીએ આપ્યું હતું. આવી કલાસમૃદ્ધ માટી ધરાવતા ભાવનગર જિલ્લામાં ધ્રુવ ભટ્ટનો જન્મ થયો હોવાથી સાહિત્ય વારસો તેમને ગળથૂથીમાં જ મળ્યો એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.



ભારતને આઝાદી મળી એના ત્રણ મહિના પહેલાં ૮ મે, ૧૯૪૭ના દિવસે ધ્રુવ ભટ્ટનો જન્મ ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકાના નિંગાળા ગામમાં થયો હતો. પિતા પ્રબોધરાય કવિ હોવાથી ઘરમાં સાહિત્ય પ્રેરક વાતાવરણ હતું. સ્વતંત્ર ભારતમાં ઉછેર થવાને કારણે એક અલગ જ મિજાજ તૈયાર થવો સ્વાભાવિક હતું. પિતાની સરકારી નોકરી હોવાથી સતત બદલી થયા કરતી હતી. પરિણામે તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ એક ઠેકાણે ન થયું. બલકે ભાવનગર, અમરેલી, જૂનાગઢ જિલ્લાઓનાં અલગ અલગ ગામડાઓમાં ધ્રુવભાઈ ભણ્યા. અગિયારમા ધોરણના ભણતર દરમિયાન જુદાં જુદાં ૧૧ ગામમાં રહેવાનું થયું.

જાણીને નવાઈ લાગશે કે આટલા ઊંચા દરજ્જાના અને વિવિધ સન્માન મેળવનાર ધ્રુવ ભટ્ટ પાસે વિધિસરની શૈક્ષિણક ડિગ્રી પણ નથી. એસ.વાય.બી.કૉમ.ના વર્ષમાં શિક્ષણનો અંત આવી ગયો.

કૉમર્સના બીજા વર્ષની પરીક્ષા આપી રહ્યા હતા ત્યારે સુપરવાઈઝર બહેને ટોણો માર્યો કે 'પરીક્ષા આપવા બેઠા છો, પણ જવાબો તો આવડે છે ને! નહીં તો પાસ કેવી રીતે થશો?' આ કટાક્ષનું કારણ એ હતું કે  કૉલેજમાં તેમની છાપ રખડુ વિદ્યાર્થીની હતી. વિદ્યાર્થી ધ્રુવથી આ ટોણો સહન ન થયો અને તેમણે ઉત્તરવહીનો ડૂચો કર્યો અને સુપરવાઈઝર બહેનના હાથમાં આપીને કહ્યું, લો, આ ઉત્તરવહી. બસ, વિધિસરના શિક્ષણ પર પડદો પડી ગયો.

પિતાશ્રીની નોકરીમાં સતત થતી રહેલી બદલીને કારણે ફરતા રહેવું પડતું હતું. આ હરવાફરવાની મૂળભૂત જરૂરિયાતના કારણે તેમનામાં નિરુદ્દેશે રખડવાનો શોખ વિકસ્યો હશે એવી ધારણા અસ્થાને નથી. આ વૃત્તિ કેળવાઈ હોવાને કારણે લોકો વચ્ચે રહી એમનો અભ્યાસ કરવો અને ખાસ તો વિદ્યાર્થીઓને મળવું, અજાણ્યા પરિવારો સાથે ઘરોબો કેળવી તેમની સાથે રહેવું એ એમની જીવનચર્યાનો મહત્ત્વનો હિસ્સો બની ગયું. બાળપણમાં જ સંસ્કારના ઘડતરનું મહત્ત્વ સમજતા ધ્રુવ ભટ્ટને બાળકોને નદીકાંઠે, દરિયાકાંઠે તેમ જ જંગલમાં ફરવા લઈ જવા પ્રત્યે વિશેષ રુચિ હતી. બાળકોને વાર્તા પણ કહેતા હતા. આવી પ્રવૃત્તિ બાળકના સર્વાંગી વિકાસમાં નિમિત્ત બને છે એવું તેમનું માનવું હતું. તેઓ બાળકોને વાર્તાઓ કહેતા.

લેખન માટે રુચિ કેળવાયા પછી પહેલી કિશોર કથા લખી 'ખોવાયેલું નગર'. દ્રૌપદીના પાત્રને કેન્દ્રમાં રાખીને તેમણે 'અગ્નિકન્યા' (૧૯૮૮) નવલકથા લખી. 'સમુદ્રાન્તિકે' (૧૯૯૩)થી તેઓ પ્રતિષ્ઠિત થયા. 'સમુદ્રાન્તિકે'ને દરિયાકાંઠાની ભ્રમણકથા તરીકે ઓળખાવી શકાય. 'સમુદ્રાન્તિકે'ને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ગ્રામીણ નવલકથા માટે તથા ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રવાસ/નિબંધ માટે પારિતોષિક પ્રાપ્ત થયાં હતાં. 'સમુદ્રાન્તિકે'નાં બીજ કેવી રીતે રોપાયાં એની વાત ભૂતકાળમાં વાંચી હતી જે સ્મૃતિપટ પર અંકાઈ ગઈ છે. એકવાર બે વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી થઈ. ધ્રુવભાઈએ તેમને ટપાર્યા અને ક્રોધ કાબૂમાં રાખવા જણાવ્યું. એટલે એક વિદ્યાર્થીએ પૂછ્યું કે તો શું કરીએ? જવાબ સાંભળી ચોંકી ગયેલા ધ્રુવભાઈએ યુવાનો માટે પ્રવૃત્તિઓ શરૂ કરી જેમાં  પ્રકૃતિની શિબિરો પણ હતી. આવી જ એક દરિયાઈ શિબિરમાં થયેલો એક અનુભવ જાણવા જેવો છે. એક માજીને અમાવાસ્યાનું દરિયામાં સ્નાન કરવું હતું. માજી મોટી ઉંમરનાં હોવાથી ધ્રુવભાઈ તેમના માટે દરિયામાંથી પાણીની ડોલ ભરી લાવ્યા. આ જોઈ ચોંકી ગયેલાં માજીએ કહ્યું કે 'દરિયો કંઈ ડોલમાં આવતો હશે?' દરિયા માટે માજીની લાગણી જોઈ ધ્રુવભાઈ અંદરથી હચમચી ગયા. આ પ્રસંગે 'સમુદ્રાન્તિકે'ને જન્મ આપ્યો.

'તત્ત્વમસિ'માં ધ્રુવ ભટ્ટે નર્મદાકાંઠાના ભ્રમણની સાથે સાથે આદિવાસીઓનાં જીવન અને ભારતીય સંસ્કૃતિનાં તત્ત્વને ગૂંથી લીધાં છે. એને સાહિત્ય અકાદમી, દિલ્હી; ગુજરાત સાહિત્ય અકાદમી તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ઇનામ મળ્યાં છે. 'અતરાપી', 'અકુપાર', 'લવલી પાન હાઉસ', 'તિમિરપંથી' અને 'પ્રતિશ્રૃતિ' તેમની નવલકથાઓ છે. આ ઉપરાંત  ત્રણ કાવ્યસંગ્રહ આપ્યા છે: 'કર્માણ્યે', 'ગાય તેનાં ગીત' અને 'શ્રુણવંતુ.

ધ્રુવ ભટ્ટની મોટા ભાગની નવલકથાનાં સ્ત્રીપાત્રો અત્યંત પ્રભાવશાળી અને જાણે કે લેખક એમને અંગત રીતે ઓળખતા હોય એવી લાગણી થયા વિના નથી રહેતી. આ વિશે લેખકે કરેલી સ્પષ્ટતા છે કે 'મારું માનવું છે કે પુરુષની સરખામણીમાં સ્ત્રી વધુ શક્તિશાળી હોય છે. લાગણીશીલ હોય છે. જંગલમાં એકલી રહેતી સ્ત્રી મેં જોઈ છે. કુટુંબ માટે બધું જ ન્યોછાવર કરતી સ્ત્રી મેં જોઈ છે અને સ્ત્રી વગર ઓશિયાળો બનતો પુરુષ પણ મેં જોયો છે એટલે સ્ત્રીપાત્રોનાં વર્ણન વખતે હું સભાનપણે એને એક ડગલું ઊંચે રાખું છું.'

સાહિત્ય અકાદમીએ ધ્રુવ ભટ્ટના આપેલા પરિચયમાં એમની લેખનશૈલીની વાત પણ કરી છે. પરિચયમાં જણાવવામાં આવ્યું છે કે 'તેમના લખાણમાં સ્થાનિક બોલીની હાજરી સર્જનને અલાયદી ઓળખ આપે છે. વાર્તાકારની રજૂઆતમાં સામાન્ય બોલચાલની ગુજરાતી ભાષા જોવા મળે છે, પણ જ્યારે પાત્રો બોલે ત્યારે સ્થાનિક બોલી વાંચવા મળે છે જે લખાણને એક અનેરી મીઠાશ પ્રદાન કરે છે. ■





एचपीसीएल में, हम ऊर्जा को जीवन से जोड़ते हैं। आपके दैनिक जीवन की आवश्यकताओं से लेकर आपके सबसे बड़े सपनों तक, हमारी प्रतिबद्धता केवल ऊर्जा तक सीमित नहीं है। सतत विकास के साथ हम मानवीय जुड़ाव को भी समर्पित है। चाहे आपके किचन को सुरक्षित, स्वच्छ गैस से रोशन करना हो या हमारे खुदरा आउटलेट्स पर व्यक्तिगत वाहन सेवा प्रदान करना, हम आपके लिए 24/7 उपलब्ध हैं। हम आपके जीवन की यात्रा में आपके साथ चलते हैं, हर पल में खुशियाँ पहुँचाते हुए—उस भोजन से जो आपको पोषण देता है, उन उपकरणों तक जो आपको आनंद देते हैं।

नवाचार और जिम्मेदारी पर केंद्रित होकर, हम ऊर्जा को आपके लिए लाभकारी बनाने और हमारे साझा संसार की देखभाल करने के लिए प्रतिबद्ध हैं।

हिन्दुस्तान पेट्रोलियम HP
Delivering Happiness
हिन्दुस्तान पेट्रोलियम कॉर्पोरेशन लिमिटेड
Hindustan Petroleum Corporation Limited



ચાલો સાથે મળીને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ — તેમના માટે, આપણા માટે, આપણા રાષ્ટ્ર માટે.

સેવા, સંકલ્પ અને સમૃદ્ધિ: સમસ્ત મહાજન દ્વારા ભારતના ગામડાઓને નવી ઉડાન





ગ્રામવિકાસ


જીવદયા


અન્નદાતા



એનિમલ એમ્બ્યુલન્સ


વૃક્ષારોપણ

® આ અને આવી અનેકવિધ સમાજોપયોગી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માંગતા હો તો 'સમસ્ત મહાજન' ને આર્થિક સહાય આપી શકો છો. સહાય ની રકમ અહીં મોકલો:

Beneficiary Name: SAMAST MAHAJAN |Bank: HDFC Bank Ltd. |Current Account No.: 00602320006521 |Branch: Crawford Market |IFSC: HDFC0000143

FCRA Certificate No.: 41910372 | Account Name: Samast Mahajan |Bank Name: State Bank of India |Account No.: 00000040102511615
IFSC Code: SBIN0000691 | SWIFT Code: SBININBB104 | Branch: New Delhi

REGISTERED WITH BSE SAMMAN, NITI AAYOG, TISS & IICA

SAMAST MAHAJAN
Harmonious with the universe
Trust Regd. No.: E/15474 (Ahmedabad)

'**સમસ્ત મહાજન**' વિવિધ કંપનીના **સીએસઆર** ફંડના ઉપયોગ માટે માન્યતાપ્રાપ્ત સંસ્થા છે. |'**સમસ્ત મહાજન**'ને **એફસીઆરએ** હેઠળ વિદેશથી ડોનેશન મેળવવા માટે અધિકૃત સંસ્થા છે.
**સેક્શન 80G** અને **12AA** અંતર્ગત, સંસ્થાને આપવામાં આવતું દાન **કરમુક્તિને** પાત્ર છે.

**સમસ્ત મહાજન:** ૪૦૯, પ્રસાદ ચેમ્બર, ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪ ૯૩૨૪૮૦૧૭૭૭ samastmahajan9@gmail.com www.samastmahajan.org

# અશ્વિની ભટ્ટ - ગુજરાતી સાહિત્યના 'રહસ્યમય' કથાકાર

ગુજરાતી સાહિત્યમાં રહસ્ય અને રોમાંચનો તડકો ઉમેરનાર, લાખો વાચકોનાં હૃદયમાં સ્થાન પામનાર નવલકથાકાર અશ્વિની ભટ્ટનું નામ આજે પણ આદરપૂર્વક લેવાય છે. તેમનો જન્મ ૨૨ જુલાઈ, ૧૯૩૬ના રોજ અમદાવાદમાં થયો હતો. પિતા હરપ્રસાદ અને માતા શરદકાન્તાના ખોળે જન્મેલા અશ્વિની ભટ્ટનું અવસાન ૧૦ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ ડલાસ, ટેક્સાસમાં થયું, પરંતુ તેમની કલમ દ્વારા સર્જાયેલું સાહિત્ય આજે પણ જીવંત છે.



અશ્વિની ભટ્ટનું વ્યક્તિત્વ બહુમુખી પ્રતિભાવાળું હતું. તેમણે એમ.એ. અને એલએલ.બી. જેવી ઉચ્ચ ડિગ્રીઓ મેળવી હતી. વ્યવસાયી જીવનની શરૂઆતમાં તેમણે મુંબઈમાં વિવિધ પ્રકારનાં કામ કર્યાં. પ્રેમાભાઈ હોલમાં મૅનેજર તરીકે પણ તેમણે સેવા આપી. જોકે, તેમનો આત્મા તો લેખનમાં જ હતો અને અંતે તેમણે પૂર્ણ સમય માટે લેખનને જ પોતાનો વ્યવસાય બનાવ્યો.

માત્ર ૧૫ વર્ષની ઉંમરે, જ્યારે તેઓ મેટ્રિકમાં હતા, ત્યારે ૧૯૫૨માં તેમની પ્રથમ વાર્તા છપાઈ હતી. આ ઘટના દર્શાવે છે કે સાહિત્ય પ્રત્યેનો તેમનો લગાવ અને પ્રતિભા બાળપણથી જ પ્રગટ થઈ હતી. અશ્વિની ભટ્ટ એક માતબર નવલકથાકાર હોવા ઉપરાંત, જબરા નાટ્યપ્રેમી અને સારા અભિનેતા પણ હતા. તેમની એક ખાસિયત એ હતી કે તેઓ પોતાની અંદરની કથળેલી તબિયતને પણ બહારથી મસ્ત-દુરસ્ત દેખાડવાનો અભિનય સહજતાથી કરી શકતા.

મુંબઈમાં રહેતા ત્યારે તેમની આર્થિક સ્થિતિ ઘણી કપરી હતી. ૫૦૦ રૂપિયા પગાર સામે ઘરનું ભાડું ૪૧૦ રૂપિયા હતું અને બાકીના ૯૦ રૂપિયામાં મહિનો કાઢવો પડતો. આવા સંજોગોમાં પણ તેમણે હિંમત ન હારી. ત્યારે તેઓ આસપાસ રહેતાં શેઠાણીઓનાં શાકભાજી પણ લાવી આપવામાં મદદરૂપ થતા. ૧૯૫૬માં તેમણે મિત્રો સાથે મળીને પોલ્ટ્રી ફાર્મ પણ શરૂ કર્યું હતું.

દૈનિક અખબારમાં ધારાવાહિક રીતે પ્રસિદ્ધ થતી તેમની નવલકથાઓનું વાચકોને વ્યસન થઈ જતું હતું. તેમની મોટા ભાગની નવલકથાઓમાં વાચકોને જકડી રાખે તેવું રહસ્ય સર્જવા પર તેમની હથોટી કાબિલેદાદ હતી. 'લજ્જા સન્યાલ', 'નીરજા ભાર્ગવ', 'શૈલજા સાગર', 'ઓથાર', 'ફાંસલો', 'આશકા મંડલ', 'અંગાર', 'કટિબંધ', 'આખેટ', 'કમઠાણ', 'કસબ', 'કરામત', 'આયનો' જેવી તેમની નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં સીમાચિહ્નરૂપ બની રહી છે. તેમણે અનેક પુસ્તકોના અનુવાદ પણ કર્યા હતા, જેમાં 'ફ્રીડમ એટ મિડનાઈટ'નો 'અર્ધી રાત્રે આઝાદી' નોંધપાત્ર છે. એક સમયે જ્યારે ચિત્રલેખાનો સૂર્ય મધ્યાન્હે તપતો હતો એ સમયે અશ્વિનીભાઈની નવલકથાઓએ અભિયાનને નવી ઊંચાઈ આપી હતી અને એ સમયે એવું લાગતું હતું કે અભિયાન કદાચ ચિત્રલેખા જેટલી જ ઊંચાઈએ પહોંચશે. એક તરફ હરકિસનભાઈની નવલકથા અને બીજી તરફ અશ્વિનીભાઈની નવલકથા, ગુજરાતી સાહિત્યનો એ કદાચ સૌથી ઉમદા દોર હતો જ્યારે વાચકોને બે દિગ્ગજ લેખકોની વાર્તાઓ વાંચવા મળતી હતી. લોકોમાં એ સમયે છાની ચર્ચા પણ થતી હતી કે ચિત્રલેખામાં હરકિસનભાઈ અને અભિયાનમાં અશ્વિનીભાઈ વચ્ચે શિતયુદ્ધ ચાલી રહ્યું છે, પરંતુ બંને દિગ્ગજ લેખકોએ ક્યારેય પણ આ કોઈ પણ વાતને સમર્થન આપ્યું ન હતું. ગુજરાતી નવલકથાઓમાં ઘટનાનું કે પ્રસંગનું વર્ણન કરવાની જે તાકાત અશ્વિનીભાઈની કલમમાં હતી એ બીજા કોઈ પણ લેખકમાં ન હતી.

અનેક અખબારમાં એમની નવલકથાઓ છપાતી હતી, પરંતુ તેમની ઈચ્છા હતી કે મુંબઈ સમાચારમાં તેમની નવલકથા છપાય અને આ ઈચ્છા પૂરી પણ થઈ હતી. ૨૦૧૨માં મુંબઈ સમાચારનું સુકાન બદલાયું ત્યારે ૧૧મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ એમની નવલકથા મુંબઈ સમાચારના પાને છપાઈ હતી, પરંતુ ભગવાનને કંઈ ઓર જ મંજૂર હતું. જે અખબારના પાના પર પોતાનું નામ જોવાની ઈચ્છા અશ્વીનીભાઈની હતી એ નામ તેઓ ક્યારેય ના જોઈ શક્યા. ૧૦મી ડિસેમ્બરે રાતના તેમનું નિધન થયું અને ૧૧મી ડિસેમ્બર તેમની નવલકથાનું પહેલું પ્રકરણ મુંબઈ સમાચારના પાના પર છપાયું હતું.

અશ્વિની ભટ્ટને શ્વાન પાળવાનો પણ શોખ હતો. લાયકા અને લ્યુસી તેમની માનીતી, પાળેલી માદા શ્વાન હતી. વ્યક્તિગત જીવનમાં તેઓ સંબંધોને ખૂબ મહત્ત્વ આપતા હતા. તૃપ્તિ સોની તેમનાં પુત્રીવત્ બની રહ્યાં હતાં અને તેમણે તૃપ્તિબેનનું કન્યાદાન પણ કર્યું હતું. તેમને ત્યાં આવતા અને તેમને મદદરૂપ બનતા યુવાન પત્રકારો અને લેખકો માટે તેઓ 'ટેકો' કે 'ટેકી' શબ્દ વાપરતા, જે તેમનો ઉદાર સ્વભાવ દર્શાવે છે. પાછલા જીવનમાં તેઓ અમેરિકામાં ડલાસ નજીક વસવાટ કરતા હતા.

પોતાના પછીની પેઢીના ઘડતરમાં પણ અશ્વીની ભટ્ટને તેમના પત્ની નીતીભાભીનો પણ ઘણો ફાળો છે. અમદાવાદના તેમના નિવાસ સ્થાને એ સમયે અનેક નવોદિત લેખકો સાથે બેઠકો યોજાતી. અશ્વિનીભાઈ દરેક સાથે પોતાના અનુભવો વહેંચતા, એમના કેટલાક લેખકો આજે ગુજારતી સાહિત્યના ઉમદા લેખકોમાં સ્થાન ધરાવે છે.

અશ્વિની ભટ્ટ માત્ર એક નવલકથાકાર જ નહોતા, પરંતુ એક જીવનરસિક વ્યક્તિ પણ હતા. તેમનું જીવન સંઘર્ષો અને સફળતાનું ઉત્તમ ઉદાહરણ છે. ગુજરાતી સાહિત્યમાં તેમનું યોગદાન અવિસ્મરણીય રહેશે. તેમની કલમનો જાદુ આજે પણ વાચકોને રોમાંચિત કરે છે અને તેમની રચનાઓ ગુજરાતી સાહિત્યની ધરોહર બની રહેશે. ■

# હસમુખ ગાંધી - ગુજરાતી પત્રકારત્વના ઐરાવત

"તમે ભારતના જ નહીં, દુનિયાના કોઈ એવા દૈનિક અખબારના તંત્રીના નામથી પરિચિત છો, જેણે પોતાના અખબારના પ્રકાશનની પાંચમી વરસગાંઠથી દરેક વરસગાંઠે એ અખબારમાં પ્રકાશિત થતી તમામ સામગ્રીનું ઑડિટ પ્રબુદ્ધ વાચકો, પ્રતિષ્ઠિત લેખકો અને ઈન્ટેલેક્ચ્યુઅલ્સ પાસે કરાવ્યું હોય? એમાંથી એક શબ્દય એડિટ કર્યા વિના પ્રકાશિત કર્યું હોય?"

"તમે કોઈ એવા તંત્રીના નામથી પરિચિત છો, જેઓ તેમના અખબારના વાચકને બેવકૂફ કન્ઝ્યુમર નહીં, પરંતુ 'સુજ્ઞ' (એટલે બુદ્ધિશાળી, સમજદાર, માહિતગાર) માનતા હોય, તેમને સર્વોચ્ચ ગણતા હોય? વાચકની મરજીને નહીં, વિચારને શિરોમાન્ય ગણતા હોય?"

"તમે કોઈ એવા તંત્રીના નામથી પરિચિત છો, જેણે આખેઆખાં પાનાં ભરી-ભરીને વાચકોના પત્રોને સતત પ્રકાશિત કર્યાં હોય?"

" તમે કોઈ એવા તંત્રીના નામથી પરિચિત છો, જેણે પત્રકારત્વનાં તમામ મૂલ્યો જાળવીને, સામા પ્રવાહે તરીને પત્રકારત્વને જૂની, બીબાંઢાળ ઘરેડમાંથી બહાર કાઢ્યું હોય અને અખબારી પત્રકારત્વની નવી જ, (આજે) સર્વસ્વીકાર્ય શૈલીનું સર્જન કર્યું હોય?"

"તમે કોઈ એવા તંત્રીના નામથી પરિચિત છો, જેણે ગુજરાતીમાં આધુનિક પત્રકારત્વનો પાયો નાખ્યો હોવા છતાં વ્યક્તિગત અણગમાને કારણે, સ્થાપિત હિતોની ટોળકીને કારણે તેમના પ્રચંડ યોગદાનની નોંધ ક્યાંય લેવાઈ જ ન હોય? એ ટોળકીને કારણે ગુજરાતી વાચકોની એક આખી પેઢી એ તંત્રીના પુરુષાર્થથી વંચિત રહી હોય?"

"તમે કોઈ એવા તંત્રીના નામથી પરિચિત છો, જેણે ઝમકદાર હેડિંગ, સમાચારોની તથા સામગ્રીની પસંદગી, રજૂઆત, વિચારોની અભિવ્યક્તિ અને ડિઝાઈનમાં આમૂલ પરિવર્તન વડે ગુજરાતી પત્રકારત્વની તરાહ ધરમૂળથી બદલી નાખી હોય?"

'આ બધા સવાલનો જવાબ છે: હસમુખ ગાંધી.'

***

૧૯૭૨માં, એક્સપ્રેસ ગ્રુપે અમદાવાદથી પ્રકાશિત થતા દૈનિક 'લોકસત્તા'ની મુંબઈ આવૃત્તિ પ્રકાશિત કરવાની યોજના બનાવી. હસમુખ ગાંધીને તે આવૃત્તિના સ્થાનિક સંપાદક બનાવવામાં આવ્યા, પરંતુ છાપું શરૂ થયું નહીં. આઠ મહિનાની બેરોજગારી પછી તેઓ ૧૯૭૩માં પરિચય ટ્રસ્ટમાં સહાયક સંપાદક તરીકે જોડાયા. ત્યાર બાદ તેઓ 'જનશક્તિ' દૈનિકના સહાયક સંપાદક બન્યા હતા. 'જનશક્તિ' બંધ થયું પછી તેઓ સૌરાષ્ટ્ર ટ્રસ્ટમાં પાછા ફર્યા. તેમણે ૧૯૭૯થી ૧૯૮૩ સુધી 'જન્મભૂમિ-પ્રવાસી'ના સહાયક સંપાદક તરીકે કામ કર્યું.



તેઓ ૧૯૮૩ની ૧૪ એપ્રિલે ફરી એક્સપ્રેસ ગ્રુપમાં જોડાયા હતા. ૧૯૮૪ની ૧૪ જાન્યુઆરીએ ગુજરાતી પત્રકારત્વના સૌથી તેજસ્વી દૈનિક 'સમકાલીન'નું પ્રકાશન શરૂ થયું અને એ પછી હસમુખ ગાંધીની નામનાના વાવટા ફરકવા શરૂ થયા. વિચાર તથા અભિવ્યક્તિમાં નવોન્મેષ અને 'સમકાલીન' દ્વારા તેમણે ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં એક નવો અધ્યાય લખ્યો.

ગાંધીભાઈ (કારણ કે 'ગાંધીસાહેબ' સંબોધન તેમને ગમતું નહીં) એ પ્રગતિશીલ, પાણીદાર, પ્રામાણિક, વિચારવંત, બેધડક, નિષ્પક્ષ, નિર્ણાયક, ધારદાર, છટાદાર, ખમતીધર, ખમીરવંત, ધીંગા, ખડતલ અને તેજસ્વી 'સમકાલીન'નું સર્જન કર્યું હતું.

***

હસમુખ ગાંધી માટે પત્રકારત્વ કેટલું પવિત્ર કામ હતું?

૧૯૮૯ની ૨૬ જાન્યુઆરીએ 'પૈસો, પરસેવો, પત્રકારત્વ: જર્નાલિઝમ એટલે લખાવટની આવડત' શીર્ષક હેઠળ પ્રકાશિત એક તંત્રીલેખમાં તેમણે લખ્યું હતું, "..વાસ્તવમાં મોટા ભાગના પત્રકારો કાં તો વ્યવસાયને માટે એકદમ અસજ્જ હોય છે અને કાં તો તેઓ આ વ્યવસાયને સિફતથી ધંધામાં ફેરવી નાખે છે. ભાષાકીય પત્રકારત્વમાં ૯૦ ટકા પત્રકારો આ વ્યવસાયમાં ચાલી ન શકે એવા હોય છે. ૯૦ ટકા ભ્રષ્ટ હોય છે. ૮૦ ટકા પત્રકારો ભ્રષ્ટ-કમ-બિનકાર્યક્ષમ હોય છે. ઘણુંખરું ભાષાકીય પત્રકાર માણસ તરીકે બદમાશ અને જર્નાલિસ્ટ તરીકે બેવકૂફ હોય છે. આવા કૉમ્બિનેશનને કારણે અનેક મોટાં અખબારી જૂથો ગુજરાતી વર્તમાનપત્ર કે સામયિક શરૂ કરતાં ગભરાય છે અને સરપ્લસ મશીન કૅપેસિટીને કારણે ભૂલથી જો અખબાર શરૂ કરી દે તો તેઓ માથે હાથ મૂકીને રુએ છે.... આ વાત હું જવાબદારી સાથે કહું છું અને જે કાંઈ કહું છું તે સત્ય જ કહું છું. અનુભવસિદ્ધ નિર્ભેળ સત્ય જ કહું છું અને સત્ય સિવાય બીજું કશું જ કહેતો નથી. ૩૧ વર્ષના અનુભવ પછી જ મેં આવી તારવણીઓ કાઢી છે. જૂઠું બોલવાથી કે સૌને સારું લાગે એવું લખવાથી હકીકત બદલાઈ જતી નથી...."

"...પત્રકારત્વ એક નાજુક વ્યવસાય છે. પત્રકારત્વ એટલે ઉતાવળે લખાયેલું સાહિત્ય. પત્રકારત્વમાં પ્રવેશનાર વ્યક્તિ એક ક્રાફ્ટમેન હોવી જોઈએ. ગુજરાતી પત્રકારત્વ ઊંચું નથી આવતું તેનું કારણ એ છે કે લોકો પાસે આ વ્યવસાયની કોઈ સજ્જતા હોતી નથી. જરૂર પણ ગણાતી નથી. મેટ્રિક કે તેથી ઓછું ભણેલા માણસો અહીં તંત્રી, મદદનીશ તંત્રી, ન્યૂઝ એડિટર, ચીફ રિપોર્ટર કે કૉમર્સ એડિટર બની જાય છે. મૂળભૂત ટૂલ્સ છે ભાષા, જનરલ નોલેજ, સૌંદર્યદૃષ્ટિ, રોબસ્ટ તબિયત, વ્યવસાયી ડેડિકેશન અને લગન તથા હોમવર્ક કરવાની તૈયારી. પત્રકારત્વ એક રાઉન્ડ ધ ક્લોક વ્યવસાય છે..."

હવે તમે જ વિચારો કે જે માણસે અનુભવસિદ્ધ સત્ય આટલું બેધડક લખ્યું હોય તેના અવતારકાર્યને સ્થાપિત હિતોની ટોળકી સર્વસ્વીકૃત કેવી રીતે થવા દે?

***

એની વે, 'મનગમતા તંત્રીલેખો' નામના ૨૦૧૧માં પ્રકાશિત પુસ્તક માટે ગાંધીભાઈના લેખોનું સંપાદન લખનારે કર્યું હતું. તેની પ્રસ્તાવનામાં લખ્યું હતું, "...હિંદી, મરાઠી, ઉર્દૂ, બંગાળી, તમિળ, મલયાલમ, કન્નડ અને અંગ્રેજી ભાષાના વાચકોએ તેમની ભાષાનાં પ્રકાશનોના તેજસ્વી તંત્રીઓને સોનાની છાબમાં માથે બેસાડીને લાડ લડાવ્યાં છે, પણ આપણે ગુજરાતીઓએ સાદી વાંસની છાબડી સુદ્ધાં ખરીદી નથી. અલબત્ત, હજુ મોડું થયું નથી.

(બાય ધ વે, દેવોએ સમુદ્રમંથન કર્યું તેમાંથી જે ૧૪ રત્ન નીકળ્યાં હતાં તેમાં ઐરાવત એક હતો. બુદ્ધિશાળી, શાર્પ, નીરક્ષીરની ઊંડી સમજ અને આગવી અભિવ્યક્તિનું શ્રમસાધ્ય વરદાન ધરાવતો ઐરાવત તમામ દિગ્ગજોનો સ્વામી અને સ્વર્ગપતિ ઇંદ્રનું વાહન ગણાય છે) ■



# મનહર ઉધાસ - નજરને બંધ રાખીને...



*દીકરી મારી લાડકવાયી લક્ષ્મીનો અવતાર*
*એ સૂવે તો રાત પડે ને જાગે તો સવાર....*

મુકેશ માલવણકરની આ રચનાને કંઠ આપનાર વિખ્યાત ગાયક મનહર ઉધાસને ભાગ્યે જ કોઈ નહીં ઓળખતું હોય, પણ મધ જેવાં મીઠાં હાલરડાંના કિસ્સામાં મનહરભાઈને પણ ગમે એવી વાત એ છે કે અન્ય ભાષાના લોકોમાં પણ એ લોકપ્રિય છે. આ હાલરડું સાત સમંદર પાર વસતા લોકોમાં પ્રચલિત બનવાનાં બે કારણ છે. એક, મુકેશ માલવણકરના હૃદયસ્પર્શી શબ્દો અને બે, મનહરભાઈનો મધઝરતો કંઠ. મનહરભાઈએ ગાયેલી લોકપ્રિયતાના શિખરસમી અન્ય એક રચનાની પહેલી લાઈન બોલતાં જ લોકો બીજી કડી ગણગણવા લાગે છે.

*નજરને બંધ રાખીને મેં જ્યારે તમને જોયા છે*
*તમે છો એના કરતાં પણ વધારે તમને જોયા છે.*

બરકત વિરાણી બેફામની આ રોમેન્ટિક ગઝલ મનહરભાઈને એક ઊંચાઈ સુધી લઈ ગઈ. મનહરભાઈની મનને હરી લેતી ગઝલોનો ખજાનો વિશાળ છે. એમના દરેક આલ્બમ એકેકથી ચડિયાતાં છે.

મેકેનિકલ એન્જિનિયરિંગની તાલીમ પૂરી કરીને ૧૯૬૦ના દાયકામાં મનહરભાઈ મુંબઈ આવ્યા અને નોકરી લઈ લીધી. પહેલેથી જ સંગીત પ્રત્યેનો લગાવ એમને ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં સંઘર્ષ કરવા સુધી લઈ ગયો. મનહરભાઈના સદ્‌નસીબે એમનો પરિચય સંગીતકાર કલ્યાણજી-આણંદજી સાથે થયો અને કલ્યાણજીભાઈ અને એમના બંધુ આણંદજીભાઈનો નવા ગાયકોને પ્રોત્સાહન આપવાનો સ્વભાવ હતો જ. મનહરભાઈ પણ બંનેને રેકોર્ડિંગમાં મદદ કરવા લાગ્યા.. આમ મનહરભાઈનો રેકોર્ડિંગમાં આવતા ગાયકો, સહાયક સંગીતકારો, સાજિંદાઓ સાથે પરિચય થવા લાગ્યો. એકવાર એવું બન્યું કે ફિલ્મ 'વિશ્વાસ'નું એક ગીત કલ્યાણજી-આણંદજી મુકેશ પાસે ગવડાવવાના હતા, પરંતુ કોઈ કારણસર મુકેશ રેકોર્ડિંગમાં આવ્યા નહીં. કલ્યાણજીભાઈએ એ ગીત કામચલાઉ મનહરભાઈ પાસે ડબ કરાવી લેવાનું નક્કી કર્યું. મનહરભાઈએ એ ગીત ગાયું.

આપસે હમ કો બીછડે હુએ એક ઝમાના બીત ગયા
*અપના મુકદ્દર બિગડે હુએ એક ઝમાના બીત ગયા....*

રેકોર્ડિંગ સ્ટુડિયોની ફરીથી ડેટ લેવાઈ. મુકેશ આવ્યા અને એમણે ગીત સાંભળ્યું. એમણે બેહદ ખુશ થઈને કહ્યું: કલ્યાણજીભાઈ, હવે આ જ ગીત રાખો. મનહરભાઈએ પરફેક્ટ ગાયું છે. બસ, મનહરભાઈનું તકદીર ખૂલી ગયું ને ફિલ્મ ઇન્ડસ્ટ્રીને એક નવો-આગવો કંઠ મળ્યો. ■

# શૂન્ય પાલનપુરી - ગઝલના બાગમાં રંગબેરંગી ફૂલ



અમુક લોકો અમુક પ્રવૃત્તિ સાથે એવા બંધબેસતા હોય છે કે તમે અન્ય સ્વરૂપમાં એમને કલ્પી જ ન શકો. શૂન્ય પાલનપુરી અને ગુજરાતી ગઝલ એક એવું સંયોજન છે ગુજરાતી ગઝલના ઉદ્યાનમાં એક સદાનું રંગબેરંગી સુગંધીદાર અસ્તિત્વ રહ્યું શૂન્યભાઈનું.

આમ તો એ આખો યુગ ગુજરાતી ગઝલનો સુવર્ણકાળ લેખી શકાય. એકેએક શાયરે પોતાનાં અલગ મિજાજ-નોખી ભાષા-તદ્દન નવી કલ્પના-સૃષ્ટિ અને બેજોડ કથનશૈલી દ્વારા નવી જ ભાત મૂકી. આ એ સમય હતો જ્યારે ગઝલ હરણફાળ ઉપર હરણફાળ ભરી રહી હતી. ગઝલ સાકી-સુરા-સનમ-બેવફાઈને ધીમેધીમે તિલાંજલિ આપવા માંડી હતી અને ગઝલ ખુદના વસ્ત્રને અતિ બારીક રમ્ય ઝીણા નકશીકામવાળા ભરતથી સજાવી રહી હતી. આ સંદર્ભમાં શૂન્યનો જ એક ઊડીને આંખોમાં વસી જાય એવો શેર અત્યારે અનિવાર્ય બને છે:

*અમરપંખી! પરમ સદ્‌ભાગ્ય કે પિંજર*
*મળ્યું નશ્વર ખુશીથી દર્દ માણી લે!*
*ઘડીભરની જુદાઈ છે*

આત્માના પૃથ્વી ઉપર આવતાં પહેલાં આત્મા પરમાત્મા સામે એમનાથી અલગ થઈને પૃથ્વી ઉપર નહીં આવવાની જીદે ચઢ્યો છે. પરમાત્મા નારાજ બાળકને બાળમંદિરે જવા માટે પટાવતી માની માફક આત્માને અહીં જન્મ લેવાનું એમ કહીને સમજાવી રહ્યા છે કે મારા સંતાન આત્મા! તું તો અમર છે, તારો કદી નાશ છે જ નહીં, પણ તારા ભાગ્યમાં એક માનવીય ખોળિયામાં જે ૭૦-૮૦ વર્ષ જીવવાનું નિર્માયું છે એ તો તારે પૂરું પાડવું જ પડશે ને! વિધિના લેખ ક્યાં કોઈથી ક્યારેય બદલાયા છે? પણ તું જેવો અહીંથી જઈશ ત્યાંથી તું પાછો આવીશ ત્યાં સુધી હું તારી અનિમેષ નયને રાહ જોઈશ. આ ઘડીક જુદાઈનું દર્દ ખુશીથી માણી લે! પછી આપણે સદાકાળ સાથે જ છીએ ને! અહીં મસમોટું કવિકર્મ થયું છે 'ઘડીભર' શબ્દના ઉપયોગમાં ૭૦-૮૦ વર્ષના પ્રલંબ જીવનકાળને ઘડીનો ગણાવાયો છે. શૂન્ય એટલા પૂરતા અદ્વિતીય બને છે. સારા કવિની ઓળખાણ જ એ છે કે એ કેટલો વધુ અદ્વિતીય Unparalleled બને છે. શૂન્યનાં સર્જનોમાં તો તમને કેટલીય વાર આ લક્ષણ દેખાશે! ઘાયલ, મરીઝ, 'બેફામ' 'ગની' 'સૈફ' અને બીજાં કેટલાંકનાં નામ યાદ નથી આવતા એ આખી પેઢી જ ગઝલરસિયા માટે પ્રાતઃસ્મરણીય ઈશ્વરઅલ્લાહથી ઓછી નથી. છતાં શૂન્ય એમાંથી એક વહેંત ઊંચા તરી આવે છે એમના ઉમર ખય્યામની ફારસી રુબાઈના ગુજરાતી અનુવાદ દ્વારા. Again Unparalleled અદ્વિતીય. કોઈ ના કરી શક્યું આવું યુગસર્જક કામ શૂન્ય સિવાય ફક્ત એક જ ઉદાહરણ:

*ઓ પ્રિયે! પરિકરના જેવું આ જીવન છે આપણું*
*બે જુદાં શિર છે છતાં પણ એક તન છે આપણું*
*વર્તુળો રચવા સુધીની છે જુદાઈની વ્યથા*
*કાર્ય પૂરું થઈ જતાં સ્થાયી મિલન છે આપણું*

એડવર્ડ ફિટ્ઝરાલ્ડે તો ઉંમર ખય્યામ જેવા મહાનને સાવ મામૂલી બનાવી દીધો છે અંગ્રેજી અનુવાદમાં, Wineનો અર્થ દારૂ એમ કરીને. એ તો ભલુ થયું ઉમર ખય્યામનું કે એ પામ્યા શૂન્ય પાલનપુરી જેવા સ્વરૂપાંતરકાર અને રુબાઈનું હુસ્ન સોળે કળાએ મઘ મઘ થવા માંડ્યું. ■










# WE CARE

## એક સંયુક્ત, સમૃદ્ધ અને સહિયારા ભવિષ્યની ખેવના

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ભારતનું સૌથી વિરાટ ખાનગી કોર્પોરેટ જૂથ છે જે દરરોજ એક અબજથી વધુ લોકોની જિંદગીને સ્પર્શે છે.

ન્યુ એનર્જી, રિફાઇનિંગ ઍન્ડ માર્કેટિંગ, પેટ્રોકેમિકલ્સ, એક્સપ્લોરેશન ઍન્ડ પ્રોડક્શનથી લઈને રિટેલ, ડિજિટલ સર્વિસીસ તથા મિડિયા ઍન્ડ એન્ટરટેઇનમેન્ટ સુધીનાં ક્ષેત્રોમાં કાર્યરત રિલાયન્સ ટકાઉ અને સર્વસમાવેશી વિકાસને ભારતના અર્થતંત્રમાં અગ્રસ્થાને રાખી આગળ ધપાવી રહી છે.

૨૦૨૪માં રિલાયન્સ 'ટાઇમની ૧૦૦ મોસ્ટ ઇન્ફ્લુએન્શિયલ કંપનીઝ'માં સ્થાન પામી છે.
ફૉર્બ્સ ગ્લોબલ ૨૦૦૦® ની યાદીમાં રિલાયન્સ ૪૯માં સ્થાને અને ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦૦® ની ૨૦૨૪ની યાદીમાં ૮૬માં સ્થાને છે.

૮.૬ કરોડથી વધુ લોકોની જિંદગીને સ્પર્શનાર ભારતની સૌથી મોટી કોર્પોરેટ સખાવતી સંસ્થા 'રિલાયન્સ ફાઉન્ડેશન' સાથે મળીને રિલાયન્સમાં અમે જ્યારે પણ, જે કંઇ પણ કર્યું છે તે સમસ્તને સાંકળતો એક સમાન તાંતણો છે - કાળજી અને સહાનુભૂતિની ભાવના.

**કારણકે રિલાયન્સની સ્થાપના જ એક એવી કોર્પોરેટ કંપની તરીકે થઈ હતી જે કાળજી કરે છે, અને તે હંમેશા એવી જ રહેશે.**

Reliance
Industries Limited
Growth is Life

www.ril.com

# રાજેન્દ્ર શુક્લ - છલોછલ અને અર્થગર્ભ કવિતાના કવિ



સમર્થ કવિ રાજેન્દ્ર શુક્લ ગુજરાતી કવિતાનું ગૌરીશિખર છે. એમનું સર્જન યાત્રા છે, મુકામ છે, આસવ છે, સુગંધ છે, સભરતા છે, આકાશ છે, ભાવવિશ્વનો ચમત્કાર છે.

મૌનથી શબ્દ સુધીની અને શબ્દથી મૌન સુધીની યાત્રાનાં અનેક પરિમાણી રૂપો રાજેન્દ્રભાઈનાં સર્જનોમાં સહજતાથી પ્રગટ્યાં છે. અક્ષરમેળ-માત્રામેળ છંદોથી લયને રમાડતી રચનાઓમાં, સુદીર્ઘ બંધવાળાં ગીતોમાં કે પ્રચલિત-અપ્રચલિત છંદોવાળી સંઘેડાઉતાર ગઝલોમાં એમનો નિજી અવાજ, રમતિયાળ ગાંભીર્ય અને પ્રસન્ન ઊંડાણ ભાવકને મંત્રમુગ્ધ કરે છે.

રાજેન્દ્રભાઈની સર્જનલીલાનું કેન્દ્ર ગઝલ છે. ગઝલ સાથે એમણે આજીવન ઐક્ય સાધી રાખ્યું છે. એથી ભાવકો અને તજજ્ઞો સરખા જ ચકિત-મોહિત થયા છે. એમને માટે ગઝલ કેવળ એક કાવ્યરૂપ-કાવ્યપ્રકાર નથી. જે કંઈ પ્રિય, ઈષ્ટ, લક્ષ્ય, અંતરતમ છે એ બધું જ એમને માટે ગઝલ છે. એટલે જ એમની રચનાઓમાં આવતો 'ગઝલ' શબ્દ વિવિધ અર્થચ્છાયા પ્રગટાવે છે. પ્રણય નિવેદન હોય કે આધ્યાત્મિક અનુભૂતિ, નિસર્ગલીલાનો ટહુકાર હોય કે કોઈ નિજી સંવેદન, સર્જનકળાનું માહાત્મ્ય હોય કે ગહનતમ-સૂક્ષ્મતમ ભાવોનું પ્રાગટ્ય - રાજેન્દ્રભાઈની સર્જક ચેતના ભાવકના અંતરને આલોકિત કરે છે. આ રચનાઓમાંનાં શબ્દ, અર્થ, ભાવ, વ્યંજના ભાવક સુધી પહોંચે એ પહેલાં જ એને સ્પર્શી જાય છે એમાંનું અનોખું સંગીત તત્ત્વ. સ્વર-વ્યંજનોની જુગલબંધીમાંથી સૂર-લય એવા પ્રગટે છે કે ભાવક એ રચના વાંચતો હોય ત્યારે પણ એના કાનમાં એ સંગીત ગુંજતું રહે છે. અભિજાત (શાસ્ત્રીય) સંગીતમાં સમજણભરી અભિરુચિ એનું કદાચ એક કારણ હશે.

રાજેન્દ્રભાઈનાં, ગઝલો સહિતનાં, તમામ કાવ્યોમાં શબ્દ-અર્થ-ભાવ-પ્રાસ-લય-અનુભૂતિ સહિતનાં બધાં તત્ત્વો રસાઈને અનિવાર્ય લીલારૂપે પ્રગટ થાય છે. કશું કાચું-અનિચ્છનીય શબ્દાકાર પામી જ નથી શકતું. ચતુરાઈ કે વિદ્વત્તાના ભાર વગરની સર્જકતા ભાવકને સાચે જ ન્યાલ કરે છે. અધ્યાત્મ તત્ત્વની સરવાણી પ્રગટ-અપ્રગટ રૂપે રાજેન્દ્રભાઈની કવિતાને પોષતી સંવર્ધિત કરતી રહે છે. વિવિધ આધ્યાત્મિક પરંપરાઓમાં ઊંડા રસ અને અભ્યાસની સાથે એમની સર્જકતા કાવ્યમય અનુસંધાન રચે છે :

*અહીં પ્રથમ પરોઢના પ્રશાંત*
*આ સરોવરે,*
*કમળસમા ઉઘાડનો અશબ્દ*
*હું ઉજાસ છું.*
*હર શ્વાસ, જ્યાં જઈને*
*ઉચ્છ્વાસને મળે છે,*
*સ્થળ જેવુંયે નથી તો*
*ઝળહળ પડાવ શું છે ?*

રાજેન્દ્રભાઈની ગઝલોમાં રદીફ-કાફિયા કેવળ સ્વરૂપગત કર્મકાંડ નથી, કાર્યસાધક નાવીન્ય છે. આવા-આટલા રદીફ-કાફિયા ગુજરાતી ગઝલમાં ભાગ્યે જ વાંચવા-સાંભળવા મળે છે.

*જ્યાં શબ્દનો અટકી ઊભેલો રથ હશે,*
*ઓ અતિરથી, એ ઇતિ નહીં, અથ હશે.*

રાજેન્દ્રભાઈની રચના એમના મુખે સાંભળવી એ એક લહાવો છે. એમનાં ઉચ્ચાર-પદ્ધતિ, અવાજ, શબ્દવજન અને ભાવ શ્રોતા-દર્શકને પૂર્ણ કાવ્યાસ્વાદ કરાવે છે. એમનો કાવ્યપાઠ અનન્-અન્યની શ્રેણીમાં આવે છે.

ઉત્તમ કવિની પંક્તિમાં શબ્દભેદ કે અક્ષરભેદ શક્ય નથી હોતો. રાજેન્દ્રભાઈની રચનાઓમાં આ વિશેષ કરીને અનુભવાય છે. જે તે વિચાર-ભાગ-અનુભૂતિ જે શબ્દોમાં, જે ક્રમમાં પ્રગટ થયાં હોય છે તેનું ગ્રથન અત્યંત સ્વાભાવિક છતાં અત્યંત ઘનિષ્ઠ હોય છે. એની એકાદ માત્રામાં આમ તેમ કરવું શક્ય નથી હોતું. એમ કરવા જતાં કાવ્યનો લય, કાવ્યનું સૌંદર્ય, કાવ્યનો મર્મ અળપાઈ જતાં અનુભવાય છે.

*હું અકિંચન રિક્તચેતા*
*ફરફરું ફોરા સમું,*
*ફરફરું જે, તે ય આવી*
*શબ્દે આ માગી ગયો.*

રાજેન્દ્રભાઈની રચનાઓની એક વિશેષતા એ પણ છે કે એની પ્રથમ પંક્તિ કે ગઝલનો પહેલો શેર એવો હોય છે કે એનો વિસ્ફોટ આપણને સાનંદ અવાક કરી દે છે. એમ થાય કે બસ, અહીં જ મુકામ કરીએ. આ પંક્તિ કે શેરમાં એટલું ભર્યું છે કે વધુ પામવાના લોભે આગળ વધવું જ નથી. આવો સશક્ત, સર્જકતાસભર આરંભ આગવી કાવ્યાનંદની ભૂમિકા રચી આપે છે, એ જુદી વાત છે.

*ખેંચી પણછ, કમાન કસી,*
*તાકે તીર આ,*
*શાશ્વતનું શું સઘળું જ*
*નશ્વર શરીર આ?*

રાજેન્દ્રભાઈએ રચેલાં ગીતો પણ પોતીકી મુદ્રા ધરાવે છે. અનુભૂતિનો રણકાર અને ભાવ પોતે જ એક લય રચે છે.

*અડાબીડ ઊગ્યા આડેધડ, કોઈ કહે*
*કેસરની ક્યારી કોઈ કહે કે ખડ,*
*અમને તો કંઈ ખબર પડે નહીં,*
*તું આવીને અડ.*

રાજેન્દ્રભાઈનો કાવ્યદેહ પ્રાણવાન, સશક્ત, સુકુમાર, પરિષ્કૃત અને 'આસ્વાદ્ય' છે. એ આપણી પંચેદ્રિયને પોતાની તરફ ખેંચી લે છે અને એની પણ પારનું કંઈ આપણને પાછું આપે છે. આ કાવ્યદેહની સન્મુખ થયા પછી એવો ચેતોવિસ્તાર સધાય છે કે આપણે આપણે નથી રહી શકતા.

*સોનાસળી સોનાસળી રમતાં*
*રહે કોમળ કિરણ,*
*તડકો વિખેરાતો રહે ઝાકળ*
*પરોવ્યા વાળ પર.*

રાજેન્દ્રભાઈ આપણા સવ્યસાચી સર્જક છે. એમનાં ઉત્તમ કાવ્યોનો ખજાનો એટલો સમૃદ્ધ છે તથા એમના પઠનનો નાદ એવો છે કે ભાવક બેઅઢી કલાક મંત્રમુગ્ધ બની એનું શ્રવણ કરતો રહી શકે છે. આ વિરલ સિદ્ધિ છે.

રાજેન્દ્રભાઈની આંતરસમૃદ્ધિનું એક પાસું એ પણ છે કે કોઈ પણ (હાજી, કોઈ પણ) વિષય, ઘટના, સમસ્યાની વાત થતી હોય, એમની પાસે એક નિજી દૃષ્ટિકોણ, વિચાર, પૃથક્કરણ હોય જ. વારંવાર આવો અનુભવ થાય ત્યારે આપણને પહેલાં આશ્ચર્ય થાય, પરંતુ પછી સમજાય કે સર્જક તરીકેનો પોતીકો અવાજ રચવામાં આ તત્ત્વ પણ ખાસ્સી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કવિ-શાયરનું નામ ન લખ્યું હોય એવી કાવ્યપંક્તિ કે શેર વાંચતાં જ ભાવકના મનમાં ભાવ જાગે છે કે એ રાજેન્દ્રભાઈની જ હશે. સર્જનોમાં આટલું - આવું પોતાપણું આપણી આસ્વાદ-ભૂખને સંતુષ્ટ કરે છે.

*તગતગું તડકો થઈ,*
*તારા બધા દિવસો મહીં,*
*અંધકારે મઘમઘ્યો તારી*
*નિશામાં હોઉં છું.*
*જત જણાવાનું તને કે ચાંદની*
*વરસી રહી,*
*એક ક્ષણ તો તૃપ્તિ પણ*
*જાણે તને તરસી રહી.*

રાજેન્દ્ર શુકલની કવિતાનું સત્ત્વ એવું સઘન છે અને એનું પોત એવું પારદર્શી છે કે ગુજરાતી સાહિત્યના આકાશમાં એ સુદીર્ઘ કાળ સુધી ઝળહળતી રહેશે અને કવિતાપ્રેમીઓનાં મનોવિશ્વમાં ગુંજતી, રાજ કરતી રહેશે.

*કરીને પાત્ર સૌ ખાલી,*
*ખરેખરના પીનારાએ,*
*તૃષા અકબંધ રાખી છે કે*
*બારે મેઘ છે આગે.*

'ગઝલ સંહિતા' (ગઝલ સંગ્રહ)ના પાંચ ભાગ તથા અન્ય કાવ્યસંગ્રહોમાંની રાજેન્દ્રભાઈની કવિતા ગુજરાતી કવિતાનું આભૂષણ છે. એનાં વિગતે રસાસ્વાદ-વિવેચન હજી બાકી છે. આ કાવ્યસૃષ્ટિ એટલી દેદીપ્યમાન-અર્થગર્ભ છે કે અભ્યાસુઓને એમાંથી પીએચ.ડી. માટે એકાધિક વિષય મળી રહે એમ છે.

રાજેન્દ્ર શુકલની કવિતા ગુજરાતી સાહિત્યના આકાશમાં દીર્ઘકાળ સુધી ઝળહળતી રહેશે અને ભાવિકોનાં મનમાં ગુંજતી રહેશે. ■

# રમેશ પારેખ - કવિતામાં ચેરાપુંજીનો વરસાદ એટલે...



ગુજરાતી કવિતા પર થયેલો ચેરાપુંજીનો વરસાદ એટલે રમેશ પારેખ. કવિતાને બંધિયારપણામાંથી ખુલ્લા આકાશમાં લઈ જઈ પર્વતો, નદીઓ, વનરાઈઓ, ગ્રામ્યજીવન સ્ત્રીની મનોભાવનાઓ સાથે પરિચય કરાવનાર અતિરમ્ય અને સૌમ્ય દુભાષિયો એટલે રમેશ પારેખ, 'એક વખત એક રમેશ પારેખ હતો' એમ વાર્તા માંડીને પછી આગળ કશુંક કહેવાને અસમર્થ એવા વાર્તાકારોનો કાયમી વિલંબિત સૂર એટલે રમેશ પારેખ અને ગુજરાતી ભાષાનો શબ્દકોશ જેને અંબાડીએ બેસાડે છે એ મહાસમર્થ ગુજરાતી સારસ્વત એટલે રમેશ પારેખ. રમેશ સાથે રહેવા કે રમેશને જોવા પૂરતા બડભાગી વિષે ફિરાક ગોરખપુરીનો શેર ફેરબદલી સાથે કહી જ શકાય કે

*આનેવાલી નસ્લેં તુમ પર ફખ્ર*
*કરેંગી હમ-અસરો*
*જબ ભી ઉનકો ધ્યાન આયેગા*
*તુમને રમેશ કો દેખા થા*

(મારા સમકાલીન કવિઓ, મારા અનુજ પદ્યકારમિત્રો! આવનારી પેઢીઓ તમને ગર્વથી નીરખશે જ્યારે એમને એ જાણ થશે કે તમે રમેશને સદેહે જોયા છે!)

એમ ધારી લઈએ કે તમે પણ મારી માફક રમેશની બધી જ કવિતાથી વાકેફ છો તો આપણી કેટલીક ફરિયાદો છે.

ગૂંથણી સામે કાન પકડીને ઊઠબેસ કરવાની જ છે અને સહેજ પણ લથડાયું તો ચમ્ચમ્ સોટીઓ પીઠ ઉપર ખાવાની જ છે, અનુમોદન એ વિવેચન નથી એ સમજવાનું જ છે... નરસિંહ કે ગાલિબ કે કબીર ત્યારે જ સમજાય છે, સારા કવિનું આ જ તો અનિવાર્ય લક્ષણ છે. બીજી દલીલ તમારી સાથે છેડું તો સારો કોણ? એ, કે જેણે કેટલીક સારી કવિતાઓ આપી? મારો ઉત્તર 'ના' છે. હકીકતમાં સારો કવિ એ છે કે જેણે ખૂબ ઓછી ખરાબ કવિતા આપી હોય. આ દૃષ્ટિકોણથી છ શતાબ્દીના ગુજરાતી પદ્યના ભાતીગળ ઇતિહાસ ઉપર વિહંગાવલોકન કરીએ તો રમેશ પારેખ નામનો અશ્વ ડર્બી (Derby) જીતવા પર છે. સૌથી ઓછી ખરાબ કવિતાઓ આપી છે રમેશ પારેખે.

*કયા ચક્રવર્તીને તાબે થવા?*
*આ શરણાગતી આપણી નીકળે!*

૧૮-૨૦ વર્ષની ઉંમરે કવિતા લખતા થયા રમેશ પારેખ ૪૪-૪૫ વર્ષ સુધી માત્ર અને માત્ર કવિતા ઊજવતાં જિંદગીનાં દરેક રસમાં રંગાયા. આશ્ચર્યો, દિલ્લગી, જિજ્ઞાસા, પ્રસન્નતા-ઉદાસી, પ્રશ્નાવલિઓ, વિલાસ-શ્રૃંગાર, એકલતા, બહાવરાપણું, દૂરંદેશી, સમત્વ, વૈશ્વિક પારિવારિકતા, સારાઈ, નઠારાપણું, જાતીયતા, આવેગ-ઉદ્વેગ, આકસ્મિક શૈથિલ્ય, અણસમજ અને પુંસક પાંડિત્ય આખી પૃથ્વી ભરીને ઠાલવ્યાં છે એમણે એમની કવિતામાં. અને કિનારા ઉપર દુકાનો સજાવીને બેઠેલા તમાશબીનો એને 'સર્જકતાથી ફાટ ફાટ થતો કવિ' કહીને ગરકાવ થઈ ગયા છે વ્યવસાયમાં.

સૌથી પહેલાં એના ગીતની વાત કરીએ, તો હજુ ગુજરાતે અને ગુજરાતીએ એનાં ભવ્યાતિભવ્ય ગીત તો પરાવર્તિત કર્યાં જ નથી. કેમ કોઈ 'વાચસ્પતિ'એ હજી સુધી 'એક મદારીનું પ્રણયગીત' નથી પકડ્યું? વયમાં આવ્યા પછીનાં નારીજાતિનાં આવેગ-પરિવર્તન-આંતરિક ઘમાસાણ યુદ્ધને સમજાવવા જાતીયતાની યુનિવર્સિટી જેવા 'જાંબુડી હેઠ' શીર્ષકવાલા ગીતનો આશ્રય કેમ નથી લેવાયો? પ્રેમ અનુભવવા કે વ્યક્ત કરવા માટે ભાષા કેટલું નબળું માધ્યમ છે એ સમજાવવા કેમ શિક્ષક-પ્રાધ્યાપક-પંડિતોએ 'શિકારીની બંદૂકમાં ઊગેલાં ગીત'ની પરિક્રમા નથી કરાવી એમના અનુયાયીઓને? આપણી રાષ્ટ્રીય, રાજકીય, સામાજિક અને નૈતિક નપુંસકતાને ઉઘાડેછોગ દેખાડતું 'આપણું રાષ્ટ્રીય, સમૂહગીત અને આ ગીત વિશેનું ટિપ્પણ' કેમ દરેક પ્રસાર અને પ્રચાર માધ્યમ દ્વારા વહેતું નથી કરાયું? એ ડરથી કે લોકજીભે જો એ ચઢશે તો નિકંદનનો નિકાલ કરવાની ફરજ પડશે? અને વેપાર/વટાળવૃત્તિને તાળું લાગશે? માફ કરજો, કદાચ તમે વાંચવા ધારેલાં રમેશ પારેખનાં ગળચટ્ટાં ગોળકેરી જેવાં, ચોકલેટિયાં, પથ્ય, સ્વરાંકનમાં સરળ ઝાકળિયા ભાષાવાળાં ગીતો તમને '૧૦૮ રમેશ પારેખ'માં ન મળે તો અંગત સ્વાર્થ છે મારો, હું તમારા ખભે એવરેસ્ટ ચઢવા માગું છું, અને તમને ત્યાં જમીન વહેંચવા માગું છું.

રમેશ પારેખની સૌથી મોટી વિસંગતતા (ઘર ભજ્ઞીતિય મારા હિસાબે) તો એ છે કે એ ઓળખાયા ગીતસમ્રાટ તરીકે અને એનું સામ્રાજ્ય હતું અછાંદસ કવિતા. અછાંદસના એ સૌથી મોટા કવિ, લાભશંકર જેવા એકાદ અપવાદને બાદ કરતાં અને એમના આ પદ્ય પહેરવેશમાં એ સાવ, બિલકુલ, આયાસપૂર્વક, નોંધાયા વગર પસાર થઈ ગયા. પ્રિયજનની પ્રાપ્તિની પળનું કાવ્ય 'ખલાસીનું ગીત', જગતભરનાં આ ક્ષણ ઝીલતાં શ્રેષ્ઠ કાવ્યોમાં સ્થાન પામે જ પામે, ગુજરાત/ગુજરાતીઓ આટલું જાણે જ જાણે. નરોત્તમોને એ પણ જાણ થાય કે 'લાખા સરખી વારતા' એ નથી વાર્તા કે નથી વીર-કથા, છે તો માત્ર નરવી, નમણી, રાતરાણીની ખુશબૂ જેવી પ્રણય-કવિતા. અને... What the hell it is to be a poetનો જવાબ મેળવવો હોય તો જ તમારે 'આત્મનેપદી' વાંચવી. વાંચ્યા પછી જો ગાત્ર શિથિલ થઈ જાય કે નાડીનાં હલન-ચલનમાં અનિયમિતતા વરતાય કે સૂધબૂધ ખોવાઈ જાય તો એની કોઈ પણ જવાબદારી આ લખનારના શિર પર નથી એવું જાહેર ફરમાન આ સાથે છોડવામાં આવે છે. માત્ર ભદ્રાં પાત્રો ઊભાં કરવાથી કે આખ્યાનકારી આચરવાથી કે સરસ્વતીને નિવેદનો લખવાથી રોગિષ્ટ માનસિકતા મેળવી શકાય છે, અછાંદસ કવિતા નથી લખી શકાતી.

હવે કરીએ રમેશ પારેખની ગઝલોની વાત તો રમેશ છંદ જાળવવામાં થોડાક કાચા અને એમની બેદરકારી કે જેને લઈને એ અમુક છંદમાં નિઃસહાય વરતાય, પણ આ ઉધાર સામે એમના વિચારની દૃષ્ટિએ જે કેટલાક ઉત્તમ શેર આવ્યા એ અદ્વિતીય રહ્યા ગુજરાતી ગઝલમાં. ■

## ફિનલેન્ડ જવું છે?

## લુમિ સફારીસ સૌથી શ્રેષ્ઠ રહેશે



વિશ્વમાં ઘણા દેશ એવા છે કે જ્યાં મોટા ભાગમાં ટ્રાવેલ કંપનીઓ જવાનું કે લઈ જવાનું ટાળતી હોય છે ત્યારે લુમી સફારી'સના માલિક જય શાહ આવાં અઘરાં પણ ખૂબ જ સુંદર ડેસ્ટિનેશન્સ શોધી અને પ્રવાસીઓને ત્યાં લઈ જાય છે. આ બાબત જ લુમી સફારીને બીજા કરતાં અલગ તારવે છે. આવો વાત કરીએ જય શાહ સાથે - શા માટે તેમને આવું કરવું ગમે છે.



**▸ મુંબઈમાં ઘણી ટૂર કંપનીઓ છે, ત્યારે ગ્રાહકે અન્ય કંપનીને છોડીને Lumi Safaris કેમ પસંદ કરવી જોઈએ?**

જવાબઃ અમે પ્રીમિયમ લકઝરી ગ્રૂપ ટૂરના ખ્યાલમાં માનીએ છીએ. ખાસ કરીને અમે Affordable Luxury સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. અમે એવા niche destinations પર ટૂર કરીએ છીએ જ્યાં દરેક પ્રસ્થાન પર સીમિત બેઠકો હોય છે. અમારી ટૂર્સ ₹ 3,00,000 થી શરૂ થાય છે અને ₹ 20,00,000 પ્રતિ વ્યક્તિ સુધી જાય છે. આજ અમને માર્કેટમાં અન્ય ટૂર કંપનીઓથી અલગ બનાવે છે.

**▸ તમે કયા સેક્ટર માટે જાણીતા છો? અન્ય કયા સેક્ટરમાં કામ કરો છો?**

જવાબઃ અમે ખાસ કરીને Finland- Northern Lights Tour માટે જાણીતા છીએ. ૨૦૧૬થી શરૂ થયેલી અમારી સંસ્થાને શરૂઆતથી દર વર્ષે શિયાળામાં Finland માટે ખાતરીદાયક પ્રસ્થાન આપ્યું છે. ઘણાં મહેમાનો નવા સ્થળોની માગ સાથે પાછા આવે છે અને ત્યાર પછી અમે મોરક્કો, એન્ટાર્કટીકા, જમૈકા, કેન્યા, રવાન્ડા- ગોરિલા ટ્રેક જેવી ટૂર્સ શરૂ કરી છે.



**▸ લોકો ફિનલેન્ડ કેમ જાય છે? અન્ય પ્રવૃત્તિઓ કઈ છે? તમે કેટલાં કવર કરો છો?**

જવાબઃ લગભગ ૯૯% મહેમાનો ફિનલેન્ડ નોર્ધન લાઈટસ માટે જાય છે. તેમ છતાં અન્ય અનેક પ્રવૃત્તિઓ છે જેમ કેઃ હસ્કી રાઈડ રેન્ડીયર સ્લેજ, સ્નો મોબાઈલ સફારી, સાન્તા કલોઝ વિલેજ, આઈસ હોટલ, આઈસબ્રેકર ક્રૂઝ ઈ. વગેરે અમે આ બધું કવર કરીએ છીએ.

**▸ ફિનલેન્ડ જવાની શ્રેષ્ઠ સિઝન કઈ છે? કેમ?**

જવાબઃ ફિનલેન્ડ જવાનો શ્રેષ્ઠ સમય છે ડિસેમ્બરથી માર્ચ વચ્ચેનો, પણ અમે જાન્યુ/ ફેબ્રુઆરી/ માર્ચમાં પણ એ જ પેકેજ, એ જ ઈનક્લુઝન સાથે ઓફર કરીએ છીએ. ડિસેમ્બરમાં ખર્ચ વધુ હોય છે, કારણ કે એ પીક સિઝન હોય છે.

**▸ શું લોકો ખરેખર સાન્તાને મળીને ફોટા પાડી શકે છે?**

જવાબઃ હા, Rovaniemi એ Santa Clausનું અધિકૃત ઘર છે અને ત્યાં તમે ખરેખર Santaને મળો છો અને ફોટા પાડો છો. જો તમે લુમિ સફારીસ સાથે ટૂર બુક કરો તો માત્ર મળવું નહીં, પણ ખાનગી ડિનર તારીખ પણ હોય છે Santa સાથે!

**▸ Icebreaker Cruise શું છે?**

જવાબઃ Icebreaker Cruise એ એક અનોખી અનુભવવાળી યાત્રા છે, જ્યાં ખાસ બરફ તોડીને ચાલતી શિપમાં પોલાર રીજનમાં ફરવાનું મળે છે. આ ક્રૂઝમાં તમે આ શિપની શક્તિનો અનુભવ કરો છો અને Survival Suit પહેરીને બરફીલા પાણીમાં તરવાનું પણ ટ્રાય કરી શકો છો.



# કરસન ઘાવરી - ભારતના ગારફિલ્ડ સોબર્સ



ખેલકૂદ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જે ગુજરાતીઓ ગાજ્યા છે, ઝળક્યા છે એમાં મૂળ સૌરાષ્ટ્રના કરસન ઘાવરીનું નામ આદર સાથે લેવામાં આવે છે. 'કડુભાઈ'ના લાડકા નામથી ઓળખાતા કરસન દેવજીભાઈ ઘાવરી મૂળ બપોરે ઊંઘી જવાની ખ્યાતિ ધરાવતા રાજકોટના, પણ ક્રિકેટના મેદાન પર પોતાની કામગીરીથી તેમણે પ્રતિસ્પર્ધી ટીમના ખેલાડીઓની ઊંઘ અનેકવાર ઉડાડી દીધી છે. ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં સ્પિન ચોકડી (પ્રસન્ના, ચંદ્રશેખર, બેદી અને વેંકટરાઘવન)નો પ્રભાવ ઓસરી રહ્યો હતો અને કપિલદેવના ઉદયને હજી વાર હતી ત્યારે કરસન ઘાવરીએ ભારતીય ટીમના ફાસ્ટ અને સ્પિન એમ બંને બૉલિંગમાં મોરચો સંભાળી મહત્ત્વનું યોગદાન આપ્યું. ૧૯૭૪થી ૧૯૮૧ દરમિયાન બંને પ્રકારની બૉલિંગમાં તેમ જ એક બૅટ્સમૅન અને સારા ફિલ્ડર તરીકે ફરજ બજાવી એક 'યુટિલિટી ક્રિકેટર' ઉપયોગિતા પુરવાર કરનારા અનોખા ઑલ-રાઉન્ડર ક્રિકેટર સાબિત થયા હતા. ટેસ્ટ ક્રિકેટનાં ૧૪૮ વર્ષના ઇતિહાસમાં ફાસ્ટ બૉલિંગ, સ્પિન બૉલિંગ કરવા ઉપરાંત એક બૅટ્સમૅન તરીકે પણ યોગદાન આપનારા ક્રિકેટરોની ગણતરી માટે બે આંગળીનાં વેઢાં પણ વધી પડે એવી પરિસ્થિતિ છે. સૌથી પહેલું અને ગંજાવર નામ છે વેસ્ટ ઈન્ડિઝના જ નહીં, વિશ્વ ક્રિકેટના મહાન ઑલરાઉન્ડર ગારફિલ્ડ સોબર્સનું. ક્રિકેટના મેદાન પર રાજકોટવાસીએ વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ કર્ણધાર જેવી કામગીરી બજાવી છે.

ઘણીવાર આંકડાથી વ્યક્તિની પ્રતિભાનું, એના યોગદાનનું સાચું માપ નથી નીકળતું. કરસનભાઈની કારકિર્દીની આંકડાકીય માહિતી એનું સચોટ ઉદાહરણ છે. ૩૯ ટેસ્ટમાં ૨૧.૨૩ની સરેરાશ સાથે ૯૧૩ રન અને ૩૩.૫૪ની એવરેજ સાથે ૧૦૯ વિકેટ પ્રથમ દૃષ્ટિએ સાવ સામાન્ય કામગીરી લાગે, પણ ઘાવરીનું મૂલ્યાંકન આંકડા પરથી કરવું એ એમની સાથે અન્યાય કરવા બરાબર છે. ઈકરિયરમાં તેમનાં એવાં કેટલાંક બેમિસાલ પરફૉર્મન્સ છે જે જાણ્યા પછી 'વાહ કડુભાઈ' એમ કહ્યા વિના તમે નહીં રહી શકો.

૧૯૮૧માં મેલબોર્નમાં ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ત્રીજી ટેસ્ટ મૅચ એનું ઊજળું ઉદાહરણ છે. કાંગારૂ ટીમને વિજય માટે ફક્ત ૧૪૨ રનની જરૂર હતી. ટીમમાં ગ્રેગ ચેપલ, ડગ વોલ્ટર્સ, એલન બોર્ડર, કિમ હ્યુજ જેવા મહારત ધરાવતા બૅટ્સમૅનો હોવાથી જીત મેળવવી ઑસ્ટ્રેલિયા માટે ડાબા હાથનો ખેલ હતો, પણ ડાબા હાથના ખેલાડી ઘાવરીના બે બૉલથી બાજી એવી પલટાઈ ગઈ કે અસંભવ લાગતો ભારતીય વિજય હકીકત બની ગયો.■

# ચેતેશ્વર પૂજારા - તલવારના જમાનામાં ઢાલ



ચેતેશ્વર પૂજારાને જો જલદી આઉટ ન કરી શક્યા તો તમારું આવી બન્યું સમજો. નહીંતર એ બે-ત્રણ દિવસ બૅટિંગ કર્યા જ કરશે અને પ્રતિસ્પર્ધી ટીમના ખેલાડીઓએ ફિલ્ડિંગમાં દોડાદોડ કરતાં રહેવું પડશે એવું અમને કહેવામાં આવ્યું હતું.' આ શબ્દો છે ભારતીય ક્રિકેટના ઉજ્જ્વળ સિતારા રોહિત શર્માના.

રોહિત જ્યારે અંડર ૧૪ ટુર્નામેન્ટમાં રમતો હતો એ સમયની આ વાત છે. મતલબ કે 'હું બૅટિંગ નહીં છોડું' એ એટિટ્યુડ કિશોરાવસ્થામાં જ પૂજારામાં નજરે પડ્યો હતો. સમય જતાં એ જ એની ઓળખ બની ગયો.

સૌરાષ્ટ્રના જૂજ ક્રિકેટરો આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી શક્યા છે. અલબત્ત એ નાનકડી યાદીમાં ચેતેશ્વર પૂજારાનું નામ સન્માનપૂર્વક લેવાય છે. ચેતેશ્વર પૂજારા એટલે ખાસ ટેસ્ટ ક્રિકેટ રમવા માટે જન્મેલો ક્રિકેટર.

એક એવો ક્રિકેટર જેની પાસે ટેક્નિક અને ટેમ્પરામેન્ટ ટેસ્ટ ક્રિકેટને અનુરૂપ જોવા મળ્યાં છે. ટી-ટવેન્ટીના મશીનગન ચલાવી મારફાડ કરવાના યુગમાં રક્ષણાત્મક રવૈયો અપનાવી રમવામાં માનતો ક્રિકેટર. સામી ટીમના બૉલરોને થકવી નાખી પછી એમની પરેશાનીનો લાભ ઉઠાવી પ્રસન્નચિત્ત થઈ રનના ઢગલા કરી પૂજારાએ સફળતા મેળવી છે.

બૉલ હવામાં ઊછળીને મારવાને બદલે જમીન સરસો બાઉન્ડરી લાઈન પાર કરી જંગી સ્કોર ખડો કરવાને તેણે કાયમ પ્રાધાન્ય આપ્યું. આજના યુગમાં બિગ હિટ માટે ભરાવદાર બાવડાંને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે, જ્યારે ચેતેશ્વર પૂજારાની ફિટનેસ લાંબો કાળ પીચ પર ટકી બિગ ઈનિંગ્સ રમવા માટેની છે. ટૂંકમાં બૅટને તલવારની જેમ ચલાવવાના યુગમાં પૂજારા એનો ઢાલની જેમ પહેલાં ઉપયોગ કરે છે.

ચેતેશ્વર પૂજારાના પિતાશ્રી અરવિંદ પૂજારા પણ ક્રિકેટર હતા, અલબત્ત રણજી ટ્રૉફી સ્પર્ધા સુધી તેમનો સહભાગ સીમિત હતો. પુત્રનાં લક્ષણ પારણામાં એ કહેવતને સાર્થક કરતો હોય એમ ચેતેશ્વરે કિશોરાવસ્થા દરમિયાન જ પિતાનો વારસો આગળ ધપાવશે એનાં એંધાણ આપી દીધાં હતાં. અંડર ૧૪ સ્પર્ધામાં ટ્રિપલ સેન્ચુરી ફટકારી જે વામનના વિરાટ પગલાંની અગમચેતી હતી. આ સંદર્ભમાં રોહિત શર્માએ કહેલો કિસ્સો જાણવા જેવો છે. 'મારી મમ્મીએ મને એકવાર કહ્યું હતું કે તું ઘરેથી રમવા જાય છે ત્યારે ફ્રેશ હોય છે, એકદમ આનંદમાં હોય છે, પણ પાછો ફરે છે ત્યારે તારો ચહેરો નિસ્તેજ હોય છે અને થાકેલોપાકેલો લાગે છે. એનું કારણ શું છે? મેં જવાબ આપ્યો કે મમ્મી વાત એમ છે કે ચેતેશ્વર પૂજારા નામનો એક ક્રિકેટર છે જે ત્રણ ત્રણ દિવસ બૅટિંગ જ કર્યા કરે અને એટલો લાંબો સમય અમારે મેદાન પર સતત ભાગદોડ કરવી પડે. થકવી નાખે છે અમને આ ક્રિકેટર' રોહિત શર્માની આ કબૂલાત પૂજારાની બૅટ હાથમાં લીધા પછી નહીં છોડું વૃત્તિ પર સારો પ્રકાશ પાડે છે. અંડર ૧૯ સ્પર્ધામાં ઇંગ્લૅન્ડ સામે ડબલ સેન્ચુરી ફટકારી પૂજારાએ વિદેશી આક્રમણ સામે પણ વિરાટ પગલાંની ચેતવણી આપી દીધી હતી.

તેજના લિસોટા જેવી ધમાકેદાર શરૂઆત કરી હોવા છતાં રણજી સ્પર્ધામાં પૂજારાએ કરેલા રનના ખડકલાની હાંસી ઉડાવવામાં આવી હતી. એનું કારણ એવું હતું કે એની મોટા ભાગની મોટી ઈનિંગ્સ સૌરાષ્ટ્રમાં અને વિશેષ કરીને રાજકોટમાં રમાઈ હતી. સૌરાષ્ટ્રની પીચ બૅટ્સમૅનોના સ્વર્ગ સમી ગણાતી હોવાથી એનું મૂલ્ય ઓછું આંકવામાં આવ્યું હતું. દલપતરામની પેલી કવિતાની જેમ કે 'પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં કારીગરી? સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે' જેવી ટીકા કરવામાં આવી હતી. એટલે જ કદાચ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટથી ટેસ્ટ ક્રિકેટમાં એન્ટ્રી લેવા તેણે છ વર્ષ રાહ જોવી પડી હતી.

પહેલી જ ટેસ્ટના પહેલા દાવમાં માત્ર ચાર રન કરી આઉટ થયા પછી બીજા દાવમાં રાહુલ દ્રવિડને બદલે ત્રીજા નંબરે આવી ૭૨ રનની શાનદાર ઈનિંગ્સ રમ્યો, જેણે ભારતના આસાન વિજયનો પાયો નાખ્યો. ચેતેશ્વર પૂજારાની હાંસી ઊડતી અટકી ગઈ અને એની રમત માટે આદર વધ્યો.

અલબત્ત તલવારની જેમ બૅટ વીંઝવાના સમયમાં પૂજારાની પહેલાં ઢાલ ધરવાની અને પછી બૅટ ચલાવવાનું એ સ્ટાઈલ ફિટ નહોતી બેસી રહી. કબૂલ સૌરાષ્ટ્રનું હીર વિકટ પરિસ્થિતિમાં ઢાલ બની ભારતને મુશ્કેલીમાંથી ઉગારવામાં સફળ રહ્યું છે, પણ બૅટની બદલે બૉડીને પ્રાધાન્ય આપવાની શૈલી આજે આઉટડેટેડ ગણાય છે. ૨૦૧૮-૧૯માં ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ ૪ ટેસ્ટના સિરીઝ વિજયમાં ત્રણ સેન્ચુરી પૂજારાની કરિયરનું એવરેસ્ટ હતું. ■






# આશિષ ચૌહાણ - બોલ્ટ ટ્રેડિંગના પ્રણેતા



શ્રી આશિષકુમાર ચૌહાણ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઑફ ઇન્ડિયા (એનએસઈ)ના એમડી-સીઈઓ છે. આઇઆઇટી બૉમ્બે અને આઇઆઇટી કલકત્તાના પદવીધારી આશિષભાઈ ટેક્નોક્રેટ તરીકે જાણીતા છે. એનએસઈની સ્થાપના થઈ એ અરસામાં કાર્યરત પ્રથમ ટીમમાં પણ એમણે અનેક કામગીરીઓ બજાવી હતી.

આશિષભાઈએ ભારતમાં સ્ક્રીન આધારિત ટ્રેડિંગ માટેનું તંત્ર સ્થાપવામાં સિંહફાળો આપ્યો છે. એ ઉપરાંત મોબાઈલ ટ્રેડિંગ, એક્સચેન્જો મારફતે મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુશન, એસએમઈ કંપનીઓને મૂડી ઊભી કરવા માટે માર્કેટ પૂરી પાડવી, સેટેલાઇટ દ્વારા દૂરસંદેશવ્યવહાર, નિફ્ટી ઇન્ડેક્સની રચના, ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ તથા ભારતીય શૅરબજારમાં આધુનિક વિકાસની સંખ્યાબંધ પહેલ કરવી એ બધાં કાર્યોનું શ્રેય પણ એમને જાય છે. તેઓ ભારતમાં આધુનિક ફાઇનાન્શિયલ ડેરિવેટિવ્ઝના જનક ગણાય છે.

સ્ટોક એક્સચેન્જને પ્રથમ હરોળનું નિયમનકાર કહેવાય છે. એ દૃષ્ટિએ એનએસઈના વડા તરીકે આશિષભાઈ એ જવાબદારી પણ સુપેરે નિભાવી રહ્યા છે. વિશ્વનાં અન્ય એક્સચેન્જોની તુલનાએ આ જવાબદારી ઘણી મોટી છે.

આજે એનએસઈ રોજિંદા ધોરણે ઑર્ડર અને સોદાઓ એ બન્નેની દૃષ્ટિએ વિશ્વનું સૌથી મોટું એક્સચેન્જ ગણાય છે. એનએસઈ આઇએફએસસી (ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસ સેન્ટર)ની સફળતામાં આશિષભાઈનો મોટો ફાળો છે. એ ઉપરાંત, ભારતના અમૃત કાળ માટે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાખેલા ધ્યેયને અનુરૂપ છે એવા તથા ભારતીય નાણાકીય બજારોમાં અગત્યનું સ્થાન ધરાવે છે એવા એસજીએક્સ નિફ્ટીને 'ગિફ્ટ આઇએફએસસી'માં લઈ આવવામાં પણ એમણે યોગદાન આપ્યું છે. સોશિયલ સ્ટોક એક્સચેન્જની સ્થાપનામાં પણ એમણે અમૂલ્ય ભૂમિકા ભજવી છે.

આશિષભાઈ વર્ષ ૨૦૨૨માં એનએસઈમાં જોડાયા એની પહેલાં ૧૦ વર્ષ સુધી બૉમ્બે સ્ટોક એક્સચેન્જના એમડી-સીઈઓ હતા. તેઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સભ્ય, યુનિવર્સિટી ઑફ અલાહાબાદના ચાન્સેલર તથા આઇઆઇએમ કલકત્તા સહિતની અનેક નામાંકિત સંસ્થાઓના બોર્ડના સભ્ય છે. તેઓ યુનાઇટેડ કિંગડમની નોટિંગહામ યુનિવર્સિટી તથા કેનેડાની ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટીના શિક્ષક પણ છે. એમણે રિલાયન્સ ગ્રુપમાં ગ્રુપ ચીફ ઇન્ફર્મેશન ઑફિસર તરીકે કામ કરવા ઉપરાંત મુંબઈ ઇન્ડિયન્સની આઇપીએલ ક્રિકેટ ટીમ જ્યારે નવી હતી ત્યારે એના સીઈઓ તરીકે પણ નોંધનીય કામગીરી બજાવી હતી.

'સ્થિતપ્રજ્ઞ: સમત્વની દિશામાં પ્રયાણ' શીર્ષક હેઠળ પ્રકાશિત પુસ્તક આશિષભાઈનાં જીવન-કવન પર આધારિત છે. એમને દેશ-વિદેશમાં સંખ્યાબંધ પુરસ્કારો પ્રાપ્ત થયાં છે, જેમાં ૨૦૨૪માં મળેલો સીઈઓ મંથલીનો મોસ્ટ ઇન્ફ્લુઅન્શિયલ સીઈઓ અવોર્ડ, ૨૦૨૩માં ગ્લોબલ કસ્ટોડિયન પાસેથી સિંગાપોરમાં પ્રાપ્ત થયેલો લાઈફટાઈમ અચિવમેન્ટ અવોર્ડ, ૨૦૧૯નો ડિજિટલ આઇકન ઑફ ધ યર ખિતાબ તથા ૨૦૧૪નો એશિયન બૅન્કર દ્વારા એનાયત કરાયેલા 'બેસ્ટ સીઈઓ ઇન ધ ફાઇનાન્શિયલ માર્કેટ્સ ઇન ધ એશિયા પેસિફિક' ખિતાબનો સમાવેશ થાય છે. ૨૦૦૯માં અમેરિકામાં ઇન્ફર્મેશન વીક દ્વારા જાહેર કરાયેલી ટોચના ૫૦ સીઆઇઓની યાદીમાં એમને સ્થાન મળ્યું હતું. વર્ષ ૨૦૦૭માં સીટીઓ મૅગેઝિન તરફથી ઇસ્તંબુલમાં ઇન્ફર્મેશન ટેક્નોલૉજી ક્ષેત્રના લાઈફટાઈમ અચિવમેન્ટ અવોર્ડ સહિતનાં અનેક પુરસ્કારોથી આશિષભાઈને સન્માનિત કરવામાં આવ્યા છે. ■

# અજય શેઠ - એક પ્રશ્નથી બન્યા દાનવીર



જીવનમાં એક સમય એવો આવે છે જ્યારે વ્યક્તિ પૈસા, પ્રતિષ્ઠા અને ભૌતિક સુખો પાછળ દોડતાં થાકી જાય છે. 'આ બધું મેળવી લીધાં પછી શું? અઢળક રૂપિયા કમાઈ લીધાં પછી શું?' આવા એક જ પ્રશ્નએ જાણીતા ઉદ્યોગસાહસિક અજય શેઠના જીવનને સંપૂર્ણપણે બદલી નાખ્યું. જે અજય શેઠ ૫૧ વર્ષ સુધી 'પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ'ની કહેવતમાં માનતા હતા, તેઓ આજે 'દાનવીર અજય શેઠ' તરીકે ઓળખાય છે. તેમની આ પરિવર્તનની યાત્રા ખરેખર પ્રેરણાદાયક છે.

અજયભાઈ શેઠ, ભારતીય મૂડીબજારમાં ૩૮ વર્ષથી વધુના અનુભવ સાથે એક પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ છે. એક કૉમર્સ ગ્રેજ્યુએટ અને કૉસ્ટ અકાઉન્ટન્ટ તરીકે, તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત પ્રોક્ટર એન્ડ ગેમ્બલ અને રોશ પ્રોડક્ટ્સ જેવી બહુરાષ્ટ્રીય કંપનીઓ સાથે કરી હતી. ૧૯૮૭માં, શૅરબજારનાં ચક્રો પ્રત્યેની તેમની રુચિએ તેમને ક્વેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર્સ પ્રાઇવેટ લિમિટેડની સ્થાપના કરવા પ્રેર્યા. તેમની વ્યવસાયી સફળતા તેમને ઊંચાઈઓ પર લઈ ગઈ, પરંતુ તેમના જીવનમાં એક ઊંડી શોધ ચાલી રહી હતી.

અજયભાઈ એક પ્રખર વાચક છે. તેમના ઘરે હજારો પુસ્તકો સાથેની એક વિશાળ લાઈબ્રેરી છે. તેઓ વાંચનને એક પ્રકારનો સત્સંગ ગણાવે છે, જેણે તેમના વ્યક્તિત્વનિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. 'મુંબઈ સમાચાર' સાથેની એક ખાસ મુલાકાતમાં, તેઓ કોઈ પણ સંકોચ વિના સ્વીકારે છે કે જો તમે ૫૧ વર્ષ પહેલાંના અજય વિશે પૂછો, તો તેઓ પૈસા પાછળ દોડનારા, અત્યંત ગુસ્સેલ અને લોભી અજય તરીકે ઓળખાવામાં જરા પણ ખચકાટ અનુભવતા નથી, પરંતુ તેમના જીવનમાં આવેલા આ પરિવર્તનનો શ્રેય તેઓ મા સ્વામીને આપે છે.

યોગાભ્યાસ અને ધ્યાન સાધનાએ તેમના જીવનમાં આમૂલ પરિવર્તન લાવ્યું છે, જેના કારણે તેઓ એક શાંતિપૂર્ણ અને સંતુષ્ટ વ્યક્તિ બન્યા છે.

અજયભાઈએ ૨૦૦૮માં Quest Foundationની સ્થાપના કરી. આ એક રજિસ્ટર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ છે, જે શિક્ષણ, આરોગ્યસેવા અને રોજગારી સર્જનમાં સકારાત્મક અને નક્કર ફેરફાર લાવવાનો પ્રયત્ન કરે છે. તેમની સામાજિક પ્રતિબદ્ધતાનું શ્રેષ્ઠ ઉદાહરણ એ છે કે અજયભાઈએ તેમના નફાની ૧૦૦% હિસ્સેદારી ફાઉન્ડેશનને આપવાનો સંકલ્પ કર્યો છે. આ નિર્ણય દર્શાવે છે કે તેમના માટે પૈસા કમાવવા કરતાં તેનો સમાજ કલ્યાણમાં ઉપયોગ કરવો વધુ મહત્ત્વપૂર્ણ છે.

અજયભાઈ Effortless Choiceless Awareness (પ્રયાસરહિત નિર્વિકલ્પ સજાગતા)ના સાધક પણ છે. તેમણે વર્તમાન પળમાં સંપૂર્ણ રીતે જીવવાની કળા સિદ્ધ કરી છે  ખુલ્લા હૃદય અને મનથી જીવન અપનાવવું, અહંકાર અને મોહબંધનોથી મુક્ત રહેવું.

તેઓ પ્રેમભરી અને શાંતિમય ઊર્જા પ્રસારે છે, જે તેમની આસપાસના લોકોને તેમની પોતાની જાગૃતિની યાત્રા તરફ પ્રેરણા આપે છે. Quest Foundationના ટ્રસ્ટી અને 'મા સ્વામી ની પ્રેરણા' માસિકના પ્રકાશક અને સંપાદક તરીકે, અજયભાઈ શેઠ સતત બીજાની સેવા અને વિશ્વમાં સકારાત્મક અસર માટે કાર્યરત છે.

'મુંબઈ સમાચાર' દ્વારા '૫૧ ગુજરાતી'ની યાદીમાં પોતાનો સમાવેશ થવા બદલ અજયભાઈએ 'મુંબઈ સમાચાર'નો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે 'મુંબઈ સમાચાર'ને ૨૦૩ વર્ષ પૂર્ણ થવા બદલ અને ૨૦૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ અઢળક શુભેચ્છાઓ પણ પાઠવી હતી. અજય શેઠની આ યાત્રા ખરેખર અનુકરણીય છે, જે દર્શાવે છે કે સાચી સમૃદ્ધિ માત્ર પૈસા કમાવામાં નથી, પરંતુ તેનો સદુપયોગ કરીને સમાજને પાછું આપવામાં છે. ■

# પરાગ શાહ - પરમાર્થનો પમરાટ



વિધાનસભ્ય સફળ ઉદ્યોગપતિ અને રાત-દિવસ નિઃસ્વાર્થભાવે લોકસેવા માટે ખડેપગે રહેતા સમાજસેવક. આ છે ઘાટકોપરના વિધાનસભ્ય પરાગભાઈ શાહની ઓળખ.

જનસેવા તો ખરું જ પણ સાથે-સાથે દેશની વધુ ને વધુ સેવા કરવી અને રાષ્ટ્રની ઉન્નતિ માટે માનનીય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન હેઠળ સ્વયંની સૂઝ અને શક્તિનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગ કરવો એ છે પરાગભાઈ શાહનો જીવન-મંત્ર.

પરાગભાઈએ ભણતર પૂરું કર્યા બાદ તેમના ફૅમિલીના કન્સ્ટ્રક્શન બિઝનેસમાં જોડાયા અને મંડાણ થયા સફળ કારકિર્દીના. સાહસ, વ્યાપારકુશળતા અને દીર્ઘદૃષ્ટિના કારણે સફળતાના એક પછી એક સોપાનો ચડતાં ગયાં અને બિઝનેસને એક નવી ઊંચાઈએ લઈ ગયા અને તેમને મન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની સ્થાપના કરી અને એને પણ એક નવી ઊંચાઈએ લઈ ગયા.

અનુકંપા અને પરમાર્થની ભાવના તો એમના હૃદયમાં હતી જ, પણ જીવન સફરમાં સાક્ષાત્કાર થયો ગુરુનો અને એ છે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ.આ સાથે જ તેમની આ પરમાર્થ ભાવનાને સુયોગ્ય દિશા અને દૃષ્ટિ મળ્યાં એમનાં પરમાર્થનાં સદ્કાર્યોની શૃંખલા દિનપ્રતિદિન વધવા લાગી. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના તેઓ અનન્ય ગુરુભક્ત છે.

અત્યારે તેઓ અનેક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ સાથે સદ્ભાવનાથી જોડાયેલા છે. અનેક એનજીઓ અને ચેરિટેબલ સંસ્થાઓમાં તેઓ ટ્રસ્ટી છે.

એક સફળ બિઝનેસમૅનની સાથોસાથ તેમણે સમાજ માટેના પણ પોતાના કર્તવ્યને સમજતાં તેમણે અનેક માનવતાનાં કાર્યો કર્યાં. ૨૦૧૭માં બીજેપીના ઉમેદવાર તરીકે તેઓ ઘાટકોપર ઈસ્ટમાં વોર્ડ ક્રમાંક: ૧૩૨ના નગરસેવક તરીકે ચૂંટાયા. સમાજ માટે કંઈ સારું કરવું અને લોકસેવાની ભાવનાના કારણે ફક્ત બે વર્ષ બાદ ૨૦૧૯માં ભાજપમાંથી જ તેઓ વિધાનસભાના ઉમેદવાર બન્યા અને એક રેકોર્ડ માર્જિનથી જીત મેળવી.

પરાગભાઈ એમની નિઃસ્વાર્થ સેવા અને રાષ્ટ્રપ્રેમના કારણે વિસ્તારક કન્વીનર ઑફ મુંબઈ, બીજેપી માટે નોમિનેટ થયા અને જોઈન્ટ એડહોક કમિટી ઑન એન્વાયર્મેન્ટલ ચેન્જ માટે નિમણૂક થયા, જે નિષ્ઠા અને સાહસિકતાનું દર્શન કરાવે છે.

ઘાટકોપરના ગારોડિયા નગરમાં છેલ્લા ત્રણ દાયકાથી અટકેલાં કેટકેટલાંય કાર્યો પરાગભાઈ શાહના નેતૃત્વ હેઠળ પૂરાં થયાં. રોડ હોય, ડ્રેનેજ સિસ્ટમ હોય કે પછી હોય ઇન્ફ્રાસ્ટ્રક્ટરનાં કામ તેમણે અથાગ પ્રયત્નોથી તેને પારક પાડ્યાં અને લોકોના હૃદયમાં મજબૂત સ્થાન બનાવ્યું.

સદીની સૌથી મોટી મહામારી 'કોરોના'માં પરાગભાઈએ કરેલાં કાર્યો અને માનવ સેવા હજી સુધી ઘાટકોપરના ખૂણેખૂણામાં મહેકે છે.કોરોનાના વિકટ સમયમાં જ્યારે હૉસ્પિટલમાં દર્દીઓએ લાંબી લાંબી લાઈન લગાવી પડતી હતી ત્યારે પરાગભાઈએ ગુરુકૃપાથી ધર્મ અને સાધના સંકુલ પારસધામ ઘાટકોપર અને પાવનધામ-કાંદિવલી સાથે લાયન્સ કોમ્યુનિટી હોલ અને રામજી આશર સ્કૂલને આઇસોલેશન સેન્ટરમાં કન્વર્ટ કરાવ્યાં હતાં. અહીં રાહતદરે દર્દીઓને દરેક પ્રકારની સહાય પૂરી પડાઈ હતી. તેમણે એકલા ઘાટકોપરમાં જ ૭૨ જેટલાં મેડિકલ કેમ્પનું આયોજન કર્યું હતું. તેમણે ૩૦,૦૦૦થી વધુ ગ્રોસરી કિટ્સનું જરૂરિયાતમંદોમાં વિતરણ ક્રાવ્યું. આટલું જ નહીં હજારો ભૂખ્યાને ભોજન અર્પણ કર્યું. ૩૫૦૦ પીપીઈ કીટ, ૭ લાખ માસ્ક અને સાત લાખ સેનિટાઇઝર બોટલનું વિતરણ તેમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કોરોનાથી પ્રોટેક્શન મેળવવા વેક્સિનેશન સેન્ટર શરૂ કરી હજારો લોકોને વૅક્સિન અપાવી હતી. આવી અનેક સહાય દ્વારા એમણે કોરોનાના કપરા કાળમાં દેશની સેવામાં પોતાનું મહત્ત્વનું યોગદાન અર્પણ કરી દેશભક્તિનો ઉત્તમ દાખલો બેસાડ્યો હતો.

કરોડો હિન્દુઓના મનમાં વસેલા અયોધ્યાના રામમંદિરના નિર્માણકાર્યમાં રૂા. એક કરોડ એકવીસ લાખ (રૂ. ૧,૨૧,૦૦,૦૦૦) તેમણે અર્પણ કર્યા હતા.

મેડિકલ ક્ષેત્રમાં તેમનું યોગદાન અમૂલ્ય છે. આજના સમયમાં જ્યારે બીમારીને કારણે સામાન્ય લોકોની ઉપર શું વીતે છે એ સૌ જાણે છે એવામાં લોકોને વધારે ના ખેંચાવું પડે એના માટે પરાગભાઈએ ૨૮ મશીનવાળું ડાયાલિસિસ સેન્ટર શરૂ કરાવ્યું છે અને એ ૨૪ કલાક કામ કરે છે. આ ઉપરાંત તેમણે બ્લડ બૅન્ક વિથ ૧૦ બેડ ચાલુ કરાવી જ્યાં દરરોજ ૨૦૦ પેશન્ટને બ્લડ ચઢાવવામાં આવે છે. ૪૦૦૦ સ્કે. ફૂટમાં પથરાયેલું થેલેસિમિયા સેન્ટર પણ તેમના નેજા હેઠળ કાર્યરત છે. વિદ્યાર્થીઓ માટે કમ્ફર્ટેબલ એસી સ્ટડી રૂમ જ્યાં દરરોજના ૩૦૦થી વધારે વિદ્યાર્થીઓ પ્રસન્નતાપૂર્વક અભ્યાસ કરે છે.

ટૂંકમાં કહીએ તો પરાગભાઈ એટલે પરમાર્થનું બીજું નામ! ■

# રવીન્દ્ર જાડેજા - પરાક્રમ તારું પરકાશ જાડેજા



એક સમય હતો સૌરાષ્ટ્રના બાપુની હાક વાગતી. એ આવતા હોય ત્યારે સોપો પડી જતો. એનાં વેણ આખરી શબ્દ કહેવાય જે કોઈદી ખોટાં ન પડે, ભલે જીવ જાય. આજે નથી રહ્યાં રજવાડાં કે નથી રહ્યા મૂછે તાવ દેતા બાપુ, પણ છેલ્લાં ૧૫ વર્ષથી ક્રિકેટના મેદાન પર એક બાપુની હાક વાગી રહી છે.

એ બાપુ પાસે બૉલ જાય ત્યારે બૅટ્સમૅન રન લેતાં પહેલાં બેવાર વિચાર કરે છે, કારણ કે મેદાનના કોઈ પણ ખૂણેથી તેણે થ્રો કરેલા બૉલને ફક્ત અને ફક્ત સ્ટમ્પ દેખાય છે અને આસાન રન સમજતો બૅટ્સમૅન રન આઉટ થઈ જાય. એનું બૅટ તલવારની જેમ વીંઝાય ત્યારે હરીફ ટીમના કોઈ પણ બૉલરને પરસેવો છૂટી જાય છે. બાપુ બૉલિંગ કરવા આવે ત્યારે બૉલ સીધો આવશે કે વળીને બહાર નીકળી જશે એ અસમંજસમાં બૅટ્સમૅનના ડાંડિયા ડૂલ થઈ જાય છે. એ બાપુ એટલે આપણા જામનગરવાસી રવીન્દ્રસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા. સૌરાષ્ટ્રના રાજવી સાંસતિયા કાઠીની પત્ની તોરલને લઈ ગયા બાદ બહારવટિયા જેસલને તોરલ સંભળાવે છે કે 'પાપ તારું પરકાશ જાડેજા! ધરમ તારો સંભાળ રે'. ક્રિકેટના મેદાન પર જાડેજાની બૅટિંગ કરતો હોય, બૉલિંગ નાખતો હોય કે બૅટ્સમૅને ફટકારેલા શોટ તરફ ચીલઝડપે દોડતો હોય, પ્રતિસ્પર્ધી ટીમ માટે તો 'પરાક્રમ તારું પરકાશ જાડેજા, વિકેટ એની ઉડાવ રે'નો જ મેદાનમાં ગુંજારવ હોય.

આંકડા ઘણીવાર આભાસી ચિત્ર ઊભું કરતા હોય છે. રવીન્દ્ર જાડેજાની કારકિર્દીની આંકડાકીય માહિતી પર નજર નાખશો તો આ વાત સુપેરે સમજાઈ જશે. એના બૅટિંગ સ્ટેટિસ્ટિક્સ કહે છે કે ઈંગ્લૅન્ડ વિરુદ્ધની પ્રથમ ટેસ્ટ સહિત ૮૧ ટેસ્ટમાં બાપુએ ૩૪.૭૫ની એવરેજ સાથે ૩૪૦૬ રન કર્યા છે. માત્ર આ જાણકારી અનુસાર જાડેજા સામાન્ય બૅટ્સમૅન લાગે, પણ એક મિનિટ થોભો અને ૨૦૨૨ની શ્રીલંકા વિરુદ્ધની ટેસ્ટ યાદ કરો. ૨૨૮ રનમાં પાંચ વિકેટ પડી ગયા જેવા સામાન્ય સ્કોર પછી બાપુ મેદાનમાં ઊતર્યા. રિષભ પંત સાથે ૧૦૪ રનની અને ત્યાર બાદ રવીચંદ્ર અશ્વિન સાથે ૧૩૦ રનની અને મોહમ્મદ શમી સાથે નવમી વિકેટની ભાગીદારીમાં ૧૦૩ રન કરી ભારતીય ટીમનો સ્કોર આઠ વિકેટે ડિક્લેર્ડ ૫૭૪ પર પહોંચાડી દીધો અને એ દરમિયાન જાડેજાએ ૧૭૫ રન પોતાના ખાતામાં જમા કરી દીધા. જવાબમાં શ્રીલંકાના બંને દાવ અનુક્રમે ૧૭૪ અને ૧૭૮ પર સમેટાઈ ગયા અને ભારતીય ટીમનો એક ઈનિંગ્સ અને ૨૨૨ રનથી શાનદાર વિજય થયો. આ એક ઊજળું પર્ફોર્મન્સ આંકડામાં પ્રતિબિંબિત થાય છે ખરું? બીજું ઉદાહરણ જોઈએ જેમાં ઑલ રાઉન્ડર રવીન્દ્ર જાડેજાનાં અપ્રતિમ દર્શન થાય છે. ૨૦૨૩માં નાગપુરમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં જાડેજાના બૅટ-બૉલની કમાલ જોવા મળી. પહેલી ઈનિંગ્સમાં બૉલિંગમાં તરખાટ મચાવી ઑસ્ટ્રેલિયાના પાંચ ખેલાડીઓને પેવેલિયન ભેગા કરી દીધા હતા. ભારતીય ટીમની બૅટિંગ વખતે ૨૪૦ રનમાં ૭ વિકેટ પડી ગયા પછી અક્ષર પટેલ સાથે ૮૮ રનની પાર્ટનરશિપ સ્કોર ૪૦૦ સુધી પહોંચવામાં નિમિત્ત બની. ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાની બીજા દાવમાં બે વિકેટ ઝડપી ટીમને ઈનિંગ્સ વિજય અપાવવામાં સિંહફાળો આપ્યો. અહીં પણ કારકિર્દીની આંકડાકીય માહિતી વામણી પુરવાર થાય છે. એની અફલાતૂન ફિલ્ડિંગના તો અનેક કિસ્સા જાણીતા છે. હકીકતમાં એના બૅટિંગ સ્કોર સાથે તેણે બચાવેલા રન જોડીએ તો એની એવરેજ ઘણી ઊંચી જાય. એ સિવાય અશક્ય લાગતા કેચ કે સપનેય ન વિચાર્યું હોય એવા રન આઉટ એની શાન વધારે છે.

અલબત્ત એની કેટલીક આંકડાકીય સિદ્ધિની પણ નોંધ લેવી જરૂરી છે. ૨૦૧૯માં સૌથી ઓછી ટેસ્ટમાં ૨૦૦ ટેસ્ટ વિકેટ ઝડપવાની સિદ્ધિ તેણે મેળવી હતી. આ અગાઉ ૨૦૧૩માં આઈસીસીની વન ડે ઈન્ટરનેશનલ બૉલિંગ રેન્કિંગમાં બાપુ ટોચના સ્થાને બિરાજમાન થયા હતા. ૧૯૯૩માં અનિલ કુંબલેએ આ સિદ્ધિ મેળવ્યા બાદ એનું પુનરાવર્તન ૨૬ વર્ષ પછી જાડેજાએ કર્યું. ■


SKECHERS
HANDS FREE
Slip-ins®
GLIDE-STEP®
NO BENDING OVER.
NO TOUCHING SHOES.
JUST STEP IN AND GO.
New Skechers Hands Free Slip-ins®.
Putting on your shoes has never been easier.
No bending over
No pulling them on.
No hassles.
KARTIK AARYAN
SCAN NOW
EXCLUSIVE HEEL PILLOW™ HOLDS YOUR FOOT SECURELY IN PLACE!
NEVER HAVE TO TOUCH YOUR SHOES AGAIN™
HEEL PILLOW
NO MORE BENDING









યુ.એસ. પ્રમુખ ટ્રમ્પની સોગંદવિધિ







## ડો. યોગેશ લાખાણી

(ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર)

**BRIGHT**
OUTDOOR MEDIA LIMITED

# બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડ તરફથી મુંબઈ સમાચારને ૨૦૪માં વર્ષે અભિનંદન

**ન્યૂ વૅન્ચર**
**Good News**

**હવેથી તમારી એડવર્ટાઈઝ - બ્રાન્ડિંગની તમામ જરૂરિયાતો ''બ્રાઈટ'' પૂરી કરશે**

## CONTACT: 9819371103

Whether its a Day or Night,
Whether in or Outdoor Sight
Choice of 'Bright' is Always Right.

**હોર્ડિંગ્સની દુનિયામાં પાયોનિયર 'બ્રાઈટ આઉટડોર મીડિયા લિ.' તેની વ્યવસાયિક પ્રવૃત્તિ વિસ્તારી રહ્યું છે.**

### આ રહ્યો 'બ્રાઈટ'નો 'એક્સપાન્સન પ્લાન'

૧૦ જુલાઈ, ૨૦૨૫થી માત્ર આઉટડોર જ નહીં પણ તમામ મીડિયા ક્ષેત્રે 'બ્રાઈટ' તેના નામ પ્રમાણે રોશન થવા જઈ રહ્યું છે. આ કાર્ય માટે અગિયાર વ્યવસાયિક નિષ્ણાતોની ટીમ દ્વારા જાહેર ખબરથી લઈને પી.આર વર્ક સુધી ના તમામ કાર્ય એક જ છત્ર હેઠળ પાર પાડશે. અમારા માનવંતા ગ્રાહકોને જણાવતા આનંદ થાય છે કે હવે હોર્ડિંગ્સ ઉપરાંત કોઈ પણ ભાષાના અખબાર, મેગેઝિન્સ, રેડિયો, ડિજિટલ, સોશિયલ, સિનેમાગૃહ, મલ્ટિપ્લેક્સ, મોલ્સ કે અન્ય કોઈ પણ જાહેર ક્ષેત્રે તમારી પ્રોડક્ટ કે સર્વિસની જાહેરાત 'બ્રાઈટ' આઉટડોર દ્વારા કરી શકશો. કોમર્શિયલ, કૌટુંબિક કે સામાજિક ઈવેન્ટ યોજવા હોય, 'સેલિબ્રિટી મેનેજમેન્ટ' કે પ્રોપર્ટી લે-વેચ કરવી હોય આ બધા જ કામ હવે 'બ્રાઈટ' ના નેજા હેઠળ થશે. અંધેરી (ચિત્રકૂટ ) માં પ્રિવ્યુ થિયેટર અને બેન્કવેટ હોલ પણ બંધાઈ રહ્યા છે.

### કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો અનુભવ અદ્‌ભુત રહ્યો

હાલમાં જ ૧૭ મે થી ૨૬ મે, ૨૦૨૫ દરમ્યાન યોજાયેલ ૭૮માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં યોગેશભાઈને પણ હાજર રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. ફ્રાન્સના આ એક આંતરરાષ્ટ્રીય લોકપ્રિય ફેસ્ટિવલમાં એશ્વર્યા રાય, જહાનવી કપૂર, આલિયા ભટ્ટ, કરણ જોહર , દિપીકા પદુકોણ જેવી ભારતની ખ્યાતનામ બોલીવૂડ હસ્તીઓ ઉપરાંત અનેક હોલીવૂડ કલાકારો વચ્ચે બ્રાઈટના સર્વે સર્વા યોગેશ ભાઈ ને પણ રેડ કાર્પેટ - લાલ જાજમ પર ચાલવાની તક મળી અને એ તેમના માટે ખૂબ આનંદદાયી ક્ષણો હતી. ભારતમાં મુંબઈનું બોલીવૂડ જ નહીં દક્ષિણ ભારતનો ફિલ્મ ઉદ્યોગ પણ આંતર રાષ્ટ્રીય નામના પ્રાપ્ત કરી રહ્યો છે ત્યારે ત્યાંના પ્રોડ્યુસર્સ અને કલાકારો વ્યવસાય સાથે કરવાની પણ ખૂબ તક મળી છે.

### નેશનલ થી ઈન્ટરનેશનલ

ફિલ્મોના પ્રચાર પ્રસારનું સૌભાગ્ય 'બ્રાઈટ' ને મળ્યું છે અને મળતું રહેશે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ, ફ્રાન્સ માં સપરિવાર હાજરી આપ્યા બાદ તેઓ સ્વિટ્ઝરલેન્ડ પણ ગયા હતા. પરિવાર પ્રેમી યોગેશભાઈ સાથે દર વર્ષે પત્ની જાગૃતિ અને પુત્ર અનુગ્રહ સાથે એક વાર ભારતની અંદર અને એક ભારતની બહાર પ્રવાસનું આયોજન કરે છે.

ડો. યોગેશ લાખાણી વિશ્વના મોટા ભાગના દેશોનો પ્રવાસ કરી ચૂક્યા છે. દેશ વિદેશમાં ફરી, ત્યાંની ટેકનોલોજીનો અભ્યાસ કરી સારી બાબતોને પોતાના વ્યવસાય માં પણ તુરંત લાગુ કરે છે.

### આ વર્ષે તમને જોવા મળશે 'બ્રાઈટ'ના યુનિક ડેકોરેટિવ હોર્ડિંગ્સ

તાજેતરમાં જ મહાલક્ષ્મી સ્ટેશન પાસે રેલવે પાસેથી પાંચ વર્ષ માટે કોન્ટ્રેક્ટ પર જગ્યા લીધી છે જ્યાં 'બ્રાઈટ' એક અદ્યતન ડિઝાઈનર અને વિદેશી સ્ટાઈલનું આકર્ષક હોર્ડિંગ્સ લગાડશે. જે બીજા બધા હોર્ડિંગ્સ કરતાં મોંઘુ અને કંઈક હટીને હશે. આ ઉપરાંત ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈ વે પર ઘાટકોપર ખાતે પણ સુંદર અદ્યતન હોર્ડિંગ્સનું માળખુ ઊભુ કર્યુ છે. બોલીવૂડ ફિલ્મોનું પ્રસાર પ્રચારનું મોટા ભાગનું કામ તો બ્રાઈટ દ્વારા થાય જ છે ઉપરાંત મરાઠી, ગુજરાતી કે ભોજપુરી જેવી પ્રાદેશિક ફિલ્મોને પણ 'બ્રાઈટ' પૂરતો સહકાર આપે છે.

યોગશભાઈ લાખાણીની ખૂબી એ છે કે કલાયન્ટ મોટો હોય કે નાનો દરેક સાથે સમભાવ રાખે છે. જમીની હકીકતો સાથે જોડાયેલા યોગેશની કોઈ નાનામાં નાના ગ્રાહકને પણ નિરાશ નથી કરતાં. સહુને તેમના બજેટની અંદર રહીને સંતોષકારક સર્વિસ પૂરી પાડે છે. પૈસાને લઈને કોઈનું કામ અટકી ન પડે એનું પૂરતું ધ્યાન રાખે છે. એક વાર તેમની પાસે આવેલો ગ્રાહક કાયમ તેમનો બની જાય એવો વ્યવહાર તેઓ રાખે છે.

### સમાજસેવી યોગેશભાઈ

બોરીવલીમાં ૧૬૦૦ જણાને માસિક અનાજ આપ્યા છે. એક સંસ્થાના સહયોગમાં તેના નેજા હેઠળ છેલ્લાં દસ વર્ષથી અનાજ આપે છે. કાંદીવલી એક મોટી હોસ્પિટલ છે તેમાં ગરીબ લોકો માટે ડાયાલિસીસની સેવા ઊભી કરી છે તેમાં આર્થિક સહયોગ આપે છે. આ સંસ્થાએ છેલ્લાં ૬ વર્ષમાં ૭૦,૦૦૦થી વધુ ડાયાલિસીસ કર્યા છે અને ૧૪થી વધારે ખૂબ જ ખર્ચાળ એવા કિડની ટ્રાન્સપ્લાન્ટ પણ ગરીબ અને મધ્યમવર્ગીઓને કરાવી આપ્યા છે. ડો. યોગેશ લાખાણી માતુશ્રી જીવાબેન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ છે. આ ટ્રસ્ટ અંતર્ગત અદ્યતન હોસ્પિટલ બનાવી છે જેમાં માત્ર શુકનનો એક રૂપિયો લઈ ડાયાલિસિસ થાય છે. હવે વસઈમાં પણ ડાયાલિસીસનું બીજું સેન્ટર ચાલુ કર્યુ છે.

ગરીબોને દવાઓ ડિસ્કાઉન્ટમાં પૂરી પાડતી સંસ્થાઓને છૂટા હાથે દાન આપતા રહે છે. ભિવંડીના ગામડાઓ સુધી આ પ્રવૃત્તિ વિસ્તારી છે. સંયોગ ફાઉન્ડેશન કરીને સંસ્થા છે. તેની સાથે પણ જોડાયેલા છે. આ સંસ્થા રોજ જાંબલી ગલી દેરાસર રોડ પર સવારે પસાર થતા વટેમાર્ગુઓને ચા નાસ્તો આપે છે. એમાં દર રવિવારે જ્યારે કોઈ ડોનર ન હોય ત્યારે યોગેશભાઈનું નામ લખી લેવાનું એવી વાત કરી છે. છેલ્લાં ૧૦ વર્ષથી મિત્ર સંસ્થાઓ સાથે મળીને દર રવિવારે ભીવંડીના ચાર ગામોમાં હજારો જરૂરતમંદોને ભોજન કરાવે છે. કપડાં લતા તેમ જ દવા માટે પણ મદદ કરે છે. આ ઉપરાંત બોરીવલી ચીકુવાડીમાં પણ દર રવિવારે ગરીબોને ભોજન કરાવે છે. લોકોની સેવાના સંસ્કાર મળે .

હોસ્પિટલોમાં પણ યોગેશભાઈ જેની સાથે સંકળાયેલો છુ એ સંસ્થાએ કરોડો ખર્ચ્યા છે. એ સિવાય રોટરી કલબ દ્વારા આ સંસ્થાએ એક ઘર પણ જરૂરતમંદને ડોનેટ કર્યુ છે. વ્યક્તિગત રીતે પણ કોઈ સમાજસેવાના કાર્ય માટે યોગેશભાઈ પાસે આવ્યા છે એ ખાલી હાથે નથી ગયા અનેક જરૂરિયાતવાળાઓને વૈદકીય અને શૈક્ષણિક સહાય પણ આપી છે. આ ઉપરાંત સમાજમાં કોઈને નોકરી જોઈતી હોય, કામ ધંધો જોઈતો હોય તો અપાવ્યા છે. બ્લડ ડોનેશન કેમ્પ લગાવવામાં મદદ કરી છે. બ્લાઈન્ડ હેન્ડીકેપ્ડ માટેની સેવા સંસ્થાઓમાં આર્થિક સહયોગ આપતા રહે છે. ઘણી એવી સંસ્થાઓ છે જે અપંગ લોકોને જાત્રા કરાવે છે. તેમને બનતી મદદ કરે છે. દરેક જણાને બનતી મદદ કરવાની હંમેશા કોશિશ કરી છે.

આ ઉપરાંત કોઈ સમાજ સેવાનું કામ હોય, કોઈ પણ ધર્મનો ઉત્સવ હોય કે સાર્વજનિક કાર્યક્રમ હોય કે પછી પોલીસ ખાતાનો 'ઉમંગ' જેવો કાર્યક્રમ હોય હું જાહેરાત માટે નિ:શુલ્ક હોર્ડિંગ્સ પણ આપે છે. ગુજરાતીઓને વહાલી નવરાત્રિ મુંબઈમાં ક્યાંય પણ હોય તેમને પણ જાહેરાત માટે બોર્ડ આપ્યા છે.

### શૂન્યમાં થી સર્જન

ડો. યોગેશ લાખાણીએ ગરીબીમાં બાળપણ વિતાવ્યું છે અને સખત મહેનત કરી આ મુકામ પર પહોંચ્યા છે. હોર્ડિંગ્સની દુનિયાના કિંગ એવા યોગેશભાઈની કંપની **'બ્રાઈટ આઉટડોર મીડિયા લિ.' ભારતની સૌ પ્રથમ આઉટડોર મીડિયા કંપની છે જે બી.એસ. ઈ.માં પણ લિસ્ટીંગ પામી છે.** લંડનમાં પણ ઓફિસ કાર્યરત છે. ફિલ્મોદ્યોગનું મોટા ભાગનું કામ 'બ્રાઈટ' કંપની પાસે છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી થી માંડીને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સોગંદવિંધિના કાર્યકર્મોમાં પણ તેમણે આમંત્રણને માન આપીને હાજરી આપી છે. તેમને એટલા માન સન્માન અને એવોડ્સ મળ્યા છે કે ઘર અને ઓફિસમાં એ રાખવા માટે જગ્યા ઓછી પડે છે. હાલમાં ફ્રાન્સમાં યોજાયેલાં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ તેમણે હાજરી આપી હતી. મુંબઈ સમાચાર સાથેનો તેમનો સંબંધ ૪૫ વર્ષથી અકબંધ છે.





કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ, ફ્રાન્સ (રેડ કાર્પેટ)






૪૦ ડિજિટલ એલઈડી સાથે અનેક ઈનોવેટીવ હોર્ડિંગ્સ





# રમેશ મોરબિયા - સમાજસેવાનો અખંડ દીપક

જ્યારે મારા પિતાએ એકવાર એક કાર્યક્રમમાં આઠ-દસ હજાર લોકો વચ્ચે કહેલું કે, ''મારે ત્રણ દીકરા છે તેમાંથી હું મારો એક દીકરો સમાજને અર્પણ કરું છું, બસ ત્યારથી જ મેં વિચારી લીધું હતું કે પૂજ્ય પિતાજીના આ બોલ મારે સાચા પાડવા છે અને ૧૯૮૮થી જ સમાજસેવામાં હું જોતરાઈ ગયો.'' આ શબ્દો છે મુંબઈના ઘાટકોપરમાં વસતા અને રત્ન સમા રમેશ મોરબિયાના. ગુજરાતી જૈન સમાજમાં તેમની સમાજસેવાની સુવાસ એટલી બધી ફેલાયેલી છે કે તેમને ''રમેશભાઈ એટલે રમતો ઈશ્વર'' તરીકે ઓળખવામાં આવે છે. તેમની નિસ્વાર્થ સેવા અને સમર્પણ ભાવના તેમને ખરા અર્થમાં એક જીવંત ઉદાહરણ બનાવે છે.



વર્ષ ૧૯૫૪માં કચ્છના રાપરમાં જન્મેલા રમેશભાઈએ હાલ ૭૧ વર્ષની વયે પણ પોતાનો સેવાનો દીપક અખંડ પ્રજ્વલિત રાખ્યો છે. તેમની સેવાયાત્રા ૧૯૮૮માં જૈન જાગૃતિ સેન્ટર (JJC)માં એક સામાન્ય કમિટી મેમ્બર તરીકે શરૂ થઈ. ત્યાંથી પોતાની મહેનત અને અથાગ પરિશ્રમ થકી તેઓ એક પછી એક સફળતાનાં પગથિયાં સર કરતા ગયા. 'સમાજસેવા એ જ પ્રભુસેવા'ને જીવનમંત્ર બનાવીને તેઓ સતત આગળ વધતા રહ્યા. વર્ષ ૧૯૯૪થી ૨૦૦૪ સુધી, તેમણે JJC સેન્ટ્રલ બોર્ડમાં ડેવલપમેન્ટ સેક્રેટરી તરીકે નિરંતર ૧૦ વર્ષ સુધી સેવા આપી અને આ સમયગાળા દરમિયાન વિશ્વમાં સો જેટલા JJC સેન્ટરની સ્થાપના કરી, જે તેમની કાર્યક્ષમતા અને દૃષ્ટિનો પરિચય આપે છે.

JJC નોર્થ ઈસ્ટની સ્થાપના કરીને, તેમણે વિવિધ સામાજિક અને ધાર્મિક સેવાકાર્યો કર્યાં. આ ઉપરાંત, દેશ માટે બલિદાન આપનારા સૈનિકોના પરિવારોને આર્થિક સહાય પૂરી પાડીને તેમણે દેશસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રમેશભાઈની સેવાભાવના માત્ર જૈન સમાજ પૂરતી સીમિત નથી. ભૂતકાળમાં આવેલો કચ્છનો ભૂકંપ હોય કે અન્ય કોઈ પણ કુદરતી આફત, તેઓ પોતાની ટીમ સાથે લોકસેવા કાજે હંમેશા ઊભા રહ્યા છે. જ્યારે કચ્છમાં ધરતીકંપે કચ્છની ધરતી ધ્રુજાવી, ત્યારે રમેશભાઈ ત્રણ ટ્રક રાહતસામગ્રી સાથે લોકોની સેવા કરવા ઊપડી ગયા હતા.

પોતાના બાળપણને યાદ કરતાં રમેશભાઈ જણાવે છે કે તેમની પારિવારિક પરિસ્થિતિ ઘણી નબળી હતી. માતા-પિતા સાથે ત્રણ ભાઈઓ અને એક બહેન નાના એવા એક ઓરડાના મકાનમાં રહેતાં હતાં. પિતાજી સામાન્ય નોકરી કરતા હતા, જેમનો વાર્ષિક પગાર માત્ર ૨૫૦ રૂપિયા હતો. પોતાના અભ્યાસને લઈને તેઓ કહે છે કે સમાજની સેવાએ તેમને ભણતર નહીં, પણ 'ગણતર' શિખવાડ્યું! તેમણે સ્વીકાર્યું કે ''હું હજુ ઇંગ્લિશમાં કાચો છું અને પરિસ્થિતિને કારણે ઉચ્ચ અભ્યાસ પણ ન કરી શક્યો.'' આ જ કારણે તેમને વિચાર આવ્યો કે કોઈ પણ બાળક પૈસાના અભાવે અભ્યાસથી વંચિત ન રહી જવો જોઈએ. આ વિચારને સાકાર કરવા, તેમણે ૨૦૦૭થી અત્યાર સુધી લગભગ ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓને વગર વ્યાજની ટેમ્પરરી લોન આપી છે અને આ લોનનો આંકડો ૧૩૦ કરોડ સુધી પહોંચ્યો છે, જે ખરેખર પ્રશંસનીય કાર્ય છે.

હાલમાં, સરકારી યોજનાઓનો લાભ દરેક લોકોને મળે તે માટે રમેશભાઈએ પોતાની ઑફિસમાં એક ખાસ સ્ટાફની નિમણૂક કરી છે, જે ખાસ કરીને સમાજના વયોવૃદ્ધ લોકો માટે વિવિધ યોજનાઓ પર ભાર મૂકે છે. આ સાથે, ગુજરાતી જૈન સમાજનાં દીકરા-દીકરીઓ માટે તેમણે એક ખાસ મેટ્રિમોનિયલ સાઈટ પણ બનાવી છે, જેમાં લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓ યોગ્ય જીવનસાથી પસંદ કરી શકે છે.

'મુંબઈ સમાચાર' સાથેની ખાસ વાતચીતમાં રમેશભાઈએ જણાવ્યું કે હાલ તેમનું એક જ ધ્યેય છે કે જૈન સમાજનો જે જરૂરિયાતમંદ વર્ગ છે તેનું ઉત્થાન કઈ રીતે કરવું અને તેમને કઈ રીતે મદદરૂપ થઈ શકાય. જ્યારે રમેશભાઈને પૂછવામાં આવ્યું કે તેઓ યુવાનોને શું સંદેશો આપવા માંગે છે, ત્યારે તેમણે જણાવ્યું કે સમાજના યુવાનોએ આળસ ખંખેરીને સખત મહેનતને વળગી જવું જોઈએ અને નાની-મોટી સમાજસેવા કરવી જોઈએ, જે આગળ જતાં ઘણો મોટો બદલાવ લાવી શકે છે.

'મુંબઈ સમાચાર'ની '૫૧ ગુજરાતી'ની યાદીમાં પોતાના સમાવેશને લઈને રમેશભાઈએ હરખ વ્યક્ત કર્યો હતો અને ગૌરવની લાગણી અનુભવી હતી. તેમણે જણાવ્યું કે ''મારાં સેવાકાર્યોની નોંધ લઈને મને આ યાદી માટે લાયક સમજ્યો તે જ મારા માટે ગૌરવની વાત છે.'' અંતે, તેમણે 'મુંબઈ સમાચાર'ને ૨૦૩ વર્ષ પૂરાં કર્યાં બદલ અભિનંદન પણ પાઠવ્યાં. રમેશ મોરબિયા જેવા નિસ્વાર્થ સેવાભાવી લોકો સમાજ માટે પ્રેરણાદાયક છે અને તેમનું જીવન ખરેખર 'રમતા ઈશ્વર' સમાન છે. ■






# ડૉ. જશવંત એમ. શાહ - મોડર્ન ઑરા ફોટોગ્રાફીમાં પ્રદાન



ભારતભરમાં સર્વાંગી સ્વાસ્થ્ય ક્ષેત્રે અનન્ય પ્રદાન કરનારા ડૉક્ટરોમાંથી એક ડૉ. જશવંત એમ. શાહનું નામ વૈકલ્પિક દવાઓ અને ઑરા ફોટોગ્રાફીમાં અગ્રણી કાર્યો કરવા માટે લેવામાં આવે છે. તેમણે ભારતીય સ્વાસ્થ્ય ક્ષેત્રમાં અનન્ય પ્રદાન કરીને મેડિકલ સારવારની પરિભાષા જ બદલી નાખી હતી.

સ્વાસ્થ્ય ક્ષેત્રે છેલ્લા પાંચ દાયકાથી સેવા આપનારા ડૉ. શાહે પોતાની સાયન્ટિફિક સ્કિલ અને આરોગ્યવર્ધક જીવન માટેના પોતાના ઝુનૂનને એકસાથે જકડી રાખ્યાં છે.

ગુજરાત યુનિવર્સિટીથી ૧૯૬૨ બેચમાં ફાર્મસીમાં ગ્રેજ્યુએટ કર્યા બાદ ડૉ. શાહે સૌથી પહેલાં ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવી હતી. ત્યારે ૧૫ વર્ષ સુધી ઇન્જેકશન મેન્યુફેકચરિંગ કર્યું હતું અને ૧૯૭૩માં 'સુરુ ગ્રુપ ઑફ કંપનીસ'ની સ્થાપના કરી. તેમના નેતૃત્વમાં કંપની લેનોલિન ઉત્પાદન અને ડિસ્પોઝેબલ સર્જિકલ ડિવાઇસિસ સંબંધિત ઉદ્યોગમાં અગ્રણી તરીકે વિકાસ પામી તથા ગુણવત્તા અને નવીનતા માટે સુવર્ણ ધોરણ સ્થાપિત કર્યું. તેનાં ત્રણ વર્ષ બાદ અન્ય બે કંપની 'એચઆરજે સર્જિકલ' અને સુરુ ઇન્ટરનેશનલ પ્રા. લિ.' શરૂ કરી. સુરુ ઇન્ટરનેશનલ એક્સપોર્ટ ઑરિયેન્ટેડ યુનિટ છે જે દહાણુમાં આવેલી છે અને તેના આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણા કલાઇન્ટ્સ છે. તેમ છતાં આરોગ્યપ્રદ જીવન અને સારસંભાળને પ્રોત્સાહન આપવાની તેમની તીવ્ર ઇચ્છાને કારણે ૨૦૦૨માં તેમણે નવી પહેલ કરી અને ભારતમાં પ્રથમ વખત કિર્લિઅન કૅમેરા અથવા ગૅસ ડિસ્ચાર્જ વિઝ્યુલાઇઝેશન (જીડીવી) ટેક્નોલૉજી લાવ્યા. આ ટેક્નોલૉજીનો વિકાસ રશિયન વૈજ્ઞાનિક ડૉ. કોન્ટેન્ટિન કોરોત્કોવે કર્યો હતો. આ ટેક્નોલૉજી માનવઊર્જા ક્ષેત્રને શોધી કાઢી તેનું વિશ્લેષણ કરે છે જે શારીરિક, માનસિક અને આપણી ભાવનાત્મક લાગણીઓની સ્વસ્થતામાં ઊંડી આંતરદષ્ટિ પ્રદાન કરે છે.

૨૦૧૪માં ડૉ. જશવંત શાહે સુરુ કિર્લિઅન ફોટોગ્રાફી સેન્ટરની સ્થાપના કરી હતી જે ઑરા ફોટોગ્રાફીના વિજ્ઞાનને ડેડિકેટ કરે છે.

હાલમાં સુરુ કિર્લિઅનમાં બાયો-વેલ કૅમેરાની ખરીદી કર્યા વગર બોડી એનર્જી એનાલિસિસ, સ્ટ્રેસ એનાલિસિસ, ૭-ચર્ક એનર્જી, ચક્ર અલાઇન્મેન્ટ વગેરે રિપોર્ટ બાયો-વેલમાં મેળવી શકાય છે. આ સિવાય પેન્ડુલમ આન્સર્સ ઍપ શરૂ કરવામાં આવી તેના દ્વારા વર્ચ્યુઅલ પેન્ડલુમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવવાની સાથે જ ૧૯૮૫માં તેમને ફાર્મેક્સિલ દ્વારા પ્રતિષ્ઠિત ટોપ એક્સપોર્ટર અવોર્ડ પણ એનાયત કરાયો હતો. તે જ વર્ષે ભારતના રાષ્ટ્રપતિના હસ્તે તેમની બીજી કંપનીને એસએસઆઇ અવોર્ડ આપવામાં આવ્યો હતો.

તે સમયગાળામાં જ અમેરિકા અને કેનેડામાં બિઝનેસ વિકસાવવા માટે યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્રસંઘ) તરફથી ૪૫ દિવસની ટુર સ્પોન્સરશિપ તેમની ગ્રુપ કંપનીને મળી હતી. આ સિવાય તેમની ગ્રુપ કંપનીને અનેક સેફ્ટી અવોર્ડ પણ મળ્યા છે. નેધરલૅન્ડ સરકાર તરફથી બિઝનેસ અંગેની તાલીમ લીધાં બાદ ૧૯૯૩થી તેઓ દર વર્ષે જર્મનીમાં મીડિયા ટ્રેડ ફેરમાં ભાગ લઈ રહ્યા છે.

'૧૯૯૩માં હું મારા બિઝનેસના કામથી એક વાર હેન્રી બાવાને મળ્યો. તેઓએ હાથમાં સેલોટેપની મદદથી શરીરમાં ઘણી જગ્યાએ રત્ન-માણેકના નંગ પહેર્યા હતા. મને આ જોઈને ઘણું આશ્ચર્ય થયું, કારણ કે રત્નોની વીંટી તો સામાન્ય રીતે હાથની આંગળીઓમાં પહેરાતી હોય છે. આ રત્નો ઘણી જગ્યાએ પહેરવાનું કારણ? એવો સવાલ મેં કર્યો. ત્યારે હેન્રી બાબાએ સ્પષ્ટતા કરી કે મેડિકેશન દરમિયાન આ નંગ દ્વારા મને સકારાત્મક ઊર્જા મળે છે. સૂર્યનો અને મંગળનો નંગ એમ બન્ને ગરમ હોય છે તેથી તેને હૃદય પાસે પહેરવાથી ઊર્જા મળે છે. આ પ્રયોગ મેં ભારતમાં ૧૫ દર્દીઓ પર કર્યો અને તેનું પરિણામ સકારાત્મક મળ્યું, એમ ડૉ. શાહે જણાવ્યું હતું. આ વર્ષમાં જ મને હૃદયની સમસ્યાઓ પર કૉમ્પલિમેન્ટરી મેડિસિન ફોર વર્ક માટે ઓપન ઇન્ટરનેશનલ યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની ડિગ્રી મળી. રત્ન-માણેકો દ્વારા કરાતી જેમ્સ સ્ટોન્સ થેરેપી પર કરાયેલા મારા કાર્યને ૧૯૯૭માં લિમ્કા બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મળ્યું હતું, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ડૉ. શાહ છેલ્લાં વીસ વર્ષથી ઑરા ફોટોગ્રાફી, ઑરા એનર્જીર્ના ક્ષેત્રમાં સેવા આપી રહ્યા છે. તેમનું કિર્લિઅન ફોટોગ્રાફી સેન્ટર ઑરા ફોટોગ્રાફી દ્વારા ભવિષ્યમાં થતી સ્વાસ્થ્ય અંગેની સમસ્યાઓથી દૂર રહેવા માટેની નિવારણ સેવા પૂરી પાડે છે.

ડૉ. જશવંત એમ. શાહે કિર્લિઅન ફોટોગ્રાફી અને જેમ થેરેપીનો ઉપયોગ કરીને હૃદયની સમસ્યાઓ અટકાવવા માટે ક્રાંતિકારી સંશોધનનું નેતૃત્વ કર્યું છે. જૂન, ૧૯૯૮માં રશિયામાં હાથ ધરાયેલા ક્લિનિકલ ટ્રાયલ્સમાં જ્યોતિષ, ઑરા એનાલિસિસ, ડૉઝિંગ અને રત્નો-માણેકોની થેરેપી દ્વારા રોગની જાણ થાય તે પહેલાં તેની આગાહી કરવાની અને તેની સારવારની ક્ષમતા દર્શાવી.

લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ અને અનેક મેડિકલ જર્નલ્સ દ્વારા માન્યતાપ્રાપ્ત ડૉ. શાહના સસ્તા અને સર્વાંગી અભિગમ આધુનિક આરોગ્ય સંભાળનો આશાસ્પદ ઉકેલ પ્રદાન કરે છે. ■

# ભરત ભાનુશાલી - હૉટેલ ઈન્ડસ્ટ્રીમાં આ ગુજરાતીનો ડંકો

'અચીજા' આજે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત બની રહી છે તેનું શ્રેય જાય છે ભરત ભાનુશાલીને.

કચ્છના એક નાના શહેરથી મુંબઈ આવીને વસેલા ભરત ભાનુશાલીનું નામ આજે હોટેલ ઈન્ડસ્ટ્રીમાં સૌથી ટોપ પર છે. મુંબઈમાં હોટેલનો વ્યવસાય માત્ર દક્ષિણ ભારતીય લોકો જ સફળ રીતે કરી શકે તેવી એક વાયકા છે અને આ વાયકા ખોટી પાડે છે આ કચ્છી માડુ.

યુવાનીમાં મુંબઈમાં આવેલી મસ્જિદ બંદરની સત્કાર હોટેલમાં નોકરી કરતાં કરતાં મળેલા અનુભવનો નિચોડ છે ૩૮ વર્ષથી ચાલી આવેલી અચીજા હોટેલ, આ શબ્દો છે ભરતભાઈ ભાનુશાલીના. ભરતભાઈ ભાનુશાલી આજે મુંબઈ કે ભારત જ નહીં, પણ ઈન્ટરનેશનલ લેવલ પર હજારો-લાખો ગ્રાહકોને આવકાર આપી રહ્યા છે અને કોઈ વિશેષ પરિચયના મોહતાજ નથી, પરંતુ વાત કરીએ અચીજાની તો અચીજા એ ભરતભાઈનું બ્રેઈનચાઈલ્ડ છે, જોકે જેમ એક માતા બાળકને જન્મ આપતાં પહેલાં પ્રસવ પીડામાંથી પસાર થાય છે એ જ રીતે ભરતભાઈએ પણ અનેક અડચણો, સંઘર્ષ અને મુશ્કેલીનો સામનો કરીને લોકો માટે પોતાના આ બ્રેઈનચાઈલ્ડને આકાર આપ્યો છે...

ભરતભાઈએ પોતાની આ સફર વિશે વાત કરતાં 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે શરૂઆતના દિવસોમાં હું મસ્જિદ બંદર ખાતે આવેલી સત્કાર હોટેલમાં ટેબલ સાફ કરવાનું કામ કરતો હતો, પરંતુ સતત શીખવાની અને કંઈક સારું કરવાની ધગશે જ મને એ હોટેલમાં પહેલાં વેઈટર અને બાદમાં રસોડામાં શેફના સ્તરે પહોંચાડ્યો હતો. રસોડામાં કામ કરવાનો મને ઉત્સાહ હતો અને કંઈક ને કંઈક નવું કર્યા કરવાનું મને ગમતું હતું. પાંચ વર્ષ આ જ રીતે પસાર થઈ ગયાં. દરમિયાન મને મસ્કતમાં નોકરી મળી અને હું પૈસા કમાવા માટે ઊપડી ગયો.

મસ્કતમાં પણ ભરતભાઈ માટે સફર સાવ સહેલી તો નહોતી જ. મસ્કતની એક દુકાનમાં સવારે ૮થી સાંજે ૬ વાગ્યા



સુધી નોકરી કરતાં ભરતભાઈને સતત જીવનમાં કંઈક ખૂટી રહ્યું હોય એવું લાગતું હતું. વળી જો બીજું કામ મળી જાય તો મસ્કતમાં રહેવાના ખર્ચમાં પણ રાહત રહે. આવા સમયે જે દુકાનમાં નોકરી કરતા હતા તેની બાજુમાં એક અરબી હોટલ હતી, પરંતુ તે ચલાવનાર ભારતીય હતો અને તેણે ભરતભાઈને નોકરીની ઑફર કરી. રસોડામાં શેફ તરીકે કામ કરવાની ધગશે મારા માટે એક અલગ જ દુનિયાના દરવાજા ખોલી આપ્યા. દુકાનમાંથી સાંજે છ વાગે કામ પતાવીને તરત સવા છ વાગે ભરતભાઈ હોટેલ પહોંચી જતા, જ્યાં તેમને શરૂઆતમાં કામ કરવાના ભાગ રૂપે રોજનો એક રિયાલ અને રાતનું જમવાનું મળવા લાગ્યું. ફકીરીના એ દિવસોમાં આ ઑફર ભરતભાઈ માટે બહુ મહત્ત્વની હતી. આને કારણે પોતાનો ખરચ બચાવીને થોડા વધુ પૈસા પોતાના ઘરે મોકલી શકાતા હતા.

આમ ને આમ દિવસો પસાર થવા લાગ્યા અને મસ્કતથી ભરતભાઈ પોતાના માદરે વતન એટલે કે ભારત પાછા ફર્યા. ભારત આવ્યા બાદ એક વર્ષ તો એમ જ પસાર થઈ ગયું, પણ મગજમાં તો કંઈક કરવું છે, કંઈક કરવું છે એવું થયા કરતું હતું અને આમ બીજ રોપાયું હોટેલ શરૂ કરવાના વિચારનું, જે આજે આપણી સામે અચીજા નામનું મોટું વટવૃક્ષ થઈને વિસ્તરી રહ્યું છે.

કોઈ પાસેથી ફાઈનાન્સ મેળવીને પોતાની હોટેલ શરૂ કરી શકાય એવા વિચારો મસ્કતથી પાછા આવ્યા બાદ સતત મારા મનમાં રમતા રહેતા હતા અને ગુજરાતીમાં કહેવત છે કે ને મન હોય તો માળવે જવાય બસ નક્કી કર્યું એટલે એ કરવું જ છે એવા નિર્ધાર સાથે હોટેલ શરૂ કરવાનો પ્લાન તૈયાર કર્યો. હવે હોટેલ તો શરૂ કરીએ પણ એનું નામ શું રાખવું? મગજમાં એની ગડમથલ ચાલુ થઈ ગઈ. અનેક અંગ્રેજી અને આકર્ષક લાગતાં નામો મગજમાં રમવા લાગ્યાં, પણ એક દિવસ અચાનક મનમાં એવું થયું કે આ બધા ફૅન્સી નામ કરતાં સાદું, સરળ અને પોતીકું લાગતું નામ હોટેલને વધારે સફળતા અપાવશે અને આમ અચીજા નામ સ્ફૂર્યું અને નામ નક્કી કરી લીધું કે હોટેલનું નામ તો અચીજા જ રાખવું છે, અચીજા એક કચ્છી શબ્દ છે અને એનો ગુજરાતીમાં અર્થ આવજો એમ થાય છે એવું વધુમાં ભરતભાઈએ જણાવ્યું હતું.

આજે અચીજા માત્ર એક નામ કે હોટેલ નહીં, પણ વિશ્વસનીય બ્રાન્ડ બની ગઈ છે. મુંબઈ સહિત દેશભરમાં આજે અચીજાની અગિયાર જેટલી શાખાઓ આવેલી છે. આનું કારણ છે કે ભરતભાઈ પોતે એક સારા શેફ છે, વળી તેઓ જે માલસામાન વાપરે છે તે ઉચ્ચ ગુણવત્તાનો હોય તેની ખાતરી પોતે જ કરતા હોય છે. હોટેલ વ્યવસાયમાં સ્વાદ બહુ જ મહત્ત્વની વસ્તુ છે અને છેલ્લાં ૩૮ વર્ષથી મુંબઈ અચીજાની પાંઉભાજીની તોલે કોઈ ના આવે એ એક હકીકત છે. તેમ છતાં કોઈ ગ્રાહકની ફરિયાદ આવે કે તરત જ ટેબલ પરથી પ્લૅટ હટાવી બીજી ડિશ ફરીથી બનાવી અને એ ગ્રાહકને કાયમ પોતાનો કરી નાખવાની કળા તેમણે આત્મસાત કરી છે. હોટેલ વ્યવસાયમાં સામાન્ય રીતે માલિક કે મૅનેજર ગરમ મગજના હોય, પરંતુ અહીં ઊલટું છે. ભરતભાઈ માથા પર બરફ અને જીભ પર મધ રાખીને જ ફરતા હોય છે. અનેક પ્રસિદ્ધ સિરિયલો કે નાટકોના કલાકાર મોડી રાતે ખાસ અચીજાનો સ્વાદ માણવા આવતા હોય છે અને એ બધું ભરતભાઈની મહેમાનગતિને કારણે. આપણે ત્યાં એવી સર્વસામાન્ય માન્યતા છે કે દરેક સફળ પુરુષ પાછળ એક એટલા મજબૂત, મક્કમ મનોબળ ધરાવતી મહિલાનો હાથ હોય છે અને ભરતભાઈની મસ્જિદ બંદરથી મસ્કત વાયા મુંબઈ સુધીની સફરમાં તેમનાં અર્ધાંગિની એટલે કે અંજુબહેન ભરતભાઈ ભાનુશાલીનું પણ અધધ યોગદાન રહ્યું છે, જેની નોંધ લેવી ઘટે.

આજે માત્ર એકલા મુંબઈમાં જ અચીજાનાં અગિયાર આઉટલેટ છે. દરેક સ્થળે અચીજા વિવિધ ભાગીદારો સાથે સફળ રીતે ચાલી રહી છે, પરંતુ આ તમામ અચીજા બ્રાન્ડના માલિક, અચીજા ટ્રેડમાર્ક, પેટન્ટ નામ, લોગો સહુની માલિકી ભરતભાઈની છે. એક ગુજરાતી તરીકે આ માણસે માત્ર પોતાની મહેનતથી હોટેલ ઈન્ડસ્ટ્રીમાં ડંકો વગાડ્યો છે અને આજે અચીજાની ફ્રેન્ચાઈઝી લેવા માટે કે ભાગદારીમાં હોટેલ ખોલવા માટે ભરતભાઈ પાસે લોકોની લાઈન લાગેલી છે. ■

# વ્રજ પટેલ - એક સાચો માર્ગદર્શન દાતા

જ્યાં સપનાને દિશા મળે અને માર્ગદર્શનથી શક્તિ મળે છે, ત્યાં શરૂ થાય છે એક સાચા શિક્ષણવિદની સફર. વિદ્યાર્થીઓનાં સપનાંને સાકાર કરવાના સંકલ્પ સાથે, તેમણે પોતાનું જીવન અન્યનાં ભવિષ્ય ઘડવામાં સમર્પિત કર્યું છે. ''IAS અને IPS જેવાં વૈભવી સપનાઓ માટે માર્ગદર્શન આપતી નિઃશુલ્ક સેવાઓ પાછળ છે એક મહાન મનોભાવ - એક શિક્ષણવિદ્, જે માત્ર શિક્ષક નથી, માર્ગદર્શક છે.'' જ્યાં વિજ્ઞાન, અનુભવ અને સહાનુભૂતિ ભેગાં થાય છે, ત્યાં ઊભી થાય છે એક એવી વ્યકિત, જે ભવિષ્ય ઘડે છે.



વ્રજ પટેલ SSC પાસ કરીને સૌરાષ્ટ્રથી મુંબઈ ભણવા માટે આવ્યા હતા . ગ્રેજ્યુએશન પછી IPS અને IAS અધિકારી બનવું હતું, પરંતુ તે વખતે માર્ગદર્શન અને પુસ્તકોનો અભાવ કે ઈઅજમાટે કયો વિષય લેવો તેનું પૂરતું માર્ગદર્શન અને રિસોર્સ ન હોવાથી તેઓ અધિકારી ન બની શક્યા અને તેઓએ સર્વિસ ટૅક્સ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે નોકરી કરી. ૧૯૯૭માં નોકરી દરમિયાન જ તેમને અનુભવ થયો કે એવા ઘણા યુવાનો છે જેઓને પૂરતું માર્ગદર્શન ન મળવાને કારણે તેઓ સફળ કારકિર્દીનો માર્ગ નથી અપનાવી શકતા. મને હંમેશા એમ લાગતું કે મારી સાથે જે થયું છે તે હું બીજા યુવાનો સાથે નહીં થવા દઉં. મેં 'મુંબઈ સમાચાર'માં હિપ હિપ હુરે નામની કૉલમમાં વિદ્યાર્થીઓને લગતા લેખો આપતો જેથી તેમને કોઈક રીતે મદદરૂપ થઈ શકું. માત્ર IAS કે IPS માટે જ નહીં, પરંતુ મેડિકલ કસ્ટમ,ઇન્કમ ટૅક્સ, CBI, મેડિકલ-NEET, PG-CST-MS--MD, એન્જિનિયરિંગ - IIT, JEE વગેરે જેવા અનેક પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ માટે તેઓ નિઃશુલ્ક સેવા આપે છે. વર્તમાન સમયમાં શિક્ષણનું વેપારીકરણ થવાથી, સામાન્ય મધ્યમ વર્ગના વડીલોને પોતાનાં સંતાનોને ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે લાખોનો ખર્ચ થાય છે. કયો શિક્ષાપ્રવાહ નક્કી કરવો તે માટેની ઈંચ અને APTITUDE ટેસ્ટ પણ તેઓ નિઃશુલ્ક કરાવે છે.

જે વિદ્યાર્થીઓને અલગ અલગ ફેકલ્ટીમાં ભણવા માટે પુસ્તકોનો ઘણો ખર્ચો થાય છે. તે માટે વ્રજભાઈએ ૧૯૯૭થી પુસ્તકો ભેગાં કર્યાં છે, જેની સંખ્યા ૫,૦૦,૦૦૦ સુધીની છે. મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન લાઈબ્રેરીમાં બધી જ ફેકલ્ટીનાં પુસ્તકો મળે છે. મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન લાઈબ્રેરી એ સ્પર્ધા પરીક્ષા માટેની ભારતની મોટામાં મોટી લાઈબ્રેરી છે. હજી પણ તેઓ પાસે હજારો વિદ્યાર્થીઓ માર્ગદર્શન માટે આવે છે અને જે વિદ્યાર્થીઓ આવી ન શકતા હોય તેની માટે તેઓ પેપરમાં લેખ લખે છે જેથી તેઓ ઘરે બેઠા માર્ગદર્શન મેળવી શકે. વ્રજ ભાઈનું માનવું છે કે, બાળકોને જેટલા માર્ક્સ આવે એટલે કે ૯૦% ટકા માર્ક્સ આવે તો સાયન્સ લે અને ઓછા ટકા આવે તો આર્ટસ લે. વ્રજભાઈ ખાસ જણાવે છે કે, કોઈ પણ ફેકલ્ટી સિલેક્ટ કરતી વખતે ધ્યાન રાખવું કે તમારા બાળકને શેમાં રુચિ છે, તમારી આર્થિક પરિસ્થિતિ શું છે, કોઈ બીજાનું જોઈને આંધળું અનુકરણ કરવું નહિ.

વ્રજભાઈનું માનવું છે કે વધુમાં વધુ માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે હું મહારાષ્ટ્ર, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં, ચેન્નાઇ, તેમ જ કૉલેજ, શાળા અને અલગ અલગ સંસ્થાઓ, અલગ અલગ સમાજ જેવા કે બ્રાહ્મણ, જૈન, સુથાર, લુહાણા, પટેલ, કચ્છી જૈન, દરજી તેમ જ મહારાષ્ટ્રીયન સમાજ જેવાં દરેક જ્ઞાતિ મંડળો માટે સેમિનાર કરું છું.

વ્રજભાઈના ૩૦ વર્ષના અનુભવમાં તેઓ દર શનિવારે ૨૫થી ૩૦ જેટલા વિદ્યાર્થીનું કાઉન્સેલિંગ કરે છે. વ્રજભાઈ ખાસ જણાવે છે કે, એપ્ટિટ્યુડ ટેસ્ટ એટલે બાળકને શું ગમે છે તેનું વિશ્લેષણ કરવું. વ્રજભાઈ દરેક વાલીઓને ખાસ સંદેશો આપે છે કે, તમારે જે તમારા સમયમાં કરવું હતું કે જે તમે ન કરી શક્યા એટલે કે, તમારે જે ફિલ્ડમાં આગળ જવું હતું અને તમે તેમાં કારકિર્દી ન બનાવી શક્યા તે જ મારું બાળક કરશે. મોટા ભાગના વાલીઓ તો એમ જ માને છે કે મારું સપનું મારું બાળક પૂરું કરશે. એવો ખોટો આગ્રહ ન રાખવો. તમારા બાળકની માનસિક ક્ષમતા શું છે અને તે કઈ ફેકલ્ટીમાં રુચિ ધરાવે છે તે વાતનું ખાસ ધ્યાન રાખીને જો કારકિર્દી સિલેક્ટ કરવામાં આવે તો તમારા બાળકનું ભવિષ્ય ઉજ્જવળ થશે. ■

# સમીર તન્ના અને અર્શ તન્ના - ગરબાની તાલનો તરખાટ

ગુજરાતી લોકસંસ્કૃતિ એટલે જીવંતતા, રંગો, તાલ અને ભાવનાઓનો મહોત્સવ. આ લોકસંસ્કૃતિને માત્ર જાળવી રાખવી નહીં, પણ તેને નવી ઊંચાઈએ લઈ જવી એ કામ સહેલું નથી. ફોક નૃત્યની તાલે જેમણે આવી અદ્ભુત યાત્રા શરૂ કરી છે કે આજે તેમના નામ વગર કોઈ પણ નૃત્યમંચ અધૂરો લાગે છે.



'મુંબઈ સમાચાર'એ આવી અદ્ભુત જોડી, એટલે કે સમીર તન્ના અને અર્શ તન્ના સાથે વાતો કરી છે ચાલો જાણીએ તેમના અનુભવો વિષે.

શ્રી અનિરુદ્ધ તન્ના જે પોતે નાટક, સંગીત અને નૃત્યનું જ્ઞાન ધરાવતા હતા. તેઓ પોતે મ્યુઝિક કમ્પોઝ કરતા હતા. તેમના પુત્ર એટલે સમીર તન્નાને બાળપણથી જ નૃત્ય અને સંગીતમાં રસ હતો. એમ કહી શકાય કે તેમનો ઉછેર આ સંગીતમય વાતાવરણમાં જ થયો. સ્કૂલમાં તેઓએ ઘણાં નાટકો અને નૃત્યો કર્યાં. કૉલેજમાં તેમણે ઇન્દુમતી લેલેના માર્ગદર્શન હેઠળ ફોક ડાન્સ કર્યા અને ત્યાં જ તેમની મુલાકાત અર્શ સાથે થઈ. અર્શ તન્નાએ પદ્મશ્રી ડૉક્ટર રોશન કુમારી પાસે કથકની તાલીમ લીધી છે.

અર્શ તન્નાને CA કરવું હતું એટલે તેમણે નરસી મોનજી કૉલેજમાં એડમિશન લીધું હતું . તેઓ બન્નેએ સાથે ઘણી ડાન્સ કૉમ્પિટિશન કરી. અમેરિકામાં થયેલ વર્લ્ડ ફોક ફેસ્ટિવલમાં ભાગ લીધો અને તેઓએ નક્કી કર્યું કે હવેનું જીવન સાથે જ રહેવું છે. એમ કહી શકાય કે નૃત્યએ તેમને જોડી દીધા. સમીરભાઈનું પહેલેથી જ એવું માનવું હતું કે તેઓ બોલિવૂડ બોલિવૂડ નહીં કરે, પણ એવું કશુંક ચોક્કસ કરવું હતું કે, લોકો અમને એક ચોક્કસ કળા માટે જ યાદ કરે.

સંજય લીલા ભણસાલીને મળવાનું કઈ રીતે થયું તે રસપ્રદ કિસ્સો જણાવતાં સમીરભાઈ કહે છે કે, ૧૯૮૯માં 'કલા ગુર્જરી' નામની કૉમ્પિટિશનમાં અમારી ટીમે ભાગ લીધો હતો અને ૬૦ ટીમ કે જે વિરારથી લઈને ચર્ચગેટ સુધી હતી તેમાંથી અમને પહેલું પ્રાઈઝ મળ્યું હતું. સંજયભાઈએ તે કૉમ્પિટિશન જોયેલી. સાત વર્ષ પછી એટલે કે, ૧૯૯૭માં અમે પાછા મળ્યા અને કહ્યું કે, હું એ ગરબો હજી ભૂલી નથી શક્યો. હું એક મુવી બનાવું છું મારે એવું જોઈએ છે કે આ ગરબો જોઈને લોકો મારી ફિલ્મ જોવા આવે. અમે તે દરમિયાન જ કેન્યા જઈને આવ્યા હતા તેથી મારી આખી ટીમ રેડી હતી. સંજયભાઈ તેમની ૪૦ જણની ટીમ સાથે આવ્યા અને મારી આખી ટીમે પર્ફોર્મ કર્યું અને સંજયભાઈએ કીધું, કે આ ગરબો તમારે જ કરવાનો છે અને તે ગરબો એટલે કે, 'હમ દિલ દે ચુકે સનમ' મૂવીનું 'ઢોલી તારો ઢોલ વાગે' આપણા સૌના હૃદયમાં હજી ગુંજે છે અને આ ગરબા માટે તેમને પ્રેસિડન્ટ તરફથી નેશનલ અવોર્ડ મળ્યો છે. અત્યાર સુધી આ જોડીએ ૧૮થી ૧૯ ફિલ્મોમાં અને ૪૦ જેટલી સિરિયલમાં કોરિયોગ્રાફી કરી છે. તેમને બે 'ગુજરાત સ્ટેટ અવોર્ડ' ચીફ મિનિસ્ટર ઑફ ગુજરાત તરફથી ફિલ્મ 'હેલ્લારો' અને 'ૐ મંગલમ્ સિંગલમ્' માટે અવોર્ડ મળ્યા છે. તેમને 'ગલિયોં કી રાસલીલા' મુવીના 'લહુ મુ લગ ગયા' માટે filmfare અવોર્ડ મળ્યો છે. તેઓએ NMACCમાં થયેલ 'સિવિલાઈઝેશન ટુ નેશન' શૉમાં એક ગરબો કરાવ્યો હતો જે ખૂબ જ લોકપ્રિય થયો હતો. આ જોડીએ અગણિત શિષ્યોને તાલીમ આપી છે જેમાં અમુક સેલિબ્રિટીનો પણ સમાવેશ થાય છે, જેમ કે, ઐશ્વર્યા, સલમાન, રણવીર, દીપિકા અને શાહરૂખને પણ 'રઈસ' ફિલ્મમાં ગરબા રમતો કરી દીધો. અર્શ તન્ના આજના વાલીઓને ખાસ જણાવે છે કે, તમારા બાળકને કલાસિકલ તાલીમ જરૂરથી આપો જેનાથી તેઓનો પાયો લય અને તાલને લઈને ખૂબ મજબૂત બનશે. તમારાં બાળકોને બધું જ શિખવાડો, પરંતુ તેમને જેમાં રુચિ છે તેમાં તેમને આગળ આવવા દો. આજના સમયમાં માત્ર સંગીત અને નૃત્યમાં જે ગુરુ-શિષ્ય પરંપરા રહી છે. તે જણાવતાં સમીરભાઈ કહે છે કે, આ પરંપરા હોવી જ જોઈએ. ગુરુના માર્ગદર્શ સાથે તેમના આશીર્વાદ પણ એટલા જ જરૂરી છે. ગુરુ એ જ્ઞાનનો ભંડાર છે. માર્ગદર્શન વગરનું જીવન અને જ્ઞાન બન્ને અધૂરાં છે. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લૉટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.



# પારસધામ
# ગિરનારના પ્રાંગણે...

## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના
## ગિરનાર વંદનમ્ વર્ષાવાસ અવસરે

# આત્મ સાધના અને જ્ઞાન આરાધના સાથે...
# જાણવા અને માણવા મળશે...



- પ્રભુ નેમ અને રાજુલની આત્મયાત્રા અને ગિરીરાજની અગત્યતાના ભવ્ય અને દિવ્ય દશ્યાંકનો
- અનેક સમસ્યાઓનું પ્રયોગો સાથે પ્રેરણાત્મક સમાધાન આપતું The enlightenment exhibition!
- આગમના ઐતિહાસિક પાત્રોનું જીવનદર્શન કરાવતી નયનરમ્ય Art Galary!

ઊંચી-ઊંચી પર્વતમાળા અને લીલીછમ હરિયાળી અને પ્રભુ નેમની સ્પર્શનાથી પાવન થયેલી ભૂમિ પર સર્જાયેલ 'પારસધામ-ગિરનાર'ના પ્રાંગણે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનું 2025નું ચાતુર્માસ જાહેર થતાં જ સહુના હૃદયમાં ઉલ્લાસ અને હાથ-પગમાં અનેરો થનગનાટ વ્યાપ્ત થવા લાગ્યો.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની આત્મ કલ્યાણકારી પ્રાજ્ઞવાણીની વહેતી ગંગા સાથે સહુને પરમાત્મા નેમ અને રાજુલની ભવોભવની આત્મયાત્રા અને ગિરીરાજની મહત્તાનું practical દર્શન કરાવવા માટે વિશાળ પ્રવચન હોલમાં સર્જાયો છે, અલોકિક 'નેમ દરબાર'!

પરમધામમાં 10 લાખથી વધુ ભાવિકોના મળેલા અદ્ભૂત પ્રતિસાદ બાદ હવે પારસધામ-ગિરનારમાં સર્જન પામ્યું છે, એક spiritual The Enlightenment Exhibition જેમાં દરેક ઉંમરની, દરેક જ્ઞાતિની દરેક વ્યક્તિ માટે સમસ્યાનું સમાધાન પ્રયોગ દ્વારા આપવામાં આવે છે અને સાથે-સાથે light-sound, logic અને scientific wayમાં સમજાવવામાં આવે છે.

આ સાથે આગમ આધારિત ઐતિહાસિક પાત્રોના જીવનદર્શનની અદ્ભૂત Art Galary અતિતમાં લઈ જઈ, નવી પ્રેરણા અને નવા દૃષ્ટિકોણ આપે છે.

### સમગ્ર ચાતુર્માસના પુણ્યવંતા લાભાર્થી

ધર્મવત્સલા
માતુશ્રી કાશ્મિરાબેન કાંતિભાઈ શેઠ પરિવાર
રાજકોટ

રત્નકુક્ષિણી શ્રી હેતલબેન સંજયભાઈ શેઠ

PARASDHAM
રૂપાયતન રોડ, ગિર ફાર્મ, ભવનાથ, ગિરનાર, જૂનાગઢ, ગુજરાત - 362001
Contact: +91 7303000444

## ચાતુર્માસ પ્રવેશ શુભેચ્છા સમારોહ

5th July 2025 • શનિવાર • સાંજે 07:30 કલાકે

## ગુરુપૂર્ણિમા ઉત્સવ

6th July 2025 • રવિવાર • સવારે 08:30 કલાકે

### આત્મહિતકારી નિત્ય ચાતુર્માસિક આરાધના

| પરમ ધ્યાન એવમ્ પ્રાર્થના | Jain Education Course in English | પરમ પ્રવચન |
|---|---|---|
| દરરોજ સવારે 7:00 કલાકે | દરરોજ સવારે 7:30 કલાકે | દરરોજ સવારે 8:30 કલાકે |

### મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની

ચાતુર્માસિક 21 રવિવારીય સંકલ્પ સિદ્ધિ જપ સાધના । દર રવિવારે સવારે 9:00 કલાકે

### ઉત્સવ અનેરા કલ્યાણના મહોત્સવ જુદેરા

| પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ | ભગવાન મહાવીર જન્મોત્સવ | પરમોત્સવ પરમ ગુરુદેવનો 55th જન્મોત્સવ |
|---|---|---|
| 20th – 27th August 2025 | 24th August 2025 | 26th – 28th September 2025 |

20th October 2025 — ભગવાન મહાવીર નિર્વાણ કલ્યાણક એવમ્ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ જન્મજયંતિ

### મહાઉપકારી શિબિર

| | | |
|---|---|---|
| **NRI Shibir**<br>Switch on the Airplane Mode Offline yet Awake<br>10th - 12th July 2025 | **Sankalp Sadhana Utsav**<br>A special shibir to know yourself<br>25th - 27th July 2025 | **Runanubandh**<br>Friendship Beyond Boundaries<br>Friendship Day Youth Special Shibir<br>2nd - 3rd August 2025 |
| **Selfie Self-Free Shibir**<br>Unfold your Beliefs, Unmould your Astitva<br>15th - 17th August 2025 | **Positive Parenting Shibir**<br>Discover the art of Parenting<br>6th - 7th September 2025 | **In Love with your In-laws**<br>Daughter & Mother In-Law Shibir<br>13th - 14th September 2025 |
| **Global Look N Learn Didis Training Programme**<br>9th - 12th October 2025 | **3M Sadhana Utsav**<br>Celebrate Diwali with Mantra, Maun & Meditation<br>18th - 20th October 2025 | **Yuva Sanskar Shibir**<br>Only for Females<br>Connect Within, Grow Beyond<br>22nd - 26th October 2025 |

સમગ્ર ચાતુર્માસની શિબિરમાં જોડાવવા Scan કરશો, આ QR Code

For more details Contact: +91 7303000555

ઉજ્જ્વળ ભાવિના મંડાણ...

## સંયમ ભાવ સાધના ઉપધાન

16th – 26th NOVEMBER 2025

ડુંગર દરબાર ભૂમિ ધન્ય લાભાર્થી
ધર્મવત્સલ
શ્રી નટવરલાલ વચ્છરાજ ચોકસી પરિવાર
જૂનાગઢ

મારે જીવનમાં એકવાર કરવા છે ઉપધાન!
For Registration: Scan QR

ચાતુર્માસનું નવ્ય નજરાણું

On the occasion of
**Chaturmas Shubhechha Avsar**
Launching

## The Enlightenment Exhibition

A thoughtfully curated display of installations, artwork and interactive technology exhibits that explore the depths of human emotions and tap into ancient wisdom to bring solutions to modern day challenges.

### HIGHLIGHTS

- Augmented Reality (AR)
- 360-Degree Immersive Projections
- Gesture Recognition Technology
- Motion Sensors and Kinect System-based games
- Artificial Intelligence (AI) powered technology
- Virtual Reality (VR)
- Soundscapes & Interactive Audios


Central
EUROPE
with
CROATIA & SLOVENIA
13 NIGHTS
14 DAYS
અમારા ટુરની વિશેષતાઓ
PRAGUE | VIENNA | BRATISLAVA
BUDAPEST | BLED | LJUBLJANA
ZAGREB | SPLIT | MOSTAR |
DUBROVNIK
World Class Airlines દ્વારા પ્રવાસ.
આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (Veg & Jain).
Prague નું Famous Black Light Show અને Vintage Car ની મુલાકાત.
Croatia નું Famous Beach Destination કેહવાતું Split માં ૨ રાત્રીનો મુકામ.
Vienna માં Schronbrunn Palace ની મુલાકાત.
Budapest માં Danube River Cruise ની મુલાકાત.
World Famous Plitvice lake National Park ની Guided ટુરની મુલાકાત.
Split માં 4 Island Boat Ride ની મુલાકાત.
Tips & Insurance ટૂર કોસ્ટમાં શામિલ.
Travel કરો AC Deluxe Coach માં ફક્ત Urvi Tours સાથે.
Split (Croatia)
Vienna
Plitvice Lake
DEPARTURE DATES : OCT : 11, 25 | NOV : 07 | DEC : 21
CONTACT US
NAYAN SONI +91 97570 25247
DHIREN RUPARELIA +91 99305 49258
SOHIL SHAH +91 98701 53149
ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.
CONTACT : +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com
URVI
LUXURY DESTINATION PVT. LTD.
Where U & V meet to create memories.